विजयकस्तूरसूरीश्वरप्रणीता

श्री प्राकृतविज्ञानपाठमाला

मार्गदर्शिका

लेखक:

प. पू. आ. श्री विजयचंद्रोदयसूरीश्वरजी म.

प. पू. आ श्री विजयअशोकचंद्रसूरीश्वरजी म.



• प्रकाशक •

श्री सुरेन्द्रनगर जैन श्वे. मू. संघ

शेठ आणंदजी कल्याणजीनी पेढी

सुरेन्द्रनगर

પ્રાકૃતવિજ્ઞાન પાઠમાલા-માર્ગદર્શિકા

પાઠમાલા પ્રણેતા

ધર્મ રાજા પરમ પૂજ્ય આચાર્યદેવ
શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ સાહેબ

પ્રેરણાદાતા

પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજયચંદ્રોદય સૂરીશ્વરજી મહારાજ
પં.પૂ. આચાર્યદેવ શ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ

માર્ગદર્શિકા સંકલન - સંપાદન

પં. શ્રી સોમચંદ્રવિજય ગણી.

પ્રકાશક :

શ્રી સુરેન્દ્રનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ


સુરેન્દ્રનગર

પ્રાપ્તિસ્થાન :

શ્રી આણંદજી કલ્યાણજી પેઢી
ઠે. મુનિથોભણ માર્ગ, બજારમાં,
સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)

શ્રી નેમિ-વિજ્ઞાન કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર
C/o શાંતિલાલ ચીમનલાલ સંઘવી
ઠે. કાયસ્થ મહોલ્લો,
ગોપીપુરા, **સુરત.**

વિ. સં. ૨૦૪૭ - શ્રી શત્રુંજય મહાભિષેક વર્ષ
વીર સ. ૨૫૧૮ - ઈ. સ. ૧૯૯૧



મુદ્રક :
કાંતિલાલ ડી. શાહ
"ભરત પ્રિન્ટરી"
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ,
અમદાવાદ-૧. ફોન : ૩૮૭૯૬૪

શ્રી પદ્મપ્રભસ્વામિને નમઃ ।
અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામિને નમઃ ।
પરમોપાસ્ય શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિભ્યો નમઃ ।

માર્ગદર્શિકાના અભ્યાસીઓને કંઇક.....

પ્રિય પ્રાજ્ઞ પાઠકોને (અભ્યાસીઓને) આ "પ્રાકૃતવિજ્ઞાન પાઠમાલા - માર્ગદર્શિકા" ના પાના ઉઘાડતા પહેલા એક નમ્ર સૂચના છે કે- પ્રાકૃત ભાષાનું જ્ઞાન મેળવવા માટે પાઠમાળાના અધ્યયનથી જે મહાવરો કેળવવાનો છે, તે આ માર્ગદર્શિકાના અભ્યાસથી વધારવાનો છે, એ વાત પોતે બરોબર પોતાના લક્ષ્યમાં રાખે. આ દૃષ્ટિએ માર્ગદર્શિકામાં પ્રાકૃત વાકયોનું સંસ્કૃત - ગુજરાતી અને ગુજરાતી વાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત જે કરવામાં આવેલ છે, તે છાત્રની મહેનત ઓછી કરવા માટે કે તેના પ્રયત્નને રુંધવા માટે હરગીઝ આપ્યા નથી, પરંતુ ગણિતનો વિદ્યાર્થી જેમ દાખલો પોતાની જાતે કર્યા પછી તેનો તાળો મેળવીને, પોતાનો ખરો દાખલો જોઈ આનંદિત થાય છે, તેમ અહીં પણ પ્રાકૃત કે ગુજરાંતી વાક્યોનું સંસ્કૃત - ગુજરાતી કે પ્રાકૃત -સંસ્કૃત વિદ્યાર્થીએ પોતાની જાતે જ તૈયાર કરીને - નોટમાં લખીને અહીં આપેલ વાકયોની સાથે ફકત મેળવવાના છે. અમારો આ પ્રયાસ હોંશિયાર વિદ્યાર્થીને ઠોઠ બનાવવા માટે નથી જ, પરંતુ ઠોઠને હોંશિયાર બનાવવા માટે છે; તેથી આ 'માર્ગદર્શિકા' હાથમાં આવતા, આજની આધુનિક 'ગાઈડો'ની જેમ 'સાલસ' ન બનતા પ્રાકૃત-સંસ્કૃતનું તુલનાત્મક અધ્યયન કરી પ્રાકૃત-સંસ્કૃતના વિજ્ઞાન-બોધ માટે વિશેષ પ્રયત્નશીલ રહે.

પ્રાકૃતવિજ્ઞાન પાઠમાલાની ઉપયોગિતા :

પ્રાતઃસ્મરણીય, પરમાદરણીય, પુનઃપુનઃ વંદનીય ધર્મરાજા પરમપૂજ્યપાદ્ દાદાગુરુદેવશ્રી (આચાર્યદેવશ્રી વિજયકસ્તૂર-સૂરીશ્વરજી મહારાજ સાહેબ)ના હૈયામાં હરહંમેશ એક વાત રમતી કે

ન્યાય, વ્યાકરણ, સાહિત્યના વિપુલ ખેડાણને કારણે સંસ્કૃત ભાષાનો વિકાસ તો ખૂબ ખૂબ થયો છે અને થઈ રહ્યો છે. પરંતુ પ્રભુ શ્રી વીરના મુખારવિંદમાંથી નીકળેલી અમૃત સરખી અર્ધમાગધી (પ્રાકૃત) ભાષા તો જૈનોની "માતૃભાષા" જેવી ગણાય. છતાંય તેના વિકાસ માટે લોકો સતર્ક કેમ નહિ? તેની ઉપેક્ષા શા માટે રાખી રહ્યા છે? તેથી જ તેઓશ્રીએ પ્રાકૃત ભાષાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી પ્રાકૃતભાષાને આત્મસાત્ બનાવી દીધી અને પછી... પ્રાકૃતભાષાના રસિક બાળજીવો ભાષાનું જ્ઞાન સરળતાથી સારી રીતે મેળવી શકે તે માટે "પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા"ની રચના કરી.

વિ.સં. ૧૯૯૯માં તે પાઠમાળાની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઈ અને પ્રાકૃત ભાષાના પ્રચાર અને પ્રસારના રસિક વિદ્વાનો તથા અભ્યાસીઓને તેની એટલી ઉપયોગિતા જણાઈ તેથી વિ.સં. ૨૦૦૪માં જ તેની બીજી આવૃત્તિ છપાવવાની જરૂરિયાત ઊભી થઈ અને વિ.સં.૨૦૧૪માં તો ફરી પાછી ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવી પડી. પૂજ્ય દાદા ગુરુદેવશ્રીએ પણ તે તે આવૃત્તિના પ્રકાશન સમય દરમ્યાન પોતાના પ્રાકૃત ભાષાના બહોળા અનુભવના આધારે અભ્યાસીઓને અભ્યાસમાં સરળતા રહે તે દૃષ્ટિએ જ્યાં જ્યાં જે જે પણ વિશિષ્ટ સુધારા વધારાની જરૂરિયાત ઊભી થઈ અને યોગ્ય સ્થળેથી જે કંઈ વિવિધ સૂચનો આવ્યા તે બધાનો સમાવેશ નવી નવી આવૃત્તિમાં કરતા રહ્યા. તેથી જેમ જેમ નવી આવૃત્તિ થતી રહી તેમ તેમ તેની ઉપાદેયતા - ગ્રાહ્યતા વધતી ગઈ. આજે એમ કહી શકાય કે પ્રત્યેક પ્રાકૃતભાષાના અભ્યાસીઓ ભાષાકીય બોધ મેળવવા માટે બીજા પુસ્તકોની અપેક્ષાએ-"પ્રાકૃત-વિજ્ઞાન પાઠમાળા" ને પોતાના અભ્યાસના આદર્શ તરીકે સ્વીકારી રહ્યા છે.

જૈન સાહિત્યની દૃષ્ટિએ પ્રાકૃત ભાષાની ઉપયોગિતા તેમજ વિશિષ્ટતા અંગે સઘળી હકીકતો પૂજ્યપાદ્ દાદાગુરુદેવશ્રીએ સ્વયં તેમજ અન્ય વિવેચકો - શ્રુતસ્થવિર, દર્શનપ્રભાવક પ્રવર્તક પૂજ્યપાદ્ મુનિપ્રવર શ્રી જંબૂવિજયજી મહારાજ, પ્રો. કે. વી. અભ્યંકર, પ્રો. હીરાલાલ ર. કાપડિયા, પં. શ્રી લાલચંદ્ર ભગવાન ગાંધી વગેરે વિવેચકોએ પોતાની આગવી શૈલીથી વર્ણવી છે, તે "પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા"ની ચતુર્થ આવૃત્તિ (પ્રકાશન વિ. સં. ૨૦૪૪)માં જણાવી જ છે.

તેથી જીજ્ઞાસુ જીવોને ત્યાંથી અવશ્ય વાંચી લેવા નમ્ર વિનંતિ. અહીં તો આ માર્ગદર્શિકા અંગે કંઈક વિચારીશું. જ્યારે ચતુર્થ આવૃત્તિનું સંપાદન કાર્ય ચાલી રહ્યું હતું ત્યારે કેટલાક વિદ્વાન મુનિઓનાં તેમજ શિક્ષકોના પોતપોતાના અનુભવનાં આધારે જે કંઈ વિશિષ્ટ સૂચનો આવ્યા, તે સર્વનો બનતા પ્રયત્ને તેમાં સમાવેશ કરવામાં આવ્યો અને મુખ્યતયા પ્રાકૃત લખાણ સિવાયનું બધું જ લખાણ જે બાલબોધ લીપીમાં પ્રથમની ત્રણ આવૃત્તિમાં હતું તે ગુજરાતી લીપીમાં લેવામાં આવ્યું. જેથી અધ્યયનમાં સરળ પડે. જો કે ત્યારે જ કેટલાકની સલાહ તો હતી જ કે પાઠમાલાની સાથોસાથ માર્ગદર્શિકા પણ પ્રકાશિત થઈ જાય તો સારું પરંતુ તે વખતે એવો કંઈ યોગ ન આવતા, તે અધૂરું રહેલ કાર્ય હવે પૂર્ણ થઈ રહ્યું છે.

માર્ગદર્શિકાની વિશેષતા :

(૧) આ "માર્ગદર્શિકા" - "પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા"ના આધારે તૈયાર કરવામાં આવી હોવાથી, પાઠમાળામાં પાઠોનો જે ક્રમ વગેરે છે તેમાં તેમજ પાઠમાળામાં જે જે પાઠોમાં જે જે વિષયો આપેલ છે તેમાં, કંઈ પણ ફેરફાર કરેલ નથી.

(૨) "પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા"ની મૂળ કોપી કદાચ પોતાની પાસે ન હોય અને છતાંય તેનો અભ્યાસ આ "માર્ગદર્શિકા"ના આધારે કરવો હોય, તે દૃષ્ટિએ પાઠમાળાના દરેક પાઠોમાં જે જે નિયમો આપેલા છે, તે બધા જ નિયમો, જે જે રૂપો સ્વરાંત કે વ્યંજનાંત શબ્દોનાંઆપેલા છે, તે બધા જ રૂપો, ધાતુના પણ પ્રાકૃતમાં વપરાતાં દરેક કાળના રૂપો, પ્રેરકના રૂપો, કૃદંતો, સમાસ યાવત્ સંખ્યાદર્શક શબ્દોની સમજ આદિ પાઠમાળાના એક એક પાઠમાં આવતી સઘળી હકીકતો પાઠની શરૂઆતમાં લેવામાં આવી છે.

(૩) "પાઠમાળા"માં ટિપ્પણીમાં સ્વરસંધિ, વ્યંજનસંધિના કે બીજા જે જે નિયમો આવે છે, તે બધા જ નિયમો પણ જ્યાં જ્યાં તે નિયમો લાગતા હોય તેવા વાકયોની સાથે જ ક્રમાંક આપીને તે પાઠની ટિપ્પણીમાં લેવામાં આવેલ છે. જેથી પાઠમાળાના મૂળપાઠોની સાથે વિશિષ્ટ નિયમો અને ટિપ્પણીનાં નિયમોનું સાતત્ય જળવાયેલું રહે.

(૪) "પાઠમાળા"ના દરેક નિયમો કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી

હેમચંદ્રાચાર્ય વિરચિત "શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન"ના આઠમા અધ્યાય પ્રાકૃત વ્યાકરણને અનુસારે જ તૈયાર કરેલ છે. તેથી તે વ્યાકરણની સાથે - પાઠમાળાનો તુલનાત્મક અભ્યાસ કોઇક વિદ્વાનોને કરવો હોય તે દૃષ્ટિએ વિશિષ્ટ નિયમો અને ટિપ્પણીના દરેક નિયમોની સાથે જ આઠમા અધ્યાયના સૂત્રોના પાદ અને ક્રમાંક આપવામાં આવેલ છે.

(૫) દરેક પાઠના નિયમો પૂરા થયા બાદ "પાઠમાળા"માં જે પ્રાકૃત-વાકયો છે, તેનું સંસ્કૃત તથા ગુજરાતી અને ગુજરાતી વાકયોનું પ્રાકૃત તથા સંસ્કૃત કરીને મૂકવામાં આવેલ છે. જેથી પ્રાકૃત ઉપરથી સંસ્કૃત-ગુજરાતી અને ગુજરાતીમાંથી પ્રાકૃત-સંસ્કૃત કરવાનું જ્ઞાન મેળવી શકે. પ્રાકૃત વાકયોમાં જ્યાં જ્યાં ગાથાઓ આવે છે; ત્યાં અન્વયની સરળતા રહે તે દૃષ્ટિએ અન્વયાનુસાર આંક આપવામાં આવેલ છે અને તે ગાથાઓની સંસ્કૃત છાયા પણ અન્વયાનુસાર જ કરવામાં આવી છે. જેથી વિદ્યાર્થીને સુગમતા રહે.

(૬) ૨૩મા પાઠમાં સમાસ આપવામાં આવેલ છે. તેથી ૨૩માં પાઠથી જેટલા પણ પ્રાકૃત કે ગુજરાતી વાકયો આવે છે, તેમાં જ્યાં જ્યાં સામાસિક પદો આવે છે, તે તે પદોને સમાસના વિગ્રહની રીતે છૂટાં પાડીને જે સમાસો ઘટે છે, તે તે સમાસોની સૂચના પણ કરેલ છે.

(૭) "પાઠમાળા"માં પાછળ પરિશિષ્ટમાં જે 'ગદ્ય-પદ્યમાલા' આપવામાં આવી છે. તેમાં જે જે ગાથાઓ આવે છે. તે બધી પણ અન્વયાનુસારી આંક અને સંસ્કૃત છાયા-ગુજરાતી સાથે તેમજ ગદ્ય લખાણ સંસ્કૃત છાયા અને ગુજરાતી અર્થ સાથે આપવામાં આવેલ છે.

(૮) જે પ્રાકૃત ધાતુઓ તેમજ પ્રાકૃત શબ્દોના પ્રયોગો પાઠમાળામાં થયા છે. તેનો યથાશકય સંગ્રહ કરી એકી સાથે પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે.

(૯) "પાઠમાળા"ના ૨૫ પાઠોમાં અને ગદ્ય- પદ્યમાલામાં જેટલી ગાથાઓ આવી છે. તેમાંથી કોઇપણ ગાથા જોવી હોય તો તરત મળવી સુગમ પડે તે દૃષ્ટિએ તે ગાથાઓનો અકારાદિકમ પણ પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે.

ઉપકારી પૂજ્યોની ઉપકારિતા :

સંયમી જીવનમાં જ્યારે જે કંઈ પણ કાર્યનો શુભારંભ કરીએ ત્યારે અમારા જીવનના પ્રાણસમા પરમકૃપાળુ પૂજ્યપાદ્ દાદા ગુરુદેવશ્રીની પૂર્ણકૃપા સાથેને સાથે જ હોય તો તેઓશ્રીનાં જ ગ્રંથનું સંપાદન કરીએ ત્યારે તેઓશ્રીની કૃપા વિશેષ હોય તે સ્વાભાવિક છે...

જિનશાસનનભોમંડળમાં સૂર્ય-ચંદ્ર પેઠે ઝળકતી બંધુબેલડી, દીર્ઘદૃષ્ટા, પરમોપકારી, પરમપૂજ્યપાદ્ આચાર્ય મહારાજ શ્રી (પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબ) તથા ભવોદધિતારક, સમતાના ભંડાર, પરમ પૂજ્યપાદ્ શ્રીમાન્ ગુરુદેવશ્રી (પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજયઅશોકચંદ્ર- સૂરીશ્વરજી મહારાજ સાહેબ)ની અંતરની ભાવના કે પૂજ્ય શ્રીમાન્ ધર્મરાજા ગુરુદેવશ્રીના દરેક ગ્રંથો સરળ બને અને અભ્યાસીઓ તેનો અધિકમાં અધિક ઉપયોગ કરે, તે રીતે પ્રયત્નશીલ રહેવું. તેથી તેઓ બન્ને પૂજ્યશ્રીનો મંગલાશીર્વાદપૂર્વકનો પ્રેરણાસ્ત્રોત જ આ સંપાદન કાર્યની પૂર્તિમાં કારણરૂપ બનેલ છે.....

તેમજ વિદ્વદ્વર્ય પૂજ્ય પંન્યાસજી શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણી મ., વિદ્વદ્વર્ય પૂજ્ય પંન્યાસજી શ્રી શીલચંદ્રવિજયજી ગણી મ. આદિના પણ આ ગ્રંથ પ્રકાશન અંગે વિશિષ્ટ સૂચનો મળ્યા હોય તેઓને, તેમજ પ્રુફ સંશોધન, ગાથાઓ, શબ્દકોષ આદિના અકારાદિક્રમ ગોઠવવા વગેરેમાં સહાયભૂત થતાં પં. શ્રી પુષ્પચંદ્રવિજયજી ગણીવર, મુનિ શ્રી કૈલાસચંદ્ર વિ., મુનિશ્રી શ્રમણચંદ્ર વિ., મુનિશ્રી શ્રીચંદ્ર વિ., મુનિ શ્રી પ્રશમચંદ્ર વિ., મુનિશ્રી શશીચંદ્ર વિ. આદિને અને દરેક કાર્ય કરવામાં સદા તત્પર રહેનાર સેવાભાવી રાજારામને પણ કેમ વિસરાય?

વિશેષતઃ પાઠમાળાના વાકયોનું જે પ્રાકૃત-સંસ્કૃત ગુજરાતી વગેરે છે તે શ્રાદ્ધવર્ય પંડિતજી **શ્રીયુત કપૂરચંદભાઈ વારૈયા** પાસે "પાઠમાળા"ના અધ્યયન સમયે તૈયાર કરેલ નોટ તેમજ તેઓએ જાતે પણ અભ્યાસીઓને ભણાવવાના બહોળા અનુભવે જે વાકયોની નોટ તૈયાર કરેલ તેના આધારે લીધેલ છે. તેથી તેઓને પણ વિશેષે યાદ કરવા જ રહ્યા.

આ "માર્ગદર્શિકા"ના પ્રકાશન માટે આર્થિક સહયોગની

સંપૂર્ણ જવાબદારી **શ્રી સુરેન્દ્રનગર જૈન શ્રી સંઘે** - વઢવાણ મુકામે "પાइय विन्नाण गाहा" ગ્રંથના વિમોચન પ્રસંગે પૂજ્યશ્રીએ પ્રેરણા કરતાં જ સહર્ષ સ્વીકારી લીધી અને **શ્રી વાસુપૂજ્યસ્વામિ જિનાલય**ની શતાબ્દી નિમિત્તે ઉજવાયેલ ઐતિહાસિક મહોત્સવની સ્મૃતિમાં જ્ઞાન ભક્તિ સ્વરૂપે આ પુસ્તક પ્રકાશિત કરવા શ્રી સંઘના દીર્ઘદૃષ્ટા આગેવાનોએ નિર્ણય લીધો. તે શ્રી સુરેન્દ્રનગર જૈન શ્રી સંઘ તેમજ શ્રી સંઘના આગેવાનોને તેમાંય સવિશેષ કર્મઠ કાર્યકર બાપાલાલભાઈને પણ ધન્યવાદ આપવા ઘટે....

મુદ્રણ સંબંધી કાર્ય સુચારુ - વ્યવસ્થિત કરનાર **'ભરત પ્રિન્ટરી'**ના સંચાલક સુશ્રાવક **શ્રી કાંતિલાલ ડી. શાહ** તથા તેમના ઉત્સાહી પુત્રોના ઉમંગને પણ બિરદાવવો જ જોઈએ.

પ્રાંતે આ "માર્ગદર્શિકા" પ્રાકૃત ભાષાના અભ્યાસી જીવો માટે "દીવાદાંડી" રૂપે અભ્યાસમાં સહાયક થશે જ, પરંતુ સાથોસાથ તેમાં આવતાં કેટલાંય વાકયો, ગાથાઓ, કથાઓનું ગુજરાતી ભાષાંતર સુજ્ઞ જીવોને પણ જીવનમાં ઉપયોગી નિવડે તેમ છે. - તો તેનું પઠન-પાઠન કરી પ્રાકૃતના અનુરાગી બની જીવન સફળ બનાવો. - તેવી અંતરેચ્છા.....

વિ.સં. ૨૦૪૭
આસો સુદ ૧૫
(શરદ પૂર્ણિમા)
બરવાળા
(ઘેલાશા)

પરમ પૂજય આચાર્યશ્રી
વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ. ના ગુરુબંધુ
પરમ પૂજય આચાર્યશ્રી
વિજયઅશોકચસૂરીશ્વરજી મ. ના ચરણરેણુ
પં. સોમચન્દ્રવિજયગણી

સુરેન્દ્રનગરમંડિત



શ્રી અમીઝરા વાસુપૂજ્યસ્વામી ભગવાન

શ્રી અમીઝરા વાસુપૂજ્યસ્વામિને નમઃ

શતાબ્દી મહોત્સવની સુવાસ

ભાવિના ગર્ભમાં શું છુપાયેલું છે ? તે અપૂર્ણ માનવ જાણી શકતો નથી. આજથી એકસો વર્ષ ઉપરાંતના સમયમાં જ્યારે સિંહાવલોકન કરીએ છીએ-ત્યારે આંખ સમક્ષ ઝાલાવાડના પાટનગર સુરેન્દ્રનગરનો પ્રાચીન ઈતિહાસ રજૂ થાય છે.

ભારતમાં બ્રિટિશ સલ્તનતની હકુમત હતી ત્યારે કાઠિયાવાડમાં ઝાલાવાડ પ્રાંતમાં જૂના વઢવાણ કાંપ (સુરેન્દ્રનગર)ની સ્થાપના સંવત ૧૯૩૦માં થઈ. મોટાભાગના લોકો વ્યાપાર અર્થે સવારે વઢવાણ શહેરથી આવતાં અને સાંજે પાછાં જતાં, જે જૂજ શ્રાવકોના ઘર હતાં તેમણે દર્શન-પૂજન અને ભક્તિ માટે ઘર દેરાસરજી કરાવેલું હતુ. ત્યારબાદ સંવત ૧૯૩૮ના મહા સુદી ૧૪ બુધવાર તા-૧-૨-૧૮૮૨ના વઢવાણ સિવિલ સ્ટેશનના શ્રાવક સાધારણ ધર્માદાના મેનેજર શેઠ ઠાકરશી ડાહ્યાભાઈ તથા વોરા કપૂર ત્રિકમ તથા વકીલ મૂલચંદ ચતુરભાઈ તથા વકીલ જીવણલાલ ફૂલચંદે મિસ્ટર એન્ડરસનની કંપની પાસેથી પ્લોટ નં. ૨૮ ની કુલ જમીન વાર ૯૬૮૦ રૂ. ૧૦૦૦-૦૦ અંકે એક હજાર રોકડા આપીને અઘાટ વેચાણ દસ્તાવેજ નં-૯૪થી વેચાણ રાખેલ તે જમીન તે શ્રાવકોએ ઝાલાવાડ પ્રાંતના મહેરબાન ડેપ્યુટી આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટ સાહેબની કોર્ટમાં પોતાના નામ ઉપરથી કાઢી સદરહુ જમીન પ્લોટ નં. ૨૮ કુલ વાર ૯૬૮૦ શ્રાવક લોકોના મંદિર ખાતાના નામ ઉપર ટ્રાન્સફર કરવા અરજી આપતાં આ. પો. એજન્ટ ઝાલાવાડે તા. ૧૮-૫-૧૮૮૨ના રોજ મંજૂર કરેલ છે.

આ જમીન ઉપર સંવત ૧૯૪૨માં જિનમંદિર બાંધવાની શરૂઆત થઈ સંવત ૧૯૪૨ના પોષ વદિ ૮ શનિવારના રોજ વઢવાણ શહેર નિવાસી નગરશેઠ ઠાકરશી ડાહ્યાભાઈએ દેરાસરજીનું ખાતમુહૂર્ત કર્યું હતું, દેરાસરજીનું બાંધકામ વકીલ મૂલચંદ ચતુરભાઈએ તથા વકીલ જીવણલાલ ફૂલચંદે એકનિષ્ઠાથી કર્યું હતું. જૂના વઢવાણ કાંપમાં

ગામની મધ્યમાં વિશાળ જમીનના પ્લોટમાં ઉન્નત અને ઉત્તુંગ એવાં ત્રિશિખરી, ત્રણ શિખરવાળો ભવ્ય જિનપ્રાસાદ તૈયાર થઈ જતાં સંવત ૧૯૪૬માં પરમ પૂજય મૂલચંદજી મહારાજશ્રીના (શ્રી મુક્તિવિજયજી ગણિવરશ્રીના) શિષ્યરત્ન પરમ પૂજય મુનિરાજશ્રી થોભણવિજયજી મહારાજ સાહેબની શુભનિશ્રામાં વઢવાણ શહેર નિવાસી શાહ રઘુભાઈ પાનાચંદે વઢવાણ કેમ્પમાં (હાલના સુરેન્દ્રનગરમાં) આવી પોતાના નામથી કંકોતરી કાઢી દેશ પરદેશ મોકલી પ્રતિષ્ઠા મહોત્સવ ભારે આડંબર અને ઉત્સાહપૂર્વક ઊજવ્યો હતો. પ્રતિષ્ઠાના શુભ અવસરે અનેક ગામની દસ-બાર હજાર માણસોની જનમેદની એકત્રિત થઈ હતી.

મૂળનાયક બારમા તીર્થપતિ શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવંત આદિ જિનપ્રતિમાજી પરમ પૂજય મુનિરાજ શ્રી થોભણવિજયજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંવત ૧૯૪૬ના શ્રાવણ વદિ ૧ શુક્રવાર તા.૧-૮-૧૮૯૦ના રોજ સવારના ૯ કલાક ૧૭ મિનિટ ૨૭ સેકંડે અપૂર્વ ઉલ્લાસથી અને ઉત્સાહથી પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા હતા. પ્રતિષ્ઠિત કરવામાં આવેલ પ્રતિમાજી અને પ્રતિષ્ઠા કરનાર ભાગ્યશાળીઓની નામાવલી આ પ્રમાણે છે :

૧. મૂળનાયક શ્રી વાસુપૂજયસ્વામી ભગવંત રૂા. ૧૨૦૧/ની બોલીથી શેઠ સવજી વાલજીએ પ્રતિષ્ઠિત કર્યા હતાં. આ પ્રતિમાજી ગરવા ગિરનાર તીર્થથી લાવવામાં આવ્યા છે.

૨. જમણી બાજુના ગભારામાં શ્રી સુવિધિનાથસ્વામી રૂા. ૪૦૧/ની બોલીથી વકીલ મૂલચંદ ચતુરભાઈએ પ્રતિષ્ઠિત કર્યા હતાં. આ પ્રતિમાજી પ્રભાસપાટણ તીર્થેથી લાવવામાં આવ્યા છે.

૩. ડાબીબાજુના ગભારામાં શ્રી શાન્તિનાથસ્વામી રૂ.૬૦૧/ની બોલીથી શેઠ લક્ષ્મીચંદ વાલજીએ પ્રતિષ્ઠિત કયાં હતાં. આ પ્રતિમાજી સ્તંભનતીર્થ ખંભાત બંદરથી લાવવામાં આવ્યા છે.

૪. મૂળનાયક ભગવાનની જમણી બાજુ શ્રી વાસુપૂજ્ય સ્વામી રૂા. ૧૭૫/ની બોલીથી શેઠ નેણશી કલ્યાણજીએ પ્રતિષ્ઠિત કર્યાં હતાં.

૫. મૂળનાયક ભગવાનની ડાબીબાજુ શ્રી ઋષભદેવસ્વામી રૂા૧૭૫/ની બોલીથી શેઠ જગજીવન સુરચંદે પ્રતિષ્ઠિત કર્યાં હતાં.

૬. શ્રી શાન્તિનાથસ્વામીની જમણી બાજુ શ્રી પાર્શ્વનાથ સ્વામી રૂા. ૧૫૧/ની બોલીથી શેઠ સુંદરજી ઓધવજીએ પ્રતિષ્ઠિત કર્યાં હતાં.

૭. શ્રી શાન્તિનાથસ્વામીની ડાબી બાજુ શ્રી પાર્શ્વનાથસ્વામી રૂા. ૨૫૧/ની બોલીથી શેઠ નથુભાઈ સુરચંદે પ્રતિષ્ઠિત કર્યાં હતાં.

૮. શ્રી સુવિધિનાથસ્વામીની જમણી તરફ શ્રી કાઉસ્સગ્ગીયા પ્રતિમાજી રૂા. ૫૧/ની બોલીથી શેઠ માણેકચંદ કાનજીભાઈએ પ્રતિષ્ઠિત કર્યાં હતાં.

૯. શ્રી સુવિધિનાથસ્વામીની ડાબી તરફ શ્રી કાઉસ્સગ્ગીયા પ્રતિમાજી રૂા. ૨૫/ની બોલીથી વકીલ મૂલચંદ ચતુરભાઈએ પ્રતિષ્ઠત કર્યાં હતાં.

૧૦. શ્રી મૂળનાયક ભગવંતના ગભારાના શિખર ઉપર ઈંડુ રૂા.૨૫૧/ની બોલીથી શેઠ સુંદરજી ઓધવજીએ ચડાવેલ હતું.

૧૧. શ્રી મૂળનાયક ભગવંતના ગભારાના શિખર ઉપર ધ્વજા રૂ.૧૦૧/ની બોલીથી શેઠ માનસંગ ઓધવજીએ ચડાવી હતી.

પ્રતિષ્ઠા બાદ અકલ્પનીય રીતે શ્રી સંઘની આબાદી વધતી ગઈ, સાથે સાથે શહેર પણ સમૃદ્ધ અને આબાદ થતું ગયું. દીર્ઘદૃષ્ટિ દોડાવી પૂર્વજોએ વિશાળ જમીન લઈ રાખી હતી, જેથી જુદા જુદાં પ્રકારના

ધર્મારાધનનો વિકાસાવવામાં ભારે અનુકૂળતા સાંપડી. જિનમંદિરના નિર્માણ પછી સંવત ૧૯૪૯ માં ઉપાશ્રય બંધાયો. સંવત ૧૯૫૨માં બહેનો માટેનો ઉપાશ્રય નિર્માણ થયો. આજુ-બાજુના શહેરો અને ગામડામાંથી શ્રાવક કુટુંબો આવીને વસવા લાગ્યા. બાળકોની ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક આચારો સંસ્કારો માટે પાઠશાળાની આવશ્યકતા જણાવા લાગતા સંવત ૧૯૫૪ માં પરમ પૂજય મુનિરાજશ્રી મુક્તિ-વિજયજી ગણિવરશ્રી (મૂલચંદજી મહારાજ)ના નામાભિધાન સાથે 'શ્રી ગણિમુક્તિવિજયજી જૈન પાઠશાળા' શરૂ કરવામાં આવી. સંવત ૧૯૬૭-૬૮ માં ભોજનશાળા બનાવવામાં આવી અને તે જ અરસામાં ધર્મશાળા પણ બની. સંવત ૧૯૭૧માં વકીલ મૂલચંદ ચતુરભાઈ જ્ઞાનમંદિરની સ્થાપના થઈ.

આજે આ જ્ઞાનમંદિરમાં તાડપત્રપર પિસ્તાલીસ આગમ હસ્તલિખિત અને મુદ્રિત પિસ્તાલીસ આગમ પ્રાચીનપંચાંગી સુવર્ણ અક્ષરી અને રૌપ્યઅક્ષરી આગમગ્રથો અને કલ્પસૂત્રો હજારો પ્રતો-ગ્રંથો, રાસાઓ-પુસ્તકો સુવ્યવસ્થિત રીતે સચવાઈ રહ્યા છે. ક્રમે ક્રમે સંઘની જરૂરીઆત મુજબ ઘણાં નાના મોટા મકાનો બન્યા. સંવત ૧૯૪૬ની પ્રતિષ્ઠા બાદ પૂજય મુનિ ભગવંતોના ચાર્તુમાસ આગમન અને સ્થિરતાથી શ્રી સંઘમાં અનેક પ્રકારની ધાર્મિક જાગૃતિ આવી. શ્રાવકગણની સંખ્યા વધી. પૂજા કરનારાઓની ભીડ વધતી ચાલી. આ જોઈ શ્રી વાસુપૂજ્યસ્વામી પ્રાસાદ ફરતો ગઢ હતો તે તોડીને ત્રેવીસ દેવકુલિકાઓ અને પૂજા ભણાવવા માટેનો વિશાળ રંગમંડપ નિર્માણ કરવાનો શ્રી સંઘે સંકલ્પ કર્યો. સંવત ૨૦૦૩માં શ્રાદ્ધગુણરત્ન શ્રીયુત કેશવલાલ તારાચંદના વરદ્‌હસ્તે ખાતવિધિ કરવામાં આવી હતી. શિલ્પશાસ્ત્રના જ્ઞાતા કાબેલ શિલ્પીઓ દ્વારા, શાસનસમ્રાટ્‌શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પ. પૂ આચાર્યદેવશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ સાહેબની સલાહ સૂચના મુજબ નિર્માણ કાર્ય આગળ વધતું રહ્યું. શ્રી સંઘના પરમ ભાગ્યોદયે સંવત

૨૦૦૪માં આ પૂજ્યોનું ચાતુર્માસ સુરેન્દ્રનગરમાં થયું, ત્રેવીસ દેવકુલિકાયુક્ત ચોવીસ જિનાલયનું નિર્માણ કાર્ય તેઓશ્રીની નિશ્રામાં ત્વરિત ગતિએ થવા પામ્યું, દેવકુલિકાઓ માટે જિનપ્રતિમાજીના, વિવિધ પ્રકારના તીર્થોના પટ્ટના ઓર્ડરો અપાઈ ગયાં. સંવત ૨૦૦૬ની સાલનું ચાતુર્માસ શાસનસમ્રાટ્શ્રીના પૂ. આ. શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મ. સા., પૂ. આ. શ્રી વિજયઉદયસૂરીશ્વરજી મ. સા., પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ. સા. આદિનું નકકી થયું અને અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવવાનો નિર્ણય થયો. સંવત ૨૦૦૬ ના શ્રાવણ માસમાં અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવવાનો નિર્ણય થયો. સંવત ૨૦૦૬ના શ્રાવણ માસમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ થયો અને શ્રાવણ વદિ ૧ સોમવાર તા. ૨૮-૮-૧૯૫૦ના રોજ ત્રેવીસ દેવકુલિકાઓ તથા રંગમંડપમાં જિનપ્રતિમાજીની અંજનશલાકા સહિત સ્થિર પ્રતિષ્ઠા અને ચલ પ્રતિષ્ઠા હજારો ભાઈબહેનોની હાજરીમાં અદ્ભૂત ઉત્સાહ અને અમાપ આનંદપૂર્વક કરાવવામાં આવી હતી.

શ્રીસંઘની પુણ્ય રાશિ વધતી ચાલે તેમ શ્રી સંઘે અનેક શાસન પ્રભાવનાના સુકાર્યો કરવાનો યશ પ્રાપ્ત કર્યો. સંવત ૨૦૦૬ની સાલમાં પ.પૂ. આચાર્ય દેવશ્રીવિજયોદયસૂરીશ્વરજી મ.સા. તથા પ. પૂ. આચાર્યશ્રી દેવ વિજયનંદનસૂરીશ્વરજી મ.સા.ની શુભનિશ્રામાં નવ મુનિઓની ગણિપદવી થઈ. સંવત ૨૦૧૩ ની સાલમાં પ. પૂ. પંન્યાસજી શ્રી કાન્તિવિજયજી ગણિવરશ્રી અને પ. પૂ. મુનિરાજશ્રીરાજવિજયજી મ. (હાલ પ. પૂ. આચાર્ય દેવશ્રી વિજયરાજતિલકસૂરીશ્વરજી મ.)ની ૧૦૦ ઓળીના પારણા મહોત્સવ ઉજવાયો. સંવત ૨૦૧૫માં પ. પૂ. આચાર્યદેવ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં દસ મહાત્માઓની પંન્યાસપદવી થઈ. સંવત ૨૦૨૯ની સાલમાં પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ. સા.ના વરદ્ હસ્તે પ. પૂ.મહો. પરમપ્રભવિજયજી મ. સા. તથા પ.પૂ. મહો. ચન્દ્રોદયવિજયજી મ.સા.ની આચાર્ય પદવી થઈ. શ્રી સંઘની પુણ્યરાશિ વધે એવા અનેક પ્રસંગો પ્રાપ્ત થયા છે જેવા કે ૧. સંવત ૨૦૦૧માં પૂ.

આ. શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ૪૧૦ ભાઈબહેનોએ ઉપધાન તપવહન કર્યાં. શેઠ ત્રંબકલાલ છગનલાલે લાભ લીધો હતો. ૨. સંવત ૨૦૨૩ની સાલમાં પ.પૂ. આ. શ્રી દેવેન્દ્ર સાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં શ્રી ઉપધાનતપ વહન કરાવવામાં આવેલ જેમાં ૨૯૫ ભાઈબહેનોએ લાભ લીધો હતો. તે લાભ વકીલ ઉમેદચંદ બેચરદાસે લીધો હતો. ૩ સંવત ૨૦૩૧માં પૂ. દોલતસાગરજી ગણિવરશ્રીની નિશ્રામાં ૩૩૦ ભાઈબહેનોએ ઉપધાનતપ વહન કરેલ. તે લાભ શાહ દલીચંદ મગનલાલ કોઢવાલાએ લીધો હતો. ૪. સંવત ૨૦૩૩માં પૂ. આ. શ્રી દેવેન્દ્રસાગર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ૧૩૭ ભાઈબહેનોએ શ્રી ઉપધાનતપ વહન કરેલ. સંવત ૨૦૩૬માં મુનિરાજશ્રી દાનવિજયજી મ.સા.ની નિશ્રામાં ૧૬૫ ભાઈબહેનોએ ઉપધાનતપ વહન કરેલ. શાહ ત્રિભોવનદાસ રાઘવજીભાઈ જાંબુવાલાએ લાભ લીધો હતો. છ'રી પાળતાં શ્રી સંઘો પદવિહારથી તીર્થયાત્રાઓ કરી અપાર પુણ્યરાશિની વૃદ્ધિ કરી છે. ૧. સંવત ૨૦૦૮માં પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજયામાનતુંગસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં શ્રી સિદ્ધાચલજી મહાતીર્થનો. ૨. સંવત ૨૦૩૩માં પ.પૂ. આચાર્ય શ્રી વિજયધર્મધુરંધર સૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં શ્રી શંખેશ્વરજી તીર્થનો. ૩. સંવત ૨૦૩૫ પૂ. મૂનિરાજ શ્રી દાનવિજયજી મ. સા.ની નિશ્રામાં શ્રી શંખેશ્વરજી તીર્થનો. ૪. સંવત '૨૦૪૧માં પૂ. પંન્યાસજી શ્રી પ્રમોદચંદ્રવિજયજી મ. સા.ની નિશ્રામાં શ્રી સિદ્ધાચલજી મહાતીર્થનો તપ, ત્યાગ અને તિતિક્ષામાં શ્રી સંઘના ઘરોમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી આવી છે. અંદાજે ૭૫ થી ૮૦ શ્રાવક-શ્રાવિકાઓએ પ્રવ્રજ્યા અંગીકાર કરી સ્વપરનું કલ્યાણ સાધી રહ્યાં છે. શ્રાવક કુલો જેમ આજુબાજુના શહેરો અને ગામડાઓમાંથી આવી અત્રે વસવાટ કરવા લાગ્યાં તેથી શ્રી વાસુપૂજયસ્વામી પ્રાસાદને વિસ્તૃત કરવા જરૂર પડતાં નૂતન ત્રેવીશ દેવકુલિકાઓનું નિર્માણ કરવામાં આવ્યું - તેવી જ રીતે શ્રાવકકુલો શહેરની ત્રણેય દિશાઓમાં (દક્ષિણ દિશા તરફ ભોગાવો

નદી આવેલી છે.) દૂર દૂર વસવાટ કરવા લાગ્યાં. આ શ્રાવકો શ્રદ્ધાવંત અને જિનભક્તિના રસિયા હતાં. તેમની માગણી ધ્યાનમાં લઈ શ્રી સંઘે શહેરની પૂર્વ દિશા, શહેરની ઉત્તર દિશા અને શહેરની પશ્ચિમ દિશામાં જિનમંદિરો નિર્માણ કર્યા. સંવત ૨૦૨૬ ના જેઠ સુદિ ૩ અને જેઠ સુદિ ૪ના રોજ અનુક્રમે શ્રી સર્વોદય સોસાયટી મધ્યે ઉત્તર દિશા તરફ શ્રી કુંથુનાથસ્વામી ભગવંત આદિ ૧૧ જિનપ્રતિમાજીની પ્રતિષ્ઠા અને પૂર્વ દિશા તરફ શ્રી જયહિંદ સોસાયટી મધ્યે શ્રીમહાવીરસ્વામી ભગવંત આદિ ૧૧ જિનપ્રતિમાજીની પ્રતિષ્ઠા પ.પૂ. આચાર્ય દેવ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના વરદ્‌હસ્તે કરાવવામાં આવી. પશ્ચિમ દિશા તરફ શ્રી સરદાર સોસાયટી મધ્યે શ્રી ચન્દ્રપ્રભસ્વામી ભગવંત આદિ ત્રણ જિનબિંબોની પ્રતિષ્ઠા તથા શ્રી વાસુપુજ્યસ્વામિ પ્રાસાદે ત્રેવીશ દેવકુલિકા મધ્યે ૪૬ જિનબિંબોની પ્રતિષ્ઠા પ.પૂ. આચાર્ય દેવ શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ. સા.ના વરદ્‌હસ્તે સંવત ૨૦૩૫ના ફાગણ સુદિ ૨ અને સુદિ ૩ ના રોજ કરાવવામાં આંવી હતી.

શ્રાવકો જિનભક્તિના રસિયા હોય છે તેમ આરાધનાના પણ ખપી હોય છે એટલે-ધર્મસ્થાનકો નિર્માણની શ્રેણિ મંડાણી. સંવત ૨૦૧૫માં શ્રી સંઘના ભૂતપૂર્વ પ્રમુખ શ્રીયુત કેશવલાલ ધારસીભાઈના બાદશાહી દાનથી 'શાહ કેશવલાલ ધારસીભાઈ વર્ધમાનખાતુ' અને 'શ્રીમતી ચંચળબેન કેશવલાલ આયંબિલ ભવન' નિર્માણ થયાં. સંવત ૨૦૩૮માં 'શ્રીમતી વસુમતિબેન રસિકલાલ કેશવલાલ અતિથિગૃહ'નું નિર્માણ થયું. 'સ્વ. સાધ્વીજી મણીશ્રીજી, રંજનશ્રીજી-રમણીકશ્રીજી શ્રાવિકા ઉપાશ્રય' નામ સંસ્કરણ થયું. ઉપાશ્રયની વીંગોને 'શ્રીમતી રંભાબેન રતિલાલ શાહ શ્રાવિકા ઉપાશ્રય'તથા 'શ્રીમતી ઝવેરીબેન ચુનીલાલ શ્રાવિકા ઉપાશ્રયના નામ સંસ્કરણ કરવામાં આવ્યું, તેમજ 'શ્રીમતી સુભદ્રાબેન ઉમેદચંદ વકીલ શ્રાવિકાપૌષધશાળા' અને 'વકીલ ચુનીલાલ ચત્રભુજ જૈન પાઠશાળા ભવન' નામ સંસ્કરણ થયાં. ઉત્તર તરફથી શ્રી કુંથુનાથસ્વામી પ્રાસાદે 'શાહ જેઠાલાલ વીરજીભાઈ જૈન આરાધના ભુવન' અને 'શ્રીમતી ચંચળબેન જેઠાલાલ જૈન પાઠશાળા ભવન' પણ

સંઘ હસ્તક નિર્માણ પામ્યા. તેવી જ રીતે પૂર્વ દિશામાં શ્રી મહાવીરસ્વામી પ્રાસાદે શ્રી પૂર્વ વિભાગ કમીટી નિર્મિત 'શાહ વ્રજલાલ ત્રિભોવનદાસ જાંબુવાલા જૈન ઉપાશ્રય નિર્માણ થયો. પશ્ચિમ તરફ શ્રી ચંદ્રપ્રભસ્વામિ પ્રસાદે આરાધના ભવન નિર્માણ થઈ રહેલ છે.

પ્રકટ પ્રભાવી શ્રી વાસૂપૂજયસ્વામિજીના જિનાલયમાં વરસોથી રાત્રે નિરવ શાંતિમાં દિવ્ય નાટ્યારંભ થતા અનેક લોકોએ સાંભળ્યા હતા. પરંતુ ૮૮માં વર્ષે -વિ. સં. ૨૦૩૪માં પૂ. પંન્યાસજી શ્રી દાનવિજયજી ગણી મ.નું ચાતુર્માસ થયું. જિનમંદિરની વર્ષગાઠ પ્રસંગે દાદાના શિખરે ધ્વજા લહેરાયા બાદ-કલાકો સુધી અમી ઝર્યા. કે જે હજારો જૈન-જૈન તરોએનજરે નિહાળ્યાં અને શ્રી અમીઝરા વાસુપૂજ્ય ઘોષિત થયાં. ત્યારે તેવો એક ભાવ પૂ. પંન્યાસજીને આવ્યો કે પ્રભુપ્રતિષ્ઠા શતાબ્દી મહોત્સવ ભવ્ય રીતે ઉજવવા આજથી જ મંડાણ કરવા અને આ વાતને શ્રીસંઘે ઘણા ભાવથી વધાવી લીધી અને ૧૨-૧૨ વર્ષ સુધી સાંકળી અઠ્ઠમની સાધના શરૂ થઈ.

વિ. સં ૨૦૪૧-વિ. સં. ૨૦૪૫ના પંન્યાસજીના ચાતુર્માસમાં તથા વિ. સં. ૨૦૪૪ના પંન્યાસજી શ્રી પ્રમોદચંદ્રવિજયજી ગણી મ.ના ચાતુર્માસ દરમ્યાન પણ પ્રભુ પ્રતિષ્ઠા વરસગાંઠના દિવસે જિનબિંબાદિ સમગ્ર જિનમંદિરમાં અમીઝરણા-કેશર વર્ષા જેવા થયા અને આમ એક શતાબ્દી મહોત્સવ ઉજવવાનાં મંગલાચરણ નિમિત્તે શુભમંડાણ જાગૃત અધિષ્ઠાયકે જ શરૂ કરી દીધા.

વિ. સં. ૨૦૪૬ના શતાબ્દી વર્ષની ભવ્ય રીતે ઊજવણી કરવાનો સર્વનો ઉત્સાહ અને પંન્યાસજી શ્રી દાનવિજયજી ગણી મ.ની ભાવનાથી શાસનસમ્રાટ્ પ.પૂ. આચાર્ય શ્રી વિજયનેમિ -વિજ્ઞાન - કસ્તૂર સૂરીશ્વરજી મહારાજના પટ્ટધરો પ.પૂ. આચાર્ય મ. શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ, તથા તેમના ગુરુબંધુ પ.પૂ. આચાર્ય મ. શ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ તેમજ પ.પૂ. આચાર્ય શ્રી વિજયજયચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પ.પૂ. પં. શ્રી દાનવિજય ગણી.મ., પ. પૂ. પં. શ્રી સ્થૂલિભદ્રવિજયજી ગણી.મ., પ.પૂ. પં. શ્રી

પ્રેમ એ પરમાત્માનું જ બીજું નામ છે.

પ્રેમ એ પરમાત્માનું જ બીજું નામ છે.

પ્રેમ એ પરમાત્માનું જ બીજું નામ છે.

પ્રેમ એ પરમાત્માનું જ બીજું નામ છે.

ગોવાપાટણે દક્ષિણ-ગંગા ગોદાવરીકાંઠે સપ્તગોદાવરી તીર્થ

ઈ.સ. ૨૦૧૬ = વિક્રમ સંવત ૨૦૭૨

પુષ્પચંદ્રવિજયજી ગણી મ., પ. પૂ. પં. શ્રી સોમચંદ્રવિજયજી ગણી મ. આદિ લગભગ ૧૦૦ સાધુ-સાધ્વીજી મ.નું ચોમાસું નકકી થતાં -પૂજયશ્રીઓ વૈશાખ વદ-૬ના મંગળ દિવસે ચાતુર્માસ નિમિત્તે પધાર્યા ત્યારે શ્રી સંઘના ઘરે ઘરમાં કંઈક નવો જ ઉત્સાહ સ્વયંભૂ પ્રગટ થયો; તે નીહાળી બહારગામથી પધારેલ શાસનરત્ન, સુશ્રાવક, વર્ષીતપના તપસ્વી શ્રી રંજનીકાંતભાઈ (દેવડી), શ્રી શાંતિચંદભાઈ બાલુભાઈ ઝવેરી જેવા અનેક આગેવાનો ભાવવિભોર બની ગયેલ.

પૂજ્યશ્રીની વેધકવાણીથી તે ઉત્સાહમાં અનેક ઘણો વધારો થવા લાગ્યો અને વડીલોની તેમ યુવકોની કાર્યકારિણી કમિટીઓ નિમાઈ. તે તે કમિટિઓનાં સભ્યો પોતપોતાનાં કાર્યક્ષેત્રને સારી રીતે આગળ વધારતા જ ગયાં. સુરેન્દ્રનગર શ્રી સંઘના પ્રત્યેક ગરીબ કે તવંગર સર્વ મહાનુભાવોએ શતાબ્દી મહોત્સવ ફંડની ઝોળી તે રીતે છલકાવી દીધી કે ૧૦૦ વર્ષના રેકોર્ડમાં આ રીતે સમર્પણ થયું ન હતું. દરેકને ભગવાન શ્રી વાસુપૂજ્યસ્વામી પ્રત્યેની અખૂટ શ્રદ્ધા અને ભક્તિનું એ નિમિત્ત હતું. મુંબઈના સુરેન્દ્રનગરવાસીઓએ પણ સારું એવું ફંડ એકત્રિત કર્યું. યુવકોએ પણ મહોત્સવને સવિશેષ દીપાવવા અનેકવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી.

શતાબ્દી મહોત્સવના જ્વલંત અનુમોદનીય પ્રસંગો...

- જેઠ-સુદ ૧ થી પ્રાયઃ દર રવિવાર કે જાહેર રજાઓના દિવસમાં જાહેર વ્યાખ્યાનો તેમજ વામામાતાના થાળ જેવા ઉત્સાહપ્રેરક અનુષ્ઠાનો થતાં.
- ૩૦૦ લગભગ સંખ્યામાં શ્રી સિદ્ધિતપ જેવી મહાન તપની સાધના સામુદાયિક રીતે થઈ અને તે પણ ગુરુ ગુણાનુરાગી એક ભક્ત મહાનુભાવ તરફથી. તપસ્વીઓની ભક્તિ પ્રભાવના પણ યથાયોગ્ય રીતે થઈ - તેમજ તપસ્વીઓને શ્રી સમેતશિખરજી તીર્થઆદિ કલ્યાણક ભૂમિના તીર્થોની યાત્રા નક્કી થતાં મુખ્ય સંઘવી મહુવા (હાલ-મુંબઈ-જુહૂ) નિવાસી વનમાલીદાસ ભવાનભાઈ પરિવાર તરફથી લાભ લેવામાં આવ્યો.

- પૂ. મુનિ શ્રી નિર્મળચંદ્ર વિજયજી મ., પૂ. મુનિ શ્રી સુધર્મચંદ્ર-વિજયજી મ. ને ૪૫ ઉપવાસ, મુનિ શ્રી અનંતચંદ્ર વિજયજી મ.ને ૨૧ ઉપવાસ, પૂ. પ્રવર્તક મુનિ શ્રી કુશલચંદ્રવિજયજી મ. ,પૂ. મુનિ શ્રી પ્રકાશચંદ્ર વિજયજી મ.ને સિદ્ધિતપ તેમજ સાધ્વીજી શ્રી ધન્યયશાશ્રીજી મ.તથા પૂ. સા. શ્રી ચિંતનરસાશ્રીજી મ. ને માસક્ષમણ; પૂ. સા. શ્રી નિર્મળયશાશ્રીજી, પૂ. સા. શ્રી અમિતરસાશ્રીજી, પૂ. સા. શ્રી તત્ત્વગુણાશ્રીજી, પૂ. સા. શ્રી ત્રિપદીયશાશ્રીજી અને પૂ. સા. શ્રી દર્શનયશાશ્રીજીને સિદ્ધિતપની સાધના અપ્રમત્તભાવે થઈ.
- તપસ્વીઓને શાતા પૂછવા સ્થાનકવાસી સંઘો તથા સુરેન્દ્રનગરના અનેક વેપારી એસોસિએશનના મંડળોનું વ્યાખ્યાન સમયે તપસ્વીઓની સુખપૃચ્છા આવવાના પ્રસંગો તો લોકહૈયાને હિલોળે ચઢાવે તેવા હતાં.
- મહોત્સવ મંડપો-કમાનો વગેરે તે રીતે કરવાના હતાં કે જ્યાંથી મહોરમના તાજીયા તે રસ્તે પ્રતિવર્ષ પસાર થતા હતા. તે અંગે સંઘના યુવકોએ જમાતમાં જઈને વાત કરી તો જવાબ મળ્યો કે ચિંતા ન કરો, અમારા મહોરમ તો બાર મહિને આવે જ છે, તમારા ભગવાનનો મહોત્સવ તો સો વર્ષે આવ્યો છે. અમો અમારા તાજીયાનો માર્ગ ફેરવી લઈશું - એ સિવાય અમારા યોગ્ય કાંઈ પણ કામ હોયતો નિઃસંકોચ જણાવશો..... કોમી એકતાના નારા લગાવવા કરતાં દિલની એકતાના દર્શન આ પ્રસંગે થયા.
- મંગલમય મહોત્સવનો મંગલ પ્રારંભ વિશ્વશાંતિ વિધાયક ત્રિદિવસીય શ્રી અરિહંત મહાપૂજનથી થયો.
- કલ્યાણકોની ઉજવણી અંગે આર. પી. પી. કન્યા વિદ્યાલયનું વિશાલ કંમ્પાઉન્ડ "ચંપાપુરી નગરી" તરીકે બની ગયું હતું. મંડપ અને ઈલેકટ્રિકની સજાવટથી આકર્ષાઈને તો ૫૦/૫૦

કીલોમીટરથી અઢારે આલમની જનતા દર્શન કરવા આવતી હતી. મંડપમાં ૧૫ થી ૨૦ હજારની જનમેદની કલાકો સુધી તે રીતે સ્વયંભૂ બેસતી, જેથી ખ્યાતનામ સંગીતકાર શ્રી જયંતકુમાર રાહીની કલ્યાણક ઉજવણી અંગેની પદ્ધતિના કારણે સ્વયં-સેવકોની પણ જરૂરિયાત ન રહેતી...

- મહોત્સવના મંગળ વિધાન-માણેકસ્થંભારોપણ શ્રી શતાબ્દી મહોત્સવ સમિતિના પ્રમુખ શ્રી બાપાલાલ મનસુખલાલ શાહે, અ.સૌ નિર્મળાબેન સાથે સજોડે તથા તોરણ બાંધવાનું શ્રી સંઘના ભૂતપૂર્વ મંત્રીશ્રી રજનીકાંતભાઈએ, અ.સૌ ઈન્દુબેન સજોડે પોતાના વરદ્‌હસ્તે કર્યું. જયારે શ્રી વાસુપૂજયસ્વામીના પાંચે કલ્યાણકોની ઉજવણી અંગે-માત- પિતાની મુખ્યકરણી -શ્રી કયવંતભાઈ વકીલ તથા અ.સૌ કુસુમબેને અને ઈન્દ્ર-ઈન્દ્રાણીની કરણી શ્રી સતીષભાઈ વોરા (મુંબઈ) તથા અ.સૌ જ્યોત્સનાબેને કરી અનેરો લાભ લીધો. અંજનશલાકાના તે એક એક દિવસો સોનાનો સૂરજ ઉગ્યાનો અનુભવ કરાવે તેવા હતા.
- પ્રાચીન અને નવા જિનબિંબોની પ્રતિષ્ઠા તથા અંજનશલાકા કરાવવા અંગેની ઉછામણી, ભગવાનના ભક્તોની જિનભક્તિ અંગેનો હૈયાનો ઉલ્લાસ તો કલ્પનામાં ન આવે તે રીતે અનુભવાયો.
- જેઓને તે લાભ ન મળ્યો, તેઓની પ્રભુભક્તિની ઉત્કંઠા લક્ષ્યમાં રાખી એક "અક્ષયનિધિ"ની યોજના કરતાં સંઘનાં સેંકડો ભૂલકાઓથી લઈ સર્વ કોઈ સભ્યોએ તે અક્ષયનિધિનો ભંડાર છલકાવી દીધો. તે જ શ્રી વાસૂપૂજયસ્વામિ દાદા પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિની પ્રતીતિ કરાવતો હતો.
- આર્થિક રીતે અસમર્થ છતાં દિલના દિલાવર કેટલાંય મહાનુભાવોનું મહોત્સવ ફંડ અને અક્ષયનિધિ ભંડાર પૂરવાનો ઉત્સાહ તો આંખ ભીની કરે તેવો હતો.

- કલ્યાણકોનાં વરઘોડા પણ વર્ષોમાં ન નીકળ્યા હોય તેવા ઉમંગ-ઉછરંગથી નીકળતા હતા.
- જૈન અને અજૈનોના ધર્મસ્થાનકો ઉપર શતાબ્દી મહોત્સવની તથા સિદ્ધિતપના તપસ્વીઓની મંગળ કામનાના બેનરો, સુરેન્દ્રનગરની સમગ્ર જનતાની એકતાની પ્રતીતિ કરાવે તેવા હતા.
- સ્વામિવાત્સલ્ય, નવકારશી જમણ, કલ્યાણકોના દિવસોમાં દેરાવાસી સંઘના સર્વ ઘરોમાં મીઠાઈના પેકેટ અને વિશેષતઃ સુરેન્દ્રનગરના તમામ ૨૭ હજાર નાગરિકોના ઘરે ઘરે ૪. ૪ લાડુની શેષની પ્રભાવનાએ તો આખું ગામ ઘેલું કર્યું હતું. જેનો લાભ સંઘનાં આદેશથી શાહ લલ્લુભાઈ નારણભાઈ પરિવારે લીધો હતો. અને જવાબદારી લાયન્સ કલબ અને અન્ય ખ્યાતનામ ડોકટરો-વકીલો તથા શહેરના સેવાભાવી યુવકોએ લીધી હતી.
- જિનાલયમાં રોજ થતી નવલી લાખેણી અંગરચનાના દર્શન કાજે તેમજ જિનાલય પર કરેલ રેકોરેશન -હાલતી ચાલતી રચનાઓ વગેરેને નિહાળવા માટે રાત્રિના સમયે લાંબી લાંબી કતારો લાગતી. જિનાલયની ચારે બાજુ વાતાવરણ લોકોની હિલચાલથી ગાજી ઉઠતું હતું.
- મહોત્સવના સોનેરી દિવસોમાં સેકડો જિનબિંબોની અંજનશલાકા, નૂતન ચાર દેવકુલિકામાં તેમ જ જિનમંદિરમાં પ્રાચીન, અર્વાચીન જિનબિંબોની પ્રતિષ્ઠા ત્યાર બાદ અમીઝરણા શ્રાવણ સુદ ૧૪ના થયા હતાં.
- શ્રાવણ-વદ-૧ના સવારે -૯- કલાક, ૨૭ મિનિટ અને-૧૭ સેકન્ડે શતાબ્દી વર્ષ નિમિત્તે ધ્વજારોહણ કરવાનો લાભ મુંબઈની ખ્યાતનામ પેઢી આર. સુરેશચન્દ્રની ફા.વાળા વકીલ ઉમેદચંદ બેચરદાસના સુપુત્રો શ્રી વિનુભાઈ, નવીનભાઈ, રસિકભાઈ પરિવારે રેકર્ડરૂપ ઉછામણી બોલી લીધો બીજા પણ ૩૧ શિખરો

ઉપર લીલી ધ્વજાનું આરોહણ એકીસાથે થયું હતું અને ૪૦ થી ૫૦ હજારની જનમેદની સમક્ષ દાદાના શિખરે ધ્વજા લહેરાવી હતી. સુરેન્દ્રનગરની જનતા આ પ્રસંગે ઝૂમી ઊઠી હતી. "ૐ પુણ્યાહં પુણ્યાહં, પ્રીયન્તાં પ્રીયન્તા"નો ગગનભેદી ગુંજારવ થઈ રહ્યો હતો. હજારો હાથોએ એકી સાથે અક્ષતથી વધામણા કર્યા-ખીમાડાના સુપ્રસિદ્ધ પ્રતાપ બેન્ડે સલામી આપી. વિરમગામના શરણાઈવાળાએ શરણાઈના સૂરો છોડયા-હાથીઓએ સૂઢ લાંબી કરી અભિવાદન કર્યા. બહેનોએગીત ગુંજન કર્યા. રાસમંડળીરચી ગરબા લીધા.

- શ્રી સંઘનાં અન્ય ચાર જિનમંદિરોમાં તેમ જ રતનપરના જિનાલયમાં અંજનશલાકા થએલા જિનબિંબોના પ્રવેશ તથા પ્રતિષ્ઠાનો ભાવિક ભક્તોએ લાભ લીધો હતો અને તે સર્વ સ્થાને પણ અમીઝરણા થયા હતા.
- સાધર્મિક ભક્તિ યોજના તેમજ સાધર્મિક મેડિકલ યોજનાના કાર્યને પણ વેગ મળ્યો હતો અને જાહેર જનતા માટે નેત્રમણિ યજ્ઞ અંગે એક કેમ્પ પણ ગોઠવાયો હતો.
- પર્વાધિરાજ શ્રી પર્યુષણપર્વની સાધના અને શ્રી મહાવીર જન્મવાંચન દિવસે ઉપધાન તપનો નિર્ણય થતાં-તેનો આદેશ શ્રી સંઘે સવિતાબેન ચંદુલાલ શાહ પરિવારને આપ્યો અને સી. કે. સંઘવીની વિશાળ જગ્યામાં તથા જૈન વાડીમાં ઉપધાનતપનું આયોજન થયું હતું. તે દરમ્યાન પૂજ્ય આચાર્ય ભગવંતો તથા સ્થાનકવાસી મુનિ શ્રી ભાસ્કર મુનિ મ. આદિની નિશ્રામાં દેરાવાસી-સ્થાનકવાસી સમગ્ર જૈન સમાજના સામુદાયિક ૩૦૦૦ સામાયિકનું આયોજન અનુપમ થએલ. ઉપધાનતપની ઉપાસના રૂડી રીતે થઈ. પૂર્ણાહુતિ પણ માળારોપણ-ઉજમણું-ભવ્ય વરઘોડો-સ્વામિવાત્સલ્ય વગેરે કાર્યો સાથે ઉત્સાહભેર થઈ હતી.

- ત્યાગીઅને તપસ્વી સુરેન્દ્રનગરના સપૂત પૂ.પંન્યાસજી શ્રી પ્રમોદચંદ્રવિજય સ્મૃતિભવનનું ઉદ્‌ઘાટન અને તેમાં ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાનો પ્રસંગ પણ શ્રી સંઘના ગૌરવને વધારે તે રીતે થયો.
- આ ભવ્યાતિભવ્ય પ્રસંગનો લાભ લેવા ભારતના ખૂણે ખૂણે વસતા સુરેન્દ્રનગરવાસી મહાનુભાવો પધાર્યા હતા. તેમજ અનેક પૂજ્ય આચાર્ય ભગવંત આદિ સાધુ-સાધ્વીજી મહારાજો, અનેક શ્રીસંઘો તથા ખ્યાતનામ મહાનુભાવોના મંગળ સંદેશાઓ પણ પ્રસંગની યશકલગી રૂપ બન્યા હતા.
- સરદારનગરમાં વસતા જૈનોની આરાધનાને અનુરૂપ સુંદર ઉપાશ્રય-આયંબિલભવન વગેરે સ્થાનના આદેશો-પૂજ્ય સાધુ-સાધ્વીજીમ.માં થયેલ વિશિષ્ટ તપની અનુમોદના નિમિત્તે અપાયેલ.
- જિનશાસનના પ્રાણસમી જીવદયાની પુષ્ટિ અર્થે શ્રી સંઘ તરફથી વઢવાણ મહાજનને ઢોરના વાડા માટે એક શેડના રૂ. ૨૫૦૦૦/ આપવાનું નક્કી કર્યું.
- તેમજ વઢવાણ-લીંબડી - ધાંગ્રધા-સાયલા-બોટાદ-ધંધુકા-મૂળી વગેરે પાંજરાપોળોને ઘાસચારા માટે રકમો જાહેર થઈ. બાલાશ્રમ-માનવસેવા સંઘ વગેરે સંસ્થાઓમાં મિષ્ટાન્ન અપાયા હતા. રૂગ્ણાલયોમાં-દર્દીઓને બિસ્કીટ અપાયા-પાંજરાપોળોમાં ઘાસ-ખડ નંખાયા. જીવોને અભયદાન અપાયાં હતાં.
- કલેકટર સાહેબ, સુધરાઈ પ્રમુખ શ્રી આર. ટી શાહ, ડી.એસ.પી સાહેબ, ડીસ્ટ્રીકટ જજ શ્રી પરીખ સાહેબ, સુધરાઈ કચેરી, પોલીસવડા તથા તંત્રી, મામલતદાર ઓફિસ, સ્થાનિક અન્ય અધિકારી વર્ગ, સુધરાઈ કોર્પોરેટરો સંઘના સ્થાનિક જુદા-જુદા મંડળો -કલબો -ચેમ્બર્સ, સોમપુરા તથા ભાઈઓ બહેનોનો પુરુષાર્થ મહોત્સવની સફળતાના પાયામાં પ્રાણસમા હતા. ખરેખર મહોત્સવ સાફલ્યનું શ્રેય નામી-અનામી સ્થાનિક તેમજ બહારના સૌ કોઈના ફાળે જાય છે.

- ચાર્તુમાસના શિખર સ્વરૂપે -કુ. મનીષાબેન મહેન્દ્રભાઈ વખારિયા, કુ. રૂપલબેન જયંતિલાલ શાહ કુ. ઉષાબેનની દીક્ષાનો ભવ્ય વરઘોડો-તેમજ ગિરિરાજ શત્રુંજય ઉપર જે મહાભિષેક થવાના હતા -તે પ્રસંગે દાદાના શિખરે ચઢાવવામાં આવનાર ભવ્ય ધ્વજાનાં સ્વાગત સાથે માગસર. સુદ-પના રોજ નીકળ્યો હતો.અને તે દિવસે કુ. રૂપલબેન-સાધ્વીજી શ્રીમુક્તિલીનાશ્રીજી અને કુ. ઉષાબેન સાધ્વીજી શ્રી તીર્થલીનાશ્રીજીતરીકે જાહેર થયા. કુ. મનીષાબેનની દીક્ષા માગસર-સુદ-૭ના રોજ થઈ અને તેઓ સાધ્વીજી શ્રી મહાવ્રતયશાશ્રીજી તરીકે જાહેર થયા.
- ચાતુર્માસ દરમ્યાન પૂજ્ય સાધુ -સાધ્વીવૃંદ-પૂજ્ય આચાર્ય ભગવંતો, પૂજ્ય પંન્યાસજી મહારાજો, તથા પૂ. પ્રવર્તક મુનિ શ્રી કલ્યાણચંદ્રવિજયજી મ.,પૂ. પ્રવર્તક મુનિ શ્રી કુશલચંદ્રવિજયજી મ.,પૂ. મુનિશ્રી બલભદ્રવિજયજી મ., મુનિશ્રી અમરચંદ્રવિજયજી મ., મુનિશ્રી પ્રકાશચંદ્ર વિ.મ., મુનિ શ્રી હરિષેણ વિ. મ, મુનિશ્રી કૈલાસચંદ્રવિ.મ., મુનિ શ્રી શ્રમણચંદ્ર વિ.મ., મુનિશ્રી શ્રીચંદ્રવિજય મ., મુનિશ્રી નિર્મળચન્દ્રવિજય મ., મુનિશ્રી અનંતચન્દ્રવિજય મ., મુનિશ્રી કુલચન્દ્રવિજય મ., મુનિશ્રી પ્રશમચન્દ્રવિજય મ., મુનિ શ્રી સુધર્મચંદ્રવિમ., મુનિ શ્રી શશીચંદ્ર વિ.મ., મુનિ શ્રી સમકિત ચંદ્રવિ.મ., મુનિશ્રી જિનેશચંદ્રવિ. મ. આદિ;-સ્થિરવાસરહેલ મુનિ શ્રી હંસપ્રભવિજયજી મ. આદિ તેમજ શાસનસમ્રાટ્શ્રીના સમુદાયના પૂ. સાધ્વજી શ્રી સ્વયંપ્રભાશ્રી જીમ. આદિ પૂ. આચાર્ય કેશરસૂરિજીમ. ના સમુદાયના સાધ્વીજી શ્રી સૂર્યપ્રભાશ્રીજી આદિ, પૂ. સાગરજી મ.ના સમુદાયના સાધ્વીજી શ્રી તત્ત્વત્રયાશ્રીજી મ.આદિ,પૂ. આ. મ., શ્રીનીતિસૂરિજી નાસમુદાયનાં સાધ્વીજી શ્રી અનિલાશ્રીજી મ., પૂ. શાસનસમ્રાટ્ શ્રીનાસમુદાયના સાધ્વીજી શ્રી વિનીતયશાશ્રીજી મ., સાધ્વીજી શ્રી મલયયશાશ્રીજી મ. આદિ, પૂ. સાગરજી મ.ના સમુદાયના તત્ત્વપ્રજ્ઞાશ્રીજી મ. આદિ,

શાસનસમ્રાટ્શ્રીના સમુદાયનાં સાધ્વીજી શ્રીસન્મતિશ્રીજી મ. આદિ, સાધ્વીજી શ્રી સમ્યગ્રત્નાશ્રીજી મ.આદિ, સાધ્વીજી શ્રી ઋજુમતિશ્રીજી મ. આદિ ઉપસ્થિત રહ્યા હતાં.

- સર્વકાર્યો સાનંદસોત્સાહ સંપન્ન થતાં પૂજ્ય આચાર્ય ભગવંતો-પૂજ્ય પંન્યાસજી મ. આદિએ શ્રી શત્રુંજય મહાતીર્થના સેંકડો વર્ષ બાદ થનાર મહાભિષેક નિમિત્તે પાલિતાણા તરફ વિહાર કર્યો હતો.
- "શતાબ્દી સ્મૃતિવિહાર" શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયનું નિર્માણ કરવામાં આવ્યું. અમીઝરા શ્રી વાસુપૂજ્યસ્વામિ જિનાલયની શતાબ્દી નિમિત્તે ઉજવાયેલ મહામહોત્સવની કાયમી સ્મૃતિ રહે તે દૃષ્ટિથી શ્રી સંઘના દીર્ઘદૃષ્ટા આગેવાનોએ ઋદ્ધિ સિદ્ધિ-કિશોર સોસાયટીમાં આરાધકોની આરાધનાને અનુકૂળ એક રમણીયનૂતન જિનાલય શ્રીસંઘ તરફથી નિર્માણ કરવાનું નક્કી કર્યું. અને વિ. સં. ૨૦૪૬ના મહાસુદી-. ૨ રવિવાર તા.૨૮-૧-૯૦ના ખાતમુહૂર્ત અને વિ.સં. ૨૦૪૬ના-મહાસુદી -૬ તા-૧-૨-૯૦ના રોજ શિલાસ્થાપન, વિ.સં. ૨૦૪૬ના શ્રાવણવદ-૧૩ના મૂળનાયકજીનો પ્રવેશ કરાવી૧-૧૧ વર્ષે જેવા ટૂકાં ગાળામાં વિ. સં. ૨૦૪૭ના ફાગણ-વદ-૩-તા. ૩-૩-૯૧ -રવિવારે શુભમુહૂર્તે પ.પૂ. આચાર્ય શ્રીવિજયચંદ્રોદય સૂરીશ્વરજી મહારાજના ગુરુબંધુ પ.પૂ. આચાર્ય શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વર મહારાજ, પૂ. પંન્યાસજી શ્રી દાનવિજયજી ગણીમ. આદિની નિશ્રામાં ઉછરંગપૂર્વક પ્રતિષ્ઠા કરાવવામાં આવી. જાગ્રત તે ધરતીના પ્રભાવે-સાધનાને અનુકૂળ ઉપાશ્રયનિર્માણની વાત નીકળતા, તે કાર્યની પણ ફા.વ.૩ના ખનનવિધિ કરીને શરૂઆત થતા લગભગ પૂર્ણ થવા આવેલ છે- મૂળનાયકજીની પ્રતિષ્ઠા કરાવનાર વઢવાણનિવાસી જયંતિલાલ છોટાલાલ શાહ પરિવાર તથા બીજા પરિવારોના મુખ્ય સહકારથી શ્રીસંઘે ખૂબજ ટુંકા સમયમાં શતાબ્દીની સ્મૃતિમાં દેરાસર-ઉપાશ્રયના કામ સાંગોપાંગ સંપન્ન કરેલ છે.

શતાબ્દીવર્ષે વિ.સં. ૨૦૪૬માં
પ્રભુ પ્રતિષ્ઠા કરાવનાર મહાનુભાવો

નૂતન દેવકુલિકામાં શ્રી સેરીસા પાર્શ્વનાથજી :-શ્રીમતી કમળાબેન નગીનદાસ વીરજી વોરા. સુરેન્દ્રનગર

નૂતન દેવકુલિકામાં શ્રી આદીશ્વરજી : શાહ પ્રેમચંદ વાડીલાલ સાયલાવાળા હાલ -બોરીવલી મુંબઈ

નૂતન દેવકુલિકામાંશ્રી સહસ્ત્રફણાપાર્શ્વનાથજી : વકીલ ઉમેદચંદ બેચરદાસ-સુરેન્દ્રનગર -હાલ મુંબઈ.

નૂતન દેવકુલિકામાં શ્રી વિઘ્નહર પાર્શ્વનાથજી : કોઠારી રમણલાલ છગનલાલ-મુંબઈ.

શ્રી વાસુપૂજ્યસ્વામિજીનું પરિકર : વકીલ ઉમેદચંદ બેચરદાસ-સુરેન્દ્રનગર, હાલ. મુંબઈ.

મૂળનાયકજીના ગભારામાં શ્રી કુંથુનાથજી સપરિકરઃ શાહ કસ્તૂરચંદ દીપચંદ-સુરેન્દ્રનગર

મૂળનાયકજીના ગભારામાં ચામરધારી શ્રી મહાવીસ્વામિજીઃ શેઠ વીરપાળ ગફલભાઈ સીતાપુરવાળા.

શ્રીસુવિધિનાથજીના ગભારામાં શ્રી શ્રેયાંસનાથજીઃ શાહ સુરેશકુમાર મૂળચંદભાઈ-પાર્લા મુંબઈ

શ્રી શાંતિનાથજીના ગભારામાં શ્રી મહાવીસ્વામિજી : શાહ ફકીરચંદ ગુલાબચંદ- સુરેન્દ્રનગર,

કોલી મંડપમાં જમણી બાજુએ શ્રીમલ્લિનાથજી : શ્રીમતી નારંગીબેન વૃજલાલ વીરજી વોરા. સુરેન્દ્રનગર

કોલી મંડપમાં ડાબી બાજુએ શ્રી સુવિધાનાથજીઃ શ્રીમતી મરઘાબેન રસિકલાલ શાહ લીબડીવાળા

શ્રી ગૌતમસ્વામિજી : શાહ સવાઈલાલ શાંતિલાલ સુરેન્દ્રનગર.

શ્રી પુંડરીકસ્વામિજીઃ શાહ દીપંદ હરગોવિંદદાસ લીબડીવાળા-

શિખરમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામિજીઃ વકીલ ચુનીલાલ ચત્રભૂજ-સુરેન્દ્રનગર.

શિખરમાં જમણી બાજુ શ્રી પાર્શ્વનાથજી : શાહ ફકીરચંદ ગુલાબચંદ-સુરેન્દ્રનગર.

શિખરમાં ડાબી બાજુ શ્રી મુનિસુવ્રતસ્વામિજી : વકીલ ચુનીલાલ ચત્રભૂજ-સુરેન્દ્રનગર.

શ્રી રિદ્ધિસિદ્ધિ કિશોર સોસાયટીના નૂતન જિનાલયમાં-

મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીઃ શ્રી જયંતિલાલ છોટાલાલ શાહ વઢવાણ (ખોડુ) વાળા-પાર્લા મુંબઈ.

જમણી બાજુ શ્રી સુપાર્શ્વનાથજી : શાહ અમૃતલાલ ત્રિકમલાલ સુરેન્દ્રનગર.

ડાબી બાજુ શ્રી વાસુપૂજ્યસ્વામિજી : વકીલ વનેચંદ કાલીદાસ -સુરેન્દ્રનગર.

જમણી બાજુ ગોખલામાં શ્રી સિદ્ધિ શંખેશ્વર પાર્શ્વનાથજીઃ વોરા ચંપકલાલ નારણદાસ. સુરેન્દ્રનગર.

ડાબી બાજુ ગોખલામાં શ્રી મુનિસુવ્રતસ્વામિજીઃ વખારિયા વૃજલાલ મૂલચંદ. સુરેન્દ્રનગર

શ્રી પુંડરીકસ્વામિજી : શ્રી વિજયકુમાર જયંતિલાલ છોટાલાલ શાહ-પાર્લા-મુંબઈ.

શ્રી ગૌતમસ્વામિજીઃ શ્રી વિજયકુમાર ચીમનલાલ નવાબ -દેવડાવાળા.

શ્રી પાર્શ્વયક્ષઃ શ્રી અતુલકુમાર જયંતિલાલ છોટાલાલ શાહ. પાર્લા મુંબઈ.

શ્રી પદ્માવતી દેવી : વોરા ચંપકલાલ નારણદાસ. સુરેન્દ્રનગર.

શ્રી પ્રાસાદદેવી : શાહ રમણિકલાલ કેશવલાલ સુરેન્દ્રનગર.

જયહિંદના દેરાસરજીના શિખરમાં મૂળનાયકશ્રી ધર્મનાથજી : શાહ અમૃતલાલ નાનચંદ દલાલ.

જમણી બાજુ શ્રી સુમતિનાથજી : શાહ જયંતિલાલ નાનચંદ દલાલ. સુરેન્દ્રનગર

ડાબીબાજુશ્રી મલ્લિનાથજી : શ્રી ઠાકરશીભાઈ ન્યાલચંદ

શ્રી ગૌતમ સ્વામિજી : શ્રી મણીલાલ મગનલાલકોંઢવાલા

સર્વોદયના દેરાસરજીના શિખરમાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી : શાહ લાલચંદ ખુશાલભાઈ

જમણી બાજુ શ્રી મહાવીરસ્વામીજી : શાહ મોતીલાલ પનજીભાઈ

ડાબીબાજુ શ્રી વાસુપૂજ્ય સ્વામિજી : શાહ શાંતિલાલ દેવચંદ વનરાવન. સુરેન્દ્રનગર.

શ્રી ગૌતમસ્વામિજી : શ્રી વખારીયા ચંદુલાલ ચુનીલાલ (દૂધરેજવાળા)

શ્રી પુંડરીકસ્વામિજી : સુરજબેન મણીલાલ ઓડુવાળા હ.ચંદનબેન

સરદાર સોસાયટીના દેરાસરજીના શિખરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથજીઃ ડગલી ચીમનલાલ ત્રંબકલાલ.

અંજનશલાકા મહોત્સવમાં વિશિષ્ટ લાભ લેનાર મહાનુભાવોઃ

પ્રભુના માતા પિતા	:	શાહ કયવંતલાલ ચુનીલાલ શ્રીમતી કુસુમબેન કયવંતલાલ
મંત્રીશ્વર	:	વોરા રસિકલાલ વીરજીભાઈ શ્રીમતી મંગળાબેન રસિકલાલ વોરા.
નગરશેઠ	:	વોરા ધારશીભાઈ માણેકચંદ શ્રીમતી જયાબેન ધારશીભાઈ
ખજાનચી	:	વોરા મુકેશચંદ્ર નગીનદાસ શ્રીમતી ધર્મિષ્ઠાબેન મુકેશચંદ્ર
સેનાધિપતિ	:	શ્રી નલીનભાઈ રમણિકલાલ શાહ શ્રીમતીરંજનબેન નલીનભાઈ
પ્રિયંવદાદાસી	:	કુ. મનીષાબેન મહેન્દ્રભાઈ ચંદુલાલ વખારિયા.

ફઈબા-ફુવા	:	વોરા ચંદ્રકાંત જગજીવનદાસ ડુંગરશીભાઈ શ્રીમતી રસિલાબેન ચંદ્રકાંતભાઈ.
મામા-મામી	:	શાહ અરવિંદભાઈ રતિલાલ કોઢવાળાં. શ્રીમતી સુધાબેન અરવિંદભાઈ કોઢવાળા,
સાસુ-સસરા	:	કોઠારી રમણલાલ છગનલાલ શ્રીમતી નીરૂબેન રમણલાલ
પંડિતજી	:	શાહ કાંતિલાલ શીવલાલ
સ્વપ્નલક્ષણપાઠક	:	શાહ જયંતિલાલ જગજીવનદાસ
છડીદાર	:	શાહ વાડીલાલ મૂળજીભાઈ
છડીદાર	:	શાહ માણેકલાલ સુખલાલ
જમણી બાજુ ચામર	:	શ્રી ચંદુલાલ ચુનીલાલ વખારિયા
ડાબી બાજુ ચામર	:	શાહ વસંતલાલ હરિલાલ
મુખ્ય સૌધર્મેન્દ્ર-ઈન્દ્રાણી	:	વોરા સતીશકુમાર અમૃતલાલ શ્રીમતી જ્યોત્સનાબેન સતીશકુમાર.
હરિણૈગમિષી દેવ	:	શાહ જસવંતલાલ દલીચંદ મગનલાલ કોઢવાળા. શ્રીમતી જયોત્સ્નાબેન જશવંતલાલ
ઈશાનેન્દ્ર	:	શાહ સવાઈલાલ શાંતિલાલ શ્રીમતી રસિલાબેન સવાઈલાલ
અચ્યુતેન્દ્ર	:	શાહ ચંદ્રકાંત શાંતિલાલ ફોજદાર શ્રીમતી હીરાબેન ચંદ્રકાંત શાહ.
લોકાંતિક દેવ	:	બગડિયા પ્રવીણચંદ્ર નારાયણદાસ શ્રી જયંતિલાલ ભાઈચંદભાઈ શાહ શેઠ ગોકળદાસ હેમચંદભાઈ શેઠ વીરપાળ ગફલભાઈ શ્રી જયંતકુમાર રાહી.

લોકાંતિક દેવ : શ્રી અશ્વિનકુમાર બાબુલાલ ભાવનગર.
શ્રી ઉમેદચંદ તારાચંદ
શ્રી ચુનીલાલ માણેકચંદ
શાહ રમણિકલાલ કેશવલાલ

ચંપાનગરીના ઉદ્‌ઘાટક : શ્રી ગેનમલજી વીરચંદજી, સુરત

અમીઝરા નગરના ઉદ્‌ઘાટક : શેઠ નાથાલાલ લલ્લુભાઈ

આ સર્વ પ્રસંગોની પુણ્ય સ્મૃતિ જીવંત રહે અને શતાબ્દી નિમિત્તે કંઈક શ્રુતભક્તિ પણ થાય તે આશયથી અમારા પ્યારા ધર્મરાજા પ.પૂ. આચાર્યમ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજરચિત અને આજદિન સુધી હજારો વિદ્યાર્થીઓએ જેનો અભ્યાસ કર્યો, તે પ્રાકૃતવિજ્ઞાન પાઠમાળાની માર્ગદર્શિકાનું પ્રકાશન કરવા માટે ધર્મ રાજાગુરુદેવ સંગૃહીત **'पाइयविन्नाणगाहा'** ગ્રંથના વઢવાણ મુકામે થયેલ વિમોચન પ્રસંગે પૂજ્યોએ પ્રેરણા કરતા શ્રી સંઘે તે વાત સહર્ષ સ્વીકારી લીધી. તેની ફળશ્રુતિરૂપે આ પુસ્તક પ્રકાશન કરવાનું સૌભાગ્ય શ્રીસંઘને પ્રાપ્ત થયું છે.

પ્રાંતે અમીઝરા શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય શતાબ્દી વર્ષ-વિ. સં-૨૦૪૬ અમારા શ્રી સંઘને માટે ચિર સ્મરણીય બની રહેશે. તેનું નિમિત્ત પામી તૈયાર થયેલ આ **''પ્રાકૃતવિજ્ઞાન-પાઠમાલા માર્ગદર્શિકા''**નો પણ અભ્યાસી તેમજ જ્ઞાનપિપાસુઓ વિશેષતઃ ઉપયોગ કરી જૈનોના પ્રાણ સરખી અર્ધમાગધી-પ્રાકૃતભાષાનું જ્ઞાન મેળવી આગમિક દાર્શનિક ગ્રંથોનો અભ્યાસ કરી શીઘ્રશાશ્વત સુખના ભોક્તા બને એજ અભ્યર્થના.

લિ.
શ્રી સુરેન્દ્રનગર જૈન શ્વેતાંબર
મૂર્તિપૂજક તપગચ્છ સંઘ,
સુરેન્દ્રનગર.

પ્રાકૃતવિજ્ઞાન
પાઠમાળા - માર્ગદર્શિકાની

અનુક્રમણિકા

	વિષય	પૃષ્ઠ
	મંગલ	૧
	વર્ણવિજ્ઞાન	૩
	સૂચના	૯
પાઠ ૧ લો	વર્તમાનકાળ પ્રથમપુરુષના પ્રત્યયો.	૧૧
પાઠ ૨ જો	વર્તમાનકાળ બીજા પુરુષના પ્રત્યયો.	૧૪
પાઠ ૩ જો	વર્તમાનકાળત્રીજા પુરુષના પ્રત્યયો.	૧૯
પાઠ ૪ થો	ઉપયોગી સર્વનામ અને સંખ્યાવાચકનાં રૂપો	૨૪
પાઠ ૫મો	સ્વરાંતધાતુઓના રૂપો.	૨૮
પાઠ ૬ઠ્ઠો	**જ્જ-જ્જા** નાં રૂપાખ્યાનો તથા ઉપસર્ગ.	૩૨
પાઠ ૭મો	**અકારાંત** પુંલ્લિંગ તથા નપુંસક લિંગ નામો.	
	પઢમા-બીયા વિભક્તિ.	૪૨
પાઠ ૮મો	**તઇઆ -ચઉત્થી** વિભક્તિ.	૪૮
પાઠ ૯મો	**પંચમી-છટ્ઠી** વિભક્તિ.	૫૬
પાઠ ૧૦મો	**સત્તમી** અને **સંબોહણ** તેમજ સંપૂર્ણ રૂપો.	૬૫
પાઠ ૧૧મો	**ઇકારાંત** અને **ઉકારાંત** પુલ્લિંગ તથા નપુંસક નામો.	૭૪
	પઢમા-બીયા અને **તઇઆ** વિભક્તિ.	

પાઠ ૧૩ મો **सत्तमी** અને **संबोहण.** ૮૭
પાઠ ૧૪ મો ભૂતકાળ. ૯૪
પાઠ ૧૫ મો આજ્ઞાર્થ અને વિધ્યર્થ ૧૦૨
પાઠ ૧૬ મો **आकारांत** અને હ્રસ્વ
તથા દીર્ઘ **इ- ईकारांत**
અને **उ ऊ** કારાંત સ્ત્રીલિંગ નામો. ૧૧૪
પાઠ ૧૭મો ભવિષ્યકાળ. ૧૨૯
પાઠ ૧૮મો ભવિષ્યકાળ અને
ક્રિયાતિપત્યર્થ તેમજ ઋકારાંત
પુંલ્લિંગ તથા સ્ત્રી લિંગ નામો. ૧૩૯
પાઠ ૧૯મો કર્મણિરૂપ અને ભાવે રૂપ. ૧૫૭
પાઠ ૨૦ મો કૃદંત ૧૭૩
પાઠ ૨૧ મો વ્યંજનાન્ત નામ અને તદ્ધિત
પ્રત્યયો તથા શબ્દો ૧૮૯
પાઠ ૨૨ મો પ્રેરકભેદ. ૨૧૦
પાઠ ૨૩ મો સમાસ ૨૪૦
પાઠ ૨૪ મો સર્વનામનાં રૂપો ૨૫૯
પાઠ ૨૫ મો સંખ્યાવાચક શબ્દો ૨૮૨
सिरिपाइयगज्ज–पज्जमाला **૩૦૯**
૧. **पंचनमुक्कारमहामंतो–चत्तारिमंगलं**
चत्तारि लोगुत्तमा–चत्तारि सरणं **૩૦૯**
૨. **सीयावण्णणं** **૩૧૧**
૩. **इंदियविसयभावणा** **૩૧૪**
૪. **निम्ममो भिक्खू चरे** **૩૧૫**
૫. **पुक्खरिणीवण्णणं** **૩૧૭**
૬. **नमिपव्वज्जा** **૩૧૯**

७.	वयछक्कं	३२७
८.	रावणस्स पच्छायावो	३३१
९.	दयावीरमेहरहनरिंदो	३३७
१०.	महेसरदत्तकहा	३४२
११.	गामेयगोदाहरणं	३४५
१२.	सिसुवालकहा	३५१
१३.	कमलामेला	३५३
१४.	वुड्ढा तरुणा य मंतिणो	३५८
१५.	विणओ सव्वगुणाणं मूलं	३६०
१६.	कुमारवालभूवालस्स जीवहिंसाइचाओ	३६२
१७.	पाइयसुभासियपज्जाणि	३६९
	धम्मो	३६९
	दाणं	३७१
	लच्छी	३७२
	सीलं	३७२
	भावो	३७३
	दया	३७४
	सच्चं	३७५
	पुण्णं	३७६
	नाणाइ	३७७
	पइन्नगगाहा	३७८
	पाइयधाउकोसो	३९७
	पाइयसद्दकोसो	४१०
	गाथानुक्रमणिका	४४८
	शुध्धिपत्रकम्	

ॐ ह्रीं अर्हं नमः ।

अनन्तलब्धिनिधान श्रीगौतमस्वामिने नमः ।

परमोपास्य श्री नेमि-विज्ञान-कस्तूरसूरिभ्यो नमः ।

शासनसम्राट् तपागच्छाधिपति आचार्यदेव श्रीमद् विजय
नेमिसूरीश्वरपट्टालङ्कार परमपूज्याचार्यदेव
श्री विजयविज्ञानसूरीश्वरपट्टधराचार्य श्री
विजयकस्तूरसूरीश्वरप्रणीता

श्री प्राकृतविज्ञान-पाठमाला

मार्गदर्शिका

[४]दिव्वपहावो [५]दीसइ, [६]कलियाले [३]जस्स [२]अमियझरणाओ ।
[७]सत्तफणंचिअसीसो, [६]स [९]जयउ "सेरीसपासजिणो"[८] ॥ १ ॥

सान्वयच्छायाः- कलिकालेऽमृतक्षरणाद् यस्य दिव्यप्रभावो दृश्यते,
स सप्तफणाऽञ्चितशीर्षः सेरीसापार्श्वजिनो जयतु ॥

કલિકાળમાં પણ અમીઝરણા થવાથી જેમનો દૈવી મહિમા દેખાય છે, તેવા સાતફણાથી શોભતાં મસ્તકવાળા-સપ્તફણ શ્રી સેરીસાપાર્શ્વનાથ ભગવાન જયવંતા વર્તો. ૧

[१]पयडिअसमत्तभावं, [२]भविअन्नाणंधयारपयरहरं ।
[३]सूरव्व [४]जस्स [५]नाणं, [६]स [८]पहू [७]वीरो [१०]कुणउ [९]भद्दं ॥ २ ॥

सा.- प्रकटितसमस्तभावं, भविकाऽज्ञानाऽन्धकारप्रकरहरम् ।
सूर्यवद् यस्य ज्ञानं, स वीरः प्रभुर्भद्रं करोतु ॥

જગતનાં સર્વ ભાવોને પ્રકટ કરનારું અને ભવ્ય જીવોના અજ્ઞાનરૂપી

અંધકારનાં સમૂહને દૂર કરનારું એવું સૂર્ય જેવું જેમનું જ્ઞાન છે, તે શ્રી મહાવીરસ્વામી કલ્યાણ કરનારા થાઓ. ૨

[૩]એક્કારસ [૪]ગણવઇણો, [૩]ગોયમપમુહા [૫]જયન્તિ [૬]સુયનિહિણો ।
[૮]સ [૯]વિ [૭]હેમચંદસૂરી, [૧૦]જાઓ [૮]કલિયાલસવ્વણ્ણૂ ॥ ૩ ॥

સા.– શ્રુતનિધયો ગૌતમપ્રમુખા એકાદશ ગણપતયો જયન્તિ ।
કલિકાલસર્વજ્ઞો જાતઃ, સ હેમચંદ્રસૂરિરપિ ॥

શ્રુતના ભંડાર એવા શ્રી ગૌતમસ્વામિજી વગેરે અગિયાર ગણધરો જય પામો અને જે કલિકાળસર્વજ્ઞ તરીકે પ્રસિદ્ધ થયા, તે શ્રી હેમચંદ્રાચાર્ય પણ જયવંતા વર્તો. ૩

[૧]સિરિવિજયનેમિસૂરી, [૨]જુગપ્પહાણો [૮]મહં [૬]પસીએજ્જા ।
[૩]જસ્સ [૪]સુહા [૫]દિટ્ઠીએ, [૭]અસજ્ઝકજ્જાણિ [૮]સિજ્ઝન્તિ ॥ ૪ ॥

સા.–યસ્ય શુભયા દૃષ્ટયા, અસાધ્યકાર્યાણિ સિધ્યન્તિ,
યુગપ્રધાનઃ શ્રીવિજયનેમિસૂરિર્મહ્યં પ્રસીદેત્ ॥

જેમની પાવન નજર માત્રથી-કૃપાદૃષ્ટિથી અસાધ્ય એવા પણ કાર્યો સિદ્ધ થાય છે, તે યુગપ્રધાન શ્રી વિજયનેમિસૂરિજી મહારાજ મારા ઉપર પ્રસન્ન થાઓ. ૪

[૧]વિન્નાણસૂરિં [૨]સગુરું ચ [૩]નચ્ચા, [૪]સુઅં [૫]ચ [૬]સવ્વણ્ણુપણીઅત્તત્તં ।
[૭]પાઈયવિન્નાણસુપાઢમાલં, [૯]રએમિ [૮]હં [૮]સીસસુહંકરટ્ઠં ॥ ૫ ॥

સા.–સ્વગુરું ચ વિજ્ઞાનસૂરિં, સર્વજ્ઞપ્રણીતતત્ત્વં શ્રુતં ચ નત્વા,
અહં શિષ્યશુભઙ્કરાર્થં પ્રાકૃતવિજ્ઞાનસુપાઠમાલાં રચયામિ ॥

તેમજ પોતાના ગુરુદેવ શ્રી વિજયવિજ્ઞાનસૂરિજી મહારાજને અને શ્રી કેવળીભગવંતે પ્રરૂપેલ તત્ત્વવાળાં શ્રુતજ્ઞાનને નમસ્કાર કરીને, હું/કર્તા શ્રી વિજયકસ્તૂરસૂરિજી પોતાના શિષ્ય મુનિશ્રી શુભંકરવિજયજી (હાલ-આચાર્યમ.) મ. ને માટે અથવા શિષ્યોના કલ્યાણને માટે, પ્રાકૃતભાષાના વિશિષ્ટ જ્ઞાનને માટે પાઠોની હારમાળાની અર્થાત્ "પ્રાકૃતવિજ્ઞાનપાઠમાળા"ની રચના કરું છું. ૫

વર્ણવિજ્ઞાન

*સ્વર

હ્રસ્વ-અ, ઇ, ઉ,

દીર્ઘ-આ, ઈ, ઊ, એ, ઓ, ં અનુસ્વાર.

÷ વ્યંજન

							સ્થાન
ક વર્ગ	ક્	ખ્	ગ્	ઘ્	ઙ્		કંઠ્ય

---

* ૧ પ્રાકૃતમાં 'ऋ' સ્વરનો વિકાર 'अ' થાય, તેમજ કોઈ સ્થાને 'इ-उ' અને 'रि' પણ થાય છે. જેમકે-घयं (घृतम्), मओ (मृगः) किवा (कृपा), पुट्ठो (स्पृष्टः), रिद्धी (ऋद्धिः).

૨ 'ऌ' સ્વરનો વિકાર 'इलि' થાય છે. किलिन्नं (क्लृन्नम्), किलितं (क्लृप्तम्)

૩ 'ऐं' અને 'औं' નો વિકાર અનુક્રમે 'एं' 'ओं' થાય છે, તેમજ કોઈ સ્થાને 'अइ' અને 'अउ' પણ થાય છે. सेन्नं-सइन्नं (सैन्यम्), तेलुक्कं (त्रैलोक्यम्), कोमुईपउरो (कौमुदीपौरः), कैयवं ऐ कौरवा (कैतवम्-अयि-कौरवाः) એવા કેટલાક શબ્દોમાં ऐ-औ નો પ્રયોગ પણ આવે છે.

૪ વિસર્ગનો પ્રયોગ થતો નથી પણ 'अं' ની પછી વિસર્ગ હોય તો अ સહિત વિસર્ગનો ओ થાય છે. सव्वओ (सर्वतः), पुरओ (पुरतः), जओ (यतः)

÷ ૧ 'ङ्-ञ्' આ બે વ્યંજનો સ્વતન્ત્ર પ્રાકૃતમાં આવતા નથી. પણ

च	वर्ग	च्	छ्	ज्	झ्	ञ्	तालव्य
ट	„	ट्	ठ्	ड्	ढ्	ण्	मूर्धन्य
त	„	त्	थ्	द्	ध्	न्	दंत्य
प	„	प्	फ्	ब्	भ्	म्	ओष्ठ्य
					य्		तालव्य
					र्		मूर्धन्य
	अर्धस्वर				ल्		दंत्य
					व्		दंतोष्ठ्य
					स		दंत्य
					ह		कंठ्य

स्ववर्गनी साथे संयुक्त आवे छे. सङ्खो (शङ्खः), लञ्छणं (लाञ्छनम्).

२. 'श' अने 'ष'नो स थाय छे. विसेसो (विशेषः), सद्दो (शब्दः).

३. स्वर रहित केवळ व्यंजननो प्रयोग थतो नथी. राय (राजन्), सरिया (सरित्), तमो (तमस्).

४. प्राकृतमां विजातीय संयुक्त व्यंजनो आवता नथी. पण नियमानुसार बेमांथी एकनो लोप थई स्वजातीय संयुक्त व्यंजन थाय छे. पक्क (पक्व), अच्चण (अर्चन), इट्ठ (इष्ट), अण्णव (अर्णव), सुत्त (सूत्र–सुप्त), सप्प (सर्प), कव्व (काव्य) वगेरे.

अपवाद - म्ह–ण्ह–ल्ह–ह्म–द्र आ संयुक्त व्यंजननो प्रयोग प्राकृतमां देखाय छे. गिम्ह (ग्रीष्म), पण्ह (प्रश्न), पल्हाओ (प्रह्लादः) गुय्ह (गुह्य), चंद–चंद्र (चन्द) वगेरे.

પ્રાકૃતમાં સંયુકત વ્યંજનના ફેરફારો નીચે પ્રમાણે થાય છે.

क्त=क्क–मुक्त=मुक्क
क्य=क्क–वाक्य=वक्क
क्र=क्क–चक्र=चक्क
क्ल=क्क–विक्लव=विक्कव
क्व=क्क–पक्व=पक्क
त्क=क्क–उत्कण्ठा=उक्कंठा
र्क=क्क–अर्क=अक्क
ल्क=क्क–उल्का=उक्का
ख=क्ख–दुःख=दुक्ख
क्ष=क्ख–लक्षण=लक्खण
ख्य=क्ख–व्याख्यान=वक्खाण
क्ष्य=क्ख–लक्ष्य=लक्ख
त्क्ष=क्ख–उत्क्षिप्त=उक्खित्त
त्ख=क्ख–उत्खात=उक्खाय
ष्क=क्ख–निष्क्रमण=निक्खमण
स्क=क्ख–प्रस्कन्दन=पक्खंदण
स्ख=क्ख–प्रस्खलित=पक्खलिअ
ग्न=ग्ग–नग्न=नग्ग
ग्म=ग्ग=युग्म=जुग्ग
ग्य=ग्ग–योग्य=जोग्ग
ग्र=ग्ग–अग्र=अग्ग
ड्ग=ग्ग–खड्ग=खग्ग
द्ग=ग्ग–मुद्ग=मुग्ग
र्ग=ग्ग–वर्ग=वग्ग
ल्ग=ग्ग–वल्ग=वग्ग
घ्न=ग्घ–विघ्न=विग्घ
घ्र=ग्घ–व्याघ्र=वग्घ
द्घ=ग्घ–उद्घाटित–उग्घाडिअ
र्घ=ग्घ–अर्घ=अग्घ
च्य=च्च–अच्युत=अच्चुअ
त्य=च्च–सत्य=सच्च
त्व=च्च–ज्ञात्वा=णच्चा
थ्य=च्च–तथ्य=तच्च
र्च=च्च–अर्चना=अच्चणा
क्ष=च्छ–दक्ष=दच्छ
क्ष्म=च्छ–लक्ष्मी=लच्छी
च्छ=च्छ–कृच्छ्र=किच्छ
त्स=च्छ–वत्स=वच्छ
त्स्य=च्छ–मत्स्य=मच्छ
थ्य=च्छ–मिथ्या=मिच्छा
प्स=च्छ–लिप्सा=लिच्छा
र्च्छ=च्छ–मूर्च्छा=मुच्छा
श्च=च्छ–पश्चात्=पच्छा
स्त=च्छ–विस्तीर्ण=विच्छिन्न
ज्य=ज्ज–भाज्य=भज्ज
इज्या=इज्जा
ज्र=ज्ज–व्रज=वज्ज
ज्व=ज्ज–प्रज्वलन=पज्जलण

ज्ञ=ज्ज–सर्वज्ञ=सव्वज्ज
द्य=ज्ज–अद्य=अज्ज
ब्ज=ज्ज–अब्ज=अज्ज
य्य=ज्ज–शय्या=सेज्जा
र्य=ज्ज–आर्या–अज्जा
र्ज=ज्ज–वर्जन=वज्जण
र्य्य=ज्ज–वर्य्य=वज्ज
ध्य=ज्झ–मध्य=मज्झ
ध्व=ज्झ–बुद्धवा=बुज्झा
ह्य=ज्झ–बाह्य=बज्झ
त्त=ट्ट–पत्तन=पट्टण
र्त्त=ट्ट–नर्तकी=नट्टई
ष्ट=ट्ठ–कष्ट=कट्ठ
ष्ठ=ट्ठ–निष्ठुर=निट्ठुर
र्थ=ट्ठ–अर्थ=अट्ठ
र्त=ड्ड–गर्ता–गड्ढा
र्द=ड्ड–विच्छर्द=विच्छड्ड
द्ध्य=ड्ढ–आद्ध्य=अड्ढ
द्ध–ड्ढ–ऋद्धि=रिड्ढि
र्ध=ड्ढ–वर्धमान=वड्ढमाण
ज्ञ=ण्ण–प्राज्ञ=पण्ण
ण्य=ण्ण–पुण्य=पुण्ण
ण्व=ण्ण–कण्व=कण्ण
न्य=ण्ण–अन्य=अण्ण
न्व=ण्ण–अन्वर्थ=अण्णत्थ
म्न=ण्ण–प्रद्युम्न=पज्जुण
र्ण=ण्ण–वर्ण=वण्ण

क्ष्ण=ण्ह–तीक्ष्ण=तिण्ह
श्न=ण्ह–प्रश्न=पण्ह
ष्ण=ण्ह–उष्ण=उण्ह
स्न=ण्ह–स्नाति=ण्हाइ
ह्ण=ण्ह–पूर्वाह्ण=पुव्वण्ह
ह्न=ण्ह–मध्याह्न=मज्झण्ह
क्त=त्त–मुक्त=मुत्त
त्न=त्त–यत्न=जत्त
त्म=त्त–आत्मा=अत्ता
त्र=त्त–पात्र=पत्त
त्व=त्त–सत्त्व=सत्त
प्त=त्त–प्राप्त=पत्त
र्त=त्त–वार्ता=वत्ता
क्थ=त्थ–सिक्थ=सित्थ
त्र=त्थ–यत्र=जत्थ
र्थ=त्थ–अर्थ=अत्थ
स्त=त्थ–हस्त=हत्थ
स्थ=त्थ–प्रस्थ=पत्थ
द=द्द–रुद्र=रुद्द
द्व=द्द–प्रद्वेष=पद्देस
ब्द=द्द–अब्द=अद्द
र्द=द्द–मर्दन=मद्दण
ग्ध=द्ध–दग्ध=दद्ध
ध्व=द्ध–अध्वन्=अद्ध
ब्ध=द्ध–अब्धि=अद्धि
र्ध=द्ध–वर्धमान=वद्धमाण
क्म=प्प–रुक्मिणी=रुप्पिणी

त्प=प्प–उत्पल=उप्पल
त्म=प्प–आत्मन्=अप्प
प्य=प्प–प्राप्य=पप्प
प्र=प्प–वप्र=वप्प
प्ल=प्प–विप्लव=विप्पव
र्प=प्प–अर्पण=अप्पण
ल्प=प्प–अल्प=अप्प
त्फ=प्फ–उत्फुल्ल=उप्फुल्ल
ष्प=प्फ–पुष्प=पुप्फ
ष्फ=प्फ–निष्फल=निप्फल
स्प=प्फ–प्रस्पन्दन=पप्फंदण
स्फ=प्फ–प्रस्फोटित=पप्फोडिअ
द्ब=ब्ब–उद्बद्ध=उब्बद्ध
र्ब=ब्ब–निर्बल=निब्बल
„ „ अर्बुद=अब्बुअ
ब्र=ब्ब–अब्रह्म=अब्बंभ
भ्र=ब्भ–प्राग्भार=पब्भार
द्भ=ब्भ–सद्भाव=सब्भाव
भ्य=ब्भ–अभ्यास=अब्भास
भ्र=ब्भ–अभ्र=अब्भ
र्भ=ब्भ–गर्भ=गब्भ
ह्व=ब्भ–जिह्वा=जिब्भा
न्म=म्म–जन्मन्=जम्म
म्य=म्म–वाम्य=वम्म
र्म=म्म–कर्मन्=कम्म
ल्म=म्म–गुल्म=गुम्म
द्म=म्म–पद्म=पोम्म
क्ष्म=म्ह–पक्ष्मन्=पम्ह
ष्म=म्ह–ग्रीष्म=गिम्ह
स्म=म्ह–विस्मय=विम्हय
ह्म=म्ह–ब्राह्मण=बम्हण
ह्य=य्ह–गुह्य=गुय्ह
र्य=ल्ल–पर्यस्त=पल्लत्थ
र्ल=ल्ल–निर्लज्ज=निल्लज्ज
ल्य=ल्ल–कल्याण=कल्लाण
ल्व=ल्ल–पल्वल=पल्लल
ह्ल=ल्ह–प्रह्लाद=पल्हाय
द्व=व्व–उद्वर्तन=उव्वट्टण
र्व=व्व–उर्वी=उव्वी
व्य=व्व–काव्य=कव्व
व्र=व्व–प्रव्रज्या=पव्वज्जा
र्ष=स्स–ईर्षा=इस्सा
श्म=स्स–रश्मि=रस्सि
श्य=स्स–पश्यति=पस्सइ
„ „ लेश्या=लेस्सा
श्र=स्स–विश्राम=विस्साम
श्व=स्स–ईश्वर=इस्सर
ष्य=स्स–शुष्यति=सुस्सइ
ष्व=स्स–इष्वास=इस्सास
स्य=स्स–कस्य=कस्स
स्र=स्स–सहस्र=सहस्स
स्व=स्स–तेजस्विन्=तेअस्सि

શબ્દની અંદર સ્વરની પછી અસંયુક્ત વ્યંજનોના સામાન્ય ફેરફારો પ્રાયઃ નીચે પ્રમાણે થાય છે.

સં	પ્રા.	સં	પ્રા.
क=*लुक्–लोक=लोअ		न=ण–धन=धण	
क=ग–लोक=लोग		આદિમાં न નો ण વિકલ્પે થાય છે.	
क=य–कनक=कणय		नर= नर	
ख=ह–मुख=मुह		णर	
ग=लुक्–योग=जोअ		प=लुक्–रिपु=रिउ	
ग=य–नगर=नयर		प=व–पाप=पाव	
घ=ह–मेघ=मेह		फ=भ–सफल=सभल	
च=लुक्–शची=सई		फ=ह–सफल=सहल	
च=य–वचन=वयण		ब=व–सबल=सवल	
ज=लुक्–राजीव=राईव		भ=ह–सभा=सहा	
ज=य रजत=रयय		य=लुक् वियोग=विओग	
ट=ड–नट=नड		આદિમાં य નો ज થાય.	
ठ=ढ–मठ=मढ		य=ज–यम=जम	
ड=ल–क्रीडति=कीलइ		याति=जाइ	
त=लुक्–पति=पइ		કોઈ ઠેકાણે र નો ल થાય.	
त=य–पात=पाय		र=ल–दरिद्र=दलिद्द	
थ=ह–कथा=कहा		व=लुक्–कवि=कइ	
द=लुक्–विदेश=विएस		व=य–लावण्य=लायण्ण	
द=य–गदा=गया		श, ष = स–शेष=सेस	
ध=ह–साधु=साहु		– शब्द=सद्द	

*આ શબ્દનો અર્થ લોપ થાય છે.

સૂચના

૧ આ '**પ્રાકૃત વિજ્ઞાન પાઠમાલા**' માં આપેલા ધાતુઓનાં તથા શબ્દોનાં રૂપાખ્યાનો તથા તેના નિયમો કલિકાલસર્વજ્ઞ ભગવાન્ **શ્રી હેમચન્દ્રાચાર્ય** વિરચિત પ્રાકૃત (સિદ્ધહેમ વ્યાકરણના અષ્ટમ અધ્યાયરૂપ) વ્યાકરણના અનુસારે જાણવાં. તેથી દરેક નિયમોની સાથે તેના પાદ તથા સૂત્રોના નંબરો ( ) આ પ્રમાણેના કૌંસમાં આપેલ છે.

૨ સંસ્કૃતમાં જેમ દશ ગણો અને તેમાં પરસ્મૈપદી-આત્મનેપદી અને ઉભય-પદી ધાતુઓ તથા તેના જુદા જુદા પ્રત્યયો આવે છે, તેમ પ્રાકૃતમાં નથી.

૩ પ્રાકૃતમાં **૧ વર્તમાનકાળ,** ૨ **ભૂતકાળ,** (હ્યસ્તન-પરોક્ષ-અદ્યતન ભૂતકાળના સ્થાને) **૩ આજ્ઞાર્થ-વિધ્યર્થ** અને **૪ ભવિષ્યકાળ** (શ્વસ્તન ભવિષ્ય અને સામાન્ય ભવિષ્યના સ્થાને) તેમજ **૫ ક્રિયાતિપત્ત્યર્થ** એટલાં કાળો વપરાય છે.

૪ પ્રાકૃતમાં દ્વિવચનને બદલે બહુવચન વપરાય છે. જ્યારે તેનો પ્રયોગ કરવામાં આવે છે ત્યારે દ્વિત્વ અર્થ જણાવવાને માટે બહુવચનાંત નામની સાથે વિભક્ત્યંત-'દુ' (દ્વિ) શબ્દનો પ્રયોગ થાય છે, જેમ **दोण्णि पुरिसा गच्छन्ति**=બે પુરુષો જાય છે.

૫ પ્રાકૃતમાં ચતુર્થી વિભક્તિના સ્થાને છઠ્ઠી વિભક્તિ વપરાય છે, પણ તાદર્થ્ય (તેને માટે) માં સંસ્કૃતની જેમ ચતુર્થીનું એકવચન વપરાય છે. જેમ -**आहाराय नयरं अडइ** (આહારાય નગરમટતિ)

૬ આર્ષ-પ્રાકૃતનો પણ અભ્યાસ થઈ શકે તેને માટે પ્રસંગે પ્રસંગે આર્ષ પ્રત્યયો અને રૂપો પણ મૂકેલાં છે.

૭ સંસ્કૃતનાં અભ્યાસીઓને સંસ્કૃત દ્વારા પ્રાકૃતનું જ્ઞાન થઈ શકે તેટલા માટે વર્ણ વિકારના મુખ્ય નિયમો ટિપ્પણમાં લીધેલા છે.

૮ કૃદન્તોનો પાઠ અલગ કરવામાં આવ્યો છે, અને તેમાં આર્ષકૃદન્તો પણ સાથે સૂચવેલાં છે.

૯ પ્રેરકભેદનાં રૂપો વિસ્તારથી દેખાડવામાં આવ્યા છે.

૧૦ સમાસ, સર્વનામ તથા સંખ્યાવાચક શબ્દોના અલગ અલગ પાઠો કરવામાં આવેલા છે.

૧૧ પ્રાકૃતવાક્યો પણ વિદ્યાર્થીઓની અનુકૂળતા ધ્યાનમાં રાખી ઘણાખરાં પ્રાકૃત સાહિત્યમાંથી જ લીધેલાં છે.

૧૨ પ્રાકૃતભાષામાં ધાતુઓ અને શબ્દો ત્રણ વિભાગમાં વહેંચાયેલા છે.

૧ + **દેશ્ય**=મહારાષ્ટ્ર-વિદર્ભ-મગધ આદિ દેશોમાં વપરાતી ભાષા.

૨. **તદ્‌ભવ**=સંસ્કૃત ઉપરથી પ્રાકૃત નિયમાનુસારે સિદ્ધ થયેલ.

૩. **તત્સમ**=સંસ્કૃત સમાન જ હોય તે.

દેશ્યધાતુ=ફુમ=ફૂંકવું **અવયાસ**=ભેટવું, આલિંગન કરવું.

ફુમ્ફુલ્લ=ઉપાડવું. **પિપ્પડ**=બકવું, બબડવું.

વગેરે ધાતુઓ તેમજ આદેશ ધાતુઓ.

દેશ્યશબ્દ–અત્થગ્ધ મધ્યવર્તી, વચમાં રહેલ. **ચવલ**=ચોખા, ચાવલ.

ખડર=કલુષિત.

થહ=આશ્રય, સ્થાન. **આહિત્થ**=ગયેલું.

લલ્લક્ક=ભયંકર. **વિડ્ડિર**=આડમ્બર. વગેરે શબ્દો.

તદ્‌ભવધાતુ=કહ્ (कथ्), **પડ્** (पत्), **ભમ્** (भ्रम्), **બાહ્** (बाध्), **હણ્** (हन्), **અપ્પ્** (अर्प्) **અચ્ચ્** (अर्च्) વગેરે.

તદ્‌ભવશબ્દ=મયણ (मदन), **ઓસઢ** (औषध), **ભત્ત** (भक्त); **વિણ્હુ** (विष्णु), **પહુ** (प्रभु)

તત્સમધાતુ=ભણ્–ચલ્–વંદ્–વસ્–હસ્–લજ્જ્–રમ્ ઈત્યાદિ.

તત્સમશબ્દ=સિદ્ધ–કમલ–બુદ્ધિ–માલા–વિમલ–વીર વગેરે.

+કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરિજીએ દેશીનામમાલામાં દેશ્ય શબ્દોનો સંગ્રહ કરેલો છે.

પાઠ ૧ લો

વર્તમાન કાળ.

પહેલા પુરુષના એકવચન અને બહુવચનના પ્રત્યયો.

એકવચન.(૩/૧૪૧–૧૪૪)	બહુવચન.
મિ (મિ, એ)[1]	મો, મુ, મ, (મસ્–મહે)

૧ વ્યંજનાન્ત ધાતુઓને પુરુષબોધક પ્રત્યયોની પૂર્વે 'અ' પ્રત્યય લગાડવામાં આવે છે. (૪/૨૩૯) બોલ્લ્–અ–મિ =

૨ પહેલા પુરુષના મિ પ્રત્યયની પૂર્વે 'અ' નો 'આ' વિકલ્પે થાય છે. (૩/૧૪૪) **બોલ્લામિ, બોલ્લમિ.**

૩ મો, મુ, મ, પ્રત્યયોની પૂર્વે 'અ' નો 'આ' તથા 'ઇ' વિકલ્પે થાય છે. (૩/૧૫૫)

બોલ્લામો, બોલ્લિમો, બોલ્લમો

૪ વર્તમાન કાળના આગળ કહેવાના બીજા અને ત્રીજા પુરુષના 'સે–એ' પ્રત્યય સિવાય સર્વ પુરુષ બોધક પ્રત્યયો લગાડતાં પૂર્વના અ નો 'એ' થાય છે. (૩/૧૫૮)

---

૧. એકવચનમાં 'મ્હિ' અને બહુવચનમાં 'મ્હ' પ્રત્યય કોઈ સ્થાને પ્રાકૃત સાહિત્યમાં વપરાયેલા દેખાય છે.

જેમ - ભગવઇ ! મહાપસાઓ ! તા એહિ ગચ્છમ્હ (સમરાઇચ્ચ ૮-મો ભવ)

આર્ષ પ્રાકૃતમાં 'વન્દ્' ધાતુનું ૫૦ પુ૦ એકવચનમાં **વંદે** એવું રૂપ સંસ્કૃત પેઠે સિદ્ધ થાય છે

જેમ-**उसभमजिअं च वंदे** = ઋષભદેવ અને અજિતનાથને હું વંદન કરું છું. **भत्तीइ वंदे सिरिवद्धमाणं**–શ્રી વર્ધમાનસ્વામિને ભક્તિ વડે વાંદુ છું.

बोल्लेमि,	बोल्लेमो,	बोल्लेमु,	बोल्लेम
અથવા	बोल्लामि,	बोल्लामु	ઈત્યાદિ.

પહેલાં પુરુષનાં રૂપો.

એકવ૦	બહુવ૦
भणामि,	भणिमो, भणिमु, भणिम,
भणमि,	भणामो, भणामु, भणाम,
भणेमि,	भणमो, भणमु, भणम,
	भणेमो, भणेमु, भणेम.

પ્રાકૃત વાકયોનું સંસ્કૃત-ગુજરાતી

कहामि	कथयामि	હું કહું છું.
हसामु	हसामः	અમે હસીએ છીએ.
गच्छेमि	गच्छामि	હું જાઉં છું.
वसामो	वसामः	અમે રહીએ છીએ.
चलेम	चलामः	અમે ચાલીએ છીએ.
रोवामि	रोदिमि	હું રડું છું.
पीलेमि	पीडयामि	હું પીડા કરું છું.
जाणमो	जानीमः	અમે જાણીએ છીએ.
जेमामि	भुञ्जे	હું જમું છું.
देक्खेमो	पश्यामः	અમે જોઈએ છીએ.
भणमु	भणामः	અમે ભણીએ છીએ.
नमामि	नमामि	હું નમન કરું છું.
भणामि	भणामि	હું ભણું છું.
वसेम	वसामः	અમે વસીએ છીએ.
मुणेमु	जानीमः	અમે જાણીએ છીએ.

भुंजामो	भुञ्ज्महे	અમે જમીએ છીએ.
नवामु	नमामः	અમે નમન કરીએ છીએ.
पडेमो	पतामः	અમે પડીએ છીએ.
रोवेमु	रुदिमः	અમે રડીએ છીએ.
बोहामि	बोधामि	હું બોધ પામું છું.
नमेमि	नमामि	હું નમસ્કાર કરું છું.
बोल्लेमि	कथयामि	હું બોલું છું.
बीहेमि	बिभेमि	હું ભય પામું છું.
पुच्छामि	पृच्छामि	હું પૂછું છું.
पीडेमु	पीडयामः	અમે પીડીએ છીએ.
बोल्लिमु	कथयामः	અમે કહીએ છીએ.
पिवामो	पिबामः	અમે પાન કરીએ છીએ.
रुविमो	रुदिमः	અમે રુદન કરીએ છીએ.

ગુજરાતી વાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

હું પૂછું છું.	पुच्छामि ।	पृच्छामि ।
હું પીડું છું.	पीलेमि ।	पीडयामि ।
અમે ભય પામીએ છીએ.	बीहेमो ।	बिभीमः ।
હું પીવું છું.	पिज्जमि ।	पिबामि ।
અમે બોધ પામીએ છીએ.	बोहामु ।	बोधामः ।
હું પડું છું.	पडमि ।	पतामि ।
હું ભણું છું.	भणेमि ।	भणामि ।
અમે નમીએ છીએ.	नविमो ।	नमामः ।
હું ભમું છું.	भमामि ।	भ्राम्यामि ।

હું દેખું છું.	देक्खमि ।	पश्यामि ।
અમે જમીએ છીએ.	जेमिमो ।	भुञ्ज्महे ।
હું જાણું છું.	जाणेमि ।	जानामि ।
અમે રુદન કરીએ છીએ.	रोविमो ।	रुदिमः ।
હું રહું છું.	वसामि ।	वसामि ।
અમે ચાલીએ છીએ.	चालिमो ।	चलामः ।
અમે જઈએ છીએ.	गच्छिमो ।	गच्छामः ।
હું હસું છું.	हसमि ।	हसामि ।
અમે કહીએ છીએ.	कहामु ।	कथयामः ।
અમે બોલીએ છીએ.	बोल्लिमो ।	ब्रूमः ।
અમે રહીએ છીએ.	वसाम ।	वसामः ।

પાઠ ૨ જો.

બીજા પુરુષના એકવચન અને બહુવચનના પ્રત્યયો

(૩/૧૪૦–૧૪૩)

એકવચન	બહુવચન
सि, से (सि–से)	ह, इत्था (थ–ध्वे)

૧ 'से' પ્રત્યય જે ધાતુને છેડે 'अ' હોય તેને જ લગાડવામાં આવે છે. (૩/૧૪૫)

જેમ **भण्** + **अ=भण+सि=भणसि, भणसे**

अકારાંત સિવાયના ધાતુઓમાં 'से' પ્રત્યય લાગતો નથી. જેમ **ठासि; होसि** ।

૨ સ્વર પર છતા પૂર્વના સ્વરનો પ્રાય: લોપ થાય છે. (૧/૧૦)

भण् + अ =इत्था=भणित्था.

जिण+ इंदो=जिणिंदो ।

બીજા પુરુષનાં રૂપો

એકવચન	બહુવચન
भणसि, भणसे,	भणह, भणित्था,
भणेसि,	भणेह, [२]भणेइत्था,
	भणइत्था, भणेत्था.

પ્રાકૃત વાક્યોનું સંસ્કૃત-ગુજરાતી

પ્રાકૃત	સંસ્કૃત	ગુજરાતી
इच्छित्था ।	इच्छथ ।	તમે ઈચ્છો છો
करेसि ।	करोषि ।	તું કરે છે.
चिंतसे ।	चिन्तयसि ।	તું વિચારે છે.
पासेइत्था ।	पश्यथ ।	તમે જુઓ છો.

---

૨ એક જ પદમાં બે સ્વરો સાથે આવે તો સંધિ થતી નથી. જેમ હસઇ, હસઇત્થા, દેવાઓ આ નિયમ કોઈ ઠેકાણે લાગુ પડતો નથી, અર્થાત્ એક પદમાં પણ સંધિ થાય છે. (૧/૫)

જેમ-होहिइ=होही, बिइओ=बीओ.

પ્રાકૃતમાં જ્યાં સંધિ થાય છે ત્યાં સંસ્કૃતના નિયમ પ્રમાણે સંધિ કરવી એટલે સજાતીય સ્વર સાથે આવે તો બંને સ્વરો મળી જઈ દીર્ઘ સ્વર થાય છે. જેમ-

અ કે આ પછી અ–આ=આ, ઇ કે ઈ પછી ઇ–ઈ=ઈ, ઉ–ઊ પછી ઉ–ઊ=ઊ, विसम + आयवो=विसमायवो, (विषमातपः) मुणि + ईसरो= मुणीसरो (मुनीश्वरः), साऊ + उअयं = साऊअयं, (स्वादूदकम्)

તેમજ અ કે આ પછી હ્રસ્વ કે દીર્ઘ ઇ કે ઉ આવે તો બે સ્વરોને બદલે પછીના સ્વરનો ગુણ મૂકાય છે. અ કે આ પછી ઇ–ઈ=એ, અ કે આ પછી ઉ–ઊ=ઓ, हस+इत्था=हसेत्था, तित्थ+ईसरो=तित्थेसरो (तीर्थेश्वरः), गूढ+उअरं=गूढोअरं (गूढोदरम्)

[3]मुज्झह ।	मुह्यथ ।	તમે મોહ પામો છો.
गच्छेसि ।	गच्छसि ।	તું જાય છે.
मुणह ।	जानीथ ।	તમે જાણો છો.
देक्खेइत्था ।	पश्यथ ।	તમે જુઓ છો.
पडेह ।	पतथ ।	તમે પડો છો.
सीससे ।	कथयसि, शिनक्षि ।	તું કહે છે, તું ભેદ પાડે છે.
रमेह ।	रमध्वे ।	તમે રમો છો.
वंदेइत्था ।	वन्दध्वे ।	તમે વંદન કરો છો.
[4]रूसेसि ।	रुष्यसि ।	તું રોષ કરે છે.
दूसेह ।	दुष्यथ ।	તમે દોષિત કરો છો.
सीसित्था ।	शिंष्ठ ।	તમે ભેદ પાડો છો.
	कथयथ ।	તમે કહો છો.

---

૩ શબ્દની અંદર 'ध्य' અને 'ह्म' લોપ તો 'ज्झ' થાય છે. અને પ્રારંભમાં લોપ તો 'झ' થાય છે. (૨/૨૬)

बुज्झइ (बुध्यति)	सज्झाओ (स्वाध्यायः)	मुज्झइ (मुह्यति)
सिज्झइ (सिध्यति)	संझा (सन्ध्या)	नज्झइ (नह्यति)
जुज्झइ (युध्यते)	झाणं (ध्यानम्)	गुज्झं (गुह्यम्)
विज्झइ (विध्यति)	झायइ (ध्यायति)	सज्झं (सह्यम्)

વિશેષ- ह्म નો 'ण्ह' પણ વિકલ્પે થાય છે. गुण्हं (गुह्यम्) सण्हं (सह्यम्)

૪ **रुष्** વગેરે ધાતુઓનો સ્વર પ્રાકૃતમાં દીર્ઘ થાય છે. (૪/૨૩૬) તેમજ **रुष्य–तुष्य** આદિ સંસ્કૃત અંગને પ્રાકૃત નિયમાનુસાર 'यं' નો લોપ થવાથી रुस्स्–तुस्स्–दुस्स्–पुस्स्–सिस्स्–सुस्स् આદિ ધાતુઓ પણ સિદ્ધ થાય છે. જેમ सुस्सइ, तुस्सइ વગેરે.

दूसेसि ।	दुष्यसि ।	તું દોષિત કરે છે.
रूसेइत्था ।	रुष्यथ ।	તમે રોષ કરો છો.
वंदसे ।	वन्दसे ।	તું વંદન કરે છે.
रमित्था ।	रमध्वे ।	તમે રમો છો.
मुज्झंसे ।	मुह्यसि ।	તું મોહ પામે છે.
कहित्था ।	कथयथ ।	તમે કહો છો.
चलसे ।	चलसि ।	તું ચાલે છે.
जेमेह ।	भुङ्ध्वे ।	તમે જમો છો.
नमह ।	नमत ।	તમે નમન કરો છો.
पिज्जसि ।	पिबसि ।	તું પાન કરે છે.
पासह ।	पश्यथ ।	તમે જુઓ છો.
करित्था ।	कुरुध्वे ।	તમે કરો છો.
पासित्था ।	पश्यथ ।	તમે જુઓ છો.
नमेइत्था ।	नमथ ।	તમે નમન કરો છો.
वंदह ।	वन्दध्वे ।	તમે વંદન કરો છો.
पुच्छेइत्था ।	पृच्छथ ।	તમે પૂછો છો.
बोल्लह ।	कथयथ ।	તમે કહો છો.
भणेह ।	भणथ ।	તમે બોલો છો.
रोवसे ।	रोदिसि ।	તું રડે છે.
हसित्था ।	हसथ ।	તમે હસો છો.
भणित्था ।	भणथ ।	તમે ભણો છો.
मुज्झेह ।	मुह्यथ ।	તમે મોહ પામો છો.
करसे ।	करोषि ।	તું કરે છે.
देक्खह ।	पश्यथ ।	તમે જુઓ છો.
दूसित्था ।	दुष्यथ ।	તમે દોષિત કરો છ

ગુજરાતીનું પ્રાકૃત-સંસ્કૃત

તું કંપે છે.	कंपसे ।	कम्पसे ।
તું કહે છે.	सीसेसि ।	कथयसि ।
તું ચાલે છે.	चलसि ।	चलसि ।
તમે ચાલો છો.	चलेइत्था ।	चलथ ।
તમે નિંદો છો.	निंदेह ।	निन्दथ ।
તું જમે છે.	जेमसि ।	भुङ्क्षे ।
તું નમન કરે છે.	नवसि ।	नमसि ।
તું મુંઝાય છે.	मुज्झसि ।	मुह्यसि ।
તમે પીઓ છો.	पिज्जेइत्था ।	पिबथ ।
તું રમે છે.	रमेसि ।	रमसे ।
તું પૂછે છે.	पुच्छेसि ।	पृच्छसि ।
તું બોલે છે.	बोल्लसि ।	ब्रवीषि ।
તું વંદે છે.	वंदेसि ।	वन्दसे ।
તું ભણે છે.	भणसि ।	भणसि ।
તમો ક્રોધ કરો છો.	कुज्झह ।	क्रुध्यथ ।
તમો રુદન કરો છો.	रोवित्था ।	रुदिथ ।
તું નિંદે છે.	निंदसि ।	निन्दसे ।
તું હસે છે.	हससि ।	हससि ।
તમે પીડો છો.	पीलेइत्था ।	पीडयथ ।
તું બીવે છે.	बीहसि ।	बिभेषि ।
તમે ભણો છો.	भणेइत्था ।	भणथ ।
તું દેખે છે.	देक्खसे ।	पश्यसि ।
તું ભમે છે.	भमेसि ।	भ्राम्यसि ।

તમે રહો છો.	वसह ।	वसथ ।
તું ઈચ્છે છે.	इच्छेसि ।	इच्छसि ।
તમે કંપો છો.	कम्पइत्था ।	कम्पध्वे ।
તમે બોલો છો.	बोल्लह ।	ब्रूथ ।
તું પીડે છે.	पीलसि ।	पीडयसि ।
તમે હસો છો.	हसइत्था ।	हसथ ।
તું પડે છે.	पडसि ।	पतसि ।

પાઠ ૩ જો

ત્રીજા પુરુષના પ્રત્યયો (૩ /૧૩૯, ૧૪૨)

એકવચન	બહુવચન
इ, ए [5]ति–ते–(ति–ते)	[6]न्ति, न्ते, इरे, (अन्ति–अन्ते)

'ए' પ્રત્યય જે ધાતુને છેડે 'अ' હોય તેને જ લગાડવામાં આવે છે. જેમ-भण् + अ = भण + ए = भणए, भणइ, भणेइ. (૩/૧૪૫) अकारान्त સિવાયના ધાતુઓમાં 'ए' પ્રત્યય લાગતો નથી. જેમ ठाइ, होइ ।

---

૫ આ પ્રત્યયોના પ્રયોગો પ્રાચીન કથાઓ અને ચૂર્ણી આદિમાં ઘણે સ્થળે વપરાયેલા છે.

૬ પદની અંદર રહેલા ङ्–ञ्–ण्–न् અને म् નો વિકલ્પે પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર મૂકાય છે. અનુસ્વાર ન થાય ત્યારે પછીના વ્યંજનના વર્ગનો અનુનાસિક થાય છે. (૧/૨૫;૩૦). જેમ કે-हसंति–हसन्ति (हसन्ति), कंपइ–कम्पइ (कम्पते)

ત્રીજા પુરુષનાં રૂપો.

એક વચન	બહુ વચન
भणइ,	भणन्ति, भणन्ते, भणिरे,
भणेइ,	भणेन्ति, भणेन्ते, भणेइरे,
भणए.	[૭]भणिन्ति, भणिन्ते, भणइरे, भणेरे.

પ્રાકૃતનું સંસ્કૃત-ગુજરાતી

आदरेइ ।	आद्रियते । (आ+दृ દ્રઠ્ઠોગણ આ.)	તે આદર કરે છે.
जम्मंति ।	जायन्ते ।	તેઓ ઉત્પન્ન થાય છે.
निज्झरए ।	क्षायति ।	તે ક્ષય પામે છે.
[૮]बविरे ।	ब्रुवन्ति ।	તેઓ બોલે છે.
वड्ढिरे ।	वर्धन्ते ।	તેઓ વધે છે.
हक्कन्ते ।	निषेधन्ति (૧લો ગણ)। निषिध्यन्ति (૪થો ગણ)।	તેઓ નિષેધ કરે છે.
[૯]जिणेह ।	जयथ ।	તમે જીતો છો

---

૭ સંયુક્ત વ્યંજનની પૂર્વે દીર્ઘસ્વર હોય તો પ્રયોગાનુસાર પ્રાય: હ્રસ્વ થાય છે. (૧/૮૪) જેમ-भण्+ए=भणे+न्ति=भणिन्ति, એ પ્રમાણે भणिन्ते પણ જાણવું.

શબ્દની અંદર પણ સંયુક્ત વ્યંજનની પૂર્વનો સ્વર હ્રસ્વ થાય છે. જેમ-

अंबं (आम्रम्)	मुणिंदो (मुनीन्द्रः)	नीलुप्पलं (नीलोत्पलम्)
अस्सं (आस्यम्)	नरिंदो (नरेन्द्रः)	
तित्थं (तीर्थम्)	चुण्णो (चूर्णः)	पुज्जं (पूज्यम्)

૮. આર્ષમાં બ્રુવ નાં બેમિ, બેઇ, બિંતિ, બુમ વગેરે રૂપો થાય છે.

૯. 'चि' વગેરે ધાતુઓને પ્રાકૃતમાં પુરુષ બોધક પ્રત્યયોની પૂર્વે 'ण' ઉમેરાય છે. (૪/૨૪૧) જેમ-चिणइ (चिनोति). કોઈ ઠેકાણે આ ण વિકલ્પે આવે છે. જેમ-जयइ, जिणइ, (जयति).

धुणन्ते ।	धुन्वन्ति ।	તેઓ હલાવે છે
सरित्था ।	स्मरथ ।	તમે યાદ કરો છો.
लुणिरे ।	लुनन्ति ।	તેઓ કાપે છે.
हुणन्ति ।	जुह्वति ।	તેઓ હોમ કરે છે.
धुणेइ ।	धुनाति ।	તે હલાવે છે.
फरिसिरे ।	स्पृशन्ति ।	તેઓ સ્પર્શ કરે છે.
रवेइ ।	रौति ।	તે અવાજ કરે છે.
सुमरेन्ति ।	स्मरन्ति ।	તેઓ યાદ કરે છે.
चिणए ।	चिनोति ।	તે એકઠું કરે છે.
थुणेइरे ।	स्तुवन्ति ।	તેઓ સ્તુતિ કરે છે.
पुणेइ ।	पुनाति ।	તે પવિત્ર કરે છે.
सुणंति ।	शृण्वन्ति ।	તેઓ સાંભળે છે.
बुवेइ ।	ब्रवीति ।	તે બોલે છે.
कहेन्ति ।	कथयन्ति ।	તેઓ કહે છે.
जाणन्ते ।	जानन्ति ।	તેઓ જાણે છે.
देक्खेइरे ।	पश्यन्ति ।	તેઓ જુએ છે.
पीडेइ ।	पीडयति ।	તે પીડે છે.
बीहए ।	बिभेति ।	તે ભય પામે છે.
भणए ।	भणति ।	તે ભણે છે.
वसन्ते ।	वसन्ति ।	તેઓ રહે છે.
इच्छन्ति ।	इच्छन्ति ।	તેઓ ઈચ્છે છે.
करिरे ।	कुर्वन्ति ।	તેઓ કરે છે.
चिंतइ ।	चिन्तयति ।	તે વિચારે છે.
हवइ ।	भवति ।	તે થાય છે.

बुज्झए ।	बोधति ।	તે બોધ પામે છે.
रक्खेन्ति ।	रक्षन्ति ।	તેઓ રક્ષણ કરે છે.
लज्जन्ते ।	लज्जन्ते ।	તેઓ લજ્જા પામે છે.
हणए ।	हन्ति ।	તે મારે છે.
तूसेइ ।	तुष्यति ।	તે સંતોષ પામે છે.
रूसन्ते ।	रुष्यन्ति ।	તેઓ રોષ કરે છે.
थुणइ ।	स्तौति ।	તે સ્તુતિ કરે છે.
रोविमो ।	रुदिमः ।	અમે રડીએ છીએ.
जिणसे ।	जयसि ।	તું જીતે છે.
थुणित्था ।	स्तुवीथ ।	તમે સ્તુતિ કરો છો.
बवेमि ।	ब्रवीमि ।	હું બોલું છું.
धुणेमि ।	धुनोमि ।	હું હલાવું છું.
जिणेमि ।	जयामि ।	હું જીતું છું.

ગુજરાતીનું પ્રાકૃત-સંસ્કૃત

તે ખરીદે છે.	किणइ ।	क्रीणाति ।
તેઓ હલાવે છે.	धुणन्ति ।	धूनयन्ति ।
તે અડકે છે.	फासइ ।	स्पर्शति ।
તેઓ શબ્દ કરે છે.	रवन्ति ।	रुवन्ति ।
તે સ્મરણ કરે છે.	सुमरए ।	स्मरति ।
તેઓ એકઠું કરે છે.	चिणन्ते ।	चिन्वन्ति ।
તે સ્તુતિ કરે છે.	थुणेइ ।	स्तौति ।
તેઓ પવિત્ર કરે છે.	पुणेइरे ।	पुनन्ति ।
તે સાંભળે છે.	सुणइ ।	शृणोति ।
તેઓ આદર કરે છે.	आदरेइरे	आद्रियन्ते ।
તે ઉત્પન્ન થાય છે.	जम्मइ ।	जायते ।

તેઓ ક્ષય પામે છે.	निज्झरेइरे ।	क्षयन्ति ।
તે બોલે છે.	बोल्लइ ।	ब्रवीति ।
તે વધે છે.	वड्ढए ।	वर्धते ।
તે નિષેધ કરે છે.	हक्कइ ।	निषिध्यति ।
તેઓ જિતે છે.	जिणेइरे ।	जयन्ति ।
તે હલાવે છે.	धुणइ ।	धुवति ।
તે કંપે છે.	कम्पए ।	कम्पते ।
તે રમે છે.	रमइ ।	रमते ।
તે હોમ કરે છે.	हुणइ ।	जुहोति ।
તે જાય છે.	गच्छेइ ।	गच्छति ।
તે ખાય છે.	जेमइ ।	भुङ्क्ते ।
તે નમે છે.	नवइ ।	नमति ।
તેઓ પૂછે છે.	पुच्छेइरे ।	पृच्छन्ति ।
તેઓ ભણે છે.	भणेन्ति ।	भणन्ति ।
તેઓ વાંદે છે.	वन्देइरे ।	वन्दन्ते ।
તે રુવે છે.	रोवइ ।	रोदिति ।
તેઓ હસે છે.	हसिरे ।	हसन्ति ।
તેઓ કંપે છે.	कम्पेइरे ।	कम्पन्ते ।
તે ચરે છે.	चरेइ ।	चरति ।
તે નિંદે છે.	निंदए ।	निन्दति ।
તેઓ મુંઝાય છે.	मुज्झेइरे ।	मुह्यन्ति ।
તે પોષણ કરે છે.	पूसइ ।	पुष्यति ।

પાઠ ૪ થો

સર્વનામ

ઉપયોગી યુષ્મદાદિ સર્વનામનાં તૈયાર રૂપો.

(૩/૧૦૫, ૧૦૬, ૯૦, ૯૧, ૮૬, ૫૯)

એકવચન.	બહુવચન.
પ.પુ.-हं, अहं.(अहम्) હું.	अम्ह, अम्हे, अम्हो. (वयम्) અમે.
બી.પુ.-तुं, तं, तुमं.(त्वम्) તું.	तुम्भे, तुम्हे, तुज्झे. (यूयम्) તમે,
ત્રી.પુ.-स, सो. (सः) તે.	ते (ते) તેઓ.

દ્વિસંખ્યાવાચક શબ્દના ઉપયોગી તૈયાર રૂપો. (૩/૧૨૦)

પ્ર. દ્વિ .વિભ. } दुवे, दोण्णि, दुण्णि.
બહુ વ. } वेण्णि, विण्णि, दो, वे–બે (द्वि–द्वौ) બે.

[૧૦]अस् ધાતુનાં રૂપો.

એકવચન	બહુવચન
પ.પુ. म्हि, [૧૧]अत्थि.	म्हो, म्ह, अत्थि.
બી.પુ. सि, "	अत्थि.
ત્રી.પુ. अत्थि.	अत्थि.

---

૧૦. अस् ધાતુનાં સંસ્કૃત તૈયાર રૂપોને પ્રાકૃત નિયમાનુસાર ફેરફાર કરી નીચે પ્રમાણે પણ રૂપો થાય છે, (૩/૧૪૬, ૧૪૭, ૧૪૮) જેમ કે-

સં. પ્રા.	સં. પ્રા.
अस्मि–अम्हि.	अस्ति–अत्थि.
असि–असि.	सन्ति–संति ઈત્યાદિ રૂપો થાય છે.

૧૧. વર્તમાનકાળમાં अस् ધાતુનાં રૂપો સર્વવચન અને સર્વ પુરુષોમાં "अत्थि" એવું થાય છે. વિશેષ-सि પ્રત્યયની સાથે सि એવું રૂપ સિદ્ધ થાય છે, તથા मि, मो, म પ્રત્યયોની સાથે म्हि, म्हो, म्ह રૂપો થાય છે.

આર્ષ પ્રાકૃતમાં अस् ધાતુનાં રૂપો.

એકવચન	બહુવચન
પ.પુ. મિ, અંસિ.	મો.
બી.પુ. સિ.	હ.
ત્રી.પુ. અત્થિ.	સંતિ.

પ્રાકૃતનું સંસ્કૃત-ગુજરાતી

अहं वन्देमि ।	अहं वन्दे ।	હું વંદન કરું છું.
तुम्हे दोण्णि वट्टित्था ।	युवां द्वौ वर्तेथे ।	તમે બે વર્તો છો.
ते कुप्पेन्ति ।	ते कुप्यन्ति ।	તેઓ કોપ કરે છે.
सो पडए ।	स पतति ।	તે પડે છે
ते पिविरे ।	ते पिबन्ति ।	તેઓ પીવે છે.
तुम्हे कहेइत्था ।	यूयं कथयथ ।	તમે કહો છો.
ते नमिरे ।	ते नमन्ति ।	તેઓ નમે છે.
अम्हे वन्दिमो ।	वयं वन्दामहे ।	અમે વાંદીએ છીએ.
तुज्झे वन्देइत्था ।	यूयं वन्दध्वे ।	તમે વાંદો છો.
तं वंछसे ।	त्वं वाञ्छसि ।	તું ઈચ્છે છે.
सो इच्छइ ।	स इच्छति ।	તે ઈચ્છે છે.
अम्हे बीहेमु ।	वयं बिभीमः ।	અમે ભય પામીએ છીએ
ते चरेन्ति ।	ते चरन्ति ।	તેઓ ફરે છે.
*अम्हे अच्छामो ।	वयमास्महे ।	અમે બેસીએ છીએ.
तुम्हे दु रुवेह ।	युवां द्वौ रुदिथः ।	તમે બે રડો છો.
अम्हो फासामो ।	वयं स्पृशामः ।	અમે અડકીએ છીએ.
तुज्झे चुक्केइत्था ।	यूयं भ्रश्यथ ।	તમે ચૂકો છો.
ते दो फासेइरे ।	तौ द्वौ स्पृशतः ।	તેઓ બે અડકે છે.

* એ અને ઓ પછી કોઈ પણ સ્વર આવે તો સંધિ થતી નથી.(૧/૩) આલિક્ખમો એણ્હિં, નહુલ્લિહણે આબંધતીઇ.

हं चिट्ठेमि ।	अहं तिष्ठामि ।	હું ઉભો રહું છું.
अम्हे दुवे चयामो ।	आवां द्वौ त्यजावः ।	અમે બે તજીએ છીએ.
तुब्भे बीहेह ।	यूयं बिभीथ ।	તમે ભય પામો છો.
तुं भणेसि ।	त्वं भणसि ।	તું ભણે છે.
स अप्पेइ ।	सोऽर्पयति ।	તે ભેટ કરે છે.
अम्हो अत्थि ।	वयं स्मः ।	અમે છીએ
अम्हे थक्किमु ।	वयं तिष्ठामः ।	અમે ઉભા રહીએ છીએ.
स वट्टइ ।	स वर्तते ।	તે છે.
हं वोसिरामि ।	अहं व्युत्सृजामि ।	હું ત્યાગ કરું છું.
तं उज्झसे ।	त्वम् उज्झसि ।	તું છોડે છે.
ते दो किणेइरे ।	तौ द्वौ क्रिणीतः ।	તે બે ખરીદ કરે છે.
हं म्हि ।	अहम् अस्मि ।	હું છું.
ते दुण्णि रक्खंति ।	तौ द्वौ रक्षतः ।	તે બે રક્ષણ કરે છે.
तुम्हे वे अत्थि ।	युवां द्वौ स्थः ।	તમે બે છો.
तुं सलहेसि ।	त्वं श्लाघसे ।	તું પ્રશંસા કરે છે.
ते तूसंति ।	ते तुष्यन्ति ।	તેઓ સંતોષ પામે છે.
अम्हे चिट्ठेमु ।	वयं तिष्ठामः ।	અમે ઉભા રહીએ છીએ.
तुम्हे वंछेह ।	यूयं वाञ्छथ ।	તમે ઈચ્છો છો.
तुम्हे पूसेह ।	यूयं पुष्यथ ।	તમે પોષણ કરો છો.
ते साहिन्ति ।	ते कथयन्ति ।	તેઓ કહે છે.
	ते साध्नुवन्ति ।	તેઓ સાધે છે.

ગુજરાતીનું પ્રાકૃત-સંસ્કૃત

તમે વાંછા કરો છો.	तुब्भे वंछित्था ।	यूयं वाञ्छथ ।
અમે જોઈએ છીએ	अम्हे देक्खेमो ।	वयं पश्यामः ।
તે સહન કરે છે	स सहेइ ।	स सहते ।
તમે સાધો છો.	तुब्भे साहेइत्था ।	यूयं साध्नुथ ।

અમે બે રક્ષણ કરીએ છીએ.	अम्हे दो रक्खिमो ।	आवां द्वौ रक्षावः ।
તમે આપો છો.	तुब्भे अप्पित्था ।	यूयमर्पयथ ।
અમે ત્યાગ કરીએ છીએ.	अम्हे चयामो ।	वयं त्यजामः ।
તમે બે વિચાર કરો છો.	तुब्भे वे चिंतेइत्था ।	युवां द्वौ चिन्तयथः ।
તેઓ બે કહે છે.	ते दुवे कहेह ।	तौ द्वौ कथयथः ।
તમે બેસો છો.	तुब्भे अच्छेह ।	यूयमाध्वे ।
તમે ઉભા રહો છો.	तुब्भे थक्केह ।	यूयं तिष्ठथ ।
અમે હસીએ છીએ.	अम्हे हसिमु ।	वयं हसामः ।
તેઓ ચોપડે છે.	ते चोप्पडेइरे ।	ते प्रक्ष्यन्ति ।
હું જમું છું.	हं जेमामि ।	अहं भुञ्जे ।
તમે બે પીવો છો.	तुब्भे दोण्णि पिज्जेइत्था ।	युवां द्वौ पिबथः ।
તમે નમસ્કાર કરો છો.	तुब्भे नवह ।	यूयं नमथ ।
તું સીવે છે.	तुं सिव्वसि ।	त्वं सीव्यसि ।
અમે બે છીએ.	अम्हे वे अत्थि ।	आवां द्वौ स्वः ।
હું ત્યાગ કરુ છું.	हं चयामि ।	अहं त्यजामि ।
તે દેખે છે	सो देक्खइ ।	स पश्यति ।
તું છે.	तुं सि ।	त्वमसि ।
તેઓ વખાણે છે.	ते सलहेइरे ।	ते श्लाघन्ते ।
તમે ભટકો છો.	तुब्भे भमित्था ।	यूयं भ्राम्यथ ।
તેઓ રોષ કરે છે.	ते रुसन्ति ।	ते रुष्यन्ति ।
તેઓ નિંદે છે.	ते निन्दन्ति ।	ते निन्दन्ते ।
તમો બોધ પામો છો.	तुब्भे बुज्झह ।	यूयं बुध्यथ ।
તમે બે કનડો છો.	तुम्हे दोण्णि बाहेह ।	युवां द्वौ बाधेथे
તમે બે છો.	तुब्भे वेण्णि अत्थि ।	युवां द्वौ स्थः ।
તે ચોપડે છે.	सो चोप्पडेइ ।	स प्रक्ष्यन्ति ।

અમે ભોજન કરીએ છીએ.	अम्हे जेमेमो ।	वयं भुञ्ज्महे ।
તમે બાંધો છો.	तुम्हे बंधइत्था ।	यूयं बध्नीथ ।
તું ક્ષય પામે છે.	तुं निज्झरसि ।	त्वं क्षयसि ।
તેઓ બે કંપે છે.	तुम्हे वे कंपित्था ।	तौ द्वौ कम्पेते ।
તું પીડે છે.	तुं बाहसे ।	त्वं बाधसे ।

પાઠ ૫ મો

૧. સ્વરાન્ત ધાતુઓને પુરુષ બોધક પ્રત્યયો લગાડતાં પ્રત્યયોની પૂર્વે અ પ્રત્યય વિકલ્પે મૂકવામાં આવે છે. (૪/૨૪૦)

હો ધાતુનાં રૂપો.

	એકવચન	બહુવચન
૫.પુ.	होमि.	होमो, होमु, होम.
બી.પુ.	होसि.	होह, होइत्था.
ત્રી.પુ.	होइ.	[12]होन्ति, होन्ते, होइरे.

'अ' પ્રત્યય લગાડવાથી "होअ" અંગના થતા રૂપો.

	એકવચન	બહુવચન
૫.પુ.	होअमि,	होअमो, होअमु, होअम,
	होआमि,	होआमो, होआमु, होआम,
	होएमि.	होइमो, होइमु, होइम
		होएमो, होएमु, होएम.

---

૧૨ નિયમ ૭ (૧/૮૪) પ્રમાણે સંયુક્ત વ્યંજનની પૂર્વનો સ્વર હ્રસ્વ થાય ત્યારે हो+न्ति=हुन्ति. जा+न्ति=जन्ति.

બી.પુ.	होअसि,	होअह, होइत्था,
	होएसि,	होएह, होएत्था,
	होअसे.	होअइत्था,
		होएइत्था.
ત્રી.પુ.	होअइ,	होअन्ति, होअन्ते, होइरे,
	होएइ,	होएन्ति, होएन्ते, होएइरे,
	होअए.	होइन्ति, होइन्ते, होअइरे.

प्राकृतनुं संस्कृत-गुजराती

अम्हे दोण्णि ठाएमो ।	आवां द्वौ तिष्ठावः ।	અમે બે ઉભા રહીએ છીએ.
[१३]अम्हो जेएमु ।	वयं जयामः ।	અમે જીતીએ છીએ.
हं ठामि ।	अहं तिष्ठामि ।	હું ઉભો રહું છું.
अम्हे होएमो ।	वयं भवामः ।	અમે છીએ.
अम्हे दुवे झामु ।	आवां द्वौ ध्यायावः ।	અમે બે ધ્યાન કરીએ છીએ.
हं होमि ।	अहं भवामि ।	હું થાઉં છું.
हं पामि ।	अहं पिबामि ।	હું પાન કરું છું.
अहं झाएमि ।	अहं ध्यायामि ।	હું ધ્યાન કરું છું.
सो होइ ।	स भवति ।	તે થાય છે.

---

૧૩ સંસ્કૃતમાં જે ધાતુઓને અન્તે इ, उ, કે ऋ સ્વર હોય તો તે ધાતુના અન્ત્ય इ નો ए અને કોઈ ઠેકાણે अय् તથા उ નો अव् અને ऋ નો अर् થાય છે. (૪/૨૩૩; ૨૩૪, ૨૩૭) જેમકે-

इ નો ए.	उ નો अव्	ऋ નો अर्
ने (नी)	णव (हनु)	कर् (कृ)
डे (डी)	चव् (च्यु)	धर् (घृ)
जे (जि)	रव् (रु)	सर् (सृ)
जय् "		

तुम्हे दुण्णि झाएइत्था ।	युवां द्वौ ध्यायथः ।	તમે બે ધ્યાન કરો છો.
ते होइरे ।	ते भवन्ति ।	તેઓ થાય છે.
ते पान्ति ।	ते पिबन्ति ।	તેઓ પીએ છે.
तुं झासि ।	त्वं ध्यायसि ।	તું ધ્યાન કરે છે.
हं ण्हाअमि ।	अहं स्नामि ।	હું સ્નાન કરું છું
तुज्झे ठाएइत्था ।	यूयं तिष्ठथ ।	તમે ઉભા રહો છો.
तुम्हे विण्णि नेइत्था ।	युवां द्वौ नयथः ।	તમે બે લઈ જાઓ છો.
तुं पाअसे ।	त्वं पिबसि ।	તું પાન કરે છે.
ते चवेइरे ।	ते च्यवन्ते । (૧લો.આ)	તેઓ પડે છે.
हं जरेमि ।	अहं जीर्यामि ।	હું જીર્ણ થાઉં છું.
अहं गामि ।	अहं गायामि ।	હું ગાયન કરું છું.
अम्हे वे ण्हाम ।	आवां द्वौ स्नावः ।	અમે બે ન્હાઈએ છીએ.
सो ण्हवेइ ।	स ह्नुते । (૨જો ગ.આ.)	તે સંતાડે છે.
अम्ह हवेमो ।	वयं भवामः । (૧લો.)	અમે થઈએ છીએ.
	वयं जुहुमः ।	અમે હોમ કરીએ છીએ.
तुम्हे हरेह ।	यूयं हरथ ।	તમે હરણ કરો છો.
स ण्हाएइ ।	स स्नाति ।	તે ન્હાય છે.
हं जामि ।	अहं यामि ।	હું જાઉં છું.
अम्हे वरामो ।	वयं वृणुमः ।	અમે પસંદ કરીએ છીએ.
अम्हे वे जाएमो ।	आवां द्वौ यावः ।	અમે બે જઈએ છીએ.
अम्हे दो गाइमु ।	आवां द्वौ गायावः ।	અમે બે ગાઈએ છીએ

ગુજરાતીનું પ્રાકૃત-સંસ્કૃત

તેઓ બે ઉભા રહે છે.	ते वे ठाएन्ति ।	तौ द्वौ तिष्ठतः ।
તું જાય છે.	तुं जाएसि ।	त्वं यासि ।
તેઓ બે ગાય છે.	ते वे गाइन्ति ।	तौ द्वौ गायतः ।

તેઓ ખેદ પામે છે.	ते गिलाएन्ति ।	ते ग्लायन्ति ।
તે ઉભો રહે છે.	सो ठाअए ।	स तिष्ठति ।
તે જાય છે.	सो जाएइ ।	स याति ।
તે ગાય છે.	सो गाएइ ।	स गायति ।
હું કરમાઉં છું.	हं मिलाएमि ।	अहं म्लायामि ।
તે લઈ જાય છે.	स नेअइ ।	स नयति ।
તેઓ બે જાય છે.	ते वे गच्छेइरे ।	तौ द्वौ गच्छतः ।
અમે બે પીએ છીએ.	अम्हे दो पाएमु ।	आवां द्वौ पावः ।
તેઓ બે હરે છે.	ते दो हरन्ति ।	तौ द्वौ हरतः ।
તું સ્નાન કરે છે.	तुं ण्हाएसि ।	त्वं स्नासि ।
તમે બે પીવો છો.	तुब्भे वे पाइत्था ।	युवां द्वौ पिबथः ।
તું ખાય છે.	तुं खाअसे ।	त्वं खादसि ।
તેઓ આપે છે.	ते [१४]दाएइरे ।	ते ददति ।
અમે બે ધારણ કરીએ છીએ.	अम्हे वे धरिमो ।	आवां द्वौ धरावः ।
તમે બે આપો છો.	तुब्भे दो दाअइत्था ।	युवां द्वौ दत्थः ।
અમે ચવીએ છીએ.	अम्हे चविमो ।	वयं च्यवामः ।
તમે બે સરકો છો.	तुम्हो दो सरित्था ।	युवां द्वौ सरथः ।
તું થાય છે.	तुं होएसि ।	त्वं भवसि ।
તમો સ્નાન કરો છો.	तुज्झे ण्हाएह ।	यूयं स्नाथ ।
અમો ગ્લાનિ પામીએ છીએ.	अम्हे गिलाएमो ।	वयं ग्लायामः ।
તેઓ ધ્યાન કરે છે.	ते झाएइरे ।	ते ध्यायन्ति ।
અમે બે પ્રકાશીએ છીએ.	अम्हे दो भाएमो ।	आवां द्वौ भावः ।
તમે થાઓ છો.	तुज्झे होइत्था ।	यूयं भवथ ।
તમે બે ગ્લાનિ પામો છો.	तुम्हे दो गिलाएह ।	युवां द्वौ ग्लायथः ।

---

૧૪ दा ધાતુને પુરુષ બોધક પ્રત્યય લગાડતા અન્ત્ય આ નો કોઈ સ્થળે ए થાય છે, કે જેમકે- देइ, देन्ति, दिंति, देसि, देमि, देमु, ઈત્યાદિ રૂપો પણ થાય છે.

તમે સંતાડો છો.	तुज्झे ण्हवित्था ।	यूयं ह्नुध्वे ।
અમે તરીએ છીએ.	अम्हे तरिमो ।	वयं तरामः ।
તમો કોપ કરો છો.	तुब्भे कुप्पइत्था ।	यूयं कुप्यथ ।
તે પ્રકાશે છે.	सो भाअइ ।	स भाति ।
તમે ઉત્પન્ન થાઓ છો.	तुम्हे जाअह ।	यूयं जायध्वे ।
હું ઉત્પન્ન થાઉં છું.	हं जाएमि ।	अहं जाये ।

પાઠ ૬ ઠ્ઠો

ज्ज–ज्जा નાં રૂપાખ્યાનો.

૧. વર્તમાનકાળ, ભવિષ્યકાળ અને વિધ્યર્થ-આજ્ઞાર્થમાં ધાતુઓમાં સર્વ પુરુષ બોધક પ્રત્યયોને સ્થાને **ज्ज** અથવા **ज्जा** વિકલ્પે મૂકાય છે. (૩/૧૭૭)

૨. **ज्ज** અથવા **ज्जा** પ્રત્યયોની પૂર્વે **अ** હોય તો **अ** નો **ए** થાય છે. (૩/૧૫૯)

સર્વવચન અને સર્વ પુરુષમાં } **हस्+अ+ज्ज= *हसेज्ज, हसेज्जा,**
हो+ज्ज=होज्ज, होज्जा.

અથવા **हसइ, हसेन्ति** ઈત્યાદિ, **होइ, होन्ति** ઈત્યાદિ.

૩. વર્તમાનકાળ, ભવિષ્યકાળ, વિધ્યર્થ અને આજ્ઞાર્થમાં સ્વરાન્ત ધાતુઓને પુરુષ બોધક પ્રત્યયો લગાડતાં પહેલાં **ज्ज** અથવા **ज्जा** વિકલ્પે લાગે છે. (૩/૧૭૮) ઉદા. **हो+ज्ज+इ=होज्जइ, होज्जाइ.**

---

* પૂર્વોક્ત નિયમ ૭ પ્રમાણે હ્રસ્વ સ્વર થાય ત્યારે **हुज्ज, हुज्जा, हसिज्ज, हसिज्जा** પણ થાય છે.

होज्ज–होज्जा અંગનાં થતાં રૂપો.

	એક વ.	બહુ વ.
૫.પુ.	होज्जमि,	होज्जमो, होज्जमु, होज्जम,
	होज्जामि,	होज्जामो, होज्जामु, होज्जाम,
	होज्जेमि,	होज्जिमो, होज्जिमु, होज्जिम,
	होज्ज,	होज्जेमो, होज्जेमु, होज्जेम,
	होज्जा.	होज्ज, होज्जा.
બી.પુ.	होज्जसि,	होज्जह, होज्जित्था,
	होज्जासि,	होज्जाह, होज्जेत्था,
	होज्जेसि,	होज्जेह, होज्जइत्था,
	होज्जसे,	होज्जेइत्था
		होज्जाइत्था,
	होज्ज, होज्जा.	होज्ज, होज्जा.
ત્રી.પુ.	होज्जइ,	होज्जन्ति, होज्जन्ते, होज्जइरे,
	होज्जाइ,	होज्जान्ति, होज्जान्ते, होज्जाइरे,
	होज्जेइ,	होज्जेन्ति, होज्जेन्ते, होज्जेइरे,
	होज्जए.	होज्जिन्ति, होज्जिन्ते, होज्जिरे,
	होज्ज, होज्जा.	होज्ज, होज्जा.

સ્વરાન્તધાતુઓનાં પુરુષ બોધક પ્રત્યયોની પૂર્વે 'अ' પ્રત્યય આવે ત્યારે થતાં રૂપો.

होअ+ज्ज=होएज्ज, होअ+ज्जा=होएज्जा.

होएज्ज[૧૫] અને होएज्जा અંગનાં રૂપો.

---

૧૫. આ રૂપોનો ઉપયોગ પ્રાકૃત સાહિત્યમાં બહુ જ અલ્પ ઠેકાણે દેખવામાં આવે છે

	એક વ.	બહુ વ.
પ.પુ.	होएज्जमि,	होएज्जमो, होएज्जमु, होएज्जम,
	होएज्जामि,	होएज्जामो, होएज्जामु, होएज्जाम,
	होएज्जेमि,	होएज्जिमो, होएज्जिमु, होएज्जिम,
		होएज्जेमो, होएज्जेमु, होएज्जेम,
	होएज, होएज्जा.	होएज्ज, होएज्जा.
બી.પુ.	होएज्जसि,	होएज्जह, होएज्जित्था,
	होएज्जासि,	होएज्जह,
	होएज्जेसि,	होएज्जाह, होएज्जेत्था,
	होएज्जसे,	होएज्जेह, होएज्जइत्था,
		होएज्जाइत्था, होएज्जेइत्था
	होएज्ज, होएज्जा.	होएज्ज, होएज्जा.
ત્રી.પુ.	होएज्जइ,	होएज्जन्ति, होएज्जन्ते, होएज्जइरे;
	होएज्जाइ,	होएज्जान्ति, होएज्जान्ते, होएज्जाइरे,
	होएज्जेइ,	होएज्जेन्ति, होएज्जेन्ते, होएज्जेइरे,
	होएज्जए,	होएज्जिन्ति, होएज्जिन्ते, होएज्जिरे,
	होएज्ज, होएज्जा.	होएज्ज, होएज्जा.

जीव् ધાતુનાં રૂપો.

सर्ववचन અને सर्वपुरुषमां } जीवेज्ज, जीवेज्जा,

ज्ज–ज्जा ન આવે ત્યારે होमि, होअमि, होआमि, होएमि તેમજ जीवमि, जीवामि, जीवेमि ઇત્યાદિ પૂર્વની માફક રૂપો થાય છે.

પ્રાકૃતવાક્યોનું સંસ્કૃત-ગુજરાતી

सो अच्छेज्जा ।	स आस्ते ।	તે બેસે છે.
स पिवेज्ज ।	स पिबति ।	તે પીવે છે.
स चुक्केज्जा ।	स भ्रंशते । (१ લો આ.)	તે ચૂકે છે.
	स भ्रश्यति । (४ થો પ.)	
तुं चिट्ठेज्जा ।	त्वं तिष्ठसि ।	તું ઉભો રહે છે.
हं मिलाएज्जामि ।	अहं म्लायामि ।	હું કરમાઉં છું.
तुम्हे दो मिलाज्जइत्था ।	युवां द्वौ म्लायथः ।	તમે બે કરમાઓ છો.
तं गरिहेसि ।	त्वं गर्हसे ।	તું નિંદા કરે છે.
अम्हे जीवेज्ज ।	वयं जीवामः ।	અમે જીવીએ છીએ.
तुं जाएज्जसे ।	त्व यासि ।	તું જાય છે.
तुज्झे वे मिलाज़्जाइत्था ।	युवां द्वौ म्लायथः ।	તમે બે કરમાઓ છો
अम्हे दो होज्जामो ।	आवां द्वौ भवावः ।	અમે બે થઈએ છીએ
स बुज्झेज्जा ।	स बोधति ।	તે બોધ પામે છે.
अम्हे दुण्णि झाएज्जिमो ।	आवां द्वौ ध्यायावः ।	અમે બે ધ્યાન કરીએ છીએ
ते दुवे नेएज्जेइरे ।	तौ द्वौ नयतः ।	તેઓ બે લઈ જાય છે.
तुम्हे नेएज्जाह ।	यूयं नयथ ।	તમે લઈ જાઓ છો.
अम्हे सोल्लेज्जा ।	वयं पचामः ।	અમે રાંધીએ છીએ.
तुज्झे छड्डेज्ज ।	यूयं मुञ्चथ ।	તમે મુકો છો.
सो पाएज्जइ ।	स पिबति ।	તે પીવે છે.
तुब्मे ठाज्ज ।	यूयं तिष्ठथ ।	તમે ઉભા રહો છો.
अम्हे बे मिलाज्जेमु ।	आवां द्वौ म्लायावः ।	અમે બે કરમાઈએ છીએ
अहं करेज्जा ।	अहं करोमि ।	હું કરું છું.
अहं ठाज्जेमि ।	अहं तिष्ठामि ।	હું ઉભો રહું છું.
सो पाज्जाइ ।	स पिबति ।	તે પિવે છે.
तुं गाज्जेसि ।	त्वं गायसि ।	તું ગાયન કરે છે.

तुम्हे [૧૬]नच्चेज्जा ।	यूयं नृत्यथ ।	તમે નાચો છો.
अहं छज्जेज्जा ।	अहं राजे ।	હું શોભું છું.
ते नस्सेज्ज ।	ते नश्यन्ति ।	તેઓ નાશ પામે છે.
तुज्झे पाएज्जाह ।	यूयं पिबथ ।	તમે પીવો છો.
अम्हे सडेज्जा ।	वयं शीयामहे ।	અમે નાશ પામીએ છીએ
तुम्हे दुवे डहेह ।	युवां द्वौ दहथः ।	તમે બે બાળો છો.

ગુજરાતી વાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

તે બે સિદ્ધ થાય છે.	ते वे सिज्झेज्जा ।	तौ द्वौ सिध्यतः ।
તે વિસ્તાર કરે છે.	सो तड्डेज्जा ।	स तनुते ।
અમે પૂજા કરીએ છીએ.	अम्हे अच्चेज्जे ।	वयमर्चयामः ।
તમે બે છાંટો છો.	तुज्झे दो सिंचेज्जा ।	युवां द्वौ सिञ्चथः ।
તમે ઉત્પન્ન થાઓ છો.	तुम्हे जाएज्जाह ।	यूयं जायध्वे ।
તેઓ ખાય છે.	ते खाएज्जइरे ।	ते भुञ्जते ।
તું ખેદ પામે છે.	तुं मिलाएज्जसि ।	त्वं म्लायसि ।
તું જીવે છે.	तुं जीवेज्ज ।	त्वं जीवयसि ।
તમે બે યુદ્ધ કરો છો.	तुब्भे दो जुज्झेज्ज ।	युवां द्वौ युध्येथे ।
તું બોધ પામે છે.	तुं बुज्झेज्जा ।	त्वं बुध्यसि ।
તું ઉભો રહે છે.	तुं ठाएज्जसि ।	त्वं तिष्ठसि ।
તમે ધ્યાન ધરો છો.	तुब्भे झाएज्जह ।	यूयं ध्यायथ ।
હું ઉત્પન્ન થાઉં છું.	हं जाएज्जामि ।	अहं जाये ।
તે આપે છે.	सो दाएज्जइ ।	स ददाति ।
હું ચૂકું છું.	हं भुल्लेज्ज ।	अहं भ्रश्यामि ।

---

૧૬ શબ્દની આદિમાં त्य નો च અને અંદર હોય તો च्च થાય છે, પણ चैत्य શબ્દમાં त्य નો च्च થતો નથી. (૨/૧૩)

नच्चइ (नृत्यति)	चाओ (त्यागः)	सच्चं (सत्यम्)
चयइ (त्यजति)	पच्चओ (प्रत्ययः)	चइत्तं (चैत्यम्)

તે ગ્લાનિ પામે છે	सो गिलाएज्जह ।	स ग्लायति ।
તમે ઉભા રહો છો.	तुम्हे ठाएज्जह ।	यूयं तिष्ठथ ।
તમે પ્રકાશો છો	तुब्भे भाएज्जह ।	यूयं भाथ ।
તેઓ લઈ જાય છે	ते नेएज्जन्ति ।	ते नयन्ति ।
તમે હરો છો	तुम्हे हरेज्ज ।	यूयं हरथ ।
અમે પીએ છીએ	अम्हे पाएज्जिमो ।	वयं पामः ।
તેઓ ગાય છે	ते गाएज्जेइरे ।	ते गायन्ति ।
તે ધારણ કરે છે	ते धरेज्जा ।	स धरति ।
તમે વિચાર કરો છો	तुम्हे चिंतेज्ज ।	यूयं चिन्तयथ ।

અમે બે ગ્લાનિ પામીએ છીએ. अम्हे गिलाएज्जिमु । वयं ग्लायामः ।

ઉપસર્ગો

(૧) ઉપસર્ગો ધાતુઓની પૂર્વે મૂકવામાં આવે છે અને તેઓ ધાતુઓના મૂળ અર્થોમાં ફેરફાર કરી કોઈ ઠેકાણે વિશેષ અર્થ તથા કોઈ ઠેકાણે વિપરીત અર્થ અને કોઈ ઠેકાણે જુદો અર્થ બનાવે છે.

अइ
अति (अति) હદ બહાર, अतिशयः अइ+क्कम्=अइक्कमइ
તે હદ બહાર જાય છે, તે ઉલ્લંઘન કરે છે.

अहि
अधि (अधि) ઉપર, અધિક, મેળવવું;
अहि+चिट्ठ=अहिचिट्ठइ તે ઉપર બેસે છે.
अहि+गच्छ्=अहिगच्छइ તે મેળવે છે.

अणु (अनु) પાછળ સરખું, સમીપ; **अणु+गच्छ=अणुगच्छइ**–તે પાછળ જાય છે. **अणु+कर्=अणुकरइ**–તે અનુકરણ કરે છે.

अभि
अहि (अभि) સન્મુખ, પાસે; **अभि+गच्छ=अभिगच्छइ**–તે સન્મુખ જાય છે, તે પાસે જાય છે.

अव ओ	(अव) નીચે, નિરસ્કાર;	अव+अवयरइ ओ+यर्=ओयरइ	તે નીચે ઉતરે છે.
		अव+गण्=अवगणेइ	તે નિરસ્કાર કરે છે.
आ	(आ) ઉલટું, વિપર્યય, મર્યાદા;	आ+गच्छ्=आगच्छेइ	તે આવે છે.
अव अप ओ	(अप) વિપરીત, પાછું, ઉલટું;	अव+क्कम्=अवक्कमइ ओ+क्कम्=ओक्कमइ	તે પાછો ફરે છે.
		अप+सर्=अपसरइ ओ+सर्=ओसरइ	તે પાછો ખસે છે.
[૧૭]उ	(उत्) ઉંચે, ઉપર;	उ+गच्छ्=उग्गच्छइ-	તે ઉપર જાય છે.
		उ+ठा=उट्ठाइ–	તે ઉઠે છે.
उव ओ उ	(उप) પાસે;	उव+गच्छ=उवगच्छइ ओ+गच्छ=ओगच्छइ उ+गच्छ्=उग्गच्छइ	તે પાસે જાય છે.
नि नु	(नि) અંદર, નીચે;	नि+मज्ज्=निमज्जइ नु+मज्ज्=नुमज्जइ	તે ડૂબે છે.
		नि+वड्=निवडइ	તે નીચે પડે છે.
परा पला	(परा) ઉલટું, પાછું;	परा+जय्=पराजयइ–	તે હારે છે.
		परा+भव्=पराभवइ–	તે પરાભવ પામે છે.
		पला+अय्=पलायइ–ને	ભાગી જાય છે.

---

૧૭ उ (અન્ત્ય વ્યંજનનો લોપ થયેલ હોવાથી) ઉપસર્ગની પછી જે વ્યંજન આવે તે પ્રાય: બેવડાય છે. જે વ્યંજન બેવડાય છે તે વ્યંજન જો વર્ગનો બીજો કે ચોથો અક્ષર હોય તો (દ્વિત્વના) પ્રથમ અક્ષરનો તે વર્ગનો (બીજાનો) પહેલો અને (ચોથાનો) ત્રીજો અનુક્રમે મુકાય છે. ख्ख નો क्ख, घ्घ નો ग्घ, छ्छ નો च्छ, झ्झ નો ज्झ, ठ्ठ નો ट्ठ, ढ्ढ નો ड्ढ, थ्थ નો त्थ, ध्ध નો द्ध, फ्फ નો प्फ, भ्भ નો ब्भ થાય છે. (૨/૯૦) ઉદા.

उ+ठाइ=उट्ठाइ–उट्ठाइ. नि+झरेइ=निज्झरेइ–निज्झरेइ.

उ+धरइ=उध्धरेइ–उद्धरेइ.

परि पलि	(परि) વિશેષ, ફેરફાર થવો, ચારે બાજું;	परि+तूस्=परितूसइ-તે વિશેષ ખુશી થાય છે. परि+वट्ट्=परिवट्टइ– તે પરિવર્તન કરે છે. परि+अड्=परिअडइ–ચારે બાજુ ભટકે છે.
पडि–पति परि–पइ	પ્રતિ સામું, ઉલટું ;	पडि+भास्=पडिभासइ- તે સામું બોલે છે. पइ+जाण्=पइजाणइ– તે પ્રતિજ્ઞા કરે છે.
प (प्र) આગળ, પ્રકર્ષ;		प+या=पयाइ-તે આગળ જાય છે. प+यास्=पयासेइ– તે વિશેષ પ્રકાશે છે.
वि (वि) વિશેષ, નિષેધ, વિરોધાર્થ;		वि+याण्=वियाणेइ- તે વિશેષ જાણે છે. वि+स्सर्=विस्सरइ वीसरइ વિ+સિલિસ્=વિસિલિસઇ–તે વિયોગ પામે છે.
सं (सम्) સારી રીતે;		सं+गच्छ्=संगच्छइ– તે સારી રીતે મળે છે.
[૧૮]निर् नि नी	(निर्) નિશ્ચય, આધિક્ય, નિષેધ;	निर्+जिण्=निज्जिणेइ તે નિશ્ચય જિતે છે. निर्+णे=निण्णेइ- તે નિશ્ચય કરે છે. निर्+इक्ख्–निरिक्खेइ– તે તપાસ કરે છે. . તે નિરીક્ષણ કરે છે.
[૧૯]दुर् दु दू	(दुर्) દુઃખતા, દુષ્ટતાર્થે	दुर्+लंघ्=दुल्लंघेइ– દુઃખે કરી ઉલંઘે છે, दुर्+सह्=दुस्सहेइ दूसहेइ તે દુઃખે કરી સહન કરે છે.

---

૧૮ निर्–दुर् આ ઉપસર્ગના રેફનો વિકલ્પે લોપ થાય છે, પણ રેફની પછી સ્વર આવે તો લોપ થાય નહિ, જ્યારે રેફનો લોપ થાય નહિ, ત્યારે પછીના વ્યંજન બેવડાય છે. (૧/૧૩) ઉદા૦

निर्+णेइ=निण्णेइ, निर्+सहो=निस्सहो, नीसहो, निसहो, निर्+अंतरं=निरंतरं

૧૯ दुर्+सहो=दुस्सहो, दूसहो, दुसहो, दुर्+उत्तरं=दुरुत्तरं. दुर्+खिओ=दुक्खिओ, दूहिओ, (दुःखितः) નિ૦ ૧૮ જુઓ. (૧/૧૧૫)

दुर्+आयार=दुरायार– દુષ્ટ આચરણ.
दुर्+आलोग=दुरालोग દુઃખે કરી દેખાય તેવું.

ઉપસર્ગ સહિત ઉપયોગી ધાતુઓ.

अइ+चर् (अति+चर्) દોષ લગાડવો, અતિચાર લગાડવો.
अणु+जाण् (अनु+ज्ञा) આજ્ઞા આપવી.
अणु+सर् (अनु+सृ) અનુસરવું
अहि+ज्ज् (अधि+इ) ભણવું.
अहि+लस् (अभि+लस्) અભિલાષા કરવી, ઈચ્છા કરવી.
आ+गच्छ् (आ+गम्–गच्छ) આવવું.
आ+हर् (आ+हृ). આહાર કરવો.
उ+ड्डे (उद्+डी)ઉડવું.
नि+ण्हव् (नि+हनु) સંતાડવું.
प+आव्=पाव (प्र+आप्) પામવું,
प+विस् (प्र+विश्) પ્રવેશ કરવો.
प+हर् (प्र+हृ) પ્રહાર કરવો, મારવું.
परा+वट्ट (परा+वृत्) ફેરફાર થવો, આવૃત્તિ કરવી.
परि+हर् (परि+हृ) ત્યાગ કરવો.
वा+हर् (वि+आ+हृ) બોલવું, બોલાવવું.
वि+उव्व (वि+कृ) બનાવવું, વિકુર્વવું
वि+यस् (वि+कस्) વિકાસ પામવું
वि+लव् (वि+लप्) વિલાપ કરવો, રોવું.
वि+लस् (वि+लस्) વિલાસ કરવો, મોજ કરવી.
वि+हर् (वि+हृ) વિહાર કરવો, આનંદ કરવો.
सं+गच्छ् (सं+गम्–गच्छ्) મળવું.
सं+हर् (सं+हृ) સંહાર કરવો.

પ્રાકૃતવાક્યોનું સંસ્કૃત-ગુજરાતી

अम्हे विण्णि अहिलसेज्जा । आवां द्वौ अभिलष्यावः । અમે બે ઈચ્છીએં છીએ.

सो निण्हवेइ ।	स निह्नुते ।	તે છૂપાવે છે.
ते दो वाहरेज्ज ।	तौ द्वौ व्याहरतः ।	તે બે બોલે છે.
हं पविसेज्जा ।	अहं प्रविशामि ।	હું પ્રવેશ કરું છું.
अम्हे परावट्टिमो ।	वयं परावर्तामहे ।	અમે આવૃત્તિ કરીએ છીએ.
तुज्झे वेण्णि अइयरेह ।	यूवां द्वौ अतिचरथः ।	તમે બે દોષ લગાડો છો.
तुं अणुजाणेसि ।	त्वमनुजानासि ।	તું આજ્ઞા આપે છે.

तुम्हे दुण्णि निगच्छेइत्था ।	युवां द्वौ निर्गच्छथः ।	તમે બે નિકળો છો.
तुब्भे दोण्णि विलसेह ।	युवां द्वौ विलसथः ।	તમે બે વિલાસ કરો છો.
ते परावट्टिरे ।	ते परावर्तन्ते ।	તેઓ ફેરફાર કરે છે.
ते विउव्वेन्ति ।	ते विकुर्वन्ति ।	તેઓ બનાવે છે.
हं पावेज्ज ।	अहं प्राप्नोमि ।	હું મેળવું છું.
ते वे वियसेज्ज ।	तौ द्वौ विकसतः ।	તેઓ બે વિકાસ પામે છે.
तुज्झे अणुसरेह ।	यूयम् अनुसरथ ।	તમે અનુસરો છો.

ગુજરાતી વાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

અમે આનંદ કરીએ છીએ.	अम्हे विहरेम्हो ।	वयं विहरामः ।
તું મળે છે.	तुं संगच्छेसि ।	त्वं सङ्गच्छसे
તમે બે બોલાવો છો.	तुब्भे वे वाहरेज्ज ।	युवां द्वौ व्याहरथः ।
તમે પ્રવેશ કરો છો	तुम्हे पविसेह ।	यूयं प्रविशथ ।
તું અભ્યાસ કરે છે.	तुं अहिज्जेसि ।	त्वमधीषे ।
અમે બનાવીએ છીએ	अम्हे विउव्वेमो ।	वयं विकुर्मः ।
તે આવૃત્તિ કરે છે	सो परावट्टए ।	स परावर्तते ।
તેઓ બે આજ્ઞા કરે છે	ते वे अणुजाणिन्ति ।	तौ द्वावनुजानीतः ।
તમે પ્રાપ્ત કરો છો.	तुज्झे पावेह ।	यूयं प्राप्नुथ ।
તેઓ બે અતિચાર લગાડે છે	ते वे अइयरेन्ति ।	तौ द्वावतिचरतः ।
તમે અભિલાષા કરો છો	तुम्हे अहिलसेह ।	यूयमभिलष्यथ ।
તેઓ આવે છે.	ते आगच्छेन्ति ।	ते आगच्छन्ति ।
તું નિકળે છે.	तुं निग्गच्छेसि ।	त्वं निर्गच्छसि ।
અમે બે આજ્ઞા કરીએ છીએ	अम्हे वे अणुजाणिमो ।	आवां द्वावनुजानीवः ।
તું અનુસરે છે.	तुं अणुसरसि ।	त्वमनुसरसि ।
અમે મળીએ છીએ.	अम्हे संगच्छिमो ।	वयं सङ्गच्छामहे ।
તમો સંતાડો છો.	तुब्भे निण्हवित्था ।	यूयं निह्नुध्वे ।

પાઠ ૭ મો.

अकारान्त नाम.

[20]पढमा अने बीया–विभक्ति.

प्रत्ययो.

(३/२, ५, ४, १२, १४, २५, २६)

	એકવચન.	બહુવચન
अकारान्त पुंल्लिंग	प०–ओ (ए)[21]	आ.
	बी०–म्	आ, ए.
अकारान्त-नपुंसकलिंग	प० बी०–म्	इं, ईं, णि, (इ)

૧ અકારાન્ત પુંલ્લિંગમાં પંચમી વિભક્તિ સિવાયના સ્વરાદિ પ્રત્યયો લગાડતાં પૂર્વનો સ્વર લોપાય છે. જેમકે-**जिण+ओ जिणो.**

૨ પદાન્તમાં म् હોય તો સર્વ ઠેકાણે પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર મૂકાય છે, તેમજ તે म् ની પછી સ્વર આવે તો પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર વિકલ્પે થાય છે. જ્યારે અનુસ્વાર ન થાય ત્યારે म् માં પછીનો સ્વર મલી જાય છે. (૧/૨૩,૨૪) જેમકે **-जिणम्=जिणं, जिणम्+अजियं=जिणं अजियं** અથવા **जिणमजियं, उसभं अजियं च वंदे** અથવા **उसभमजियं च वंदे.**

૩. નપુંસકલિંગના इं, ईं, णि, પ્રત્યયો લગાડતાં પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે. (૩/૨૬) ઉદા૦ **फल+इं=फलाइं, फलाईं फलाणि.**

---

૨૦ પ્રાકૃતભાષામાં સાત વિભક્તિઓ માટે પઢમા (પ્રથમા), બીયા (દ્વીતીયા), તઇયા (તૃતીયા), ચઉત્થી (ચતુર્થી), પંચમી (પઞ્ચમી), છઠ્ઠી (ષષ્ઠી), સત્તમી (સપ્તમી) આ શબ્દો વપરાય છે.

૨૧ આ 'ए' પ્રત્યય તેમજ બીજા પણ આવા કૌંસમાં આપેલા પ્રત્યયો આર્ષમાં જ વપરાય છે. ઉદા૦ સમણે भयवं महावीरे.

રૂપો.

પ૦	जिणो जिणे,	जिणा,
બી૦	जिणं	जिणा, जिणे,
પ૦ બી૦	नाणं.	नाणाइं, नाणाइँ, नाणाणि.

સર્વનામ

त[२२] (तत्) તે.	इम (इदम्) આ
ज[२३] (यत्) જે.	सव्व (सर्व) સર્વ, બધું.
क (किम्) કોણ.	
एअ–एत (एतत्) આ.	अन्न (अन्य) બીજું.

'त' અને 'एअ' નું પુલ્લિંગમાં પ્રથમાનું એકવચન અનુક્રમે **स, सो** અને **एस–एसो** રૂપ થાય છે. (૩/૮૬; ૩)

સકલ સર્વનામોનું પ્રથમાનું બહુવચન 'ए' પ્રત્યય લગાડવાથી થાય. જેમ **सव्वे, के, एए,** ઇત્યાદિ (૩/૫૮)

'क' શબ્દનું નપુંસકલિંગમાં પ્ર૦ એ૦ અને દ્વિ૦ એ૦ માં 'किं' એવું રૂપ થાય છે. (૩/૮૦)

બાકીના સર્વ અકારાન્ત સર્વનામનાં પુલ્લિંગ અને નપુંસકલિંગનાં રૂપો અકારાન્ત પુલ્લિંગ અને નપુંસકલિંગ જેવા જ થાય છે, કેટલાંક રૂપોમાં વિશેષના છે, તે આગળ કહેવામાં આવશે.

---

૨૨. પ્રાકૃતમાં અન્ત્ય વ્યંજનોનો લોપ થાય છે, (૧ /૧૧) ઉદા૦

ताव (तावत्),	जाव (यावत्),	जय जग (जगत्),	अप्प (आत्मन्),
जसो (यशस्),	तमो (तमस्),		कम्म (कर्मन्).

૨૩ શબ્દની આદિમાં **य** હોય તે **ज** થાય છે. તથા ઉપસર્ગની પછી य આવે તો કોઈ ઠેકાણે ज થાય છે. (૧/૨૨૪)

જસો (यशस्), જમો (यमः), જાઇ (याति) **संजमो–संजोगो** (संयमः–संयोगः), અવજસો (अपयशः).

પ્રાકૃતવાક્યોનું સંસ્કૃત-ગુજરાતી

देवा वि तं नमंसंति ।	देवा अपि तं नमस्यन्ति ।	દેવો પણ તેને નમસ્કાર કરે છે.
मुरुक्खो बुहं निंदइ ।	मूर्खो बुधं निन्दति ।	મૂર્ખ ડાહ્યા માણસની નિંદા કરે છે.
देवा तित्थयरं जाणिन्ति ।	देवास्तीर्थकरं जानन्ति ।	દેવો તીર્થંકરને જાણે છે.
समणे नयरं विहरेइ ।	श्रमणो नगरं विहरति ।	સાધુ નગરમાં વિહાર કરે છે.
[२४]आयरियो[२५] सीसे उवदिसइ ।	आचार्यः शिष्यान् उपदिशति ।	આચાર્ય શિષ્યોને ઉપદેશ આપે છે.
सो तं [२६]धरिसेइ ।	स तं धृष्णोति ।	તે તેની સામે થાય છે.
अब्भं वरिसेइ ।	अभ्रं वर्षति ।	વાદળું વરસે છે.
मोरो नट्टं कुणेइ ।	मयूरो नाट्यं करोति ।	મોર નાચ કરે છે.

---

૨૪ य વર્ણની પૂર્વે અથવા પછી अ કે आ આ સિવાયનો કોઈ પણ સ્વર આવ્યો હોય તો य વર્ણના સ્થાનમાં પ્રાયઃ "अ" થાય છે. (૧/૧૮૦)

જેમકે–आयरिय+ओ=आयरिओ (आचार्यः), मय–मओ (मदः), जणय–जणओ (जनकः), भारिया –भारिआ (भार्या).

૨૫. વ્યંજન સહિત સ્વરમાંથી વ્યંજનનો લોપ થવાથી શેષ સ્વરની પૂર્વના સ્વર સાથે સંધિ થતી નથી. (૧/૮) જેમકે-निसाअरो (निशाचरः), रयणिअरो (रजनिचरः) पयावई (प्रजापतिः)

અપવાદ-કોઈ ઠેકાણે વિકલ્પે સંધિ થાય છે कुंभआरो–कुंभारो (कुम्भकारः) कविईसरो–कवीसरो (कवीश्वरः), सुउरिसो– सूरिसो (सुपुरुषः), लोहआरो–लोहारो (लोहकारः).

૨૬. વૃષાદિ ધાતુઓના ऋ નો अरि થાય છે. (૪/૨૩૫) वरिसइ (वर्षति).

पुरिसा [૨૭]जिणे वंदेइरे । पुरुषा जिनान् वन्दन्ते । પુરુષો જિનેશ્વરોને વંદન કરે છે.

दाणं तवो य[૨૮] भूसणं । दानं तपश्च भूषणम् । દાન અને તપ ભૂષણ છે.

तुम्हे पवयण[૨૯] किं जाणेह ? । यूयं प्रवचनं किं जानीथ ? । તમે સિધ્દાન્તને શું જાણો છો ?

घरं धणं रक्खेइ । गृहं धनं रक्षति । ઘર ધનનું રક્ષણ કરે છે.

सव्वो जणो कल्लाणमिच्छइ । सर्वो जनः कल्याणमिच्छति । સર્વલોક કલ્યાણને ઈચ્છે છે.

रामो सिवं लहेइ । रामः शिवं लभते રામ મોક્ષ પામે છે.

पावा सुहं न पावेन्ति । पापाः सुखं न प्राप्नुवन्ति । પાપી માણસો સુખ પામતા નથી.

---

૨૭. શબ્દની અંદર અસંયુક્ત 'न'નો 'ण' થાય છે, તેમજ આદિમાં 'न' હોય તો વિકલ્પે 'ण' થાય છે. (૧/૨૨૮,૨૨૯) ઉદા૦-

दाणं (दानम्)	नाणं / णाणं	(ज्ञानम्)	नरो / णरो	(नरः)
धणं (धनम्)				

૨૮ જે શબ્દ છૂટા પાડવાના હોય, તે દરેક શબ્દને અંતે અથવા સર્વ શબ્દોને અન્તે આ અવ્યયનો પ્રયોગ થાય છે. ઉદા૦- फलं च पुप्फं च वत्थं च गिण्हइ, અથવા फलं पुप्फं वत्थं च गिण्हइ (અનુસ્વરની પછી 'चं' નો અને સ્વરની પછી 'य-अं' નો પ્રયોગ પ્રાયઃ થાય છે.)

૨૯ શબ્દની અંદર સ્વરની પછી અસંયુક્ત 'क-ग-च-ज-त-द-प-य-व' વ્યંજનોનો પ્રાકૃતમાં લોપ થાય છે. પણ અ વર્ણ પછી 'पं' આવે તો 'पं' નો 'वं' થાય છે. તેમજ અ વર્ણની પછી અ વર્ણ હોય તો 'अं' નો પ્રાયઃ 'यं' થાય છે, કોઈ ઠેકાણે 'कं' નો 'गं' પણ થાય છે (૧/૧૭૭, ૧૮૦). ઉદા૦

क-लोओ (लोकः)	ज-त-रययं (रजतम्)	प-रिऊ (रिपुः)
ग-नओ (नगः)	त-जई (यतिः)	य-ग-विओगो (वियोगः)
च-सई (शची)	द-गया (गदा)	व-लावण्णं (लावण्यम्)

प નો व–पावो (पापः) । क નો ग–सावगो (श्रावकः) । लोगो (लोकः) ।

मयणो जणं बाहए । मदनो जनं बाधते । કામ માણસને પીડે છે.
पुत्ता पुप्फाणि चिणंति । पुत्राः पुष्पाणि चिन्वन्ति । પુત્રો ફૂલો એકઠા કરે છે.
मुक्खो वत्थाइं उज्झेइ । मूर्खो वस्त्राण्युज्झति । મૂર્ખ વસ્ત્રોનો ત્યાગ કરે છે.
पण्णाइं पडेइरे । पर्णानि पतन्ति । પાંદડાં પડે છે.
एसो मुहं पमज्जेइ । एष मुखं प्रमार्ष्टि આ મુખ ધોવે છે.
पयासेइ[३०] आइरियो । प्रकाशते आचार्यः । આચાર્ય પ્રકાશે છે.
धणं चोरेइ चोरो । धनं चोरयति चौरः । ચોર ધન ચોરે છે.
आयवो जणे पीडेइ । आतपो जनान् पीडयति ।
તડકો માણસોને પીડા કરે છે.

देवा अब्भं विउव्विरे जलं च सिंचेन्ति ।
देवा अभ्रं विकुर्वन्ति, जलं च सिञ्चन्ति ।
દેવો વાદળ વિકુર્વે છે અને પાણી છાંટે છે.

रामो पण्णाइं डहेइ । रामः पर्णानि दहति । રામ પાંદડાં બાળે છે.
स पोत्थयं गिण्हेइ, अहं च भूसणं गिण्हेमि ।
स पुस्तकं गृहणाति, अहं च भूषणं गृह्णामि ।
તે પુસ્તક ગ્રહણ કરે છે અને હું ભૂષણ ગ્રહણ કરું છું.
अहं पावं निंदेमि । अहं पापं निन्दामि । હું પાપને નિંદું છું.
रहो चलेइ । रथश्चलति । રથ ચાલે છે.
अम्हे नाणं इच्छामो । वयं ज्ञानमिच्छामः । અમે જ્ઞાનને ઈચ્છીએ છીએ.
अम्हे वत्थाणि पमज्जेमो । वयं वस्त्राणि प्रमृज्मः ।
અમે વસ્ત્રો સાફ કરીએ છીએ

जाइं जिणबिंबाइं ताइं सव्वाइं वंदामि ।
यानि जिनबिम्बानि तानि सर्वाणि वन्दे ।
જે જિનબિંબો છે, તે સર્વને હું વંદન કરું છું.

---

૩૦ इ આદિ પુરુષબોધક પ્રત્યય પછી સ્વર આવે તો સંધિ થાય નહિ. (૧/૯) होइ इह (भवति इह).

ગુજરાતી વાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

મૂર્ખાઓ મૂંઝાય છે.	મુરુક્खા મુज्झन्ति ।	**मुर्खा मुह्यन्ति ।**
જ્ઞાન પ્રકાશે છે.	नाणं पयासेइ ।	**ज्ञानं प्रकाशते ।**
કમળો શોભે છે	कमलाइं छज्जन्ते ।	**कमलानि राजन्ते ।**
બે નેત્રો જુએ છે.	दोण्णि [३१]नेत्ताइं पासन्ति ।	**द्वे नेत्रे पश्यतः ।**
શિષ્યો જ્ઞાન ભણે છે.	सीसा नाणं भणन्ति ।	**शिष्या ज्ञानं भणन्ति ।**
બે ઝાડ પડે છે.	दुवे वच्छा पडंति ।	**द्वौ वृक्षौ पततः ।**
ઘોડાઓ જલ પીએ છે.	आसा जलं पिवन्ति ।	**अश्वा जलं पिबन्ति ।**
દેવો તીર્થંકરોને નમે છે	देवा तित्थयरे नमन्ति ।	**देवस्तीर्थकरान् नमन्ति ।**
રામ પુસ્તકને અડકે છે	रामो पुत्थयं फासइ ।	**रामः पुस्तकं स्पृशति ।**
બે બાળકો ધરેણા લઈ જાય છે	दुवे बाला भूसणाइं नेइरे ।	**द्वौ बालौ भूषणानि नयतः ।**
ઉપાધ્યાય જ્ઞાનનો ઉપદેશ કરે છે.	उवज्झाओ नाणं उवदिसइ ।	**उपाध्यायो ज्ञानमुपदिशति ।**
ધન વધે છે.	धणं वड्ढए ।	**धनं वर्धते ।**

પંડિતો પુસ્તકોને ચાહે છે અને મૂર્ખાઓ રૂપાને ઈચ્છે છે

પંડિઆ પોત્થયાइं अहिलसन्ते, मुक्खा य रययं इच्छन्ति ।

पण्डिताः पुस्तिकान्यभिलष्यन्ति, मूर्खाश्च रजतमिच्छन्ति ।

તે સિદ્ધ થાય છે.	सो सिज्झइ ।	**स सिध्यति ।**
પંડિત મોક્ષને મેળવે છે	बुहो मोक्खं लहइ ।	**बुधो मोक्षं लभते ।**
મૂર્ખાઓ લજ્જા પામતા નથી.	मुक्खा न लज्जंते ।	**मूर्खा न लज्जन्ते ।**
વિયોગ માણસોને દુઃખ આપે છે.	विओगो जणे बाहए ।	**वियोगो जनान् बाधते ।**

---

૩૧ નેત્ત શબ્દ અને તેના અર્થવાળા શબ્દો પુલ્લિંગમાં પણ વિકલ્પે વપરાય છે. (૧/૩૩) ઉદા૦ નેત્તા–નેત્તાંઇ, નયણા–નયણાઇ

સાધુઓ તપ કરે છે.	समणा तवं करेन्ति ।	**श्रमणास्तपः कुर्वन्ति ।**
બાળક વસ્ત્રને ખેંચે છે.	बालो वत्थं करिसइ ।	**बालो वस्त्रं कृषति ।**
અમે સૂત્રનો વિચાર કરીએ છીએ.	अम्हो सुत्ताइं चिन्तेमो ।	**वयं सूत्राणि चिन्तयामः ।**
પુત્રો પિતાને નમસ્કાર કરે છે.	पुत्ता जणयं नमंसंति ।	**पुत्रा जनकं नमस्यन्ति ।**
પાણી સુકાય છે.	जलं सूसइ ।	**जलं शुष्यति ।**
બાળક પાણી પીએ છે	बालो जलं पाएइ ।	**बालो जलं पिबति ।**
રામ પાપીને મારે છે.	रामो पावं हणइ ।	**रामः पापं हन्ति ।**
પંડિતો રક્ષણ કરે છે.	बुहा रक्खेन्ति ।	**बुधा रक्षन्ति ।**
બાળકો ભય પામે છે	वच्छा बीहेन्ति ।	**वत्सा बिभ्यति ।**
અભિમાન લોકોને પીડે છે.	मओ जणे बाहए ।	**मदो जनान् बाधते ।**

પાઠ ૮ મો.

અકારાન્ત નામ.

તૃઆ અને ચઉત્થી-વિભક્તિ.

પ્રત્યયો

(૩/૬, ૭, ૧૩૧, ૧૩૨)

	એકવચન	બહુવચન
પુંલ્લિંગ	त.– ण, णं.	हि, हिं, हिँ
	च.–य[૩૨] (आए).	

---

૩૨. **य** પ્રત્યય ચતુર્થીના એકવચનમાં તાદર્થ્ય (તે માટે, વાસ્તે, સારૂ) તેવા અર્થમાં વિકલ્પે મૂકાય છે, તે સિવાય એકવચનમાં અને બહુવચનમાં છઠ્ઠી વિભક્તિના પ્રત્યયો મૂકાય છે. (પ્રાકૃતમાં ચતુર્થી વિભક્તિને સ્થાને છઠ્ઠી વિભક્તિ મૂકાય છે)

વહ (વધ) શબ્દને ચતુર્થીના એકવચનમાં આઇ, આએ પ્રત્યય વિકલ્પે લાગે છે. ઉદા.-વહાઇ, વહાએ, વહાય.

નપુંસકલિંગ- [અકારાન્ત નપુંસક નામોનાં રૂપો પહેલી બે વિભક્તિ સિવાય બાકીની બધી વિભક્તિઓમાં અકારાન્ત-પુંલ્લિંગ નામોના જેવાં જ થાય છે.

૧. તૃતીયાના એકવચન અને બહુવચનના તથા સપ્તમી વિભક્તિના બહુવચનના પ્રત્યયો લગાડતાં પૂર્વના અ નો ए થાય છે. (૩/૧૪, ૧૫)
जिण+ण=जिणेण, जिणेणं.
जिण+हि=जिणेहि, जिणेहिं, जिणेहिँ.

૨. ચતુર્થીનો **य** પ્રત્યય લગાડતાં પૂર્વનો **अ** દીર્ઘ થાય છે.
जिण+य=जिणाय.

जिण (जिन)

त. **जिणेण, जिणेणं.** **जिणेहि, जिणेहिं, जिणेहिँ.**
च. **जिणाय, (जिणाए).**

नाण. (ज्ञान)

त. **नाणेण, नाणेणं.** **नाणेहि, नाणेहिं, नाणेहिँ.**
च. **नाणाय, (नाणाए).**

प्राकृत वाक्योनुं संस्कृत-गुजराती

जो एगं जाणेइ, सो सव्वं जाणइ
य एकं जानाति, स सर्वं जानाति ।
જે એકને જાણે છે, તે સર્વને જાણે છે.

जे सव्वं जाणेइ, सो एगं जाणेइ ।
यः सर्वं जानाति, स एकं जानाति
જે સર્વને જાણે છે, તે એકને જાણે છે.

[३३]बुहा बुहे पिक्खन्ति किं मुरुक्खो[३३] ? ।
बुधा बुधान् प्रेक्षन्ते किं मूर्खः ? ।
પંડિતો પંડિતોને જુવે છે, મૂર્ખ શું (જોવાનો) ?.

---

૩૩ શબ્દની અંદર સ્વરની **પછી અસંયુક્ત જે ख-च-थ-थ અને प** નો ह થાય છે, તેમજ **ट** નો **ड**, **ठ** નો **ढ**, **ड** નો **ल**, **प** નો **व**, **क** નો **ग** તથા ह અને **ब** નો **व** પ્રાયઃ થાય છે અને **श-ष** નો **स** થાય છે (૧/૧૮૭, ૨૬૦, ?

णाइं करेमि रोसं । न करोमि रोषम् । હું ગુસ્સો કરતો નથી.

धणं दाणेण सहलं होइ । धनं दानेन सफलं भवति ।
ધન દાન વડે સફળ થાય છે.

समणा मोक्खाय जएन्ते । श्रमणा मोक्षाय यतन्ते ।
સાધુઓ મોક્ષ માટે યત્ન કરે છે.

बहिरो [३४]किमवि न सुणेइ । बधिरः किमपि न शृणोति ।
બહેરો માણસ કાંઈ પણ સાંભળતો નથી.

समणा नाणेण तवेण सीलेण य छज्जन्ते ।
श्रमणा ज्ञानेन, तपसा, शीलेन च राजन्ते ।
સાધુઓ જ્ઞાન વડે, તપ વડે અને શીલ વડે શોભે છે.

'ख'–मुहं (मुखम्)	'भ'–सहा (सभा)	'प'–उवमा (उपमा)
'घ'–मेहो (मेघः)	'ट'–घडो (घटः)	'फ'–सभरी;सहरी (शफरी)
'थ'–नाहो (नाथः)	'ठ'–मढो (मठः)	'ब'–सवलो (शबलः)
'ध'–साहू (साधुः)	'ड'–गरुलो (गरुडः)	'श'–सेसो (शेषः)
		'ष'–विशेसो (विशेषः)

धातुमां-कह् (कथ्), बोह् (बोध्), सोह् (शोभ्)
पील् (पीड्), अड् (अट्), लह् (लभ्), खिव् (क्षिव्).

---

३४ अपि કે अवि અવ્યય કોઈ પણ પદની પછી આવ્યા હોય તો તેના આદિનો अ વિકલ્પે લોપાય છે. (૧/૪૧) ઉદા-

तं अपि–तंपि (तदपि)	केणवि	(केनापि).
किं अपि–किंपि (किमपि)	केण अवि	

જ્યારે લોપ ન થાય ત્યારે વિકલ્પે संपि થાય છે.
तमवि (तदपि) किमवि (किमपि) केणावि (केनापि)
देवा अवि–देवावि (देवा अपि).

सावगो अज्ज [३५]पंकएहिं जिणे अच्चेज्ज ।

श्रावकोऽद्य पङ्कजैर्जिनान् अर्चति ।

શ્રાવક આજે કમલો વડે જિનેશ્વરોને પૂજે છે.

जणो कुढारेण कट्ठाइं छिंदइ । जनः कुठारेण काष्ठानि छिनत्ति ।

માણસ કુહાડા વડે લાકડાઓને કાપે છે.

पावो वहाइ जणं धाएइ । पापो वधाय जनं धावति ।

પાપી વધ માટે માણસ તરફ દોડે છે.

आयरिआ [३६]सीसेहिं सह विहरेइरे । आचार्याः शिष्यैः सह विहरन्ति ।

આચાર્યો શિષ્યો સાથે વિહાર કરે છે.

उज्जमेण सिज्झंति कज्जाणि न मणोरहेहिं ।

उद्यमेन सिध्यन्ति कार्याणि, न मनोरथैः ।

ઉદ્યમ વડે કાર્યો સિદ્ધ થાય છે, મનોરથો વડે નહિં.

रोगा ओसढेण नस्सन्ते । रोगा औषधेन नश्यन्ति ।

રોગો ઔષધ વડે નાશ પામે છે.

सीसा आइरिए विणएण वंदिरे । शिष्या आचार्यान् विनयेन वन्दन्ते ।

શિષ્યો આચાર્યોને વિનય વડે વંદન કરે છે.

सज्जणा कयाइ अप्पकेरं सहावं न छड्डिरे ।

सज्जनाः कदाचिद् आत्मीयं स्वभावं न त्यजन्ति ।

સજ્જનો કયારેય પોતાના સ્વભાવને છોડતા નથી.

---

૩૫ શબ્દની અંદર રહેલ અનુસ્વાર પછી વર્ગીયવ્યંજન આવે તો અનુસ્વારનો તે વર્ગનો અનુનાસિક વિકલ્પે થાય છે. (૧/૩૦)

ङ्–अंगारो–अङ्गारो (अङ्गारः)	ण्–दंडो–दण्डो (दण्डः)
ङ्–संघो–सङ्घो (सङ्घः)	न्–चंदो–चन्दो (चन्द्रः)
ङ्–संखो–सङ्खो (शङ्खः)	म्–कंपइ–कम्पइ (कम्पते)
ञ्–कंचुओ–कञ्चुओ–(कञ्चुकः)	म्–बंभणो–बम्भणो(ब्राह्मणः)

૩૬ વિણા અવ્યયના યોગમાં બીજી, ત્રીજી અને પાંચમી વિભક્તિ મૂકાય છે. તેમજ સહ અવ્યય અને તે અર્થવાળા બીજા અવ્યયો જે નામની સાથે જોડાય છે, તે નામ ત્રીજી વિભક્તિમાં મૂકાય છે.

७. धम्मं विणा सुहं न लहेज्ज । नाणेण सह समणा सोहंते ।

वाहो मिगे सरेहिं पहरेइ । व्याधो मृगाञ् शरैः प्रहरति ।
, शीકારી હરણોને બાણો વડે પ્રહાર કરે છે.
सीलेण सोहए देहो न वि भूसणेहिं । शीलेन शाभते देहः, नाऽपि भूषणैः ।
સદાચાર વડે દેહ શોભે છે, પણ આભૂષણો વડે નહિં.
धणेण रहिओ जणो [३७]सव्वत्थ अवमाणं पावेज्ज ।
धनेन रहितो जनः सर्वत्राऽपमानं प्राप्नोति ।
ધન વગરનો માણસ બધે ઠેકાણે અપમાન પામે છે.

बुहो *फरुसेहिं वक्केहिं कंपि न पीलेइ ।
बुधः परुषैर्वाक्यैः कमपि न पीडयति ।
ડાહ્યો માણસ કઠોર વાક્યો વડે કોઈને પણ પીડા કરતો નથી.
भावेण सव्वे सिद्धे नमिमो ।
भावेन सर्वान् सिद्धान् नमामः ।
અમે ભાવ વડે સર્વ સિધ્ધોને નમીએ છીએ.
वीयरागा नाणेण [३८]लोगमलोगं च मुणेइरे ।
वीतरागा ज्ञानेन लोकमलोकं च जानन्ति ।
વીતરાગો જ્ઞાન વડે લોક અને અલોકને જાણે છે.
संघो तित्थं अडइ । संङ्घस्तीर्थमटति । સંઘ તીર્થમાં જાય છે.

---

૩૭ જે અવ્યયને અન્તે त्र હોય તેને બદલે हि–ह–त्थ આવે છે. (૨/૧૬૧)

जहि, जह, जत्थ (यत्र).	कहि, कह, कत्थ (कुत्र).
तहि, तह, तत्थ (तत्र).	अन्नहि, अन्नह, अन्नत्थ (अन्यत्र).

* વિશેષણને વિશેષ્યનાં જ જાતિ, વચન અને વિભક્તિ લાગે છે.

૩૮ નિષેધ બનાવવાને માટે વ્યંજનથી શરૂ થતા શબ્દના આરંભમાં 'अं' અને સ્વરથી શરૂ થતા શબ્દના આરંભમાં 'अण' મૂકાય છે.

न लोगो–अलोगो (अलोकः)	न आयारो=अणायारो (अनाचारः)
न सच्चं–असच्चं (असत्यम्)	न एगो=अणेगो (अनेकः)

[૧]આયારો [૨]પરમો [૩]ધમ્મો, [૪]આયારો [૫]પરમો [૬]તવો ।
[૭]આયારો [૮]પરમં [૯]નાણં, [૧૦]આયારેણ [૧૧]ન [૧૨]હોઇ [૧૩]કિં ? ॥ ૧ ॥

આચારः परमः धर्मः, आचारः परमं तपः ।
आचारः परमं ज्ञानम्, आचारेण किं न भवति ? ॥ ૧ ॥

આચાર શ્રેષ્ઠ ધર્મ છે, આચાર ઉત્તમ તપ છે. આચાર પરમ જ્ઞાન છે, આચાર વડે શું નથી ? ૧.

ગુજરાતી વાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

કામ માણસને દુઃખ આપે છે. **मयणो जणं बाहए** । मदनो जनं बाधते
ચંદ્ર વડે આકાશ શોભે છે. **चंदेण गयणं छज्जइ** । चन्द्रेण गगनं शोभते
જન્મ વડે બ્રાહ્મણ થતો નથી, પણ આચાર વડે થાય છે.

[૧૪]जम्मेण बंभणो न होइ, अवि आयारेण होइ ।
जन्मना ब्राह्मणो न भवति, अप्याचारेण भवति ।

લોભ માણસને પીડે છે. लोहो जणं पीलइ । **लोभो जनं पीडयति** ।
રાજાઓ ન્યાય વડે રાજ્ય કરે છે. **निवा नायेण रज्जं करेन्ति** ।
नृपा न्यायेन राज्यं कुर्वन्ति ।
પાપ વડે મનુષ્ય નરકમાં જાય છે અને ધર્મ વડે સ્વર્ગમાં જાય છે.
पावेण जणो नरयं गच्छइ, धम्मेण य सग्गं गच्छइ ।
पापेन जनो नरकं गच्छति, धर्मेण च स्वर्गं गच्छति ।
મોર વાદળા વડે ખુશ થાય છે. **मोरो मेहेण तूसइ** । मयूरो मेघेन तुष्यति ।
તમે બે નૃત્યની સાથે ગાયન કરો છો. **तुब्भे वे नच्चेण सह गाणं करेह** ।
युवां द्वौ नृत्येन सह गायथः ।

---

૧૪ શબ્દની અંદર न્મ હોય તો म्म થાય અને ग्म નો म्म વિકલ્પે થાય છે. (૨/૬૧, ૬૨)

जम्मो (जन्मन्)	जुम्मं / जुग्गं (युग्मम्),	तिम्मं / तिग्गं	(तिग्मम्).
वम्महो (मन्मथः)			

(બે) હાથ વડે તમે પુષ્પ ગ્રહણ કરો છો.

हत्थेहिं तुब्भे [४०]पुप्फाइं गिण्हइत्था ।

हस्ताभ्यां यूयं पुष्पाणि गृह्णीथ ।

સાધુ જ્ઞાન વિના સુખ મેળવતા નથી.

समणा नाणं विणा सुहं न पावेन्ति ।

श्रमणा ज्ञनं विना सुखं न प्राप्नुवन्ति ।

અમે સ્તોત્રો વડે જિનેશ્વરની સ્તુતિ કરીએ છીએ.

अम्हे थोत्तेहिं जिणं थुणिमो । वयं स्तोत्रैर्जिनं स्तुमः ।

લુચ્ચો સજ્જનોને નિંદે છે. **सढो सज्जणे निंदेइ ।**

शठः सज्जनान् निन्दति ।

ઉપાધ્યાય સૂત્રોનો ઉપદેશ કરે છે. **उवज्झायो सुत्ताइं उवदिसइ ।**

उपाध्यायः सूत्राण्युपदिशति ।

મૂર્ખ દીવા વડે વસ્ત્રો બાળે છે. **मुक्खो दीवेण वत्थाइं दहइ ।**

मूर्खो दीपेन वस्त्राणि दहति ।

અમે પુષ્પોવડે જિનબિંબની પૂજા કરીએ છીએ.

अम्हे पुप्फेहिं जिणबिंबं अच्चेमो ।

वयं पुष्पैर्जिनबिम्बमर्चामः ।

માણસ ધર્મવડે સર્વ ઠેકાણે સુખ પામે છે.

जणो धम्मेण सव्वत्थ सुहं लहइ ।

जनो धर्मेण सर्वत्र सुखं लभते ।

---

૪૦ શબ્દની અંદર સ્પ અને ષ્પ નો પ્ફ થાય છે. અને આદિમાં હોય તો ફ થાય છે. (૨/૫૩)

'ષ્પ'–पुप्फं (पुष्पम्)	'સ્પ'–फासो (स्पर्शः)
'ષ્પ'–निप्फावो (निष्पावः)	'સ્પ'–फंदणं (स्पन्दनम्)
'સ્પ'–बिहप्फई (बृहस्पतिः)	'સ્પ'–फद्धा (स्पर्धा)

પંડિત પણ મૂર્ખાઓને ખુશ કરી શકતા નથી.

बुहा वि मुरुक्खे न पीणन्ति ।

बुधा अपि मूर्खान् न प्रीणयन्ति ।

સાધુઓ કામ, ક્રોધ અને લોભને જીતે છે.

समणा कामं, कोहं, लोहं च जिणन्ति ।

श्रमणाः कामं, क्रोधं, लोभं च जयन्ति ।

વીર શસ્ત્રો ફેંકે છે. **वीरो सत्थाइं खिवइ ।** वीरश्शस्त्राणि क्षिपति ।

અમે બે સંઘની સાથે તીર્થ તરફ જઈએ છીએ.

अम्हो दो संघेण सह तित्थं गच्छिमो ।

आवां द्वौ सङ्घेन सह तीर्थं गच्छावः ।

વાચાલ માણસ કાંઈ પણ કરી શકતો નથી.

मुहरो जणो किमवि न करेइ ।

मुखरो जनः किमपि न करोति ।

જે તત્ત્વ જાણે છે, તે પંડિત છે.

जो तत्त्वं मुणइ, सो बुहो अत्थि ।

यस्तत्त्वं जानाति, स बुधोऽस्ति ।

પાઠ ૯ મો

अકારાન્ત નામ.

પંચમી અને છઠ્ઠી વિભક્તિ.

પ્રત્યયો.

(૩/૮, ૯, ૧૦, ૬)

	એકવચન	બહુવચન
અકારાન્ત પુંલ્લિંગ	પં.–त्तो, ओ, उ, * (तो–तु), हि, हिन्तो,०(लुक्).	त्तो, ओ, उ, (तो–तु), हि, हिन्तो, सुन्तो. एहि, एहिन्तो, एसुन्तो
	छ.–स्स.	ण, णं

अકારાન્ત નપુંસક-પુંલ્લિંગ પ્રમાણે.

૧. **त्तो** અને એકારાદિ પ્રત્યયો વિના પંચમી વિભક્તિના સર્વે પ્રત્યયો લગાડતાં પૂર્વના **अ** નો **आ** થાય છે. (૩/૧૨, ૧૩) જેમકે-**देव+ओ=देवाओ, देव+हिन्तो=देवाहिन्तो, देव+त्तो=देवत्तो.**

૨. એકારાદિ પ્રત્યયોની પૂર્વે **अ** નો લોપ થાય છે. (૩/૧૫) જેમકે-**देव+एहि=देवेहि.**

૩. ૫ષ્ઠી વિભક્તિના બહુવચનના પ્રત્યયો લગાડતાં પૂર્વના અ, ઇ, ઉ દીર્ઘ થાય છે. (૩/૧૨) જેમકે-**देव+णं=देवाणं.**

जिण. (जिन)

પં.	**जिणत्तो, जिणाओ, जिणाउ, जिणाहि, जिणाहिन्तो, जिणा.**	**जिणत्तो, जिणाओ, जिणाउ, जिणाहि, जिणाहिन्तो, जिणासुन्तो**

---

* **तो–तु** આ પ્રત્યયવાળાં પંચમીનાં રૂપો વસુદેવહિણ્ડિ આદિ પ્રાકૃતકથાઓમાં તેમજ સૂત્રોની ચૂર્ણિ આદિમાં બહુ જ વપરાયેલાં છે.

		जिणेहि, जिणेहिन्तो,
		जिणेसुन्तो,
छ.	जिणस्स.	जिणाण, जिणाणं.

नाण (ज्ञान)

पं.	नाणत्तो, नाणाओ, नाणाउ,	नाणत्तो, नाणाओ, नाणाउ,
	नाणाहि, नाणाहिन्तो, नाणा.	नाणाहि, नाणाहिन्तो, नाणासुन्तो
		नाणेहि, नाणेहिन्तो, नाणेसुन्तो.
छ	नाणस्स.	नाणाण, नाणाणं.

પ્રાકૃતવાક્યોનું સંસ્કૃત-ગુજરાતી

[૪૧]नमो सिद्धाणं । नमः सिद्धेभ्यः । **સિદ્ધોને નમસ્કાર થાઓ.**
नमो उवज्झायाणं । नम उपाध्यायेभ्यः । **ઉપાધ્યાયોને નમસ્કાર થાઓ.**
समणा [૪૨]सव्वय च्चिअ [૪૩]आवासयं कम्मं समायरंति ।
श्रमणाः सर्वदैवाऽऽवश्यकं कर्म समाचरन्ति ।
સાધુઓ હંમેશાં નિશ્ચે આવશ્યક ક્રિયા કરે છે.

---

૪૧ नमो અવ્યયના યોગમાં છઠ્ઠી વિભક્તિ મૂકાય છે. ઉદા. नमो जिणाणं(नमो जिनेभ्यः) ।

૪૨ અવ્યયમાં આ નો અ વિકલ્પે થાય છે.(૧/૬૭)

जह–जहा (यथा)	अहव–अहवा– (अथवा)
तह–तहा (तथा)	व–वा (वा)

૪૩ य्–र् व्–श्–ष्–स् એ વ્યંજનો श–ष–स ની સાથે પૂર્વે કે પછી જોડાયેલા હોય તો તે વ્યંજનનો ૪૪-૪૫ નિયમાનુસાર લોપ થયે છતે પૂર્વના હ્રસ્વસ્વર દીર્ઘ થાય છે. (૧/૪૩)ઉદા.-

ंश्यं–आवासयं (आवश्यकम्)	ंश्यं–नासइ (नश्यति)

जह [४४]छप्पआ उप्पलाणं रसं पिविरे, ताइं च न पीलंति, तह समणा संति ।
यथा षट्पदा उत्पलानां रसं पिबन्ति, तानि च न पीडयन्ति, तथा श्रमणाः सन्ति ।
જેમ ભમરાઓ કમળોનો રસ પીવે છે અને તેઓને પીડા કરતા નથી, તેમ સાધુઓ હોય છે.
जो खमइ, सो धम्मं सुट्ठु आराहेइ ।
यः क्षमते, स धर्मं सुष्ठु आराध्यति ।
જે ક્ષમા કરે છે, તે ધર્મને સારી રીતે આરાધે છે.

'श्रं'–वीसामो (विश्रामः)	'र्षं'–कासओ (कर्षकः)
'र्शं'–संफासो (संस्पर्शः)	'ष्वं'–वीसुं (विष्वक्)
'श्वं'–आसो (अश्वः)	'ष्क्तं'–नीसित्तो (निष्क्तः)
वीससइ (विश्वसिति)	'स्यं'–सस्सं (शस्यम्)
'श्शं'–मणासिला (मनश्शिला)	'स्वं'–विकासरो (विकस्वरः)
'ष्यं'–सीसो (शिष्यः)	'स्सं'–नीसहो (निस्सहः)

અપવાદ-કોઈ ઠેકાણે આ નિયમ લાગતો નથી ત્યારે (૪૪-૪૫) નિયમાનુસારે શેષ રહેલ શ–ષ–સ પ્રયોગને અનુસારે દ્વિત્વ થાય છે.

'श्यं'–आवस्सयं(आवश्यकम्)	'ष्यं'–सिस्सो (शिष्यः)
'श्यं'–नस्सइ (नश्यति)	'र्षं'–कस्सओ (कर्षकः)
'श्रं'–विस्सामो (विश्रामः)	'ष्क्तं'–निस्सित्तो (निष्क्तः)
'श्वं'–अस्सो (अश्वः)	'स्यं'–सस्सं (शस्यम्)
'श्वं'–विस्सइ (विश्वसिति)	स्वं'–विकस्सरो (विकस्वरः)
'श्शं'–मणस्सिला (मनश्शिला)	'स्सं'–निस्सहो (निस्सहः)

૪૪. સંયુક્ત વ્યંજનનો પ્રથમ અક્ષર જો क्–ग्–ट्–ड्–त्–द्–प्–य्–श्–ष्–स् અને क,– प હોય તો લોપ થાય છે, લોપ થયા પછી શેષ વ્યંજન, તેમજ સંયુક્ત વ્યંજનને સ્થાને થયેલો આદેશભૂત વ્યંજન જો શબ્દની આદિમાં ન હોય તો દ્વિત્વ થાય છે, (દ્વિત્વ થયેલ વ્યંજન વર્ગીય બીજો કે ચોથો અક્ષર હોય તો દ્વિત્વના

बुहो नरिंदस्स संतोसाय [४५]कव्वाइं रएइ ।
बुधो नरेन्द्रस्य संतोषाय काव्यानि रचयति ।

ડાહ્યો માણસ રાજાના સંતોષ માટે કાવ્યો રચે છે.

પહેલાં વ્યંજનને સ્થાને અનુક્રમે વર્ગનો પહેલો ને ત્રીજો મૂકાય છે. (નિ.૧૭મો જુઓ.)

અપવાદ-દીર્ઘસ્વર તથા અનુસ્વાર પછી શેષવ્યંજન તથા આદેશભૂત વ્યંજન દ્વિત્વ થાય નહિં. તેમજ ર–હ કોઈ પણ સ્થાને દ્વિત્વ પામતા નથી. (૨/૭૭, ૮૯, ૯૦, ૯૨, ૯૩) ઉદા.

'क्'–भुत्तं (भुक्तम्)	'ष्'–निट्ठुरो (निष्ठुरः)
'ग्'–दुद्धं (दुग्धम्)	'स्'–नेहो (स्नेहः)
'द्'–छप्पओ (षट्पदः)	'क'–दुक्खं (दुःखम्)
'ड्'–खग्गो (खड्गः)	'प'–अन्तप्पाओ (अन्तःपातः)
'त्'–उप्पलं (उत्पलम्)	दीर्घस्वर–फासो (स्पर्शः)
'द्'–मोग्गरो (मुद्गरः)	अनुस्वार–संझा (सन्ध्या)
'प्'–सुत्तो (सुप्तः)	'र'–बम्हचेरं (ब्रह्मचर्यम्)
'श्'–निच्चलो (निश्चलः)	'ह'–विहलो (विह्वलः)

આદેશભૂતવ્યંજન-क्षનો ख જક્ખો (यक्षः); खઓ (क्षयः)

૪૫ સંયુક્ત વ્યંજનને અંતે म्–न्–य्–ल्–व्–ब्–र् હોય તથા સંયુક્ત વ્યંજનનો પહેલો વ્યંજન ल्–व्–ब्–र् હોય તો લોપ થાય છે. (જ્યાં બંને વ્યંજનોનો લોપ થતો હોય ત્યાં પ્રયોગને અનુસારે બેમાંથી એકનો લોપ કરવો.) (૨/૭૮,૭૯) જેમકે-कव्वं (काव्यम्), पक्कं (पक्वम्), सण्हं–लण्हं (श्लक्ष्णम्), दारं–वारं (द्वारम्).

'म्'–सरो (स्मरः)	'व्'–पक्कं (पक्वम्)
'न्'–नग्गो (नग्नः)	'ब्'–सद्दो (शब्दः)
'य्'–वाहो (व्याघः)	'र्'–चक्कं (चक्रम्)
'ल्'–सण्हं (श्लक्ष्णम्)	'र्'–अक्को (अर्कः)
'ल्'–वक्कलं (वल्कलम्)	'र्'–वग्गो (वर्गः)

अईव नेहो दुहस्स मूलमत्थि । अतीव स्नेहो दुःखस्य मूलमस्ति ।

અત્યંત સ્નેહ દુઃખનું મૂળ છે.

धम्मस्स फलमिच्छंति, धम्मं नेच्छन्ति मणूसा ।

धर्मस्य फलमिच्छन्ति, धर्मं नेच्छन्ति मनुष्याः ।

માણસો ધર્મના ફળને ઈચ્છે છે, ધર્મને ઈચ્છતા નથી.

समणो सावगाणं जिणेसराणं चरितं वक्खाणेइ ।

श्रमणः श्रावकेभ्यो जिनेश्वराणां चरित्रं व्याख्याति ।

સાધુ શ્રાવકોને જિનેશ્વરોનું ચરિત્ર કહે છે.

बालो सप्पस्स दंसणेण डरइ, किं पुण संफासेण ? ।

बालः सर्पस्य दर्शनेन बिभेति, किं पुनः संस्पर्शेन ? ।

બાલક સર્પને જોવાથી ડર છ, તો વળી સ્પર્શ વડે શું ?

मुणिंदो सीसाणं सुत्ताणमट्ठं उवदिसइ ।

मुनीन्द्रः शिष्येभ्यः सूत्राणामर्थमुपदिशति ।

આચાર્ય શિષ્યોને સૂત્રોના અર્થનો ઉપદેશ કરે છે.

नाणं तत्ताणं पयासगं होइ । ज्ञानं तत्त्वानां प्रकाशकं भवति ।

જ્ઞાન તત્ત્વોનો પ્રકાશ કરનાર છે.

धम्मो कासइ न [४६]रोएइ ? धर्मः कस्मैचित् न रोचते ?

ધર્મ કોને ગમતો નથી ?

निट्ठुरो पावेहिंतो धम्मं वंछइ । निष्ठुरः पापेभ्यो धर्मं वाञ्छति ।

નિર્દય માણસ પાપોથી ધર્મને ઈચ્છે છે.

आणंदो सावगो दंसणत्तो न कया चलइ ।

आनन्दः श्रावको दर्शनान्न कदा चलति ।

આનંદ શ્રાવક સમ્યક્ત્વથી કયારે ય ચલાયમાન થતો નથી.

---

૪૬ આ ધાતુના યોગમાં જેને પસંદ પડતું હોય, તે શબ્દની છઠ્ઠી વિભક્તિ આવે છે. ઉદા. बालाणं दुद्धं रुच्चइ ।

पव्वयाणं मंदरो निच्चलो अत्थि । पर्वतानां मन्दरो निश्चलोऽस्ति ।

પર્વતોમાં મેરુપર્વત નિશ્ચલ છે.

सो पमाया सुत्तं पुत्तं पहरेइ । स प्रमादात् सुप्तं पुत्रं प्रहरति ।

તે ભૂલથી સુતેલા પુત્રને મારે છે.

अट्ठाए गामाओ गाममडंति बंभणा ।

अर्थाय ग्रामाद् ग्राममटन्ति ब्राह्मणाः ।

બ્રાહ્મણો ધન માટે (એક)ગામથી (બીજે) ગામ ભટકે છે.

तस्स वच्छस्स पक्काइं फळाइं अईव महुराणि संति ।

तस्य वृक्षस्य पक्वानि फलान्यतीव मधुराणि सन्ति ।

તે વૃક્ષના પાકાં ફલો ઘણાં મીઠાં છે.

धम्मिओ सइ दीणाणं जणाणं धन्नाइं देइ ।

धार्मिकः सदा दीनेभ्यो जनेभ्यो धान्यानि ददाति ।

ધર્મિષ્ઠ માણસ હંમેશા ગરીબ માણસોને ધાન્ય આપે છે.

जस्स धम्मो व अट्ठो अत्थि, तं नरं सव्वे अवेक्खिरे ।

यस्य धर्मो वाऽर्थोऽस्ति, तं नरं सर्वे अपेक्षन्ते ।

જેની પાસે ધર્મ અથવા ધન છે, તે માણસની બધા અપેક્ષા કરે છે.

सो नग्गो भमइ, जणेहिंतो वि न लज्जइ ।

स नग्नो भ्रमति, जनेभ्योऽपि न लज़्जते ।

તે નાગો ફરે છે, લોકોથી પણ શરમાતો નથી.

धम्मो सुहाणं मूलं, दप्पो मूलं विणासस्स ।

धर्मः सुखानां मूलं, दर्पो मूलं विनाशस्य ।

ધર્મ સુખોનું મૂળ છે, અભિમાન વિનાશનું મૂળ છે.

[1]धिद्धि [2]मूढा [3]जीवा, [4]कुणंति [5]गुरुए [6]मणोरहे [7]विविहे ।
[10]न [8]उ [11]जाणंति [9]वराया, [12]झायइ [13]दइवं [14]किमवि [15]अन्नं ॥२॥

धिग् धिक्, मूढा जीवाः, विविधान् गुरुकान् मनोरथान् कुर्वन्ति ।
वराकास्तु न जानन्ति, दैवं किमप्यन्यत् ध्यायति ॥ २ ॥

ધિક્કાર છે કે મૂર્ખ જીવો વિવિધ પ્રકારના મોટા મનોરથો કરે છે, પરંતુ તે બિચારા જાણતા નથી કે નશીબ કાંઈક બીજું વિચારે છે. ૨

[1]विणया [2]णाणं [3]णाणाओ, [4]दंसणं [5]दंसणाहि [6]चरणं च ।
[7]चरणाहिंतो [8]मुक्खो, [9]मोक्खे [10]सोक्खं [11]अणाबाहं ॥ ३ ॥

विनयाज् ज्ञानं, ज्ञानाद् दर्शनं, दर्शनाच्चरणं च ।
चरणान् मोक्षः, मोक्षे सौख्यमनाबाधम् ॥ ३ ॥

વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન, દર્શનથી ચારિત્ર અને ચારિત્રથી મોક્ષ, મોક્ષમાં પીડા વગરનું સુખ છે. ૩

ગુજરાતીવાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

સજ્જન પુરુષો પાપીઓનો વિશ્વાસ રાખતા નથી.
सज्जणा पावे न वीससन्ति । **सज्जनाः पापान् न विश्वसन्ति ।**

સિંહના શબ્દવડે મનુષ્યોનાં હૃદય કંપે છે.
सिंघस्स सद्देण जणाणं हिययाइं कंपेन्ति ।
सिंहस्य शब्देन जनानां हृदयानि कम्पन्ते ।

સાધુઓનો સમુદાય જિનેશ્વરની સાથે મોક્ષમાં જાય છે.
समणाणं संघो जिणेण सह मोक्खं गच्छइ ।
श्रमणानां सङ्घो जिनेन सह मोक्षं गच्छति ।

મૂર્ખાઓ ચારિત્રની શ્રદ્ધા રાખતા નથી. मुरुक्खा चरित्तं न सद्दहेन्ति ।
मूर्खाश्चारित्रं न श्रद्दधति ।

જીવો અને અજીવોને પ્રકાશ કરનારું શું છે ?
जीवाणं अजीवाणं च पयासगं किं अत्थि ? ।

जीवानामजीवानां च प्रकाशकं किमस्ति ?

જે ચારિત્રની શ્રદ્ધા કરે છે, તે ભાવથી શ્રાવક છે.

जो चारित्तं सद्दहेइ, सो भावत्तो सावगो अत्थि ।

यश्चारित्रं श्रद्दधाति स भावतः श्रावकोऽस्ति ।

તે ઘેરથી નીકળે છે અને સાધુ થાય છે.

सो घरत्तो निग्गच्छइ, समणो य होइ ।

स गृहान्निर्गच्छति, श्रमणश्च भवति ।

પશ્ચાતાપથી પાપો નાશ પામે છે. पच्छायावत्तो पावाइं नस्सन्ति ।

पश्चात्तापतः पापानि नश्यन्ति ।

શિષ્યો ઉપાધ્યાયની પાસે અધ્યયન ભણે છે.

सीसा उवज्झायाउ अज्झयणं भणेन्ति ।

शिष्या उपाध्यायादध्ययनं भणन्ति ।

ન્યાયમાર્ગનું ઉલ્લંઘન કરે છે, તે દુઃખ પામે છે.

जो नायमग्गं अइक्कमइ, सो दुहं पावइ ।

यो न्यायमार्गमतिक्राम्यति, स दुःखं प्राप्नोति ।

રાજા કાવ્યો વડે પંડિતોની પરીક્ષા કરે છે. निवो कव्वेहिं विबुहे परिक्खइ ।

नृपः काव्यैर्विबुधान् परीक्षते ।

વાઘથી માણસ ભય પામે છે. वग्घत्तो जणो बिहेइ । **व्याघ्राज्जनो बिभेति ।**

સંઘ ધર્મની વિરુદ્ધ સહન કરતો નથી. संघो धम्मस्स विरुद्धं न सहइ ।

सङ्घो धर्मस्य विरुद्धं न सहते ।

ધર્મીજન પાપોથી ડરે છે. धम्मिओ जणो पावेहिन्तो डरइ ।

धार्मिको जनः पापेभ्यस्त्रस्यति ।

કોઈનું ધન હરણ કરવું તે પાપ છે. कासइ धणस्स हरणं पावं अत्थि ।

कस्यचिद् धनस्य हरणं पापमस्ति ।

જેઓ જિનેશ્વરનું વચન ઉલ્લંઘન કરે છે, તેઓ સુખ પામતા નથી.

જે જિણસ્સ વયણં અइક્કમેન્તિ તે સુહં ન પાવેન્તિ ।

ये जिनस्य वचनमतिक्रमन्ते, ते सुखं न प्राप्नुवन्ति ।

તું વિનયથી સારી રીતે શોભે છે. તું વિણएण सुट्ठु छज्जसे ।

त्वं विनयेन सुष्ठु शोभसे ।

તેને ધિક્કાર હોજો કે તે બધાને નિંદે છે. तं धिद्धि, सो सव्वं निंदइ ।

तं धिग् धिक्, स सर्वान् निन्दति ।

તે ધાન્ય વેચે છે અને ઘણું દ્રવ્ય કમાય છે.

सो धन्नं विक्कइ, बहुं च दव्वं विढवेइ ।

स धान्यं विक्रीणाति, बहु च द्रव्यमुपार्जयति ।

તું તેને ફોગટ નિંદે છે. तुं तं मुहा निंदेसि । **त्वं तं मिथ्या निन्दसे ।**

શિષ્યો હંમેશા સૂત્રોનાં અધ્યયનોની આવૃત્તિ કરે છે.

सीसा सया सुत्ताणं अज्झयणाइं परावट्टन्ति ।

शिष्याः सदा सूत्राणामध्ययनानि परावर्तन्ते ।

બાળકને દૂધ પસંદ પડે છે. वच्छस्स दुद्धं रुच्चइ । **वत्साय दुग्धं रोचते ।**

પાઠ ૧૦ મો

અકારાન્ત નામ.

सत्तमी विभक्ति तथा संबोहण.

પ્રત્યયો. (૩/૧૧, ૩૮, ૪, ૧૨)

		એકવચન	બહુવચન
અકારાન્ત પુંલિંગ	સ.–ए, म्मि (सि)		सु, सुं.
	સં.–ओ, आ ०, (ए)		आ.

અકારાન્ત નપુંસક-પુંલ્લિંગ પ્રમાણે.

૧. सि પ્રત્યય લગાડતા પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર મૂકાય છે. જેમકે-**समणंसि (श्रमणे), घरंसि (गृहे)**

૨. નપુંસકલિંગના સંબોધનના એકવચનમાં મૂલરૂપ જ થાય છે. તેમજ બહુવચન પણ પ્રથમાના તે તે રૂપ જેવું જ થાય છે.

जिण (जिन)

સ.	**जिणे, जिणम्मि, जिणंसि.**	**जिणेसु, जिणेसुं.**
સં.	**हे जिण, जिणो, जिणा, जिणे.**	**जिणा.**

नाण (ज्ञान)

સ.	**नाणे, नाणम्मि, नाणंसि.**	**नाणेसु, नाणेसुं.**
સં.	**हे नाण.**	**नाणाइं, नाणाइँ, नाणाणि.**

૩. સર્વનામના રૂપો વિસ્તારથી આગળ કહેવામાં આવશે, પણ જે રૂપોમાં વિશેષ ફેરફાર નથી, તે રૂપો અત્રે આપવામાં આવે છે. સર્વનામ શબ્દોનાં રૂપો અને પ્રત્યયો અકારાન્ત પુંલ્લિંગ અને નપુંસકલિંગના જેવા છે. પણ પ્રથમાના બહુવચનમાં ए પ્રત્યય અને સપ્તમીના એકવચનમાં **स्सिं, म्मि, त्थ, हिं,** પ્રત્યયો લગાડાય છે તથા ષષ્ઠીના બહુવચનમાં **ण्हं** પ્રત્યય વિકલ્પે લગાડાય છે.

અપવાદ-इम (इदम्) ને एअ (एतद्) સર્વનામને સપ્તમીના એકવચનનો हिं પ્રત્યય લાગતો નથી. (૩/૫૮, ૫૯, ૬૦, ૬૧) ઉદા.-

પ. બ. सव्वे, છ. બ.–सव्वेसिं, सव्वाण, सव्वाणं,

સ. એ. सव्वस्सिं, सव्वम्मि, सव्वत्थ, सव्वहिं, सव्वंसि.

પુંલ્લિંગ त (तद्) શબ્દનાં રૂપો.

પ.	स, सो, से.	ते.
બી.	तं	ते, ता.
ત.	तेण, तेणं.	तेहि, तेहिं, तेहिँ
ચ.	तस्स, ताए.	तेसिं, ताण, ताणं.
પ.	तत्तो, ताओ, ताउ, ताहि, ताहिन्तो, ता.	तत्तो, ताओ, ताउ, ताहि, ताहिन्तो, तासुन्तो, तेहि, तेहिन्तो, तेसुन्तो.
છ.	तस्स.	तेसिं, ताण, ताणं.
સ.	*तस्सिं, तम्मि, तत्थ, तहिं, तंसि.	तेसु, तेसुं.

त (तद्) વગેરે સર્વનામોનાં સંબોધનમાં રૂપો થતાં નથી.

નપુંસકલિંગ.

પ., બી.	तं	ताइं, ताईँ, ताणि.

બાકીનાં પુંલ્લિંગ પ્રમાણે.

પુંલ્લિંગ એअ–एत (एतद्)

પ.	एस, एसो, एसे.	एए,
બી.	एअं	एए, एआ.
ત.	एएण, एएणं.	एएहि–हिं–हिँ
સ.	एअस्सिं, एअम्मि, *एत्थ, एअंसि.	एएसु, एएसुं

બાકીના 'त' શબ્દ પ્રમાણે.

* त्थ પ્રત્યયની પૂર્વે एअ ના अનો લોપ થાય છે.

નપુંસકલિંગ.

પ. બી. એઅં — એઆइं, એઆઁ, એઆणि

બાકીનાં પુંલ્લિંગ પ્રમાણે.

પુંલ્લિંગ.		નપુંસકલિંગ.	
એ.	બ	એ.	બ.
જ (यत्)		જ(यत्)	
પ. જો, જે.	જે,	પ. } જં.	જાइं, જાઁ,
બી. જં.	જે, જા.	બી. }	જાणि.
બાકીનાં 'तं' શબ્દ પ્રમાણે.		બાકીનાં પુંલ્લિંગ પ્રમાણે.	

ક (किम्)		ક (किम्)	
પ. કો, કે.	કે.	પ. } किं.	काइं, काઁ,
બી. કં	કે, કા.	બી. }	काणि.
બાકીનાં 'त' પ્રમાણે.		બાકીનાં પુંલ્લિંગ પ્રમાણે.	

इम (इदम्)		इम (इदम्)	
પ. ઇમો, ઇમે.	ઇમે.		
બી. ઇમં.	ઇમે, ઇમા.		
સ. ઇમસ્સિં,		પ. } ઇમં.	ઇમાइं, ઇમાઁ,
ઇમમ્મિ,	ઇમેસુ,	બી. }	ઇમાणि.
ઇમત્થ, ઇમંસિ.	ઇમેસું		
બાકીનાં 'त' શબ્દ પ્રમાણે.		બાકીનાં પુંલ્લિંગ પ્રમાણે.	

પ્રાકૃતવાક્યોનું સંસ્કૃત - ગુજરાતી

હે [૪૭]खમાસમણ ! हं मत्थएण वंदामि ।

હે क्षमाश्रमण ! अहं मस्तकेन वन्दे ।

હે ક્ષમાપ્રધાન મુનિ ! હું મસ્તક વડે વંદન કરું છું.

૪૭ શબ્દની અંદર क्षનો ખ્ખ અને કોઈ ઠેકાણે च्छ–ज्झ પણ થાય છે અને આદિમાં હોય તો ख–छ–झ થાય છે. (૨/૩)

सव्वेसुं धम्मेसु जत्थ पाणाइवाओ न विज्जइ, सो धम्मो सोहणो होइ ।

सर्वेषु धर्मेषु यत्र प्राणातिपातो न विद्यते, स धर्मः शोभनो भवति ।

દરેક ધર્મોમાં જ્યાં જીવહિંસા નથી, તે ધર્મ સારો છે.

जक्खो समणाणं [४८]साहज्जं कुणेइ । यक्षः श्रमणानां साहाय्यं करोति ।

યક્ષ સાધુઓને સહાય કરે છે.

वुड्ढतणे वि मूढाणं नराणं विसया न उवसमन्ते ।

वृद्धत्वेऽपि मूढानां नराणां विषया नोपशाम्यन्ति ।

ઘડપણમાં પણ મૂર્ખ માણસોના વિષયો શાંત થતા નથી.

पच्चूसे सो उज्जाणं जाइ, तत्थ थिआइं पुप्फाइं जिणिंदाणमच्चणाय घरं आणेइ ।

प्रत्यूषे स उद्यानं याति, तत्र स्थितानि पुष्पाणि जिनेन्द्राणामर्चनाय गृहमानयति ।

તે સવારે બગીચામાં જાય છે, ત્યાં રહેલા પુષ્પોને જિનેશ્વરોની પૂજા માટે ઘરે લાવે છે.

समणा चेइएसु निच्चं वच्चिरे, देवे य वंदंति ।

श्रमणाश्चैत्येषु नित्यं व्रजन्ति, देवांश्च वन्दन्ते ।

જિનાલયોમાં મુનિઓ હંમેશાં જાય છે અને દેવોને વાંદે છે.

खओ (क्षयः)	रिच्छो } (ऋक्षः)	खीणं
खीरं } (क्षीरम्)	रिक्खो }	छीणं } (क्षीणम्)
छीरं }	सरिच्छो (सदृक्षः)	झीणं }
		वच्छो (वृक्षः)

४८ शब्दनी अंदर द्य, य्य, र्य होय तो 'ज्ज' थाय अने आदिमां होय तो 'ज' थाय छे. (१/२४५, २/२४)

'द्य'–मज्जं (मद्यम्)	'य्य'–सेज्जा (शय्या)	'र्य'–कज्जं (कार्यम्)
"–वेज्जो (वैद्यः)		
'द्य'–जोअए (द्योतते)	'र्य'–भज्जा (भार्या)	'र्य'–पज्जाओ (पर्यायः)

देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ।

देवा अपि तं नमस्यन्ति, यस्य धर्मे सदा मनः ।

જેનું મન હંમેશાં ધર્મમાં છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.

मिच्छा तं [४९]पुत्ताणं कुज्झसि । मिथ्या त्वं पुत्रेभ्यः क्रुध्यसि ।

તું પુત્રો ઉપર ફોગટ કોપ કરે છે.

जो धणस्स मएण मज्जइ, सो भवमडइ ।

यो धनस्य मदेन माद्यति, स भवमटति ।

જે ધનના મદ વડે મદોન્મત્ત થાય છે, તે સંસારમાં ભટકે છે.

पावाणं कम्माणं खयाए ठामि काउस्सग्गं ।

पापानां कर्मणां क्षयाय तिष्ठामि कायोत्सर्गम् ।

પાપ કર્મોના ક્ષય માટે, કાયોત્સર્ગમાં હું ઊભો રહું છું.

मज्जम्मि मंसम्मि य पसत्ता मणुसा निरयं वच्चन्ति ।

मद्ये मांसे च प्रसक्ता मनुष्या नरकं व्रजन्ति ।

મદિરામાં અને માંસમાં આસક્ત મનુષ્યો નરકમાં જાય છે.

नक्खत्ताणं मिअंको जोअइ । नक्षत्राणां मृगाङ्को द्योतते ।

નક્ષત્રોમાં ચંદ્ર પ્રકાશે છે.

परोवयारो पुण्णाय, पावाय अन्नस्स पीलणं, [५०]इअ नाणं जस्स हिए सो धम्मिओत्ति ।

परोपकारः पुण्याय, पापायाऽन्यस्य पीडनम्, इति ज्ञानं यस्य हृदये स धार्मिक इति ।

પરોપકાર પુણ્ય માટે, બીજાને પીડા કરવી એ પાપ માટે છે, એ પ્રમાણે જ્ઞાન જેના હૃદયમાં હોય તે ધાર્મિક છે.

---

૪૯. જેઓની ઉપર કોપ-દ્રોહ ઈત્યાદિ કરવામાં આવે, તેની છઠ્ઠી વિભક્તિ મૂકાય છે.

૫૦ વાક્યની આદિમાં "इति" ને બદલે 'इअ' મૂકાય છે. જેમ "इअ नाणं जस्स हियए", કોઈ ઠેકાણે 'इइ' પણ આવે છે, પદાન્તે સ્વરની પછી 'इति' ને બદલે त्ति મૂકાય છે, પણ પદાન્તે સ્વર ન હોય તો 'तिं' મૂકાય છે. (૧/૪૨, ૯૧) ઉદા.

तहत्ति (तथेत्ति)	जुत्तंति (युक्तमिति)
पिओत्ति (प्रिय इति)	किंति (किमिति)

मूढो हं, तत्तो कत्थ गच्छामि ?, कहिं चिट्ठामि ?, कस्स कहेमि ?, कुस्स रूसेमि ? । मूढोऽहं, ततः कुत्र गच्छामि ?, कुत्र तिष्ठामि ?, कस्य कथयामि ?, कस्मै रुष्यामि ? ।

हुं मूर्ख छुं, तेथी क्यां जाउं ?, क्यां ऊभो रहुं ?, कोने कहुं ?, कोना उपर रोष करुं ?

जीवा पावेहिं कज्जेहिं निरयंसि उववज्जिरे ।

जीवाः पापैः कार्यैर्नरके उपपद्यन्ते ।

जीवो पापकर्मो वडे नरकमां उत्पन्न थाय छे.

[५१]चंदेसु निम्मलयरा आइच्चेसु य अहियं पयासयरा तित्थयरा हुन्ति ।

चन्द्रेभ्यो निर्मलतराः, आदित्येभ्यश्चाऽधिकं प्रकाशकरास्तीर्थकरा भवन्ति ।

चंद्रोथी वधारे निर्मळ अने सूर्योथी वधारे प्रकाश करनारा तीर्थंकरो होय छे.

खमासमणा सव्वया नाणम्मि, तवंसि, झाणे य उज्जया संति ।

क्षमाश्रमणाः सर्वदा ज्ञाने, तपसि, ध्याने चोद्यताः सन्ति ।

क्षमाप्रधान मुनिओ हंमेशा ज्ञान, तप अने ध्यानमां तत्पर होय छे.

[५२]जारिसो जणो होइ, तस्स मित्तो वि तारिसो विज्जइ ।

यादृशो जनो भवति, तस्य मित्रमपि तादृशं विद्यते ।

जेवो माणस होय छे, तेनो मित्र पण तेवा प्रकारनो होय छे.

---

५१ पंचमी विभक्तिने स्थाने कोई ठेकाणे सप्तमी विभक्ति पण आवे छे. (३/१३६) उदा.-अंतेउरे रमिउं आगओ राया (अन्तःपुराद् रत्वाऽऽगतो राजा)

५२ शब्दनी आदिमां (व्यंजन पछी) **ऋ** होय तो **अं** थाय छे, तेमज आदिमां केवल **ऋ** होय तो **रिं** थाय, कृपादि शब्दमां **ऋ** नो **इं** अने **ऋतु** आदि शब्दोमां **ऋ**नो **उं** थाय छे तथा **दृश** ना **दृ**नो **रिं** थाय अने **ऋण-ऋजु-ऋषभ-ऋतु-ऋषि** आ शब्दोमां **ऋ**नो **रि** विकल्पे थाय अने **वृषभ** ना **वृ** नो **उ** विकल्पे थाय छे. (१/१२६, १२८, १३१, १४०, १४१, १४२) उदा.

घयं (घृतम्)	हियं (हृदयम्)	रिजू-उज्जू (ऋजुः)
कयं (कृतम्)	उऊ (ऋतुः)	रिसहो-उसहो (ऋषभः)
रिच्छो (ऋक्षः)	पुट्ठो (स्पृष्टः)	रिऊ-उऊ (ऋतुः)
रिद्धी (ऋद्धिः)	सरिसो (सदृशः)	रिसि-इसी (ऋषिः)
किवा (कृपा)	रिणं-अणं (ऋणम्)	उसहो-वसहो (वृषभः)

जो [५३]पच्छं न भुंजइ, तस्स वेज्जो किं कुणइ ? ।
यः पथ्यं न भुङ्क्ते, तस्य वैद्यः किं करोति ?
જે હિતકારી વસ્તુ ખાતો નથી, તેને વૈદ્ય શું કરે ?.

[५४]अम्हेत्थ पुण्णाणं पावाणं च कम्माण फलं उवभुंजिमो ।
वयमत्र पुण्यानां पापानां च कर्मणां फलमुपभुञ्ज्मः ।
અમે અહિં પુણ્ય અને પાપ કર્મનાં ફલને ભોગવીએ છીએ.

[४]नच्चइ [५]गायइ [६]पहसइ, [७]पणमइ [९]परिच्चयइ [८]वत्थं पि ।
[१०]तूसइ [१०]रूसइ [३]निक्कारणं [३]पि [१]मइरामउम्मत्तो ॥ ४ ॥
[३]निष्कारणमपि [१]मदिरामदोन्मत्तः, नृत्यति, गायति, प्रहसति,
प्रणमति, वस्त्रमपि परित्यजति, तुष्यति, रुष्यति ॥ ४ ॥

મદિરાના મદ વડે ઉન્મત્ત થયેલ વગર કારણે નાચે છે, ગાય છે, ખડખડાટ હસે છે, પ્રણામ કરે છે, વસ્ત્રને પણ ફેંકી દે છે, તુષ્ટ થાય છે અને રોષ કરે છે. ૪

[१]सच्चि[२]य [३]सूरो [४]सो [५]चेव, [६]पंडिओ [७]तं [९]पसंसिमो [८]निच्चं ।
[१३]इंदयचोरेहिं [१२]सया, [१४]न [१५]लुंटिअं [१०]जस्स [११]चरणधणं ॥ ५ ॥
स एव शूरः, स एव पण्डितः, तं नित्यं प्रशंसामः ।
यस्य चरणधनं, सदा इन्द्रियचौरैर्न लुण्टितं ॥ ५ ॥

તે જ શૂર છે, તે જ પંડિત છે, અને તેની હંમેશા અમે પ્રશંસા કરીએ છીએ, જેનું ચારિત્રરૂપી ધન હંમેશા ઇંદ્રિયરૂપી ચોરોએ લૂંટ્યું નથી. ૫

---

૫૩. હ્રસ્વ સ્વરની પછી થ્ય-શ્ચ-ત્સ-પ્સ આવે તો પ્રયોગાનુસારે च्छ થાય છે. (૨/૨૧) ઉદા.

पच्छं (पथ्यम्)	पच्छा (पश्चात्)	लिच्छइ (लिप्सति)
मिच्छा (मिथ्या)	उच्छाहो (उत्साहः)	जुउच्छइ (जुगुप्सति)
अच्छेरं (आश्चर्यम्)	संवच्छरो (संवत्सरः)	

૫૪. સર્વનામ કે અવ્યયની પછી સર્વનામ કે અવ્યય આવે તો પછીના સર્વનામ કે અવ્યયના આદિ સ્વરનો પ્રાયઃ લોપ થાય છે. (૧/૪૦)

अम्हे+एत्थ=अम्हेत्थ (वयमत्र)	जइ+अहं=जइहं (यद्यहम्)
अज्ज+एत्थ=अज्जत्थ (अद्यात्र)	सो+इमो=सोमो (सोऽयम्)

ગુજરાતીવાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

ગુણોમાં દ્વેષ અનર્થને માટે થાય છે. **गुणेसु मच्छरो अणत्थाय होइ ।**

गुणेषु मत्सरोऽनर्थाय भवति ।

સુવર્ણનો પર્યાય આભૂષણ છે. [૫૫]**निक्खस्स पज्जाओ भूसणं अत्थि ।**

निष्कस्य पर्यायो भूषणमस्ति ।

મંદિરના શિખર ઉપર મોર નાચે છે. **मंदिरस्स सिहरम्मि मोरो नच्चइ ।**

मन्दिरस्य शिखरे मयूरो नृत्यति ।

આનંદ શ્રાવક સમ્યક્ત્વમાં નિશ્ચલ છે.

आणंदो सावगो सम्मत्तंमि निच्चलो अत्थि ।

आनन्दः श्रावकः सम्यक्त्वे निश्चलोऽस्ति ।

માણસ પાપનું ફળ જુએ છે, તો પણ ધર્મ કરી શકતો નથી, એથી બીજું શું આશ્ચર્ય ?.

जणो पावस्स फलं पासइ, तहवि धम्मं न करेइ, तत्तो अन्नं किं अच्छेरं ?।

जनः पापस्य फलं पश्यति, तथापि धर्मं न करोति, ततोऽन्यत् किमाश्चर्यम् ? ।

બાળક પ્રભાતમાં પિતાને નમે છે અને પછી પોતાનું અધ્યયન કરે છે.

बालो पहाए जणयं नमइ, पच्छा य अप्पकेरं अज्झयणं करेइ ।

बालः प्रभाते जनकं नमति, पश्चाच्चाऽऽत्मीयमध्ययनं करोति ।

વિહ્વળ માણસને કાર્યમાં ઉત્સાહ હોતો નથી.

[૫૬]**विब्भलस्स जणस्स कज्जंमि उच्छाहो न होइ ।**

विह्वलस्य जनस्य कार्ये उत्साहो न भवति ।

---

૫૫. સંજ્ઞાવાચક શબ્દની અંદર 'ष्क' અને 'स्क'નો 'क्ख' થાય અને આદિમાં હોય તો 'ख' થાય છે. (૨/૪)

'ष्क'–पोक्खरं (पुष्करम्) | 'स्क'–अवक्खंदो (अवस्कन्दः)

„ – *निक्खं (निष्कम्)* | „ – *खंधो (स्कन्धः)*

૫૬. શબ્દની અંદર ह्व નો ब्भ વિકલ્પે થાય છે. જિબ્ભા } (જિહ્વા)
જીહા }

આ બાગમાં ઝાડો ઉપર સુંદર ફળો છે.

एयंमि उज्जाणंमि वच्छेसु सोहणाइं फलाइं सन्ति

एतस्मिन्नुद्याने वृक्षेषु शोभनानि फलानि सन्ति ।

વૃદ્ધાવસ્થામાં શરીર જીર્ણ થાય છે. **वुड्ढत्तणे देहो ज़िण्णो होइ ।**

वृद्धत्वे देहो जीर्णो भवति ।

જે પથ્યનું સેવન કરે છે, તે માંદો પડતો નથી.

जो पच्छं सेवइ, सो रुग्गो न होइ ।

यः पथ्यं सेवते, स रुग्णो न भवति ।

આચાર્ય તીર્થંકરના સમાન છે. **आयरिया तित्थयरेण समा संति ।**

आचार्यास्तीर्थकरेण समाः सन्ति ।

સાધર્મિકોનું વાત્સલ્ય આ લોકમાં ધર્મ અને પરલોકમાં મોક્ષ આપે છે.

साहम्मिआण वच्छल्लं एयंमि लोगम्मि धम्मं, परलोगम्मि य मोक्खं देइ ।

साधर्मिकाणां वात्सल्यमेतस्मिंल्लोके धर्मं, परलोके च मोक्षं ददाति ।

મેઘ પર્વત ઉપર વરસે છે. **मेहो पव्वयम्मि वरिसइ** । मेघः पर्वते वर्षति ।

સાધુ વ્યાખ્યાનમાં જિનેશ્વરોનાં ચરિત્ર કહે છે.

समणो वक्खाणे जिणेसराणं चरित्ताइं कहेइ ।

श्रमणो व्याख्याने जिनेश्वराणां चरित्राणि कथयति ।

હું માર્ગમાં રીંછ જોઉં છું. **हं मग्गंमि रिच्छं देक्खवेमि ।**

अहं मार्गे ऋक्षं पश्यामि ।

હે મુર્ખ! તું ગરીબોને શા માટે પીડે છે ?.

हे मुक्ख ! तुं दीणे किमत्थं पीलेसि ? ।

हे मूर्ख ! त्वं दीनान् किमर्थं पीडयसि ? ।

તું દુર્જનોનાં વચનો ઉપર વિશ્વાસ રાખે છે, એથી દુઃખ પામે છે.

तुं दुज्जणाणं वयणेसुं वीससिसि, तत्तो दुहं पावेसि ।

त्वं दुर्जनानां वचनेषु विश्वसिषि, ततो दुःखं प्राप्नोषि ।

પાઠ ૧૧ મો.

ઇકારાન્ત અને ઉકારાન્ત પુંલ્લિંગ તથા નપુંસકલિંગના નામો. પઢમા, બીઆ અને તઇઆ વિભક્તિ.

(૩/૪૯, ૨૦, ૫, ૧૮, ૨૨, ૨૪, ૭, ૨૫, ૨૬)

પ્રત્યયો.

		એકવચન.	બહુવચન.
ઇ કારાન્ત-પુંલ્લિંગ.	પ૦–૦		અઉ, અઓ, ણો, ઈ.
	બી૦–મ્.		ણો, ઈ.
	ત૦–ણા.		હિ, હિં, હિં.

૧. ઉકારાન્ત નામોના પ્રત્યયો પણ ઇકારાન્ત નામોના જેવા જ છે. પણ પ્રથમા અને દ્વિતીયાના બહુવચનમાં ઈ પ્રત્યયને બદલે ઊ પ્રત્યય લાગે તથા પ્રથમાના બહુવચનમાં અવો પ્રત્યય પણ લગાડાય છે. (૩/૨૧)

૨. પ્રથમાનું એકવચન, તૃતીયાનું બહુવચન અને પંચમીના ત્તો, ણો સિવાય એકવચન અને બહુવચનના પ્રત્યયો તેમજ ષષ્ઠી અને સપ્તમીના બહુવચનના પ્રત્યયોની પૂર્વેના ઇ–ઉ (ઈ,ઊ) દીર્ઘ થાય છે.-(૩/૧૬,૨૨) પ૦એ૦ મુણી. ગુરૂ.

૩. પ્રથમા-દ્વિતીયા અને સંબોધનના બહુવચનમાં ણો સિવાયના પ્રત્યયો લગાડતા પૂર્વનો સ્વર લોપાય છે. ઉદા૦-

પ૦ બ૦–ગિરિ+અઉ=ગિરઉ,	ભાણુ+અવો=ભાણવો.
પ૦ બ૦–ગિરિ+અઓ=ગિરઓ	ભાણુ+અઉ=ભાણઉ.
પ૦ બ૦–ગિરિ+ઈ=ગિરી	ભાણુ+ઊ=ભાણૂ.
બી૦ બ૦–ગિરિ+ઈ=ગિરી,	*ભાણુ+ઊ=ભાણૂ.*

૪. ઇકારાન્ત અને ઉકારાન્ત નપુંસકલિંગના પ્રથમા અને દ્વિતીયાના પ્રત્યયો અકારાન્ત નપુંસકલિંગ જેવા છે અને તૃતીયા વિભક્તિથી ઇકારાન્ત અને ઉકારાન્ત પુંલ્લિંગ જેવા છે.

मुणि (मुनि) (पुंल्लिंग)

	એકવચન.	બહુવચન.
५०	मुणी.	मुणउ, मुणओ, मुणिणो, मुणी.
बी०	मुणिं.	मुणिणो, मुणी.
त०	मुणिणा.	मुणीहि, मुणीहिँ, मुणीहिं
		साहु (साधु)
५०	साहू.	*साहवो, साहउ, साहओ, साहुणो, साहू.
बी०	साहुं.	साहुणो, साहू.
त०	साहुणा.	साहूहि, साहूहिँ, साहूहिं.

दधि (दधि)-नपुंसकलिंग.

५० बी०	× दहिं.	दहीइं, दहीईँ, दहीणि.
त०	दहिणा.	दहीहि, दहीहिँ, दहीहिं.

महु (मधु)–नपुंसकलिंग.

५० बी०	महुं.	महूइं, महूईँ, महूणि.
त०	महुणा	महूहि, महूहिँ, महूहिं.

---

* આર્ષપ્રાકૃતમાં પ્ર૦ અને દ્વિ૦ બહુવચનમાં અવે પ્રત્યયનો પ્રયોગ પણ દેખાય છે. જેમ ગુરુ+અવે=ગુરવે તેમજ બહવે–સાહવે વગેરે.

ઉદા૦ તાવ ય તત્થારણ્ણે ગિદ્ધો દટ્ઠૂણ સાહવે સહસા ॥ इति पउमचरिए (તેટલામાં તે જંગલમાં ગીધ પક્ષીએ સાધુઓને જોઈને જલદી)

× સંસ્કૃતમાં સિદ્ધ પ્રયોગ ઉપરથી દહિ–મહુ (दधि–मधु)વગેરે પણ થાય છે, કોઈ ઠેકાણે दहिं, महुँ, ઈત્યાદિ પ્રયોગ પણ આવે છે.

પ્રાકૃત વાક્યોનું સંસ્કૃત અને ગુજરાતી

अरिहंता [૫૭]सव्वण्णवो हवंति । अर्हन्तः सर्वज्ञा भवन्ति ।

અરિહંત સર્વ જાણનાર હોય છે.

कयण्णुणा सह संसग्गो सइ कायव्वो । कृतज्ञेन सह संसर्गः सदा कर्तव्यः ।

ઉપકારને જાણનાર સાથે હંમેશા સંબંધ કરવો.

छप्पआ महुं चक्खेज्जा । षट्पदा मध्वास्वादन्ते ।

ભમરાઓ મધનો સ્વાદ લે છે.

सूरओ जिणिंदस्स सासणस्स पहावगा संति ।

सूरयो जिनेन्द्रस्य शासनस्य प्रभावकाः सन्ति ।

આચાર્યો જિનેશ્વરના શાસનના પ્રભાવક છે.

गुरुणो सीसाणं सुत्ताणमट्ठमुवदिसंति ।

गुरवः शिष्येभ्यः सूत्राणामर्थमुपदिशन्ति ।

ગુરુઓ શિષ્યોને સૂત્રોનો અર્થ બતાવે છે.

अहिण्णू सत्थाणमत्थेसु न मुज्झन्ति । अभिज्ञाः शास्त्राणामर्थेषु न मुह्यन्ति ।

પંડિતો શાસ્ત્રોના અર્થોમાં મુંઝાતા નથી.

---

૫૭. શબ્દની અંદર ઘ્ર અને જ્ઞ નો ण्ण કે न्न થાય છે અને આદિમાં ન કે ण થાય છે. (૨/૪૨,૮૩)

पज्जुण्णो पज्जुन्नो	(प्रद्युम्नः)	विण्णाणं विन्नाणं	विज्ञानम्	नाणं णाणं	(ज्ञानम्)

અપવાદ-ज्ञ, (ज् ञ्) ના ञ्नો વિકલ્પે લોપ પણ થાય છે.

पज्जा पण्णा	(प्रज्ञा)	अज्जा अण्णा	(आज्ञा)	मणोज्जं मणोण्णं	(मनोज्ञम्)

અભિજ્ઞ આદિ શબ્દોમાં જ્ઞ નો ण्ण થાય છે ત્યારે અન્ત્ય अ નો उ થાય છે. अहिण्णु (अभिज्ञ), कयण्णु (कृतज्ञ), જ્યારે ण्ण ન થાય ત્યારે ઉપર કહેલ નિયમ પ્રમાણે ज् નો લોપ થઈ अहिज्ज, (अभिज्ञ), सव्वज्ज (सर्वज्ञ) ઈત્યાદિ થાય છે. અભિજ્ઞ આદિ શબ્દ હોવાથી પ્રાજ્ઞ વગેરે શબ્દોમાં અન્ત્ય अं નો उ થાય નહીં. ઉદા૦- पण्णो, पज्जो. (प्राज्ञः).

साहवो तत्तेसुं [५८]विम्हयं न पावेइरे । साधवस्तत्त्वेषु विस्मयं न प्राप्नुवन्ति ।

साधुओ तत्त्वोमां आश्चर्य पामता नथी.

सूरी साहूहिं सह आवासयाइं कम्माइं कुणइ ।

सूरिः साधुभिः सहाऽऽवश्यकानि कर्माणि करोति ।

आचार्य साधुओ साथे आवश्यक क्रियाओ करे छे.

साहुणो पमाया सुत्ताणि वीसरेज्ज । साधवः प्रमादात् सूत्राणि विस्मरन्ति ।

साधुओ प्रमादथी सूत्रोने भूली जाय छे.

मुणी धम्मस्स तत्ताइं सूरिं पुच्छंति । मुनयो धर्मस्य तत्त्वानि सूरिं पृच्छन्ति ।

मुनिओ आचार्यने धर्मनां तत्त्वो पूछे छे.

साहू गुरुहिं सह गामाओ गामं विहरंते ।

साधवो गुरुभिः सह ग्रामाद् ग्रामं विहरन्ति ।

साधुओ गुरुओ साथे एक गामथी बीजे गाम विचरे छे.

कइणो नरिंदस्स गुणे वण्णेइरे । कवयो नरेन्द्रस्य गुणान् वर्णयन्ति ।

कविओ राजाना गुणोने वखाणे छे.

दुक्खेसु साहेज्जं जे कुणंति, ते बंधवो अत्थि ।

दुःखेषु साहाय्यं ये कुर्वन्ति, ते बन्धवः सन्ति ।

जेओ दुःखोमां सहाय करे छे, तेओ बंधुओ छे.

तुं अंसूणि किं मुंचसि ? । त्वमश्रूणि किं मुञ्चसि ? ।

तुं शा माटे आंसू मूके छे ?.

---

५८ शब्दनी अंदर श्म, ष्म, स्म, ह्म नो म्ह थाय छे तेमज पक्ष्म शब्दना क्ष्म नो पण म्ह थाय छे. कोई ठेकाणे ह्म नो म्म पण थाय छे. (२/७४) उद्य०

'श्म' कम्हारा (कश्मीराः)
'ष्म' गिम्हो (ग्रीष्मः)
'स्म' विम्हओ (विस्मयः)
'ह्म' बम्हा (ब्रह्मा)
बम्हणो, बम्भणो } ब्राह्मणः

'ह्म' बम्हचेरं, बम्भचेरं } (ब्रह्मचर्यम्)
'क्ष्म' पम्हं (पक्ष्म)
कोई ठेकाणे म्ह थतो नथी.
रस्सी (रश्मिः)
सरो (स्मरः)

अजिण्णे ओसढं वारि । अजीर्णे औषधं वारि ।

અજીર્ણમાં પાણી (એ) ઔષધ છે.

भोयणस्स मज्झम्मि वारि अमयं । भोजनस्य मध्ये वार्यमृतम् ।

ભોજનના વચ્ચે પાણી અમૃત છે.

सुत्तस्स मग्गेण चरेज्ज भिकखू । सूत्रस्य मार्गेण चरेयुर्भिक्षवः ।

સાધુઓ સિદ્ધાંતના માર્ગે ચાલે.

पज्जुन्नो जणे डहइ । प्रद्युम्नो जनान् दहति । **કામ માણસોને બાળે છે.**

निवइ *मंतीहिं सद्धिं रज्जस्स मंतं मंतेइ ।

नृपतिर्मन्त्रिभिः सार्धं राज्यस्य मन्त्रं मन्त्रयति ।

રાજા મંત્રીઓ સાથે રાજયની મંત્રણા કરે છે.

निवइणो मणोण्णेहिं कव्वेहिं तूसंति । नृपतयो मनोज्ञैः काव्यैस्तुष्यन्ति ।

રાજાઓ સુંદર કાવ્યો વડે તુષ્ટ થાય છે.

धन्नाणं चेव गुरुणो आएसं दिंति । धन्येभ्य एव गुरव आदेशं ददति ।

ગુરુઓ ધન્ય પુરુષોને જ આદેશ આપે છે.

[1]धम्मो [2]बंधू अ [3]मित्तो अ, [4]धम्मो य [5]परमो [6]गुरू ।
[7]नराणं [8]पालगो [9]धम्मो, [10]धम्मो [11]रक्खइ [12]पाणिणो ॥ ६ ॥

धर्मो बन्धुश्च मित्रं च, धर्मश्च परमो गुरुः ।
नराणां पालको धर्मः, धर्मः प्राणिनो रक्षति ॥ ६ ॥

ધર્મ એ બંધુ છે, મિત્ર છે, ધર્મ એ ઉત્તમ ગુરુ છે, મનુષ્યોનું પાલન કરનાર ધર્મ છે, ધર્મ જીવોનું રક્ષણ કરે છે. ૬

[1]दाणेण [2]विणा [3]न [4]साहू, [5]न [6]हुंति [7]साहूहिं [8]विरहिअं [9]तित्थं ।
[11]दाणं [12]दिंतेण [10]तओ, [13]तित्थुद्धारो [14]कओ [15]होइ ॥ ७ ॥

दानेन विना साधवो न भवन्ति, साधुभिर्विरहितं तीर्थं न ।
ततो दानं ददता, तीर्थोद्धारः कृतो भवति ॥ ७ ॥

---

* इन् अन्त नामवाळा शब्दोना अंत्य व्यंजन न् नो लोप थवाथी तेना रूपो इकारान्त नामनी माफक थाय छे.

દાન વિના સાધુ હોતા નથી, સાધુ વિના તીર્થ હોતું નથી, તેથી દાન આપનાર વડે તીર્થનો ઉદ્ધાર કરાયેલો થાય છે. ॥ ૭ ॥

ગુજરાતીવાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

મુનિઓ શાસ્ત્રમાં પંડિત હોય છે.

मुणओ सत्थम्मि अहिण्णवो हवन्ति । मुनयः शास्त्रेऽभिज्ञ भवन्ति ।

તમે સાધુઓની સાથે હંમેશા પ્રતિક્રમણ કરો છો.

तुब्भे साहूहिं सह सया पाडिक्कमणं करेह ।

यूयं साधुभिः सह सदा प्रतिक्रमणं कुरुथ ।

હું મધનો ત્યાગ કરું છું. **हं महुं चयामि ।** अहं मधु त्यजामि ।

યોગીઓ વનમાં રહે છે અને કામને જીતે છે.

जोगिणो वणम्मि वसंति, कामं च जिणंति ।

योगिनो वने वसन्ति, कामं च जयन्ति ।

મુનિઓ ઉત્કૃષ્ટ બ્રહ્મચર્ય પાળે છે. **मुणओ उक्किट्ठं बंभचेरं पालिन्ति ।**

मुनय उत्कृष्टं ब्रह्मचर्यं पालयन्ति ।

પંડિતો વ્યાધિથી મૂંઝાતા નથી. **अहिण्णवो वाहित्तो न मुज्झन्ति ।**

अभिज्ञ व्याधेर्न मुह्यन्ति ।

વૈદ્ય વ્યાધિઓને દૂર કરે છે. **वेज्जा वाहिणो हरेन्ति ।** वैद्या व्याधीन् हरन्ति ।

હું સ્તોત્રો વડે સર્વજ્ઞ ભગવાનની સ્તુતિ કરું છું.

हं थोत्तेहिं सव्वण्णुं थुणामि । अहं स्तोत्रैः सर्वज्ञं स्तौमि ।

તારાઓની મધ્યમાં ચંદ્ર શોભે છે. **तारगाणं मज्झे इंदू सोहइ ।**

तारकाणां मध्ये इन्दुः शोभते ।

રાજાઓ લુચ્ચાઓને દંડ કરે છે અને સજ્જનોનું પાલન કરે છે.

निवइणो सढे दंडेन्ति, सज्जणे य पालेन्ति ।

नृपतयः शठान् दण्डयन्ति, सज्जनांश्च पालयन्ति ।

મધ ભમરાઓને ગમે છે. **महुं छप्पयाणं रुच्चइ ।** मधु षट्पदेभ्यो रोचते ।

તે હંમેશા ઉદ્યાનમાં જાય છે અને આચાર્યો તથા સાધુઓને વંદન કરે છે.

सो निच्चं उज्जाणं गच्छइ, आयरिए मुणिणो य वंदए ।

स नित्यमुद्यानं गच्छति, आचार्यान् मुनींश्च वन्दते ।

સાધુઓ કોઈ વખત પણ પાપમાં પ્રવૃત્તિ કરતા નથી.

साहवो कयावि पावम्मि न पवट्टन्ति ।

साधवः कदापि पापे न प्रवर्तन्ते ।

ઋષિ મંત્ર વડે આકાશમાં ઉડે છે. **रिसी मंतेण गयणं उड्डेइ ।**

ऋषिर्मन्त्रेण गगनमुड्डयते ।

મેઘ પાણી છાંટે છે. **मेहो वारि वरिसइ ।** मेघो वारि वर्षति ।

દિવસે ચંદ્ર શોભતો નથી. **दिणम्मि इंदू न सोहइ ।** दिने इन्दुर्न शोभते ।

બાળકો દહીં ખાય છે. **बाला दहिं खाएन्ति ।** बाला दधि खादन्ति ।

ગુરુ અમારા સરખા પાપીઓનો પણ ઉદ્ધાર કરે છે.

गुरु अम्हारिसे पावे वि उद्धरेइ ।

गुरुरस्मादृशान् पापानप्युद्धरति ।

પાઠ ૧૨ મો

(ચાલુ) ઇકારાન્ત, ઉકારાન્ત પુંલ્લિંગ તથા નપુંસકલિંગ નામો.

ચઉત્થી, પંચમી અને છટ્ઠી વિભક્તિ (૩/૨૩, ૮,૯,૧૦,૬)

પ્રત્યયો.

	એકવચન	બહુવચન.
ચ૦	णो, स्स.	ण,णं.
પ૦	णो, त्तो, ओ, उ, हिन्तो.	त्तो ओ, उ, हिन्तो, सुन्तो.
છ૦	णो, स्स.	ण, णं.

मुणि (मुनि)

च०	मुणिणो, मुणिस्स.	मुणीण, मुणीणं.
प०	मुणिणो, मुणित्तो, मुणीओ, मुणीउ, मुणीहिन्तो.	मुणित्तो, मुणीओ, मुणीउ, मुणीहिन्तो, मुणीसुन्तो.
छ०	मुणिणो, मुणिस्स.	मुणीण, मुणीणं.

साहु (साधु)

च०	साहुणो, साहुस्स.	साहूण, साहूणं.
प०	साहुणो, साहुत्तो, साहूओ, साहूउ, साहूहिन्तो.	साहुत्तो साहूओ, साहूउ, साहूहिन्तो, साहूसुन्तो.
छ०	साहुणो, साहुस्स.	साहूण, साहूणं.

दधि (दधि)

च०	दहिणो, दहिस्स.	दहीण, दहीणं.
प०	दहिणो, दहित्तो, दहीओ, दहीउ, दहीहिन्तो.	दहित्तो दहीओ, दहीउ, दहीहिन्तो, दहीसुन्तो.
छ०	दहिणो, दहिस्स	दहीण, दहीणं.

महु (मधु)

च०	महुणो, महुस्स.	महूण, महूणं.
प०	महुणो, महुत्तो महूओ, महूउ, महूहिन्तो.	महुत्तो, महूओ, महूउ, महूहिन्तो, महूसुन्तो.
छ०	महुणो, महुस्स.	महूण, महूणं.

ચતુર્થીનું એકવચન સંસ્કૃત ઉપરથી- मुणये (मुनये), साहवे (साधवे) તેમજ वारिणे (वारिणे), महुणे (मधुने) [illegible] થાય છે.

પ્રાકૃતવાકયોનું સંસ્કૃત - ગુજરાતી

सव्वण्णूणं अरिहंताणं भगवंताणं इक्को वि नमोक्कारो भवं छिंदेइ ।

सर्वज्ञानामर्हतां भगवतामेकोऽपि नमस्कारो भवं छिनत्ति ।

સર્વજ્ઞ એવા અરિહંત ભગવંતોને (કરેલ) એક પણ નમસ્કાર સંસારને કાપે છે.

जरागहिआ जंतुणो तं नत्थि, जं पराभवं न पावंति ।

जरागृहीता जन्तवस्तन्नाऽस्ति, यत् पराभवं न प्राप्नुवन्ति ।

જરાથી-વૃદ્ધાવસ્થાથી ગ્રહણ કરાયેલા પ્રાણીઓ તેવી કોઈ જ વસ્તુ નથી કે-જેથી પરાભવને ન પામે.

आणंदो संतिस्स चेइए नच्चं करेज्जा ।

आनन्दः शान्तेश्चैत्ये नृत्यं करोति ।

આનંદ શ્રાવક શાંતિનાથના ચૈત્યમાં નૃત્ય કરે છે.

पच्चूसे भाणुणो पयासो रत्तो होइ ।

प्रत्यूषे भानोः प्रकाशो रक्तो भवति ।

સવારમાં સૂર્યનો પ્રકાશ લાલ હોય છે.

नमो पुज्जाणं केवलीणं गुरूणं च ।

नमः पूज्येभ्यः केवलिभ्यो गुरुभ्यश्च ।

પૂજય એવા કેવલીઓને અને ગુરુઓને નમસ્કાર થાઓ.

पंडिआ मच्चुणो णेव बीहंति । पण्डिता मृत्योर्नैव बिभ्यति ।

પંડિતો મૃત્યુથી ભય પામતા જ નથી.

तुम्हे गुरूओ विणा सुत्तस्स अट्ठाइं न लहेह ।

यूंय गुरोर्विना सूत्रस्याऽर्थानि न लभध्वे ।

તમે ગુરુ વિના સૂત્રના અર્થો મેળવતા નથી.

जंतूण जीवाउं वारिमत्थि । जन्तूनां जीवातु वार्यस्ति ।

પ્રાણીઓનું જીવન પાણી છે.

रण्णे [५९]सिंघाणं [६०]हत्थीणं च जुद्धं होइ । अरण्ये सिहानां हस्तिनां च युद्धं भवति ।

જંગલમાં સિંહોનું અને હાથીઓનું યુધ્દ થાય છે.

केवली महुरेण झुणिणा पाणीणं धम्ममुवएसइ ।

केवली मधुरेण ध्वनिना प्राणिभ्यो धर्ममुपदिशति ।

કેવળી મધુર વાણી વડે પ્રાણીઓને ધર્મ બતાવે છે.

सूरिणो अवराहेण साहूणं कुज्जंति । सूरयोऽपराधेन साधुभ्यः क्रुध्यन्ति ।

આચાર્યો અપરાધ વડે સાધુઓ ઉપર ક્રોધ કરે છે.

अन्नाणिणो केवलिणो वयणं अवमन्नंति ।

अज्ञानिनः केवलिनो वचनमवमन्यन्ते ।

અજ્ઞાનીઓ કેવળીના વચનને અવગણે છે.

निवईहिन्तो कवओ बहुं धणं लहेइरे । नृपतिभ्यः कवयो बहु धनं लभन्ते ।

કવિઓ રાજાઓ પાસેથી ઘણું ધન મેળવે છે.

अम्हे पहुणो पसाएण जीवामो । वयं प्रभोः प्रसादेन जीवामः ।

અમે સ્વામીની મહેરબાનીથી જીવીએ છીએ.

जइणो मणयं कासइ मन्नुं न कुणिज्जा ।

यतयो मनागपि कस्मैचिन्मन्युं न कुर्वन्ति ।

સાધુઓ કોઈ ઉપર જરાપણ ક્રોધ કરતા નથી.

---

૫૯ અનુસ્વારની પછી હ આવે તો હ નો ઘ વિકલ્પે થાય છે. (૧/૨૬૪) सिंघो–सींहो (सिंहः), संघारो–संहारो (संहारः). કોઈ ઠેકાણે અનુસ્વાર ન હોય તો પણ હ નો ઘ થાય છે. दाघो (दाहः).

૬૦ શબ્દની અંદર स्त હોય તો त्थ થાય છે અને આદિમાં स्त હોય તો थ થાય છે.(૨/૪૫)

हत्थो (हस्तः)	थोत्तं (स्तोत्रम्)
नत्थि (नास्ति)	थुई (स्तुतिः)

અપવાદ-समस्त અને स्तम्ब શબ્દમાં स्त નો त्थ કે थ થતો નથી. समत्तो (समस्तः), तम्बो (स्तम्बः).

अंगाराणं कज्जेण चंदणस्स तरुं को डहेइ ? ।

अङ्गाराणां कार्येण चन्दनस्य तरुं को दहति ? ।

અંગારાના કામ વડે (કાજે) ચંદનના ઝાડને કોણ બાળે ?.

मच्चुस्स सो पमाओ जं जीवो *जियइ निमेसं पि ।

मृत्योः स प्रमादो यज्जीवो जीवति निमेषमपि ।

મૃત્યુનો તે પ્રમાદ છે કે-જેથી જીવ પલકારા માત્ર પણ જીવે છે.

गिम्हस्स मज्झण्हे भाणुस्स तावो अईव तिक्खवो होइ, पुव्वण्हे अवरण्हे य मंदो होइ । ग्रीष्मस्य मध्याह्ने भानोस्तापोऽतीव तीक्ष्णो भवति, पूर्वाह्णेऽपराह्णे च मन्दो भवति ।

ગ્રીષ્મઋતુના દિવસના મધ્યભાગમાં સૂર્યનો તાપ અત્યંત તીવ્ર હોય છે, દિવસના પૂર્વભાગમાં અને દિવસના પાછલા ભાગમાં મંદ હોય છે.

गोयमाओ गणिणो [६१]पण्हाणमुत्तरं जाणिमो ।

गौतमाद् गणिनः प्रश्नानामुत्तरं जानीमः ।

ગૌતમ ગણધર પાસેથી અમે પ્રશ્નોનો ઉત્તર જાણીએ છીએ.

गुरुस्स विणएण मुरुक्खो वि पंडिओ होइ ।

गुरोर्विनयेन मूर्खोऽपि पण्डितो भवति ।

ગુરુના વિનય વડે મૂર્ખ પણ પંડિત થાય છે.

---

* जियइ– દૈશ્ય ધાતુ હોવાથી હ્રસ્વ થયેલ છે. અન્યથા जीयइ પ્રયોગ થાય છે.

૬૧, જે શબ્દોમાં **श्न–ष्ण–स्न–ह्न–ह्ण–क्ष्ण** હોય તો તેનો 'ण्ह' થાય છે, તેમજ **सूक्ष्म** શબ્દના 'क्ष्म' નો પણ ण्ह થાય છે અને **ह्ल** નો ल्ह થાય છે.

'श्न'–पण्हो (प्रश्नः)	'ह्ण'–पुव्वण्हो (पूर्वाह्णः)
'ष्ण'–जिण्हू (जिष्णुः)	'क्ष्ण'–सण्हं (श्लक्ष्णम्)
'स्न'–जोण्हा (ज्योत्स्ना)	'क्ष्म'–सण्हं (सूक्ष्मम्)
'स्न'–ण्हाइ (स्नाति)	'ह्ल'–पल्हाओ (प्रह्लादः)
'ह्न'–जण्हू (जह्नुः)	आल्हाओ (आह्लादः)

[૩]નત્થિ [૪]કામસમો [૫]વાહી, [૬]નત્થિ [૭]મોહસમો [૮]રિઊ ।
[૯]નત્થિ [૧૦]કોવસમો [૧૧]વણ્હી, [૧૨]નત્થિ [૧૩]નાણા [૧૪]પરં [૧૫]સુહં ॥ ૮ ॥

કામસમો વ્યાધિર્નાસ્તિ મોહસમો રિપુર્નાસ્તિ ॥
કોપસમો વહ્નિર્નાસ્તિ, જ્ઞાનાત્ પરં સુખં નાસ્તિ ॥ ૮ ॥

કામ સમાન વ્યાધિ નથી, મોહ સમાન શત્રુ નથી,
કોપ સમાન અગ્નિ નથી, જ્ઞાનથી શ્રેષ્ઠ સુખ નથી. ૮

ગુજરાતી વાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

શિષ્યો ગુરુને પ્રશ્નો પૂછે છે. **સીસા ગુરું પણ્હાइं પુચ્છંતિ ।**
શિષ્યા ગુરૂન્ પ્રશ્નાનિ પૃચ્છન્તિ ।

અમે સર્વજ્ઞ ભગવાન પાસેથી ધર્મ સાંભળીએ છીએ.
અમ્હે સવ્વણ્ણુત્તો ધમ્મં સુણેમો । વયં સર્વજ્ઞાદ્ ધર્મં શૃણ્મઃ ।

અજ્ઞાનીઓથી પંડિતો ભય પામે છે. **અન્નાણીસુંતો અભિણ્ણૂ બીહેન્તિ ।**
અજ્ઞાનિભ્યોઽભિજ્ઞા બિભ્યતિ ।

હું હંમેશા પુષ્પોથી શાંતિ (જિન) ને પૂજું છું.
હં સવ્વયા પુપ્ફેહિં સંતિં અચ્ચામિ । અહં સર્વદા પુષ્પૈઃ શાન્તિમર્ચયામિ ।

તે તીક્ષ્ણ શસ્ત્ર વડે શત્રુને હણે છે. **સો તિક્ખેણ સત્થેણ સત્તું હણઇ ।**
સ તીક્ષ્ણેન શસ્ત્રેણ શત્રું હન્તિ ।

શાન્તિ (જિનેશ્વર)ના ધ્યાનથી કલ્યાણ થાય છે.
સંતિસ્સ ઝાણેણ કલ્લાણં હોઇ । શાન્તેર્ધ્યાનેન કલ્યાણં ભવતિ ।

પ્રમાદ પ્રાણીઓનો પરમ શત્રુ છે, પણ વીર પુરુષો તેને જીતે છે.
પમાઓ પાણીણં પરમો સત્તૂ અત્થિ, કિંતુ વીરા પુરિસા તં જિણન્તિ ।
પ્રમાદઃ પ્રાણિનાં પરમઃ શત્રુરસ્તિ, કિન્તુ વીરાસ્તં જયન્તિ ।

કેવલીનાં વચનો અન્યથા હોતા નથી.
કેવલિણો વયણાइं અન્નહા ન હવન્તિ ।
કેવલિનો વચનાન્યન્યથા ન ભવન્તિ ।

કૃષ્ણ નેમિ (જિનેશ્વર)પાસેથી સમ્યક્ત્વ પામે છે.

कण्हो नेमित्तो सम्मत्तं पावइ । कृष्णो नेमेः सम्यक्त्वं प्राप्नोति ।

ભમરો મધને માટે ભમે છે. **छप्पओ महुणो अडइ ।**

षट्पदो मधुनेऽटति ।

લડવૈયો રાજાની પાસે દ્રવ્યની આશા રાખે છે.

जोहो निवइत्तो दव्वं आसंसइ । योधो नृपतेर्द्रव्यमाशंसते ।

સિંહના શબ્દથી હરણોનું હૃદય કંપે છે.

सिंघस्स झुणिणा हरिणाणं हिययं कंपइ ।

सिंहस्य ध्वनिना हरिणानां हृदयं कम्पते ।

ચંદ્રનો પ્રકાશ ચિત્તને આનંદ ઉપજાવે છે.

इंदुस्स पयासो चित्तं आल्हाएइ । इन्दोः प्रकाशश्चित्तमाह्लादयति ।

વાંદરાઓ ઝાડનાં પાકાં ફળ ખાય છે.

कवओ तरुणो पक्काइं फलाइं खाइज्जन्ति ।

कपयस्तरोः पक्वानि फलानि खादन्ति ।

અમે ગુરુ પાસે ધર્મ સાંભળીએ છીએ.

अम्हे गुरुत्तो धम्मं सुणेमो । वयं गुरोर्धर्मं शृणुमः ।

માણસો વ્યાધિઓથી બહુજ મૂંઝાય છે. **जणा वाहिसुन्तो अईव मुज्झन्ति ।**

जना व्याधिभ्योऽतीव मुह्यन्ति ।

બાળકોને પ્રભુનું પૂજન ગમે છે. **बालाणं पहुस्स अच्चणं रुच्चइ ।**

बालेभ्यः प्रभोरर्चनं रोचते ।

સિંહો હાથીઓને ફાડે છે. **सिंघा हत्थिणो दारेन्ति ।** सिंहा हस्तिनो दारयन्ति ।

સાધુ શાસ્ત્રનું અપમાન કરતા નથી.

साहवो सत्थं णाइं अवमन्नंति । साधवः शास्त्रं नाऽवमन्यन्ते ।

હાથીઓથી સિંહો ડરતા નથી. **हत्थित्तो सिंघा न बीहेन्ति ।**

हस्तिभ्यः सिंहा न बिभ्यति ।

પાઠ ૧૩ મો

(ચાલુ) ઇકારાન્ત, ઉકારાન્ત પુંલ્લિંગ તથા નપુંસકલિંગ નામો. સત્તમી વિભક્તિ તથા સંબોહણ.

પ્રત્યયો.

(૩/૧૧,૩૮,૩૭,૨૬,૮૮)

એકવચન	બહુવચન
સ. મ્મિ, (સિ)	સુ, સું
સં.–૦	પ્રથમા પ્રમાણે

સંબોધનના એકવચનમાં અન્ત્ય સ્વર વિકલ્પે દીર્ઘ થાય છે.

મુણિ (મુનિ)

સ.	મુણિમ્મિ, મુણિંસિ	મુણીસુ, મુણીસું.
સં.	હે મુણી, મુણિ.	મુણઉ, મુણઓ, મુણિણો, મુણી.

સાહુ (સાધુ)

સ.	સાહુમ્મિ, સાહુંસિ	સાહૂસુ, સાહુસું.
સં.	હે સાહૂ, સાહુ.	સાહવો, સાહઉ, સાહઓ, સાહુણો, સાહૂ.

નપુંસકલિંગનાં સંબોધન એકવચનમાં મૂલ રૂપ જ રહે છે. તેમજ બહુવચન પ્રથમાના તે તે રૂપ જેવાં જ છે.

દહિ (દધિ)

સ.	દહિમ્મિ, દહિંસિ.	દહીસુ, દહીસું.
સં.	હે દહિ.	દહીઇં, દહીઈં, દહીણિ.

મહુ (મધુ)

સ.	મહુમ્મિ, મહુંસિ.	મહૂસુ, મહૂસું.
સં.	હે મહુ.	મહૂઇં, મહૂઈં, મહૂણિ.

અદસ્ શબ્દનો પ્રાકૃતમાં 'અમુ' આદેશ થાય છે, પછી તેનાં રૂપો ઉકારાન્ત નામની જેવા થાય છે.

અમુ (अदस्) પુંલ્લિંગ

પ૦	અમૂ.	અમવો, અમઉ, અમઓ, અમુણો, અમૂ.
બી૦	અમું.	અમુણો, અમૂ.

બાકીના રૂપો 'साहु' પ્રમાણે.

નપુંસકલિંગ

પ૦ બી૦	અમું.	અમૂઇં, અમૂઈં, અમૂણિ.

શેષ રૂપો પુંલ્લિંગ જેવાં થાય છે.

પ્રાકૃતવાકયોનું સંસ્કૃત - ગુજરાતી

जोहा सत्तूसु सत्थाणि मेल्लिन्ति । યોધાઃ શત્રુષુ શસ્ત્રાણિ મુઞ્ચન્તિ ।

યોદ્ધાઓ શત્રુઓ ઉપર શસ્ત્રો ફેંકે છે.

विज्जत्थिणो पभाए पुव्वं चिअ जग्गंति । વિદ્યાર્થિનઃ પ્રભાતે પૂર્વમેવ જાગ્રતિ ।

વિદ્યાર્થીઓ સવારે પહેલા જ જાગે છે.

सीसा गुरुम्मि वच्छला हवंति । શિષ્યા ગુરૌ વત્સલા ભવન્તિ ।

શિષ્યો ગુરુ ઉપર અનુરાગવાળા હોય છે.

पक्खिणो तरूसुं वसंति । પક્ષિણસ્તરુષુ વસન્તિ ।

પક્ષીઓ વૃક્ષો ઉપર રહે છે.

मुणिंसि परमं नाणमत्थि । મુનૌ પરમં જ્ઞાનમસ્તિ । મુનિમાં શ્રેષ્ઠ જ્ઞાન છે.

जओ हरी पाणिम्मि वज्जं धरेइ, तओ लोआ तं वज्जपाणित्ति वयंति ।

યતો હરિઃ પાણૌ વજ્રં ધારયતિ, તતો લોકાસ્તં 'વજ્રપાણિઃ' ઇતિ વદન્તિ ।

જે કારણથી ઈન્દ્ર હાથમાં વજ્ર ધારણ કરે છે, તે કારણથી લોકો તેને વજ્રપાણિ એ પ્રમાણે કહે છે.

सव्वण्णुणा जिणिंदेण समो न अन्नो देवो ।

સર્વજ્ઞેન જિનેન્દ્રેણ સમો નાઽન્યો દેવઃ ।

સર્વજ્ઞ જિનેશ્વર જેવા કોઈ બીજા દેવ નથી.

सिद्धगिरिणा समं न अन्नं तित्थं । सिद्धगिरिणा समं नाऽन्यत् तीर्थम् ।

સિદ્ધગિરિ સરખું બીજું કોઈ તીર્થ નથી.

मेरुम्मि असुरा असुरिंदा देवा देविन्दा य पहुणो महावीरस्स जम्मस्स महोसवं कुणन्ति ।

मेरावसुरा असुरेन्द्रा देवा देवेन्द्राश्च प्रभोर्महावीरस्य जन्मनो महोत्सवं कुर्वन्ति ।

મેરુપર્વત ઉપર અસુરો, અસુરેન્દ્રો, દેવો અને દેવેન્દ્રો પ્રભુ મહાવીરના જન્મનો મહોત્સવ કરે છે.

पक्खीसु के उत्तमा संति ? । पक्षीषु के उत्तमाः सन्ति ? ।

પક્ષીઓમાં કોણ ઉત્તમ છે ?.

अग्गिंसि पाओ वरं, न उण सीलेण विरहियाणं जीविअं ।

अग्नौ पातो वरः, न पुनः शीलेन विरहितानां जीवितम् ।

અગ્નિમાં પડવું સારું, પરંતુ શીલથી રહિતનું જીવિત સારું નહિ.

साहूणं सच्चं सीलं तवो य भूसणमत्थि ।

साधूनां सत्यं शीलं तपश्च भूषणमस्ति ।

સત્ય, શીલ અને તપ સાધુઓનું આભૂષણ છે.

मूढा पाणिणो इमस्स असारस्स संसारस्स सरूवं न जाणिज्ज ।

मूढाः प्राणिनोऽस्याऽसारस्य संसारस्य सवरूपं न जानन्ति ।

મૂર્ખ-અજ્ઞાની જીવો આ અસાર સંસારના સ્વરૂપને જાણતા નથી.

जं कल्ले कायव्वं, तं अज्जच्चिअ कायव्वं ।

यत् कल्ये कर्तव्यं, तदद्यैव कर्तव्यम् ।

જે કાલે કરવાનું છે, તે આજે જ કરવું જોઈએ.

अमूसुं तरूसु कवी वसंति । अमीषु तरुषु कपयो वसन्ति ।

આ વૃક્ષો ઉપર વાંદરાઓ રહે છે.

हे सिसु ! तं दहिंसि बहुं आसत्तो सि ।

हे शिशो !, त्वं दध्नि बह्वासक्तोऽसि ।

હે બાળક !, તું દહીંમાં ઘણો આસકત છે.

साहवो परोवयाराय नयराओ नयरंसि विहरेइरे ।

साधवः परोपकाराय नगरान् नगरे विहरन्ति ।

સાધુઓ પરોપકાર માટે એક નગરથી, બીજા નગરમાં વિહાર કરે છે.

वसहो वसहं पासेइ, ठिक्कइ अ । वृषभो वृषभं पश्यति, गर्जति च ।

બળદ બળદને જુએ છે અને ગર્જના કરે છે.

जणेसुं साहू उत्तमा अत्थि । जनेषु साधव उत्तमाः सन्ति ।

લોકોમાં મુનિઓ ઉત્તમ છે.

हत्थिणो विझम्मि वसंति । हस्तिनो विन्ध्ये वसन्ति ।

હાથીઓ વિંધ્યાચલ પર્વતમાં રહે છે.

हे सिसु !, तुं सम्मं अज्झयणं न अहिज्जेसि ।

हे शिशो !, त्वं सम्यगध्ययनं नाऽधीषे ।

હે બાળક !, તું સારી રીતે અધ્યયન ભણતો નથી.

अन्नाणीसुं सुत्ताणं रहस्सं न चिट्ठइ ।

अज्ञानिषु सूत्राणां रहस्यं न तिष्ठति ।

અજ્ઞાનીઓને વિષે સૂત્રોનું રહસ્ય રહેતું નથી.

गिम्हे दिग्घा दिवसा हुविरे । ग्रीष्मे दीर्घा दिवसा भवन्ति

ઉનાળામાં દિવસો લાંબા હોય છે.

सिसू !, तं जणए वच्छलो सि । शिशो !, त्वं जनके वत्सलोऽसि ।

હે બાળક !, તું પિતા ઉપર સ્નેહવાળો છે.

जो दोसे चयइ, सो सव्वत्थ तरइ ।

यो दोषांस्त्यजति, स सर्वत्र शक्नोति ।

જે દોષોને તજે છે, તે બધે ઠેકાણે શકિતમાન થાય છે.

गुणीसुं चेव गुणिणो रज्जंति नागुणीसु ।

गुणिष्वेव गुणिनो रज्यन्ते, नाऽगुणिषु ।

ગુણવાન પુરુષો ગુણવાન ઉપર જ રાગ કરે છે, નિર્ગુણી ઉપર નહીં.

सव्वेसु* पाणीसु तित्थयरा उत्तमा संति ।

सर्वेषु प्राणिषु तीर्थकरा उत्तमाः सन्ति ।

બધા પ્રાણીઓમાં તીર્થંકરો ઉત્તમ છે.

जं पहूणं रोएइ, तं चेव कुणंति सेवगा निच्चं ।

यत् प्रभुभ्यो रोचते, तदेव कुर्वन्ति सेवका नित्यम् ।

જે સ્વામીને ગમે છે, તે જ સેવકો હંમેશા કરે છે.

[४]सच्चं [५]सुअं पि [६]सीलं, [७]विन्नाणं [८]तह [९]तवं पि [१०]वेरग्गं ।
[१३]वच्चइ [१२]खणेण [११]सव्वं, [१]विसयविसेण [२]जइणं[३]पि ॥ ९ ॥

विषयविषेण यतीनामपि सत्यं श्रुतमपि शीलं,
विज्ञानं तथा तपोऽपि वैराग्यं सर्वं क्षणेन व्रजति ॥ ९ ॥

વિષયરૂપી ઝેર વડે સાધુઓનાં પણ સત્ય, શ્રુત, શીલ, વિજ્ઞાન, તપ અને વૈરાગ્ય, એ સર્વ ક્ષણવારમાં ચાલ્યા જાય છે. ૯

[१]जह जह [२]दोसो [३]विरमइ, [४]जह जह *[५]विसएहि [७]होइ [६]वेरग्गं ।
[८]तह तह वि [११]नायव्वं, [१०]आसन्नंचिय [९]परमपयं ॥ १० ॥

यथा यथा दोषो विरमति, यथा यथा विषयेभ्यो वैराग्यं भवति,
तथा तथाऽपि परमपदमासन्नमेव ज्ञातव्यम् ॥ १० ॥

જેમ જેમ દોષ અટકે, જેમ જેમ વિષયોથી વૈરાગ્ય થાય, તેમ તેમ પરમપદ(મોક્ષ) નિશ્ચે નજીક જાણવું. ૧૦

[३]धन्नो [२]सो [१]जिअलोए, [६]गुरवो [७]निवसंति [४]जस्स [५]हिययंमि ।
[९]धन्नाण वि [८]सो [१०]धन्नो, [१३]गुरूण [१२]हिअए [१४]वसइ [११]जो उ ॥ ११ ॥

जीवलोके स धन्यः, यस्य हृदये गुरवो निवसन्ति ।
स धन्यानामपि धन्यः, यस्तु गुरूणां हृदये वसति ॥ ११ ॥

જીવલોકમાં તે ધન્ય છે કે જેના હૃદયમાં ગુરુઓ રહે છે, તે ધન્યમાં પણ ધન્ય છે કે જે ગુરુઓના હૃદયમાં રહે છે. ૧૧

---

* આવા વાક્યોમાં છઠ્ઠી કે સાતમી વિભક્તિ મૂકાય છે.

* પંચમીને સ્થાને તૃતીયા વિભક્તિ પણ થાય છે चोरेण बीहइ (चौराद् बिभेति).

ગુજરાતીવાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

બાળકો કંઠમાં હારો ધારણ કરે છે. **सिसवो कंठे हारे परिहाइरे ।**

शिशवः कण्ठे हारान् परिदधति ।

ઈન્દ્ર દેવોને તીર્થંકરના અતિશયો કહે છે.

वज्जपाणी देवे तित्थयरस्स अइसए कहेइ ।

वज्रपाणिर्देवान् तीर्थकरस्याऽतिशयान् कथयन्ति ।

તે મધમાં ઘણો અસક્ત છે. **सो महुम्मि बहु आसत्तो अत्थि ।**

स मधुनि बह्वासक्तोऽस्ति ।

સર્વજ્ઞમાં જે ગુણો હોય છે, તે ગુણો બીજાઓમાં હોતા નથી.

सव्वणुम्मि जे गुणा हवन्ति, ते गुणा अन्नेसु न हवन्ति ।

सर्वज्ञे ये गुणा भवन्ति, ते गुणा अन्येषु न भवन्ति ।

તે પર્વતમાં જ્યાં ગુરુ રહે છે, ત્યાં હું રહું છું.

तम्मि पव्वयंमि जहिं गुरू वसइ, तहिं अहं वसामि ।

तस्मिन् पर्वते यस्मिन् गुरुर्वसति, तस्मिन्नहं वसामि ।

ગુરુઓનો વિનય કરવાથી વિદ્યાર્થીઓમાં જ્ઞાન વધે છે.

गुरूणं विणएण विज्जत्थीसुं नाणं वड्ढए ।

गुरूणां विनयेन विद्यार्थिषु ज्ञानं वर्धते ।

જેમ પશુઓમાં સિંહ, પક્ષીઓમાં ગરુડ, માણસમાં રાજા અને દેવોમાં ઈંદ્ર ઉત્તમ છે, તેમ સર્વ ધર્મમાં જીવોનું રક્ષણ ઉત્તમ છે.

जहा पसूसुं सिंघो, पक्खीसुं गरुलो, जणेसुं निवई, देवेसुं य हरी उत्तमो अत्थि, तहा सव्वेसुं धम्मेसुं पाणीणं रक्खणं उत्तमं अत्थि ।

यथा पशुषु सिंहः, पक्षिषु गरुडः, जनेषु नृपतिः, देवेषु च हरिरुत्तमोऽस्ति, तथा सर्वेषु धर्मेषु प्राणिनां रक्षणमुत्तममस्ति ।

પક્ષીઓમાં ઉત્તમ પક્ષી કોણ છે ?.

पक्खीसुं उत्तमो पक्खी को अत्थि ? ।

पक्षिषूत्तमः पक्षी कोऽस्ति ? ।

આ પાણીમાં ઘણા માછલાં છે. **इमम्मि वारिम्मि बहवो मच्छा संति ।**
अस्मिन् वारिणि बहवो मत्स्याः सन्ति ।

હમણાં હું શત્રુઓની સાથે લડું છું. **इयाणिं हं सत्तूहिं सह जुज्झामि ।**
इदानीमहं शत्रुभिस्सह युध्ये ।

પ્રાણીઓને જીવાડનાર ધર્મ છે. **जंतूणं जीवाऊ धम्मो अत्थि ।**
जन्तूनां जीवातुर्धर्मोऽस्ति ।

પર્વતોમાં મેરુ ઉત્તમ છે. **गिरीसुं मेरु उत्तमो अत्थि ।**
गिरिषु मेरुरुत्तमोऽस्ति ।

પંડિતો અજ્ઞાનીઓનો વિશ્વાસ કરતા નથી. **अभिण्णओ अन्नाणी न वीससन्ति ।**
अभिज्ञ अज्ञानिनो न विश्वसन्ति ।

માણસ તળાવમાં જળ ભરે છે. **जणो तलायम्मि वारिं भरइ ।**
जनस्तडागे वारि बिभर्ति ।

હે બાળકો !, તમે ક્યાં જાઓ છો ?. **हे सिसू !, तुब्भे कहिं गच्छह ? ।**
हे शिशवः !, यूयं कुत्र गच्छथ ? ।

અમે સિધ્ધાચળ જઈએ છીએ. **अम्हे सिद्धगिरिं गच्छेमो ।**
वयं सिद्धगिरिं गच्छामः ।

સરોવરના પાણીમાં કમળો છે. **सरस्स वारिम्मि कमलाइँ सन्ति ।**
सरसो वारिणि कमलानि सन्ति ।

સાધુઓ શત્રુથી ભય પામતા નથી. **साहवो सत्तुत्तो न बीहेइरे ।**
साधवः शत्रोर्न बिभ्यति ।

ભિક્ષુ કૃપણ પાસેથી દ્રવ્ય માગે છે. **भिक्खू किवणं दव्वं जाएइ ।**
भिक्षुः कृपणं द्रव्यं याचते ।

બાળક ચંદ્રનાં દર્શનથી નેત્રમાં સુખ મેળવે છે.
सिसू इंदुस्स दंसणेण नेत्तेसुं सुहं लहइ ।
शिशुरिन्दोर्दर्शनेन नेत्रयोः सुखं लभते ।

સાધુઓને મૃત્યુનો ભય હોતો નથી. **साहूणं मच्चुस्स भयं न होइ ।**

साधूनां मृत्योर्भयं न भवति ।

મુનિઓમાં ગૌતમ ગણધર ઉપર અત્યંત રાગ છે.

मुणीणं गोयमे गणहरे अईव रागो अत्थि ।

मुनीनां गौतमे गणधरेऽतीव रागोऽस्ति ।

પાઠ ૧૪ મો

ભૂતકાળ.

૧. વ્યંજનાન્ત ધાતુઓને સર્વપુરુષ અને સર્વવચનમાં 'ईअ' પ્રત્યય લાગે છે, અને સ્વરાન્ત ધાતુઓને 'सी', 'ही', 'हीअ', પ્રત્યયો લાગે છે. (૩/૧૬૩, ૧૬૨)

સર્વ પુરુષ
સર્વ વચન } –'ईअ'.

ઉદા.-हस् + ईअ = हसीअ.

कर्=करीअ. वंद्=वंदीअ. पढ्=पढीअ. बोह्=बोहीअ.

સર્વ પુરુષ
સર્વ વચન } *सी, ही, हीअ

हो+सी=होसी, हो+ही=होही, ने+सी=नेसी, ने+ही=नेही,

हो+हीअ=होहीअ. ने+हीअ=नेहीअ.

સ્વરાન્ત ધાતુઓને પ્રત્યયોની પૂર્વે 'अ' આવે ત્યારે-

नेअ+सी=नेअसी, नेअ+ही=नेअही, नेअ+हीअ=नेअहीअ.

વ્યંજનાંત ધાતુઓને ए પ્રત્યય લગાડીને सी, ही. વગેરેનો પ્રયોગ પ્રાકૃત સાહિત્યમાં દેખાય છે. જેમ-सुण्+ए+सी=सुणेसी । किं इदाणिं रोदसि, मम तदा न सुणेसी (वसुदे. पृ. २९–११)

પ્રાકૃતમાં कृ ધાતુના સ્થાને 'का' બને છે.

सर्व पुरुष
सर्व वचन } कासी, काही, काहीअ.

अस् ધાતુનાં રૂપો. (૩/૧૬૪)

सर्व पुरुष
सर्व वचन } आसि, अहेसि.

સંસ્કૃત સિધ્ધ પ્રયોગ ઉપરથી થતાં આર્ષ રૂપો.

ब्रू–अब्बवी (अब्रवीत्)	त्री. એ.
कृ–अकासी अकासि } (अकार्षीत्)	,, ,,
वच्–अवोच (अवोचत्)	,, ,,
भू–अभू (हू) अभूत्)	,, ,,
अस्–आसी (आसीत्)	,, ,,
अस्–आसिमो आसिमु } (आस्म)	,, ૫. બ.
दृश्–अदक्खु (अद्राक्षुः)	त्री. બ.

૨. આર્ષ પ્રાકૃતમાં સર્વપુરુષ અને સર્વવચનમાં ધાતુના અંગને પ્રયોગને અનુસારે 'त्था–त्थ' અને * 'सु' પ્રત્યય લાગે છે. આ પ્રત્યય લગાડતા પૂર્વ अ હોય તો इ થાય છે. (૪/૨૧૪)

૩. 'सु' પ્રત્યય લગાડતા પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર મૂકાય છે.

कह+त्था=कहित्था.	कह+सु=कहिंसु.
ने+त्था=नेत्था.	ने+सु=नेंसु.
नेअ+त्था=नेइत्था.	नेअ+सु=नेइंसु.
हस+त्था=हसित्था.	हस+सु=हसिंसु.
जिण+त्था=जिणित्था.	जिण+सु=जिणिंसु.

---

* सु પ્રત્યય લગાડતા પૂર્વના अ નો ए પણ કોઈ સ્થાને થાય છે. परिकहेंसु, (बृह. गा. ૪૬૮૫). उदीरेंसु, निज्जरेंसु–(भग. शत. ૧, उद्देसो–૩. सूत्र–૨૮).

એ પ્રમાણે-

બુહ–બોહિત્થા,	બોહિંસુ.
હો–હોત્થા,	હોંસુ.
હવ–હવિત્થા,	હવિંસુ.
મિલા+અ–મિલાઇત્થા.	મિલાઇંસુ.
ઉવે+અ(ઉપ+ઇ)ઉવેઇત્થા,	ઉવેંસુ, ઉવેઇંસુ.

જેમ-રાયગિહે નયરે સેણિઓ નામ રાયા હોત્થા (એ.૧.).

સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ એગારહ ગણહરા હોત્થા. (બ. ૧.)

૪. 'સુ' પ્રત્યય લગાડતા ધાતુની પહેલા અ આગમ પણ કોઈ ઠેકાણે મૂકાય છે.

કહ+સુ=અકહિંસુ.	ભવ+સુ=અભવિંસુ.
કર+સુ=અકરિંસુ.	જય+સુ=અજઇંસુ.

જેમ-અકહિંસુ જિણો જયંતીએ (એક.)

કિં અરિહંતા ગણહરદેવા વા સક્કયસિદ્ધંતકરણે અસમત્થા અભવિંસુ ? ।

પાઇઅભાસાએ સિદ્ધંતં અકરિંસુ. (બહુ૧.)

(સમ્યક્ત્વસપ્તતિકાવૃત્તૌ).

પ્રાકૃતવાક્યોનું સંસ્કૃત-ગુજરાતી

ગોયમો ગણહરો પહું મહાવીરં ધમ્મસ્સ અધમ્મસ્સ ય ફલં પુચ્છીય ।

ગૌતમો ગણધરઃ પ્રભું મહાવીરં ધર્મસ્યાઽધર્મસ્ય ચ ફલમપૃચ્છત્ ।

ગૌતમ ગણધરે પ્રભુમહાવીરને ધર્મ અને અધર્મનું ફળ પૂછ્યું.

પચ્ચૂસે સાહુણો પુરિમં દેવવંદણં સમાયરીઅ, પચ્છા ય સત્થાણિ પઢીઅ ।

પ્રત્યૂષે સાધવઃ પૂર્વં દેવવન્દનં સમાચરન્ પશ્ચાચ્ચ શાસ્ત્રાણ્યપઠન્ ।

સવારે સાધુઓએ પહેલા દેવવંદન કર્યું અને પછી શાસ્ત્રો ભણ્યા.

रायगिहे नयरे सेणिओ नाम नरवई होत्था, तस्स पुत्तो अभयकुमारो नाम आसि, सो य विन्नाणे अईव पंडिओ हुवीअ ।

राजगृहे नगरे श्रेणिको नाम नरपतिरभवत्, तस्य पुत्रोऽभयकुमारो नामाऽऽसीत्, स च विज्ञानेऽतीव पण्डितोऽभवत् ।

રાજગૃહ નગરમાં શ્રેણિક નામે રાજા હતો, તેને અભયકુમાર નામે પુત્ર હતો અને તે વિજ્ઞાનમાં ઘણો પંડિત હતો.

गिम्हे काले विसमेण आयवेण हालिओ दुक्खिओ होसी ।

ग्रीष्मे काले विषमेणाऽऽतपेन हालिको दुःखितोऽभवत् ।

ગ્રીષ્મકાળમાં પ્રચંડ તાપ વડે ખેડૂત દુઃખી થયો.

अज्जच्च कुंभारो बहू घडे कासी । अद्यैव कुम्भकारो बहून् घटानकरोत् ।

આજે જ કુંભારે ઘણા ઘડાઓ બનાવ્યા.

[૬૨]सरए ससंको जणस्स हिए आणंदं काहीअ ।

शरदि शशाङ्को जनस्य हृदये आनन्दमकरोत् ।

શરદઋતુમાં ચંદ્રે લોકના હૃદયમાં આનંદ કર્યો.

सीयाले मयंकस्स पयासो सीयलो अहेसि ।

शीतकाले मृगाङ्कस्य प्रकाशः शीतल आसीत् ।

શીયાળામાં ચંદ્રનો પ્રકાશ શીતળ હતો.

बालो जणयस्स विओगेण दुहिओ अभू ।

बालो जनकस्य वियोगेन दुःखितोऽभवत् ।

બાળક પિતાના વિરહ વડે દુઃખી થયો.

नेहेण सो अच्चंतं दुक्खं पावीअ । स्नेहेन सोऽत्यन्तं दुःखं प्राप्नोत् ।

તે સ્નેહ વડે અત્યંત દુઃખ પામ્યો.

तित्थयराणं उसहो पढमो होत्था । तीर्थकराणामृषभः प्रथमोऽभवत् ।

તીર્થંકરોમાં ઋષભદેવ પ્રથમ થયા.

---

[૬૨]सरअ (शरद्), पाउस (प्रावृष्), तरणि (तरणि) એ શબ્દો પુંલ્લિંગમાં ૧૫૨૫ છે. (૧/૩૫).

नाणेण दंसणेण संजमेण तवेण य साहवो सोहिंसु ।

ज्ञानेन दर्शनेन संयमेन तपसा च साधवोऽशोभन्त ।

સાધુઓ જ્ઞાન વડે, દર્શન વડે, સંયમ વડે અને તપ વડે શોભા પામ્યા.

ते जिणिंदं अदक्खु, दंसणमेत्तेण य सम्मत्तं चरितं च लहीअ ।

ते जिनेन्द्रमद्राक्षुः, दर्शनमात्रेण च सम्यक्त्वं चारित्रं चाऽलभन्त ।

તેઓએ જિનેશ્વરને જોયા અને જોવામાત્રથી સમ્યક્ત્વ અને ચારિત્ર પામ્યા.

जो जारिसं ववसेज्ज, फलं पि सो तारिसं लहेज्ज ।

यो यादृग् व्यवस्यति, फलमपि स तादृग् लभते ।

જે જેવા પ્રકારનો પ્રયત્ન કરે છે, તે ફળ પણ તેવા પ્રકારનું મેળવે છે.

निट्ठुरो जणो सुत्तेवि जणे खग्गेण पहरीअ ।

निष्ठुरो जनः सुप्तेऽपि जने खड्गेन प्राहरत् ।

નિર્દય માણસે સુતેલા એવા પણ માણસ ઉપર તલવાર વડે પ્રહાર કર્યો.

धम्मो [६३]धम्मिट्ठं पुरिसं सग्गं नेसी । धर्मो धर्मिष्ठं पुरुषं स्वर्गमनयत् ।

ધર્મ ધાર્મિક પુરુષને સ્વર્ગે લઈ ગયો.

नरिंदो देसस्स जएण तूसीअ । नरेन्द्रो देशस्य जयेनाऽतुष्यत् ।

રાજા દેશના જય વડે સંતુષ્ટ થયો.

पक्खी उज्जाणे तरूसुं महुरं सद्दं कुणीअ ।

पक्षिण उद्याने तरुषु मधुरं शब्दमकुर्वन् ।

---

૬૩ શબ્દની અંદર 'ષ્ટ' નો 'ટ્ઠ' થાય છે અને આદિમાં 'ષ્ટ' નો 'ઠ' થાય છે. (૨/૩૨, ૩૪)

पुट्ठो (स्पृष्टः), कट्ठं (कष्टम्), अणिट्ठं (अनिष्टम्). उष्ट्र–इष्टा–संदृष्ट આ શબ્દમાં 'ष्ट' નો 'ट्ठ' થતો નથી.

ઉદા.–उट्ठो (उष्ट्रः), इट्ठा (इष्टा), संदट्ठो (संदृष्टः).

પક્ષીઓએ બગીચામાં વૃક્ષો ઉપર મધુર શબ્દ કર્યા.

स अवोच तुं अधम्मं काही, तेण दुहं लहीअ ।

सोऽवोचत्, त्वमधर्ममकरोः, तेन दुःखमलभथाः ।

તે બોલ્યો, તેં અધર્મ કર્યો, તેથી તું દુઃખને પામ્યો.

पुरा अम्हे दुवे बंधुणो आसिमो । पुराऽऽवां द्वौ बन्धू आस्वः ।

પહેલા અમે બે ભાઈઓ હતા.

अम्हो मग्गे साऊणि फलाइं जेमीअ ।

वयं मार्गे स्वादूनि फलान्यभुञ्ज्महि ।

અમે માર્ગમાં સ્વાદિષ્ઠ મીઠાં ફળ ખાધાં.

र. अपढणेण मुक्खो होत्था । सोऽपठनेन मूर्खोऽभवत् ।

તે નહિં ભણવાથી મૂર્ખ થયો.

स तह नरिंदं सेवित्था, जहा बहुं दव्वं तस्स होही ।

स तथा नरेन्द्रमसेवत, यथा बहु द्रव्यं तस्याऽभवत् ।

તેણે તેવી રીતે રાજાની સેવા કરી કે જેથી તેને ઘણું ધન થયું. (મળ્યું.)

पारेवओ सडिअं धन्नं कयावि न खाएज्जा ।

पारापतः शटितं धान्यं कदापि न खादति ।

પારેવો સડેલું ધાન્ય કયારે પણ ખાતો નથી.

केसरी अज्ज उज्जाणे वसीअ, इअ सो अब्बवी ।

केसरी अद्योद्यानेऽवसत्, इति सोऽब्रवीत् ।

સિંહ આજે ઉદ્યાનમાં રહ્યો છે, એ પ્રમાણે તે બોલ્યો.

गणहरा सुत्ताणि रइंसु । गणधरा सूत्राण्यरचयन् ।

ગણધરોએ સૂત્રોની રચના કરી.

जिणीसरो अट्ठं वागरित्था । जिनेश्वरोऽर्थं व्याकरोत् । જિનેશ્વરે અર્થ કહ્યો.

बंभचेरेण बंभणा जाइंसु । ब्रह्मचर्येण ब्राह्मणा अजायन्त ।

બ્રહ્મચર્ય વડે બ્રાહ્મણો થયા.

[1]सोत्तं [2]सुएणं [3]नहि [4]कुंडलेण, [5]दाणेण [6]पाणी [7]न य [8]भूसणेण ।

[૧૨]सहेइ [૧૦]देहो [૯]करुणाजुआणं, [૧૧]परोवयारेण [૧૩]न [૧૨]चंदणेण ॥ १२ ॥

श्रोतं श्रुतेन कुण्डलेन न हि, पाणिर्दानेन भूषणेन न च ।

करुणायुतानां देहः, परोपकारेण राजते, चन्दनेन न ॥ १२ ॥

કાન સાંભળવા વડે શોભે છે. કુંડલ વડે નહિ, હાથ દાન વડે શોભે છે, આભૂષણ વડે નહિ, દયાળુ માણસોનો દેહ પરોપકાર વડે શોભે છે, ચંદન વડે નહિ. ૧૨

ગુજરાતીવાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

અમૃત પીધું પણ અમર ન થયો. **अमीयं पासी, किंतु अमरो न हवीअ ।**

अमृतमपिबत्, किन्त्वमरो नाऽभवत् ।

પરાક્રમ વડે શત્રુઓને જીત્યા. **परक्कमेण सत्तू जिणीअ ।**

पराक्रमेण शत्रूनजयत् ।

મુસાફરોએ ઝાડ નીચે વિશ્રાન્તિ લીધી. **पावासुणो वच्छस्स अहो विस्समीअ ।**

प्रवासिनो वृक्षस्याऽधो व्यश्राम्यन् ।

રામ ગુરુના આદેશને અનુસર્યો તેથી સુખી થયો છે.

रामो गुरुस्स आएसं अणुसरीअ तत्तो सुही अभू ।

रामो गुरोरादेशमन्वसरत्, ततः सुख्यभवत् ।

મુસાફરે ખેડૂતને રસ્તો પૂછયો. **पवासी हालिअं मग्गं पुच्छीअ ।**

प्रवासी हालिकं मार्गमपृच्छत् ।

દક્ષિણ દિશાનો પવન વરસાદ લાવ્યો. **दाहिणिल्लो वाऊ वरिसं आणेसी ।**

दाक्षिणात्यो वायुर्वर्षामानयत् ।

સજ્જન દુર્જનની જાળમાં પડ્યો. **सज्जणो दुज्जणस्स जालंमि पडीअ ।**

सज्जनो दुर्जनस्य जालेऽपतत् ।

તેણે પ્રાણના નાશે પણ અદત્તનું ગ્રહણ કર્યું નહિ.

सो जीवियंते वि अदत्तं न गिण्हीअ ।

स जीवितान्तेऽप्यदत्तं नाऽगृह्णात् ।

જૈન ધર્મમાં જેવું તત્ત્વોનું જ્ઞાન જોયું, તેવું બીજામાં ન જોયું.

जइणधम्मे दारिसं तत्ताणं नाणं देक्खीअ, तारिसं अन्नंमि न पेक्खीअ ।

जैनधर्मे यादृशं तत्त्वानां ज्ञानमपश्याम, तादृशमन्यस्मिन्नाऽपश्याम ।

સુખ ને દુઃખ આ સંસારચક્રમાં અનંતવાર જીવે ભોગવ્યા છે, તેમાં આશ્ચર્ય શું ?.

सुहं दुहं च एयम्मि संसारचक्कंमि अणंतखुत्तो जीवो अणुहवीअ, तम्मि किं अच्छेरं ? ।

सुखं दुःखं चैतस्मिन् संसारचक्रेऽनन्तकृत्वो जीवोऽन्वभवत्, तस्मिन् किमाश्चर्यम् ? ।

તેં પાપમાંથી બચાવ્યો, તેથી તારા જેવો બીજો કોણ ઉત્તમ હોય ?.

तुं पावत्तो रक्खीअ, तत्तो तुम्हारिसो अन्नो को उत्तमो होइ ? ।

त्वं पापादरक्षः, ततस्त्वादृशोऽन्यः क उत्तमो भवति ? ।

રાવણે નીતિનું ઉલ્લંઘન કર્યું, તેથી તે મૃત્યુ પામ્યો.

रावणो नयं अइक्कमीअ, तत्तो सो मच्चुं पावीअ ।

रावणो नयमत्यक्राम्यत्, ततः स मृत्युं प्राप्नोत् ।

પંડિતો મૃત્યુથી ભય પામ્યા નહિ. **पंडिआ मच्चुत्तो न बीहीअ ।**

पण्डिता मृत्योर्नाऽबिभयुः ।

શિષ્યોએ ગુરુ પાસેથી જ્ઞાન ગ્રહણ કર્યું. **सीसा गुरुत्तो नाणं गिण्हीअ ।**

शिष्या गुरोर्ज्ञानमगृह्णन् ।

ઘણા ભવ્ય જીવોએ તીર્થંકરની પૂજા વડે નિત્ય સુખ મેળવ્યું.

बहवो भव्वा जीवा तित्थयरस्स अच्चणेण सासयं सुहं लहीअ ।

बहवो भव्या जीवास्तीर्थकरस्याऽर्चनेन शाश्वतं सुखमलभत ।

તમે બે પ્રભાતમાં ક્યાં રહ્યા ?. **तुम्हे वे पच्चूसे कहिं वसीअ ? ।**

युवां द्वौ प्रत्यूषे कुत्राऽवसतम् ? ।

અમે પ્રભુ મહાવીરની પાસે ધર્મ પામ્યા. **अम्हे पहुत्तो महावीरत्तो धम्मं पावीअ ।**

वयं प्रभोर्महावीराद् धर्मं प्राप्नुम ।

અહિંસા ધર્મ તે જ ધન અને સુખનું કારણ છે.

एत्थ धम्मोच्चिअ धणस्स सुहस्स य कारणं अत्थि ।

अत्र धर्म एव धनस्य, सुखस्य च कारणमस्ति ।

તેઓમાં જ્ઞાન હતું, તેથી તેઓને પૂજ્યા. **तेसुं नाणं हवीअ, तत्तो ते अच्चीअ ।**

तेषु ज्ञानमासीत्, ततस्तानार्चयन् ।

તું ગુરુની વૈયાવચ્ચથી એકદમ હોંશિયાર થયો.

तुं गुरुणो वेयावच्चेण सहसा निउणो हवीअ ।

त्वं गुरोर्वैयावृत्येन सहसा निपुणोऽभवः ।

તે નગર બહાર ગયો ને રીંછોનું યુદ્ધ જોયું.

सो नयरत्तो बहिं गच्छीअ, रिक्खाणं च जुद्धं पासीअ ।

स नगराद् बहिरगच्छत्, ऋक्षाणां च युद्धमपश्यत् ।

મંદિરની ધ્વજા ઉપર મેં મોર જોયો. **मंदिरस्स धयम्मि हं मोरं देक्खीअ ।**

मन्दिरस्य ध्वजेऽहं मयूरमपश्यम् ।

પાઠ ૧૫ મો

આજ્ઞાર્થ અને વિધ્યર્થ

આજ્ઞાર્થ અને વિધ્યર્થ તે આજ્ઞા, આશા, પ્રાર્થના, આશીર્વાદ, યોગ્યતા, ઉપદેશ, શક્યતા, સંભવ, ધર્મ ઈત્યાદિમાં વપરાય છે

આજ્ઞાર્થ અને વિધ્યર્થના એક જ પ્રત્યયો છે.

(૩/૧૭૬ ૧૭૩, ૧૭૪, ૧૭૫)

	એકવચન	બહુવચન
પ.પુ.	મુ.	મો.
બી.પુ.	હિ, સુ, ઇજ્જસુ, ઇજ્જહિ, ઇજ્જે,૦ (લુક્).	હ.
ત્રી.પુ.	ઉ, (તુ), (એ).	ન્તુ.

૧. આ પ્રત્યયો લગાડતાં પહેલાં **અ** હોય તો, 'અ' નો 'ए' વિકલ્પે થાય છે. (૩/૧૫૮) **जाण्+अ+मु=जाणेमु, जाणमु.**

૨. ***इज्जसु, इज्जहिं, इज्जे, ०.(लुक्)** આ પ્રત્યયો અકારાન્ત અંગવાળા ધાતુઓને જ લાગે છે. (૩/૧૭૫) **गच्छ्+अ+इज्जसु=गच्छिज्जसु, गच्छिज्जहि, गच्छिज्जे, गच्छ.**

૩. આર્ષ પ્રાકૃતમાં બી.પુ.એ.માં **इज्जसि, इज्जासि, इज्जाहि** પ્રત્યયો પણ લગાડવામાં આવે છે. (૩/૧૬૫) જેમકે **गच्छ्+अ+इज्जसि= गच्छिज्जसि, गच्छेज्जसि.** એ પ્રમાણે **गच्छिज्जासि, गच्छेज्जासि, गच्छिज्जाहि, गच्छेज्जाहि.** ઈત્યાદિ રૂપો થાય છે.

૪. 'हिं' પ્રત્યય લગાડતાં પૂર્વનો સ્વર દીર્ઘ પણ થાય છે. જેમકે-**गच्छ+हि=गच्छाहि, पढ+हि=पढाहि.**

૫. 'ह' પ્રત્યય લાગતા **ज्जा** આગમ વિકલ્પે મૂકાય છે. ઉદા. **गच्छेज्जाह** અથવા **गच्छेह.**

સ્વરાન્ત ધાતુઓને પણ વિકલ્પે 'अ' પ્રત્યય લગાડીને તથા છઠ્ઠા પાઠમાં આપેલા ज्ज, ज्जा ના નિયમો ધ્યાનમાં રાખી વિધ્યર્થ-આજ્ઞાર્થનાં રૂપો કરવાં.

હસ્

	એક વચન	બહુ વચન
૫.પુ.	हसमु, हसामु,	हसमो, हसामो,
	हसिमु, हसेमु.	हसिमो, हसेमो.
બી.પુ.	हसहि, हसेहि,	हसह,
	हससु, हसेसु,	हसेह.
	हसिज्जसु, हसेज्जसु,	
	हसिज्जहि, हसेज्जहि,	
	हसिज्जे, हसेज्जे,	
	हस, हसे.	

* આર્ષમાં इज्जासु પ્રત્યય પણ આવે છે. गच्छिज्जासु.

આર્ષમાં-

(હસિજ્જસિ, હસેજ્જસિ,		હસિજ્જાહ,
	હસિજ્જાસિ, હસેજ્જાસિ,	હસેજ્જાહ.
	હસિજ્જાહિ, હસેજ્જાહિ,	
	હસાહિ).	
ત્રી.પુ.	હસઉ, હસેઉ,	હસન્તુ, હસેન્તુ,
	હસએ, હસે.	હસિન્તુ.
સર્વપુરુષ સર્વવચન	હસેજ્જ, હસેજ્જા, હસિજ્જ, હસિજ્જા.	

ને. (नी.)

૫.પુ.	નેમુ.	નેમો.
બી.પુ.	નેહિ, નેસુ.	નેહ.
	(નેइજ્જસિ, નેइજ્જાસિ,	(નેજ્જાહ)
	નેइજ્જાહિ)	
ત્રી.પુ.	નેઉ.	નેન્તુ, નિન્તુ.

દા–દે

૫.પુ.	દેમુ.	દેમો.
બી.પુ.	દેહિ, દેસુ.	દેહ.
	(દેइજ્જસિ, દેइજ્જાસિ,	(દેજ્જાહ.)
	દેइજ્જાહિ.)	
ત્રી.પુ.	દેઉ.	દેન્તુ, દિન્તુ.

અ પ્રત્યય આવે ત્યારે ને+અ=નેઅ અંગનાં રૂપો.

૫.પુ.	નેઅમુ, નેઆમુ,	નેઅમો, નેઆમો.
	નેइમુ, નેએમુ.	નેइમો, નેએમો.

બી.પુ.	नेअहि, नेएहि,	नेअह, नेएह.
	नेअसु, नेएसु,	
	नेइज्जसु, नेएज्जसु,	
	नेइज्जहि, नेएज्जहि,	
	नेइज्जे, नेएज्जे.	
	नेअ, नेए.	
	(नेइज्जसि, नेएज्जसि,	(नेइज्जाह, नेएज्जाह).
	नेइज्जासि, नेएज्जासि,	
	नेइज्जाहि, नेएज्जाहि,	
	नेआहि.)	
त्री.पु.	नेअउ, नेएउ,	नेअन्तु, नेएन्तु,
	नेअए.	नेइन्तु.

પુરુષબોધક પ્રત્યય પહેલા **ज्ज–ज्जा** મૂકાય ત્યારે, **नेज्ज–नेज्जा** અંગનાં રૂપો.

	એકવચન	બહુવચન
૫.પુ.	नेज्जमु, नेज्जामु,	नेज्जमो, नेज्जामो,
	नेज्जिमु, नेज्जेमु,	नेज्जिमो, नेज्जेमो,
	नेज्ज, नेज्जा.	नेज्ज, नेज्जा.
બી.પુ.	नेज्जहि, नेज्जाहि,	नेज्जह, नेज्जाह,
	नेज्जेहि,	नेज्जेह,
	नेज्जसु, नेज्जासु	
	नेज्जेसु,	
	नेज्जिज्जसु, नेज्जेज्जसु,	
	नेज्जिज्जहि, नेज्जेज्जहि,	
	नेज्जिज्जे, नेज्जेज्जे,	

	નેજ્જ, નેજ્જા.	નેજ્જ, નેજ્જા.
	(નેજ્જિજ્જસિ, નેજ્જેજ્જસિ,	(નેજ્જિજ્જાહ,
	નેજ્જિજ્જાસિ, નેજ્જેજ્જાસિ,	નેજ્જેજ્જાહ.)
	નેજ્જિજ્જાહિ, નેજ્જેજાહિ,	
	નેજ્જાહિ.)	
ત્રી.પુ.	નેજ્જઉ, નેજ્જાઉ	નેજ્જન્તુ, નેજ્જાન્તુ,
	નેજ્જેઉ, નેજ્જએ, નેજ્જે,	નેજ્જિન્તુ, નેજ્જેન્તુ,
	નેજ્જ, નેજ્જા.	નેજ્જ, નેજ્જા.

સ્વરાન્ત ધાતુને જ્જ–જ્જા ની પહેલાં અકાર આવે છે ત્યારે નેએજ્જ–નેએજ્જા અંગના રૂપો.

	એકવચન	બહુવચન
પ.પુ.	નેએજ્જમુ, નેએજ્જામુ,	નેએજ્જમો, નેએજ્જામો,
	નેએજ્જિમુ, નેએજ્જેમુ,	નેએજ્જિમો, નેએજ્જેમો,
	નેએજ્જ, નેએજ્જા.	નેએજ્જ, નેએજ્જા.

એ પ્રમાણે બીજા અને ત્રીજા પુરુષનાં રૂપો કરી લેવાં.

વિધ્યર્થમાં 'જ્જ' અંગવાળા ધાતુને સર્વપુરુષ અને સર્વ વચનમાં 'ઇ' પ્રત્યય પણ લગાડાય છે. જેમ કે-

સર્વપુ.} હોજ્જ+ઇ=હોજ્જઇ. હોએજ્જ+ઇ=હોએજ્જઇ.
સર્વવ.} હોજ્જા+ઇ=હોજ્જાઇ, હોએજ્જા+ઇ=હોએજ્જાઇ.

હસેજ્જ+ઇ=હસેજ્જઇ, હસેજ્જા+ઇ=હસેજ્જાઇ.

સંસ્કૃતનાં તૈયાર આજ્ઞાર્થ અને વિધ્યર્થનાં રૂપ ઉપરથી પ્રાકૃત નિયમાનુસાર ફેરફાર થઈ રૂપો પણ વપરાય છે. જેમકે-

સમાયરે(સમાચરેત્) ત્રી.એ.	વજ્જએ(વર્જયેત્) ત્રી.એ.
ચરે(ચરેત્) ત્રી.એ.	લભે(લભેત) ત્રી.એ.

पढे(पठेत्)	त्री.એ.	निवारए(निवारयेत्)
सिया(स्यात्)	त्री.એ.	बूया(ब्रूयात्)
कुज्जा(कुर्यात्)	त्री.એ.	बूहि(ब्रूहि) બી.એ.
अत्थु(अस्तु)	त्री.એ.	संतु(सन्तु) त्री.બ.

પ્રાકૃતવાક્યોનું સંસ્કૃત-ગુજરાતી

तुम्हे एत्थ चिट्ठेह, वीरं जिणं अम्हे अच्चेमो ।

यूयमत्र तिष्ठत, वीरं जिनं वयमर्चामः ।

તમે અહીં ઉભા રહો, અમે વીરજિનની પૂજા કરીએ.

सच्चं बोल्लिज्जा । सत्यं वदेत् । **સાચુ બોલવું જોઈએ.**

धम्मं समायरे । धर्मं समाचरेत् । **ધર્મ કરવો જોઈએ.**

उज्जमेण विणा धणं न लहेमु ।

उद्यमेन विना धनं न लभेय ।

હું ઉદ્યમ વિના ધન ન મેળવું.

सुत्तस्स मग्गेण चरेज्ज भिक्खू । सूत्रस्य मार्गेण चरेद् भिक्षुः ।

સાધુએ સૂત્રના માર્ગે ચાલવું જોઈએ.

जो गुरुकुले निच्चं वसेज्ज, सो सिक्खणं [६४]अरिहेइ ।

यो गुरुकुले नित्यं वसेत्, स शिक्षणमर्हति ।

જે ગુરુકુલમાં હંમેશાં રહે છે, તે શિક્ષણ-જ્ઞાનને યોગ્ય બને છે.

मुषावायं न वएज्जसि । मृषावादं न वदेः । **તારે જૂઠું બોલવું ન જોઈએ.**

तुं नयं न चयिज्जे । त्वं नयं न त्यजेः ।

તારે નીતિનો ત્યાગ કરવો ન જોઈએ.

जइ तुम्हे विज्जत्थिणो अत्थि, तया सुहं चएइ, पढणे य उज्जमह ।

यदि यूयं विद्यार्थिनः स्थ, तदा सुखं त्यजत, पठने चोद्यच्छत ।

---

[६४]શબ્દની અંદર 'हं' સંયુક્ત વ્યંજન હોય તો અન્ત્ય 'ह'ની પૂર્વે 'इ' મૂકાય છે. (૨/૧૦૪) ઉદા-अरिहंतो (अर्हन्), गरिहा (गर्हा).

જો તમે વિદ્યાના અર્થી છો, તો સુખનો ત્યાગ કરો અને ભણવામાં ઉદ્યમ કરો.

अहं दुद्धं पासी, तुम्हे वि पिवेह । अहं दुग्धमपिबम्, यूयमपि पिबत ।

મેં દુધ પીધું, તમે પણ પીઓ.

तुब्भे साहूणं समीवं हियाइं वयणाइं सुणिज्जाह, अहंपि सुणामु ।

यूयं साधूनां समीपं हितानि वचनानि शृणुत, अहमपि शृणवानि ।

તમે સાધુઓની પાસે હિતકારી વચનો સાંભળો, હું પણ સાંભળું.

भवाओ विरत्ताणं पुरिसाणं गिहे वासो किं रोएज्ज ? ।

भवाद् विरक्तेभ्यः पुरुषेभ्यो गृहे वासः किं रोचेत ? ।

સંસારથી વિરાગ પામેલા પુરુષોને, શું ઘરમાં રહેવું ગમે ?

[૬૫]जइण सासणं चिरं जयउ । जैनं शासनं चिरं जयतु ।

જૈન શાસન લાંબા કાળ સુધી જય પામો.

आइरिआ दीहं कालं जिणिंतु । आचार्या दीर्घं कालं जयन्तु ।

આચાર્યો ઘણા કાળ સુધી જય પામો.

नायपुत्तो तित्थं [૬૬]पवट्टेउ । ज्ञातपुत्रस्तीर्थं प्रवर्तताम् ।

જ્ઞાતપુત્ર=ભગવાન મહાવીર તીર્થ પ્રવર્તાવો.

तुं अकज्जं न कुणेज्जसु, सच्चं च वइज्जहि ।

त्वमकार्यं न कुर्याः, सत्यं च वदेः ।

૬૫. શબ્દની અંદર 'ऐं' નો 'एं' થાય છે, તેમજ દૈત્યાદિ શબ્દોમાં 'ऐं' નો 'अइ' થાય છે. (૧/૧૪૮, ૧૫૧).

सेला (शैलाः)	एरावणो (ऐरावणः)	वइएसो (वैदेशः)
सेन्नं (सैन्यम्)	दइच्चो (दैत्यः)	सइरं (स्वैरम्)
तेलुक्कं (त्रैलोक्यम्)	अइसरिअं (ऐश्वर्यम्)	चइत्तं (चैत्यम्)

૬૬. શબ્દની અંદર 'र्त्त' નો 'ट्ट' થાય છે. (૨/૩૦) ઉદા-पवट्टइ (प्रवर्तते), संवट्टिअं (संवर्तितम्), नट्टओ (नर्त्तकः), केवट्टो (केवर्त्तः).

અપવાદ- 'धूर्त्त' આદિ શબ્દોમાં 'र्त्त' નો ट्ट થતો નથી. धुत्तो (धूर्त्तः), कित्ती (कीर्त्तिः)

તું અકાર્ય ન કર અને સત્ય બોલ.

गुरूणं विणएण वेयावडिएण य नाणं पढे ।

गुरूणां विनयेन, वैयावृत्येन च ज्ञानं पठेत् ।

ગુરુઓનાં વિનય અને સેવા વડે જ્ઞાન ભણવું જોઈએ.

अत्थो च्चिअ परिवड्ढउ, जेण गुणाः पायडा हुंति ।

अर्थ एव परिवर्द्धताम्, येन गुणाः प्रकटा भवन्ति ।

ધન નિશ્ચે વધો, જેના વડે ગુણો પ્રકટ થાય છે.

जइ सिवं इच्छेह, तया कामेहिन्तो विरमेज्ज ।

यदि शिवमिच्छेत, तदा कामेभ्यो विरमेत ।

જો તમે મોક્ષને ઈચ્છો છો, તો કામોથી-ઈચ્છાઓથી અટકો.

सज्जणे तुम्हे मा निन्देह । सज्जनान् यूयं मा निन्दत ।

તમે સજ્જનોની નિંદા ન કરો.

पाणीणं अप्पकेरं नाणं दंसणं चरितं च अत्थि, न अन्नं किं पि, तओ तेहिं चिय संसारा पारं वच्चेह ।

प्राणिनामात्मीयं ज्ञानं दर्शनं चारित्रं च सन्ति, नाऽन्यत् किमपि, ततस्तैरेव, संसारात् पारं व्रजत ।

પ્રાણીઓને પોતાનું જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે, બીજું કાંઈ નહીં, તેથી તેના વડે જ સંસારથી પાર પામો.

सढेसु माइं वीससेज्जइ । शठेषु मा विश्वस्यात् ।

લુચ્ચાઓ ઉપર વિશ્વાસ ન રાખવો જોઈએ.

सज्जणेहिं सद्धिं विरोहं कया वि न कुज्जा ।

सज्जनैः सार्धं विरोधं कदापि न कुर्यात् ।

સારા માણસો સાથે ક્યારેય વિરોધ ન કરવો જોઈએ.

हे ईसर !, अम्हारिसे पावे जंणे रक्ख रक्खेहि ।

हे ईश्वर !, अस्मादृशान् पापाञ् जनान् रक्ष रक्ष ।

હે ઈશ્વર !, અમારા જેવા પાપી માણસોનું રક્ષણ કરો, રક્ષણ કરો.

पाणिवहो धम्माय न सिया । प्राणिवधो धर्माय न स्यात् ।

જીવ હિંસા ધર્મને માટે ન થાય.

कासइ न वीससे । कस्यचिन्न विश्वस्यात् ।

કોઈનો વિશ્વાસ ન કરવો જોઈએ.

सच्चं पियं च परलोयहियं च वएज्जा नरा ।

सत्यं प्रियं च परलोकहितं च वदेयुर्नराः ।

માણસોએ સત્ય, પ્રિય અને પરલોકમાં હિતકારી બોલવું જોઈએ.

जइ न हुज्जइ आयरिया, को तया जाणिज्ज सत्थस्स सारं ? ।

यदि न भवेयुराचार्याः, कस्तदा जानीयाच्छास्त्रस्य सारम् ? ।

જો આચાર્યો ન હોય તો શાસ્ત્રના સારને કોણ જાણી શકે ?.

[૩]होज्जा [૨]जले वि [૩]जलणो, होज्जा [૪]खीरं पि [૪]गोविसाणाओ ।
[૭]अमयरसो वि [૬]विसाओ, [૧૦]नय [૮]पाणिवहा [૧૧]हवइ [૯]धम्मो ॥ १३ ॥

जलेऽपि ज्वलनो भवेत्, गोविषाणात् क्षीरमपि भवेत ।
विषादप्यमृतरसः, प्राणिवधाद् धर्मो न च भवति ॥ १३ ॥

પાણીમાં પણ અગ્નિ કદાચ થાય, કદાચ ગાયના શીંગડામાંથી દૂધ થાય, કદાચ ઝેરમાંથી પણ અમૃત થાય, પણ જીવહિંસાથી ધર્મ ન થાય. ૧૩

[૩]वरिसंतु [૨]घणा [૩]मा वा, [૫]मरंतु, [૪]रिऊणो [૬]अहं [૭]निवो [૮]होज्जा ।
[૯]सो [૧૦]जिणउ [૧૧]परो [૧૨]भज्जउ, [૧૩]एवं [૧૪]चिंतणमवज्झाणं [૧૫] ॥ १४ ॥

घना वर्षन्तु मा वा, रिपवो म्रियन्तां, अहं नृपो भवेयम् ।
स जयतु, परो भनक्तु, एवं चिंतनमपध्यानम् ॥ १४ ॥

વરસાદ વરસો અથવા ન વરસો, શત્રુઓ મરો, હું રાજા થાઉં, તે જય પામો, બીજા ભાંગી પડો, આ પ્રમાણે ચિંતન કરવું તે દુર્ધ્યાન છે. ૧૪

[૧]गुणिणो [૨]गुणेहिं [૪]विहवेहि, [૩]विहविणो [૭]होंतु [૫]गव्विआ [૬]नाम ।
[૯]दोसेहि [૮]नवरि [૧૦]गव्वो, [૧૧]खलाण [૧૨]मग्गो च्चि अ [૧૩]अउव्वो ॥ १५ ॥

गुणिनो गुणैः, विभवैर्विभविनो गर्विता नाम भवन्तु ।
नवरं दोषैर्गर्वः, खलानां मार्गोऽपूर्व एव ॥ १५ ॥

ગુણવાન પુરુષો ગુણોવડે, ધનવાન પુરુષો ધન વડે ગર્વિત (કદાચ) થાય, પરંતુ દોષો વડે ગર્વ કરવો એ લુચ્ચાઓનો માર્ગ અપૂર્વ જ છે. ૧૫.

[1]जइ वि [2]दिवसेण [3]पयं, [4][5]धरेह [6]पक्खेण [7]वा [8][9]सिलोगद्धं ।
[10]उज्जोगं [11]मा [12]मुंचह, [1]जइ [13]इच्छह [14]सिक्खिउं [15]नाणं ॥ १६ ॥

यदि ज्ञानं शिक्षितुमिच्छत, यद्यपि दिवसेन पदं धारयत,
पक्षेण वा श्लोकार्द्धम, उद्योगं मा मुञ्चत ॥ १६ ॥

જો તમે જ્ઞાન ભણવાને ઈચ્છો તો-એક દિવસે એક પદ અથવા પખવાડીયે-પંદર દિવસે અડધો શ્લોક ધારણ કરો, પણ પ્રયત્ન ન છોડો. ૧૬

[1]कुणउ [2]तवं [3]पालउ, [4]संजमं [5]पढउ [6]सयलसत्थाइं ।
[7]जाव [8]न [9]झायइ [10]जीवो, [11]ताव [12]ने [13]मुक्खो [14]जिणो [15]भणइ ॥ १७ ॥

तपः करोतु, संयमं पालयतु, सकलशास्त्राणि पठतु ।
यावज्जीवो न ध्यायति, तावन् मोक्षो न, जिनो भणति ॥ १७ ॥

તપ કરો, સંયમ પાળો, સર્વશાસ્ત્ર ભણો, પરંતુ જ્યાં સુધી જીવ (શુભ) ધ્યાન ધ્યાવે નહિ, ત્યાં સુધી મોક્ષ નથી, એમ શ્રી જિનેશ્વર કહે છે. ૧૭

ગુજરાતીવાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

પ્રભાતમાં સ્તોત્રો વડે પ્રભુની સ્તુતિ કરવી જોઈએ અને પછી અધ્યયન ભણવું જોઈએ.

पच्चूसे थोत्तेहिं पहुं थुणेज्जा, पच्छा य अज्झयणं भणेज्जा ।

प्रत्यूषे स्तोत्रैः प्रभुं स्तुयात्, पश्चाच्चाऽध्ययनं भणेत् ।

વ્યાપારની જેમ માણસે હંમેશા ધર્મમાં પણ ઉદ્યમ કરવો જોઈએ.

वावारंमि इव जणो सया धम्मंमि वि उज्जमेउ ।

व्यापार इव जनः सदा धर्मेऽप्युद्यच्छतु ।

વિદ્યાધરો વિમાનો વડે ગમન કરો. **विज्जाहरा विमाणेहिं गच्छन्तु ।**

विद्याधरा विमानैर्गच्छन्तु ।

ઈન્દ્રે કુબેરને હુકમ કર્યો (કે) જ્ઞાતપુત્રને ઘેર દ્રવ્યની વૃષ્ટિ કરો.

हरी वेसमणं आदिसीअ, णायपुत्तस्स गेहम्मि दव्वं वरिसेज्जहि ।

हरिर्वैश्रमणमादिशत्, ज्ञातपुत्रस्य गृहे द्रव्यं वर्ष ।

તમે ધર્મ વડે જીવો અને સત્યથી સુખી થાઓ.

तुब्भे धम्मेण जीवेह, सच्चेण य सुहिणो होएज्जाह ।

यूयं धर्मेण जीवत, सत्येन च सुखिनो भवत ।

ગુરુનો આદેશ ઉલ્લંઘન ન કરવો જોઈએ. **गुरुणो आएसं भाइँ अइक्कमेज्ज ।**

गुरोरादेशं माऽतिक्रमेत ।

હે બાળક !, તું ફોગટ રાખમાં ઘી નાખ નહિં.

हे बाल !, तुं मुहा भस्सम्मि घयं मा पक्खिवसु ।

[१]हे बाल ! त्वं मुधा भस्मनि घृतं मा मुञ्चेः ।

તમારે ઉપાધ્યાયની પાસે વ્યાકરણ શીખવું જોઈએ.

तुम्हे उवज्झायस्स समीवे वागरणं पढेह ।

यूयमुपाध्यायस्य समीपे व्याकरणं पठेत ।

જુવાનીમાં ધર્મ કરવો જોઈએ. [६७]**जोव्वणंमि धम्मं करेज्जा ।**

यौवने धर्मं कुर्यात् ।

કરવા લાયક કામમાં પ્રમાદ ન કરવો જોઈએ. **कायव्वे कज्जे न पमज्जेज्ज ।**

कर्तव्ये कार्ये न प्रमाद्येत् ।

સાધુઓએ દિવસે જ વિહાર કરવો જોઈએ. **साहवो दिणम्मि चेव विहरेन्तु ।**

---

६७ શબ્દની અંદર 'औं' હોય તો 'ओं' થાય છે, તેમજ पौर આદિ શબ્દમાં 'औं' નો 'अउ' થાય છે. (१/१५९,१६२)

जोव्वणं (यौवनम्)	कोसंबी (कौशाम्बी)	पउरिसं (पौरुषम्)
कोसिओ (कौशिकः)	पउरा (पौराः)	मउणं (मौनम्)

गौरव શબ્દમાં 'औं' નો 'आं' અને अउ થાય છે.

गारवं, गउरवं (गौरवम्)

(पौर વગેરે શબ્દો પ્રાકૃતવ્યાકરણથી જાણી લેવા.)

साधवो दिने चैव विहरेयुः ।

तुं मिथ्या कोपने न कर, हितने सांभळ.

तुं मिच्छा कोवं मा करसु, हियं च सुणसु ।

त्वं मिथ्या कोपं मा कुरु, हितं च शृणु ।

तमे पंडित छो माटे तत्त्वनो विचार करो.

तुब्भे पंडिआ अत्थि, तत्तो तत्ताइं चिन्तेह ।

यूयं पण्डिताः स्थ, ततस्तत्त्वानि चिन्तयत ।

लोभने संतोष वडे छोड. **लोहं संतोसेण मुंचहि ।** लोभं सन्तोषेण मुञ्च ।

सर्व तीर्थोमां शत्रुंजय तीर्थ उत्तम छे, माटे त्यां तुं जा, कल्याण कर अने पापोनो क्षय कर.

सव्वेसुं तित्थेसुं सत्तुंजयं तित्थं उत्तिमं अत्थि, तत्तो तुं तहिं गच्छसु, कल्लाणं कुणसु, पावाइं च निज्जरसु ।

सर्वेषु तीर्थेषु शत्रुञ्जयं तीर्थमुत्तममस्ति, ततस्त्वं तत्र गच्छ, कल्याणं कुरु, पापानि च निर्जृणीहि ।

संतोषमां जेवुं सुख छे, तेवुं सुख बीजामां नथी, माटे संतोष धारण करवो जोईओ.

संतोसंमि जारिसं सुहं अत्थि, तारिसं सुहं अन्नंमि नत्थि, तत्तो संतोसं धरेज्ज ।

सन्तोषे यादृशं सुखमस्ति, तादृशं सुखमन्यस्मिन् नाऽस्ति, ततः सन्तोषं धारयेत ।

जीव धडपणमां धर्म करवाने समर्थ थतो नथी.

जीवो वुड्ढत्तणंमि धम्मस्स करणाय समत्थो न होइ ।

जीवो वृद्धत्वे धर्मस्य करणाय समर्थो न भवति ।

सारुं पाकेलुं अनाज खावुं जोईओ. **सुपक्कं धन्नं खाएज्ज ।**

सुपक्वं धान्यं खादेत् ।

दररोज जिनेश्वरनुं दर्शन अने गुरुनो उपदेश सांभळवो जोईओ.

सया जिणस्स दंसणं (करेज्ज), गुरुणो य उवएसं सुणेज्ज ।

सदा जिनस्य दर्शनं (कुर्यात्), गुरोरुपदेशं च शृणुयात् ।

જે સંસારમાંથી તારનાર છે તે ઈશ્વરની નિન્દા ન કર.

जो संसारत्तो तारगो अत्थि, तं ईसरं मा निंदहि ।

यः संसारात्तारकोऽस्ति, तमीश्वरं मा निन्द ।

પાઠ ૧૬ મો.

आकारान्त, ह्रस्व तथा दीर्घ इ-ईकारान्त अने उ-ऊकारान्त स्त्रीलिंग नामो.

(૩/૨૯, ૨૭, ૧૮, ૭, ૬, ૯, ૫, ૧૨૪, ૧/૨૭)

प्रत्ययो.

	એકવચન.	બહુવચન.
પ.	०.	उ, ओ, ०.
બી.	म्.	उ, ओ, ०.
ત.	अ, आ, इ, ए.	हि, हिं हिं.
ચ. છ.	अ,आ,इ,ए.	ण,णं.
પં.	अ, आ, इ, ए.	
	त्तो, ओ, उ, हिन्तो.	त्तो, ओ, उ, हिन्तो, सुन्तो.
સ.	अ, आ, इ, ए.	सु, सुं.
સં.	०	उ, ओ, ०.

૧. म् અને त्तो પ્રત્યયોની પહેલાં દીર્ઘસ્વર હોય તો હ્રસ્વ થાય છે. (૩/૩૬) જેમકે

माला+म्=मालं, नई+म्=नइं. वहू+म्=वहुं.

૨. તૃતીયા, ચતુર્થી, પંચમી, ષષ્ઠી અને સપ્તમી વિભક્તિનો જે 'आ' પ્રત્યય છે, તે આકારાન્ત સ્ત્રીલિંગ નામોને લાગતો નથી. (૩/૩૦) જેમકે-

मालाअ, मालाइ, मालाए.

૩. 'મ્' અને 'ત્તો' સિવાય સર્વે વિભક્તિના પ્રત્યયોની પૂર્વે હ્રસ્વ સ્વર હોય તો દીર્ઘ થાય છે. (૩/૪૨) જેમકે-

પ. બ. મઇ+ઓ=મઈઓ, મઈઉ, મઈ.

પં. એ. મઈઅ, મઈઆ, મઈઇ, મઈએ.

મઇત્તો, મઈઓ, મઈઉ, મઈહિન્તો,

૪. દીર્ઘ ઈકારાન્ત સ્ત્રીલિંગ નામોમાં પ્રથમા વિભક્તિના એકવચનમાં તથા પ્રથમા અને દ્વિતીયાના બહુવચનમાં 'આ' પ્રત્યય પણ લગાડવામાં આવે છે. (૩/૨૭) જેમકે-

પ૦ એ૦ નઈ, નઈઆ.

પ૦ બ., બી. બ., નઈઓ, નઈઉ, નઈ, નઈઆ.

૫. જે નામો મૂળથી આકારાન્ત છે, તેના સંબોધન એકવચનમાં અન્ત્ય 'આ' નો 'એ' વિકલ્પે થાય છે. જેમકે-હે માલે, હે માલા. તેમજ હ્રસ્વ ઇકારાન્ત અને ઉકારાન્ત નામોના સંબોધનના એકવચનમાં વિકલ્પે સ્વર દીર્ઘ થાય છે. જેમ-હે મઈ; મઇ, હે ધેણૂ, ધેણુ. અને દીર્ઘ ઈકારાન્ત-ઊકારાન્ત નામોનાં સંબોધન એકવચનમાં અન્ત્ય 'ઈ-ઊ' હ્રસ્વ થાય છે. (૩/૪૧, ૪૨, ૩૮) જેમ-હે નઇ, હે વહુ.

રમા (રમા)

	એકવચન.	બહુવચન.
પ૦	રમા.	રમાઓ, રમાઉ, રમા.
બી૦	રમં.	રમાઓ, રમાઉ, રમા.
ત.	રમાઅ, રમાઇ, રમાએ.	રમાહિ, રમાહિં, રમાહિં.
ચ.છ.	રમાઅ, રમાઇ, રમાએ.	રમાણ, રમાણં.
પ.	રમાઅ, રમાઇ, રમાએ, રમત્તો, રમાઓ, રમાઉ, રમાહિન્તો.	રમત્તો, રમાઓ, રમાઉ, રમાહિન્તો, રમાસુન્તો.
સ.	રમાઅ, રમાઇ, રમાએ.	રમાસુ, રમાસું.
સં૦	હે રમે, રમા.	રમાઓ, રમાઉ, રમા.

बुद्धि (बुद्धि).

प.	बुद्धी.	बुद्धीओ, बुद्धीउ, बुद्धी.
बी.	बुद्धिं.	बुद्धीओ, बुद्धीउ, बुद्धी.
त.	बुद्धीअ, बुद्धीआ, बुद्धीइ, बुद्धीए.	बुद्धीहि, बुद्धीहिं, बुद्धीहिं.
च० छ०	बुद्धीअ, बुद्धीआ, बुद्धीइ, बुद्धीए.	बुद्धीण, बुद्धीणं.
पं.	बुद्धीअ, बुद्धीआ, बुद्धीइ, बुद्धीए, बुद्धित्तो, बुद्धीओ, बुद्धीउ, बुद्धीहिन्तो.	बुद्धित्तो, बुद्धीओ, बुद्धीउ, बुद्धीहिन्तो, बुद्धीसुन्तो.
स०	बुद्धीअ, बुद्धीआ, बुद्धीइ, बुद्धीए.	बुद्धीसु, बुद्धीसुं.
सं०	हे बुद्धि, बुद्धी.	बुद्धीओ, बुद्धीउ, बुद्धी.

धेणु (धेनु)

	એકવચન	બહુવચન
प०	धेणू.	धेणूओ, धेणूउ, धेणू.
बी०	धेणुं.	धेणूओ, धेणूउ, धेणू.
त०	धेणूअ, धेणूआ, धेणूइ, धेणूए.	धेणूहि, धेणूहिं, धेणूहिं.
च०छ०	धेणूअ, धेणूआ, धेणूइ, धेणूए.	धेणुण, धेणूणं.
पं०	धेणूअ, धेणूआ, धेणूइ, धेणूए, धेणुत्तो, धेणूओ, धेणूउ, धेणूहिन्तो.	धेणूत्तो, धेणूओ, धेणूउ धेणूहिन्तो, धेणूसुन्तो.
स०	धेणूअ, धेणूआ, धेणूइ, धेणूए	धेणूसु, धेणूसुं.
स०	हे धेणू, धेणु.	धेणूओ, धेणूउ, धेणु.

इत्थी (स्त्री)

	એકવચન.	બહુવચન.
प०	इत्थी, इत्थीआ.	इत्थीओ, इत्थीउ, इत्थी, इत्थीआ.

बी०	इत्थिं.	इत्थीओ, इत्थीउ, इत्थी, इत्थीआ.
त.	इत्थीअ, इत्थीआ, इत्थीइ, इत्थीए.	इत्थीहि, इत्थीहिं, इत्थीहिं.
च–छ०	इत्थीअ, इत्थीआ, इत्थीइ, इत्थीए.	इत्थीण, इत्थीणं
पं.	इत्थीअ, इत्थीआ, इत्थीइ, इत्थीए, इत्थित्तो, इत्थीओ, इत्थीउ, इत्थीहिन्तो.	इत्थित्तो, इत्थीओ, इत्थीउ, इत्थीहिन्तो, इत्थीसुन्तो
स.	इत्थीअ, इत्थीआ, इत्थीइ, इत्थीए.	इत्थीसु, इत्थीसुं.
स.	हे इत्थि.	इत्थीओ, इत्थीउ, इत्थी, इत्थीआ.

सासू (श्वश्रू)

	એકવચન	બહુવચન
प.	सासू.	सासूओ, सासूउ, सासू.
बी.	सासुं	सासूओ, सासूउ, सासू.
त.	सासूअ, सासूआ, सासूइ, सासूए.	सासूहि, सासूहिं, सासूहिं.
च–छ०	सासूअ, सासूआ, सासूइ, सासूए.	सासूण, सासूणं.
पं.	सासूअ, सासूआ, सासूइ, सासूए, सासुत्तो, सासूओ, सासूउ, सासूहिन्तो.	सासुत्तो, सासूओ, सासूउ, सासूहिन्तो, सासूसुन्तो.
स.	सासूअ, सासूआ, सासूइ, सासूए.	सासूसु, सासूसुं.
सं.	हे सासु.	सासूओ, सासूउ, सासू.

સર્વનામના સ્ત્રીલિંગ શબ્દો.

તા (તત્)	ઇમા (ઇદમ્)
જા (યત્)	સવ્વા (સર્વા)
કા (કિમ્)	અન્ના (અન્યા)
એઆ–એતા (એતદ્)	

આ સર્વનામનાં સ્ત્રીલિંગ રૂપો આકારાન્ત સ્ત્રીલિંગ નામના જેવાં થાય છે.

વિશેષ:- તા અને એતા નું પ. એ. રૂપ ક્રમથી સા અને એસા થાય છે. તેમજ તા નો તી, જા નો જી, કા નો કી, એઆ નો એઈ, ઇમા નો ઇમી આ પ્રમાણે શબ્દો ગણી ઈકારાન્ત સ્ત્રીલિંગના જેવાં રૂપો પણ વિકલ્પે થાય છે, પણ તી, જી અને કી, ના પ્રથમા અને દ્વિતીયાના એકવચનમાં અને છઠ્ઠીના બહુવચનમાં રૂપો થતાં નથી. (૩/૩૩, ૮૬) (આ રૂપો આગળ સર્વનામના પાઠમાં વિસ્તારથી આપવામાં આવશે.) સંક્ષેપથી આ પ્રમાણે-

સવ્વા (સર્વા)

	એકવચન	બહુવચન
પ.	સવ્વા.	સવ્વાઓ, સવ્વાઉ, સવ્વા.
બી.	સવ્વં.	સવ્વાઓ, સવ્વાઉ, સવ્વા.
ત.	સવ્વાઅ, સવ્વાઇ, સવ્વાએ.	સવ્વાહિ, સવ્વાહિં, સવ્વાહિં.

બાકીનાં રૂપો 'રમા' પ્રમાણે.

તા–તી (તદ્)

	એકવચન	બહુવચન
પ.	સા.	તાઓ તાઉ, તા, તીઓ, તીઉ, તી, તીઆ,
બી.	તં	તાઓ, તાઉ, તા તીઓ, તીઉ, તી, તીઆ.
ત.	તાઅ, તાઇ, તાએ, તીઅ, તીઆ, તીઇ, તીએ.	તાહિ, તાહિં, તાહિં, તીહિ, તીહિં, તીહિં.

च–छ.	ताअ, ताइ, ताए	ताण, ताणं.
	तीअ, तीआ, तीइ, तीए.	

બાકીનાં રૂપો 'रमा' અને 'इत्थी' પ્રમાણે.

जा–जी (यत्)

प.	जा.	जाओ, जाउ, जा,
		जीओ, जीउ, जी, जीआ.
बी.	जं.	जाओ, जाउ, जा,
		जीओ, जीउ, जी, जीआ.
त.	जाअ, जाइ, जाए,	जाहि, जाहिँ, जाहिं,
	जीअ, जीआ, जीइ, जीए.	जीहि, जीहिँ, जीहिं,
च–छ०	जाअ, जाइ, जाए,	जाण, जाणं.
	जीअ, जीआ, जीइ, जीए.	

બાકીનાં રૂપો 'ता, ती' પ્રમાણે.

का–की (किम्)

प.	का.	काओ, काउ, का,
		कीओ, कीउ, की, कीआ.
बी.	कं.	काओ, काउ, का,
		कीओ, कीउ, की, कीआ.
त.	काअ, काइ, काए,	काहि, काहिँ, काहिं,
	कीअ, कीआ, कीइ, कीए	कीहि, कीहिँ, कीहिं,
च–छ.	काअ, काइ, काए,	काण, काणं.
	कीअ, कीआ, कीइ, कीए.	

બાકીનાં રૂપો 'ता–ती' પ્રમાણે.

एआ–एई (एतद्)

	એકવચન	બહુવચન
પ.	एसा.	एआओ, एआउ, एआ, एईओ, एईउ, एई, एईआ.
बी.	एअं, एइं.	एआओ, एआउ, एआ, एईओ, एईउ, एई, एईआ.
त.	एआअ, एआइ, एआए, एईअ, एईआ, एईइ, एईए.	एआहि, एआहिं, एआहिं, एईहि, एईहिं, एईहिं.
च–छ०	एआअ, एआइ, एआए, एईअ, एईआ, एईइ, एईए.	एआण, एआणं, एईण, एईणं.

બાકીનાં રૂપો 'ता–ती' પ્રમાણે.

इमा–इमी (इदम्)

પ.	इमा, इमी, इमीआ.	इमाओ, इमाउ, इमा, इमीओ, इमीउ, इमी, इमीआ.
बी.	इमं, इमिं.	इमाओ, इमाउ, इमा, इमीओ, इमीउ, इमी, इमीआ.
त.	इमाअ, इमाइ, इमाए, इमीअ, इमीआ, इमीइ; इमीए	इमाहि, इमाहिं, इमाहिं. इमीहि, इमीहिं, इमीहिं.
च० छ०	इमाअ, इमाइ, इमाए. इमीअ, इमीआ, इमीइ इमीए.	इमाण, इमाणं, इमीण, इमीणं

બાકીનાં રૂપો 'ता–ती' પ્રમાણે.

પ્રાકૃત વાક્યોનું સંસ્કૃત-ગુજરાતી

जस्स [६८]जओ आइच्चो उदेइ, सा तस्स होइ *पुव्वा दिसा, जत्तो य अत्थमेइ सा उ अवरादिसा नायव्वा, दाहिणपासम्मि य दाहिणा दिसा, उत्तरा उ वामेण ।

यस्य यत आदित्य उदेति, सा तस्य भवति पूर्वा दिग्, यतश्चाऽस्तमेति, सा त्वपरा दिग् ज्ञातव्या, दक्षिणपार्श्वे च दक्षिणा दिग्, उत्तरा तु वामेन ।

જેને જે બાજુથી સૂર્ય ઊગે છે, તે તેની પૂર્વ દિશા થાય છે, જે તરફથી આથમે છે, તે પશ્ચિમ દિશા જાણવી, જમણે પડખે દક્ષિણ દિશા અને ડાબી બાજુએ ઉત્તર દિશા જાણવી.

किवाए विणा को धम्मो ? । कृपया विना को धर्मः ? ।

દયા વિના કયો ધર્મ છે ?

पंडवाणं सेणाइ दुज्जोहणस्स सेणाए सह जुज्झं होत्था, तम्मि जुद्धे पंडवाणं जयो आसि ।

पाण्डवानां सेनाया दुर्योधनस्य सेनया सह युद्धमभवत्, तस्मिन् युद्धे पाण्डवानां जय आसीत् ।

---

६८. संस्कृतमां 'तस्' प्रत्यय आवे छे, तेने स्थाने 'त्तो–दो' विकल्पे आवे छे, त्तो–दो न थाय त्यारे अकारथी पर विसर्ग आवे तो विसर्गनो पूर्वनो स्वर अने व्यंजन सहित 'ओ' थाय छे. (१/२७, २/१६०, ३/३२) जेमके-

जत्तो, जदो, जओ. (यतः)	अन्नत्तो, अन्नदो, अन्नओ. (अन्यतः)
कत्तो, कदो, कओ. (कुतः)	
तत्तो, तदो, तओ. (ततः)	पुरओ (पुरतः)
सव्वओ, सव्वदो, सव्वओ. (सर्वतः)	मग्गओ (मार्गतः)

* विशेषणनुं स्त्रीलिंग शब्दने अंते 'आं' के 'ईं' लगाडवाथी थाय छे. पण अकारान्त विशेषण नामोनुं स्त्रीलिंग प्रायः 'आं' लगाडवाथी थाय छे. कोई स्थळे 'ईं' पण लागे छे. जेमके-

पिय–पिया, पिआ.(प्रिया)	तारिस–तारिसा, तारिसी.(तादृशी)
निच्च–निच्चा,(नित्या).	हसमाण–हसमाणा (हसमाना)
वल्लह–वल्लहा (वल्लभा).	हसमाणी
सरिस–सरिसा, सरिसी(सदृशी).	हसंत–हसंता, हसंती (हसन्ती).

પાંડવોની સેનાનું દુર્યોધનની સેના સાથે યુદ્ધ થયું, તે યુદ્ધમાં પાંડવોની જીત થઈ.

कोसा वेसा सव्वासु कलासु निउणा, नच्चम्मि उ विसेसेण कुसला ।

कोशा वेश्या सर्वासु कलासु निपुणा, नृत्ये तु विशेषेण कुशला ।

કોશા વેશ્યા સર્વ કળાઓમાં કુશળ (હતી) પરંતુ નૃત્યમાં વિશેષે કરીને કુશળ (હતી.)

सव्वा कला धम्मकला जएइ । सर्वाः कला धर्मकला जयति ।

ધર્મ કળા સર્વ કળાઓને જીતે છે.

सव्वा कहा धम्मकहा जिणेइ । सर्वाः कथा धर्मकथा जयति ।

ધર્મકથા સર્વ કથાઓને જીતે છે.

जस्स जीहा वसीहूआ, सो परमो पुरिसो ।

यस्य जिह्वा वशीभूता स परमः पुरुषः ।

જેની જીભ વશ થઈ છે, તે ઉત્તમ પુરુષ છે.

नारीओ जोण्हाए रमेन्ति । नार्यो ज्योत्स्नायां रमन्ते ।

સ્ત્રીઓ ચાંદનીમાં રમે છે.

छुहाए समाणा वेयणा नत्थि । क्षुधया समाना वेदना नास्ति ।

ભૂખ જેવી કોઈ વેદના નથી.

पंडवाणं भज्जा दोवई सव्वासु इत्थीसुं उत्तमा महासई अहेसि ।

पाण्डवानां भार्या द्रौपदी सर्वासु स्त्रीषूत्तमा महासत्यासीत् ।

પાંડવોની સ્ત્રી દ્રૌપદી સર્વ સ્ત્રીઓમાં ઉત્તમ મહાસતી હતી.

वणस्सईणं पि सन्ना अत्थि, तओ दगं मट्टिआए रसं च आहरेज्जा ।

वनस्पतीनामपि संज्ञाः सन्ति, तत उदकं मृत्तिकाया रसं चाऽऽहरेयुः ।

વનસ્પતિઓને પણ સંજ્ઞાઓ હોય છે, તેથી પાણી અને માટીના રસનો આહાર કરે છે.

सज्जणा पइण्णाहिंतो कहंपि न चलन्ति ।

सज्जनाः प्रतिज्ञाभ्यः कथमपि न चलन्ति ।

ઉત્તમ પુરુષો પ્રતિજ્ઞાઓથી કેમેય ચલાયમાન થતા નથી.

इत्थीओ सज्जाहिन्तो उट्ठन्ति, आवासयाइं च किच्चाइं कुणन्ति

स्त्रियः शय्याभ्य उत्तिष्ठन्ति, आवश्यकानि च कृत्यानि कुर्वन्ति ।

સ્ત્રીઓ શય્યામાંથી ઉભી થાય છે અને આવશ્યક કાર્યો કરે છે.

सासूए ण्हूसाए उवरि, वहूइ य सासूअ अवरिं अईव पीई अत्थि ।

श्वश्र्वाः स्नूषाया उपरि, वध्वाश्च श्वश्र्वा उपर्यतीव प्रीतिरस्ति ।

સાસુનો પુત્રવધૂ ઉપર અને વહૂનો સાસુ ઉપર ઘણો સ્નેહ છે.

दिवहो निसं निसा य दिणं अणुसरेइ ।

दिवसो निशां, निशा च दिनमनुसरति ।

દિવસ રાત્રિને અને રાત્રિ દિવસને અનુસરે છે.

जणा रिद्धीए गव्विट्ठा पाएण हवन्ति ।

जना ऋद्ध्या गर्विष्ठाः प्रायो भवन्ति ।

માણસો ઘણું કરીને ઋદ્ધિ વડે ગર્વિષ્ઠ થાય છે.

जोव्वणं असारं, लच्छी वि असारा, संसारो असारो, तओ धम्मम्मि मइं दढं कुज्जा ।

यौवनमसारं, लक्ष्मीरप्यसारा, संसारोऽसारस्ततो धर्मे मतिं दृढां कुर्यात् ।

યૌવન અસાર છે, લક્ષ્મી પણ અસાર છે, સંસાર અસાર છે, તેથી ધર્મમાં દૃઢબુદ્ધિ કરવી જોઈએ.

थी एगाए बाहाए भारं नेहीअ । स्त्येकेन बाहुना भारमनयत् ।

સ્ત્રી એક હાથ વડે ભારને લઈ ગઈ.

कामे सत्ताओ इत्थीओ कुलं सीलं च न रक्खंति ।

कामे सक्ताः स्त्रियः कुलं शीलं च न रक्षन्ति ।

કામમાં આસક્ત સ્ત્રીઓ કુલ અને શીલનું રક્ષણ કરતી નથી.

उअ थीणं सरूवं संसारा य उव्विवेसु ।

पश्य स्त्रीणां स्वरूपं, संसाराच्चोद्विद्धि ।

સ્ત્રીઓના સ્વરૂપને જો અને સંસારથી ઉદ્વેગ પામ.

जो संघस्स आणं अइक्कमेइ, सो सिक्खं अरिहेइ ।

यः संघस्या ऽऽज्ञामतिक्राम्यति, स शिक्षामर्हति ।

જે સંઘની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તે શિક્ષાને પાત્ર છે.

जउंणाए उदगं किण्हं, गंगाअ य दगं सुक्कमत्थि ।

यमुनाया उदकं कृष्णं, गंगायाश्चोदकं शुक्लमस्ति ।

યમુનાનું પાણી કાળું અને ગંગાનું પાણી ધોળું છે.

हेमचंदो सरस्सइं देविं आराहीअ । हेमचन्द्रः सरस्वतीं देवीमाराधयत् ।

શ્રી હેમચંદ્રસૂરિએ સરસ્વતી દેવીની આરાધના કરી.

सासू वहूणं देवालए गमणाय कहेइ ।

श्वश्रूर्वधूभ्यो देवालये गमनाय कथयति ।

સાસૂ વહૂઓને દેરાસરમાં જવા માટે કહે છે.

जो [૬૯]हिरिं नीइं धिइं च धरेइ, सो सिरिं लहेइ ।

यो ह्रियं नीतिं धृतिं च धारयति, स श्रियं लभते ।

જે લજ્જા, નીતિ અને ધીરજ ધારણ કરે છે, તે લક્ષ્મીને મેળવે છે.

अहिणो दाढाए विसं झरेइ । अहेर्दंष्ट्राया विषं क्षरति ।

સર્પની દાઢમાંથી ઝેર ટપકે છે.

तिण्हा आगासेण समा विसाला । तृष्णाऽऽकाशेन समा विशाला ।

તૃષ્ણા આકાશ સરખી વિશાળ છે.

तरुस्स छाहीए थीओ गाणं कुणन्ति ।

तरोश्छायायां स्त्रियो गानं कुर्वन्ति ।

વૃક્ષની છાયામાં સ્ત્રીઓ ગાયન કરે છે.

---

૬૯. श्री, ह्री, कृत्स्न, क्रिया આ શબ્દોમાં સંયુક્ત અન્ત્યાક્ષરની પૂર્વે इ મૂકાય છે. (૨/૧૦૮) જેમકે-

सिरि (श्रीः).	कसिणो (कृत्स्नः).
हिरी (ह्रीः)	किरिया (क्रिया).

विक्कमो निवो पिच्छीए सुट्ठु पालगो आसि ।

विक्रमो नृपः पृथ्व्याः सुष्ठु पालक आसीत् ।

विक्रमराजा पृथ्वीना सारा पालक हता.

कुमारो सव्वासु कलासु पहुप्पइ । कुमारः सर्वासु कलासु प्रभवति ।

कुमार सर्व कळाओमां समर्थ छे.

पहुणो महावीरस्स अतुल्लाए सेवाए गोयमो गणहरो संसारं तरीअ ।

प्रभोर्महावीरस्याऽतुल्यया सेवया गौतमो गणधरः संसारमतरत् ।

प्रभु महावीरनी असाधारण सेवा वडे गौतम गणधर संसारने तर्या.

धन्नाओ ताओ बालियाउ जाहिं सुमिणे वि न पत्थिओ अन्नो पुरिसो ।

धन्यास्ता बालिकाः, याभिः स्वप्नेऽपि न प्रार्थितोऽन्यः पुरुषः ।

ते बाळाओ धन्य छे के जेओ वडे स्वप्नमां पण बीजो पुरुष प्रार्थना करायो नथी.

गुजरातीवाक्योनुं प्राकृत-संस्कृत

वडीलोनी मर्यादा ओळंगवी नहिं. **गुरुणं मज्जायं न लंघेज्ज ।**

गुरुणा मर्यादां न लङ्घेत ।

चोरे ब्राह्मणनी लक्ष्मी छीनवी लीधी.

चोरो बंभणस्स लच्छिं उद्दालीअ ।

चौरो ब्राह्मणस्य लक्ष्मीमाच्छिनत् ।

पुत्रनी वहू सासुनां सर्व कामो विनयथी करे छे.

णहूसा सासूअ सव्वाइं कज्जाइं विणएण करेइ ।

स्नुषा श्वश्वाः सर्वाणि कार्याणि विनयेन करोति ।

ज्यारे माणसनी ऋद्धि नाश पामे छे, त्यारे तेनी साथे बुद्धि अने धीरज पण नाश पामे छे.

जया जणस्स इड्ढी नस्सइ, तया ताए सह बुद्धी थिई य नस्सइ ।

यदा जनस्यर्द्धिर्नश्यति, तदा तया सह बुद्धिर्धृतिश्च नश्यति ।

ધર્મીજિન ધનની વૃદ્ધિમાં ધર્મનો ત્યાગ કરતો નથી.

धम्मिओ जणो धणस्स वुद्धीए धम्मं न चयइ ।

धार्मिको जनो धनस्य वृद्ध्यां धर्मं न त्यजति ।

સરસ્વતી અને લક્ષ્મીના વિવાદમાં કોણ જીતે ?.

सरस्सईए सिरीए य विवाए का जिणइ ? ।

सरस्वत्या लक्ष्म्याश्च विवादे का जयति ? ।

માણસ વેદનામાં બહુ જ મુંઝાય છે.

लोगो वेयणाए अईव मुज्झइ ।

लोको वेदनायामतीव मुह्यति ।

સર્વ જીવો સુખને ઈચ્છે છે અને દુઃખને ઈચ્છતા નથી.

सव्वे जीवा सायं इच्छंति, असायं य न इच्छंति ।

सर्वे जीवाः सातमिच्छन्ति, असातं च नेच्छन्ति ।

ઉત્તમ પુરુષ જે કાર્યનો આરંભ કરે છે, તેને જરૂર પાર પામે છે.

उत्तमो पुरिसो जं कज्जं आढवेइ, तं अवस्सं पारं गच्छइ ।

उत्तमः पुरुषो यत्कार्यमारभते, तदवश्यं पारं गच्छति ।

ઉનાળામાં સર્વ પશુઓ ઝાડોની છાયામાં વિશ્રાન્તિ લે છે.

गिम्हे सव्वे पसवो रुक्खाणं छाहीए विस्समन्ति ।

ग्रीष्मे सर्वे पशवो वृक्षाणां छायायां विश्राम्यन्ति ।

દક्षिण દિશામાં ચોરો ગયા. **दाहिणाए दिसाए चोरा गच्छीअ ।**

दक्षिणस्यां दिशि चौरा अगच्छन् ।

સર્વ ઠેકાણે સુખીઓને સુખ અને દુઃખીઓને દુઃખ હોય છે.

सव्वत्थ सुहीणं सुहं, दुहीणं च दुहं होइ ।

सर्वत्र सुखिनां सुखं, दुःखिनां च दुःखं भवति ।

હું જિનેશ્વરોની પ્રતિમાઓની સ્તુતિઓ વડે સ્તુતિ કરું છું.

हं जिणाणं पडिमाओ थुईहिं थुणामि ।

अहं जिनानां प्रतिमाः स्तुतिभिः स्तवीमि ।

સર્પો જીભ વડે દૂધ પીવે છે. **सप्पा जिब्भाहिं दुद्धं पाएन्ति ।**

सर्पा जिह्वाभिर्दुग्धं पिबन्ति ।

સ્ત્રીઓ બાગમાં વિહરે છે અને પુષ્પો સુંઘે છે.

इत्थीओ उज्जाणंसि विहरेन्ति, पुप्फाइं च आइग्घंति ।

स्त्रिय उद्याने विहरन्ति, पुष्पाणि चाऽऽजिघ्रन्ति ।

તે તીર્થંકરોની વાર્તાઓ વડે બોધ પામ્યો. **सो तित्थयराणं कहाहिं बोहीअ ।**

स तीर्थकराणां कथाभिरबोधत् ।

પૂર્વે પૃથ્વી ઉપર ઘણા રાક્ષસો હતા.

पुरा पिच्छीए बहवो रक्खसा अहेसि ।

पुरा पृथिव्यां बहवो राक्षसा अभवन् ।

દુર્જનની જીભમાં અમૃત છે, પણ હૃદયમાં વિષ છે.

दुज्जणस्स जिब्भाए अमयमत्थि, हिययंमि उ विसमत्थि ।

दुर्जनस्य जिह्वायाममृतमस्ति, हृदये तु विषमस्ति ।

મેં બહેનોને ઘણું ધન આપ્યું. **अहं भइणीणं बहुं धणं दाहीअ ।**

अहं भगिनीभ्यो बहु धनमददाम् ।

કૃષ્ણની સ્ત્રી રુકિમણીનો પુત્ર પ્રદ્યુમ્ન છે.

कण्हस्स भज्जाइ [७०]रुप्पिणीइ पुत्तो पज्जुन्नो अत्थि ।

कृष्णस्य भार्याया रुक्मिण्याः पुत्रः प्रद्युम्नोऽस्ति ।

સાસૂ વહુઓ ઉપર કોપ કરે છે. **सासू वहूणं कुप्पइ ।**

श्वश्रूर्वधूभ्यः क्रुध्यति ।

---

૭૦ इम અને कम નો प्प થાય છે. (૨/૫૨) જેમ-कुप्पलं (कुड्मलम्) रुप्पिणी (रुक्मिणी).

ચોમાસામાં મુનિઓ એક જ સ્થળે રહે છે.

वासाए[૭૧] मुणओ एगाए च्चिअ वसहीए वसन्ति ।

वर्षायां मुनय एकस्यां चैत्र वसत्यां वसन्ति ।

રાત્રે સ્ત્રીઓ ચંદ્રના પ્રકાશમાં નાચે છે.

रत्तीए इत्थीओ जोण्हाए नच्चन्ति ।

रात्रौ स्त्रियो ज्योत्स्नायां नृत्यन्ति ।

પ્રભુની સેવા અને કૃપાથી કલ્યાણ થાય છે.

पहुणो सेवाए किवाए य कल्लाणं होइ ।

प्रभोः सेवया कृपया च कल्याणं भवति ।

સાધુઓ પ્રાણાન્તે પણ અસત્ય બોલતા નથી.

साहवो जीवियंते वि असच्चं न भासन्ते ।

साधवो जीविताऽन्तेऽप्यसत्यं न भाषन्ते ।

બાળક શયનમાં લોટે છે. **बालो सेज्जाए पलोट्टइ ।** बालः शय्यायां प्रलुट्यति ।

સ્ત्री, લતા અને પંડિતો આશ્રય વિના શોભતા નથી.

इत्थी, लया, पंडिया य आहारं विणा न छज्जंते ।

स्त्री, लता, पण्डिताश्चाऽऽ श्रयं विना न शोभन्ते ।

---

૭૧ શબ્દની અંદર 'र्श' કે 'र्ष' સંયુક્ત વ્યંજન હોય તો સંયુક્તના અન્ત્ય વ્યંજન જે 'श-ष', તેની પૂર્વે 'इ' આગમ વિકલ્પે મૂકાય છે. તેમજ तप्त, वज्र શબદમાં પણ સંયુક્ત અન્ત્ય અક્ષરની પૂર્વે इ આગળ વિકલ્પે આવે છે. (૨/૧૦૫)
ઉદા૦-

आयरिसो, आयंसो	(आदर्शः)	वरिसा, वासा (वर्षा)
दरिसणं, दंसणं	(दर्शनम्)	तविअं, तत्तं (तप्तम्)
वरिसं, वासं	(वर्षम्)	वइरं, वज्जं (वज्रम्)

પાઠ ૧૭ મો

ભવિષ્યકાળ

પ્રત્યયો.

(૩/૧૬૬,૧૬૭,૧૬૮,૧૬૯)

	એકવચન.	બહુવચન.
પ. પુ.	સ્સં, સ્સામિ,	સ્સામો, હામો, હિમો,
	હામિ, હિમિ.	સ્સામુ, હામુ, હિમુ,
		સ્સામ, હામ, હિમ,
		હિસ્સા, હિત્થા.
બી.પુ.	હિસિ, હિસે.	હિત્થા, હિહ.
ત્રી.પુ.	હિઇ, હિએ.	હિન્તિ, હિન્તે, હિરે.

આર્ષ પ્રાકૃતમાં બીજા અને ત્રીજા પુરુષમાં નીચે આપેલા પ્રત્યયોનો પણ પ્રયોગ કરી શકાય છે.

બી. પુ.	સ્સસિ, સ્સસે.	સ્સહ.
ત્રી. પુ.	સ્સઇ, સ્સએ.	સ્સન્તિ, સ્સન્તે.

આ પ્રત્યયો લગાડતા પૂર્વના 'અ' નો 'ઇ' અથવા 'એ' થાય છે.

હસ્ ધાતુનાં રૂપો

	એકવચન	બહુવચન
પ. પુ.	હસિસ્સં, હસેસ્સં,	હસિસ્સામો–મુ–મ,
	હસિસ્સામિ, હસેસ્સામિ	હસિહામો–મુ–મ,
	હસિહામિ, હસેહામિ	હસિહિમો–મુ–મ,
	હસિહિમિ, હસેહિમિ,	હસિહિસ્સા, હસિહિત્થા,
		હસેસ્સામો–મુ–મ,
		હસેહામો–મુ–મ,
		હસેહિમો–મુ–મ,
		હસેહિસ્સા, હસેહિત્થ

બી. પુ.	હસિહિસિ, હસિહિસે	હસિહિત્થા, હસિહિહ.
	હસેહિસિ, હસેહિસે,	હસેહિત્થા, હસેહિહ.
	હસિસ્સસિ, હસિસ્સસે,	હસિસ્સહ, હસેસ્સહ.
	હસેસ્સસિ, હસેસ્સસે.	
ત્રી. પુ.	હસિહિઇ, હસિહિએ,	હસિહિન્તિ–ન્તે, હસિહિરે,
	હસેહિઇ, હસેહિએ,	હસેહિન્તિ–ન્તે, હસેહિરે,
	હસિસ્સઇ, હસિસ્સએ,	હસિસ્સન્તિ–ન્તે,
	હસેસ્સઇ,હસેસ્સએ	હસેસ્સન્તિ–ન્તે.

*જ્જ, જ્જા આવે ત્યારે

સર્વ પુ.	હસેજ્જ, હસેજ્જા.
સર્વ વ.	હસિજ્જ, હસિજ્જા.

ને ધાતુનાં રૂપો.

	એકવચન	બહુવચન
૫.પુ.	નેસ્સં, નેસ્સામિ,	નેસ્સામો, નેહામો, નેહિમો,
	નેહામિ, નેહિમિ.	નેસ્સામુ, નેહામુ, નેહિમુ,
		નેસ્સામ, નેહામ, નેહિમ
		નેહિસ્સા, નેહિત્થા.
બી.પુ.	નેહિસિ, નેહિસે,	નેહિત્થા નેહિહ,
	નેસ્સસ્સિ, નેસ્સસે.	નેસ્સહ.
ત્રી.પુ.	નેહિઇ, નેહિએ,	નેહિન્તિ, નેહિન્તે, નેહિરે,
	નેસ્સઇ, નેસ્સએ.	નેસ્સન્તિ, નેસ્સન્તે.

પ્રત્યયોની પૂર્વે 'અ' આવે ત્યારે

નેઅ અંગનાં રૂપો.

૫.પુ.એ. નેઇસ્સં, નેઇસ્સામિ, નેઇહામિ, નેઇહિમિ,
નેએસ્સં, નેએસ્સામિ, નેએહામિ, નેએહિમિ.

આ પ્રમાણે સર્વપુરુષ અને સર્વવચનમાં રૂપાખ્યાનો કરી લેવાં.

---

* ષડ્ ભાષા૦ માં હિ પ્રત્યય રાખીને જ્જ–જ્જાના રૂપો કર્યા છે. જેમ-હસિહિજ્જ–જ્જા; હસેહિજ્જા.

પ્રત્યયોની પૂર્વે અને સ્થાને જ્જ, જ્જા આવે ત્યારે

નેજ્જ–નેજ્જાનાં રૂપો

પ.પુ.એ. નેજ્જસ્સં, નેજ્જસ્સામિ, નેજ્જહામિ, નેજ્જાહામિ,
નેજ્જહિમિ, નેજ્જાહિમિ, નેજ્જ, નેજ્જા વિગેરે રૂપો થાય છે.

નેએજ્જ–નેએજ્જા અંગનાં રૂપો.

પ.પુ.એ. નેએજ્જસ્સં, નેએજ્જસ્સામિ, નેએજ્જહામિ,
નેએજ્જાહામિ, નેએજ્જહિમિ, નેએજ્જાહિમિ,
*નેએજ્જ, નેએજ્જા વગેરે રૂપો થાય છે.

કર્ આ ધાતુનો ભવિષ્યકાળમાં **કા** આદેશ વિકલ્પે થાય છે. **કા** આદેશ થાય ત્યારે પ્રથમ પુરુષના એકવચનમાં **કાહં** એવું રૂપ વિકલ્પે થાય છે. તેજ પ્રમાણે દા ધાતુનું પણ **દાહં** એવું રૂપ વિકલ્પે થાય છે. (૩/૧૫૭,૧૭૦)

કા (કૃ)

	એકવ.	બહુવ.
પ.પુ.	કાહં, કાસ્સં,	કાસ્સામો–મુ–મ,
	કાસ્સામિ, કાહામિ,	કાહામો–મુ–મ,
	કાહિમિ.	કાહિમો–મુ–મ,
		કાહિસ્સા, કાહિત્થા.
બી.પુ.	કાહિસિ–સે.	કાહિત્થા, કાહિહ.
ત્રી.પુ.	કાહિઇ–એ, કાહી.	કાહિન્તિ–ન્તે, કાહિરે.

કર્ (કૃ)

પ. પુ.	કરિસ્સં, કરિસ્સામિ,	કરિહામિ, કરિહિમિ,
	કરેસ્સં, કરેસ્સામિ.	કરેહામિ, કરેહિમિ,
		વગેરે રૂપો હસ્ પ્રમાણે જાણવા.

* ષડ ભાષા પ્રમાણે નેએહિજ્જ, નેએહિજ્જા થાય છે.

દા

૫.પુ.	દાહં, દાસ્સં,	દાસ્સામો–મુ–મ,
	દાસ્સામિ, દાહામિ,	દાહામો–મુ–મ,
	દાહિમિ.	દાહિમો મુ–મ,
		દાહિસ્સા, દાહિત્થા.
બી. પુ.	દાહિસિ–સે,	દાહિત્થા, દાહિહ,
	દાસ્સસિ–સે.	દાસ્સહ.
ત્રી.પુ.	દાહિઇ–એ, દાહી	દાહિન્તિ–ન્તે, દાહિરે,
	દાસ્સઇ–એ.	દાસ્સન્તિ–ન્તે.

ષડ્ ભાષામાં **પ્રથમ પુરુષ** એકવચનમાં **'હિસ્સં'** પ્રત્યય લગાડીને રૂપ કરેલ છે.

હસિહિસ્સં, નેહિસ્સં, કરિહિસ્સં, હોહિસ્સં. (ષડ ૨–૬– ૩૩)

ભવિષ્યકાલ–આવતો કાળ એટલે જે ક્રિયા થવાની છે, તે દેખાડે છે. જેમકે-

રામો ગામં ગચ્છિહિઇ=રામ ગામમાં જશે.

અજ્જ નયરં ગચ્છિસ્સં=આજે હું નગરમાં જઈશ.

પ્રાકૃતવાકયોનું સંસ્કૃત-ગુજરાતી

अज्ज साहवो नयराओ विहरिस्सन्ति । अद्य साधवो नगराद् विहरिष्यन्ति ।

આજે સાધુઓ નગરમાંથી વિહાર કરશે.

गोवाला पए धेणूओ दोहिहिन्ति । गोपालाः प्रगे धेनूर्दोक्ष्यन्ति ।

ગોવાળીયાઓ સવારમાં ગાયોને દોહશે.

अहं सीसाणमुवएसं करिस्सं । अहं शिष्याणामुपदेशं करिष्यामि ।

હું શિષ્યોને ઉપદેશ કરીશ.

मक्खिआ महुं लेहिस्सइ । मक्षिका मधु लेक्ष्यति ।

માખી મધ ચાટશે.

पारद्धिणो अरण्णे वच्चिहिन्ते, तहिं च वीणाए झुणिणा
हरिणीओ वसीकरिस्सन्ते, पच्छा य ताओ हिंसिहिरे ।

पापर्द्धयोऽरण्ये व्रजिष्यन्ति, तत्र च वीणाया ध्वनिना
हरिणीर्वशीकरिष्यन्ति, पश्चाच्च ता हिंसिष्यन्ति ।
शीकारीओ जंगलमां जशे अने त्यां वीणाना अवाज वडे हरिणीओने वश करशे अने पछी तेओने मारशे.
तुं रण्णे जाज्जाहिसे, तया सिंघो चवेडाए पहरेहिए ।
त्वमरण्ये यास्यसि, तदा सिंहश्चपेटया प्रहरिष्यति ।
तुं जंगलमां जईश, त्यारे सिंह थप्पड वडे प्रहार करशे.
[७]लोद्धओ मोग्गरेण जणे हणीअ । लुब्धको मुद्गरेण जनानहन् ।
लोभी माणसे मुद्गर वडे माणसोने मार्या.
तुम्हे गुरू भत्तीए सेवेह, ताणं किवाए कल्लाणं भविस्सइ ।
यूयं गुरुन् भक्त्या सेवध्वम्, तेषां कृपया कल्याणं भविष्यति ।
तमे भक्ति वडे गुरुओनी सेवा करो, तेओनी कृपाथी कल्याण थशे.
कन्नाओ अज्ज पहुणो पुरओ पुरतो नर्तिष्यन्ति, गाणं च काहिन्ति ।
कन्या अद्य प्रभोः पुरतोनर्तिष्यिन्ति, गानं च करिष्यन्ति ।
कन्याओ आजे स्वामीनी आगळ नृत्य करशे अने गायन करशे.
उज्जाणे अज्ज जाइस्सामो, तत्थ य सरंसि जायाइं सरोयाणि जिणिंदाणं अच्चणाए गिण्हिस्सा ।
उद्यानेऽद्य यास्यामः तत्र च सरसि जातानि सरोजानि जिनेन्द्राणामर्चनाय ग्रहीष्यामः ।
आजे अमे उद्यानमां जईशुं अने त्यां सरोवरमां उगेलां कमळो श्री जिनेश्वरोनी पूजा माटे ग्रहण करशुं.

---

७२ संयुक्त व्यंजननी पूर्वे 'उ' नो 'ओ' थाय अने 'इ' नो 'ए' विकल्पे थाय छे.

पोक्खरं (पुष्करम्)	वेण्हू, विण्हू (विष्णुः)
पोत्थओ (पुस्तकः)	धम्मेल्लं धम्मिल्लं (धम्मिल्लम्)
मोण्डं (मुण्डम्)	पेण्डं, पिण्डं (पिण्डम्)

कोई स्थाने 'ए' थतो पण नथी. चिंता (चिन्ता)

अज्ज अहं तत्ताणं चिंताए रत्तिं नेस्सं ।

अद्याहं तत्त्वानां चिन्तया रात्रिं नेष्यामि ।

આજે હું તત્ત્વોની વિચારણા વડે રાત્રિ પસાર કરીશ.

तं कज्जं काहिसि, तो दव्वं दाहं ।

त्वं कार्यं करिष्यसि, ततो द्रव्यं दास्यामि ।

તું કામ કરીશ, તે પછી હું દ્રવ્ય આપીશ.

कलिम्मि नरिंदा धम्मेण पयं न पालिहिरे ।

कलौ नरेन्द्रा धर्मेण प्रजां न पालयिष्यन्ति ।

કલિયુગમાં રાજાઓ ધર્મ વડે પ્રજાને પાળશે નહિ.

जइ सो दुज्जणो *होही, तया परस्स निंदाए तूसेहिइ ।

यदि स दुर्जनो भविष्यति, तदा परस्य निन्दया तोक्ष्यति ।

જો તે દુર્જન હશે, તો બીજાની નિંદા વડે આનંદ પામશે.

पुत्ताणं सलाहं न काहं । पुत्राणां श्लाघां न करिष्यामि ।

હું પુત્રોના વખાણ કરીશ નહિ.

तीए मालाए सप्पो अत्थि, जइ मालं फासिहिसे तया सो डंसिस्सइ ।

तस्यां मालायां सर्पोऽस्ति, यदि मालां स्प्रक्ष्यसि तदा स दंक्ष्यति ।

તે માળામાં સર્પ છે, જો તું માળાને અડકીશ તો તે કરડશે.

कल्ले पुण्णिमाए मयंको अईव विराइहिइ ।

कल्ये पूर्णिमायां मृगाङ्कोऽतीव विराजिष्यति ।

કાલે પૂનમે ચંદ્ર ઘણો શોભશે.

विज्जत्थिणो अज्झयणाय पाढसालं जाज्जाहिरे ।

विद्यार्थिनोऽध्ययनाय पाठशालां यास्यन्ति ।

વિદ્યાર્થીઓ ભણવા માટે પાઠશાળાએ જશે.

---

* એક પદમાં કોઈ વખત સંધિ થાય છે. (નિ. ૨ જુઓ.) જેમકે-
કાહિइ–કાહી, હોહિइ–હોહી, દાહિइ–દાહી.

अहुणा अम्हे पवयणस्स आलावे गणिहित्था ।

अधुना वयं प्रवचनस्याऽऽलापान् गणयिष्यामः ।

હમણાં અમે સિદ્ધાંતના આલાપા ગણશું.

अम्हे वाणिज्जेण धणिणो होइहिमो, तुम्हे नाणेण पंडिआ होस्सह ।

वयं वाणिज्येन धनिनो भविष्यामः, यूयं ज्ञानेन पंडिता भविष्यथ ।

અમે વ્યાપાર વડે પૈસાદાર થઈશું, તમે જ્ઞાન વડે પંડિત થશો.

धम्मेण नरा सग्गं सिवं वा लहिस्सन्ति ।

धर्मेण नराः स्वर्गं शिवं वा लप्स्यन्ते ।

ધર્મ વડે માણસો સ્વર્ગ અથવા મોક્ષ મેળવશે.

अज्ज समोसरणे सिरिवद्धमाणो जिणिंदो देसणं काही, तत्थ य बहुणो भव्वा बोहिं अदुव देसविरइं अदुवा सव्वविरइं च गिण्हेहिरे ।

अद्य समवसरणे श्रीवर्धमानो जिनेन्द्रो देशनां करिष्यति, तत्र च बहवो भव्या बोधिमथवा देशविरतिमथवा सर्वविरतिं च ग्रहीष्यन्ति

આજે સમવસરણમાં શ્રી વર્ધમાન જિનેશ્વર દેશના કરશે અને ત્યાં ઘણા ભવ્યજીવો સમ્યકત્વ અથવા દેશવિરતિ અથવા સર્વવિરતિ ગ્રહણ કરશે.

जइ तुम्हे सुत्ताणि भणिज्जा, तया गीयत्था होज्जाहित्था ।

यदि यूयं सूत्राणि भणिष्यथ, तदा गीतार्थाः भविष्यथ ।

તમે જો સૂત્રો ભણશો તો ગીતાર્થ થશો.

कल्लम्मि धम्मं काहामि त्ति सुविणतुल्लम्मि जिवलोए को नु मन्नेइ ? ।

कल्ये धर्मं करिष्यामि, इति स्वप्नतुल्ये जीवलोके को नु मन्यते ? ।

હું કાલે ધર્મ કરીશ, એ પ્રમાણે સ્વપ્ન સરખા જીવલોકમાં કોણ માને ?.

जिणधम्माओ अन्नह सम्मं जीवदयं न पासेस्सह ।

जिनधर्मादन्यत्र सम्यग् जीवदयां न द्रक्ष्यथ ।

જિનધર્મ કરતાં બીજે સારી રીતે જીવદયા જોશો નહિ.

[૧]કલિમ્મિ [૨]પવિટ્ઠે, [૩]મુણીણં [૪]આગમત્થા [૫]ગલિહિન્તિ,
[૬]આયરિયા વિ [૭]સીસાણં, [૮]સમ્મં [૯]સુઅં [૧૦]ન [૧૧]દાહિન્તિ ॥ ૧૮ ॥

कलौ प्रविष्टे मुनीनामागमार्था गलिष्यन्ति, ।
आचार्या अपि शिष्येभ्यः, सम्यक् श्रुतं न दास्यन्ति ॥ १८ ॥

કળિયુગ પ્રવેશ પામશે ત્યારે મુનિઓના આગમના અર્થો નાશ પામશે, આચાર્યો પણ શિષ્યોને સારી રીતે શ્રુત આપશે નહિ. ૧૮

नरवइणो कुडुंबिणा सह जुज्झिस्सन्ति । नरपतयः कुटुम्बिना सह योत्स्यन्ते ।

રાજાઓ કુટુંબની સાથે યુદ્ધ કરશે.

जे जिणपडिमं सिद्धालयं वा पूइस्सन्ति ताण घरं थिरं होही ।

ये जिनप्रतिमां सिद्धालयं वा पूजयिष्यन्ति, तेषां गृहं स्थिरं भविष्यति ।

જેઓ જિનપ્રતિમા અથવા સિદ્ધાલયની પૂજા કરશે, તેઓનું ઘર સ્થિર થશે.

न[૧] वि[૨] अत्थि [૩]नवि [૪]होइ, [૫]पाएण [૬]तिहुयणम्मि [૭]सो [૮]जीवो ।
[૯]जो [૧૦]जोव्वणमणुपत्तो, [૧૧][૧૨]वियाररहिओ [૧૩]सया [૧૪]होइ ॥ १९ ॥

प्रायस्त्रिभुवने स जीवो नाप्यस्ति नापि भविष्यति ।
यो यौवनमनुप्राप्तः, विकाररहितस्सदा भवति ॥ १९ ॥

ઘણું કરીને ત્રણેય ભુવનમાં તેવો જીવ નથી અને થશે પણ નહિ કે જે યૌવનને પામેલો હંમેશા વિકાર રહિત હોય. ૧૯

ગુજરાતીવાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

તું પાપોની નિંદા કરીશ તો સુખી થઈશ.

जइ तुं पावाइं निंदिहिसि तया सुही होहिसि ।

यदि त्वं पापानि निन्दिष्यसि, तदा सुखी भविष्यसि ।

અમે નાવમાં બેસીશું અને સરોવરમાં ક્રીડા કરશું.

अम्हे नावाए उवविसिस्सामो, सरंमि य कीलिस्सामो ।

वयं नाव्युपविक्ष्यामः, सरसि च क्रीडिष्यामः ।

અમે સ્વામીને માટે માળા ગુંથીશું. **अम्हे पहुणो मालं गंठिस्सामो ।**

वयं प्रभवे मालां ग्रन्थिष्यामः ।

તે લોભી છે માટે બ્રાહ્મણોને ધન આપશે નહિ.

स लोद्धओ अत्थि, तत्तो बंभणाणं धणं न दाहिइ ।

स लुब्धकोऽस्ति, ततो ब्राह्मणेभ्यो धनं न दास्यति ।

સ્વપ્નમાં ચંદ્ર મુખમાં પ્રવેશ કર્યો, તેથી તું રાજ્ય પામીશ.

सुमिणम्मि चंदो मुहं पविसीअ, तत्तो तुं रज्जं पाविहिसि ।

स्वप्ने चन्दो मुखं प्राविशत्,ततस्त्वं राज्यं प्राप्स्यसि ।

બોધિને માટે અમે જિનેશ્વરના ચરિત્ર સાંભળશું.

बोहीए अम्हे जिणेसराणं चरित्ताइं सोच्छामो ।

बोधये वयं जिनेश्वराणां चरित्राणि श्रोष्यामः ।

ગિરનારમાં ઘણી વનસ્પતિઓ છે, જયારે હું ત્યાં જઈશ ત્યારે જોઈશ.

उज्जयंते बहूओ वणप्फईओ संति, जया हं तहिं गच्छिस्सं तया पासिस्सं ।

उज्जयन्ते बहवो वनस्पतयः सन्ति, यद्यहं तत्र गमिष्यामि तदा द्रक्ष्यामि ।

તે ત્યાગી છે, માટે ગરીબોને દાન આપશે.

सो चाई अत्थि, तत्तो दीणाणं दाणं दाहिइ ।

स त्यागी अस्ति, ततो दीनेभ्यो दानं दास्यति ।

તે તાપસ છે, માટે ફળોનો આહાર કરશે.

सो तावसो अत्थि तत्तो फलाइं आहरिस्सइ ।

स तापसोऽस्ति, ततः फलान्याहरिष्यति ।

તું ક્ષમા ધારણ કરીશ તો દુર્જન શું કરશે ?

तुं खंतिं धरिस्ससि, तया दुज्जणो किं काही ? ।

त्वं शान्तिं ग्रहीष्यसि, तदा दुर्जनः किं करिष्यति ? ।

વસંતઋતુમાં નગરના લોકો ઉદ્યાનમાં ફરવા જશે, તે વખતે તે કન્યા સખીઓ સાથે જરૂર આવશે.

वसंते पउरा उज्जाणंसि गच्छिहिन्ति, तया सा कन्ना सहीहिं सह अवस्सं आगच्छिहिइ ।

वसन्ते पौरा उद्याने गमिष्यन्ति, तदा सा कन्या सखीभिः सहाऽवश्य-मागमिष्यति ।

વનમાં તાપસ ઉગ્ર તપ કરે છે અને તપના પ્રભાવથી ઈન્દ્રની રિદ્ધિ મેળવશે.

वणंमि तावसो उग्गं तवं करेइ, तवस्स य पहावेण इंदस्सं इड्ढिं पाविहिइ ।

रणे तावस उग्रं तपः करोति, तपसश्च प्रभावेणेन्द्रस्यर्द्धिं प्राप्स्यति ।

તું વડીલોની સેવા કરીશ, તો સુખી થઈશ.

तुं गुरुणं सेवं करिस्ससि, तया सुही होहिसि ।

त्वं गुरुणां सेवां करिष्यसि, तदा सुखी भविष्यसि ।

તમો સાર્થની સાથે વિહાર કરશો, તો જંગલમાં ભય થશે નહિ.

तुब्भे सत्थेण सह विहरिस्सह, तया अरण्णे भयं न होस्सइ ।

यूयं सार्थेन सह विहरिष्यथ, तदाऽरण्ये भयं न भविष्यति ।

હું સંસારના દુઃખોથી બીહું છું, માટે દીક્ષા ગ્રહણ કરીશ.

हं संसारस्स दुहेहिन्तो बीहेमि, तत्तो दिक्खं गहिस्सामि ।

अहं संसारस्य दुःखेभ्यो बिभेमि, ततो दीक्षां ग्रहीष्यामि ।

તું જીવહિંસા ન કર, નહીંતર દુઃખી થઈશ.

तुं जीवहिंसं मा कुणसु, अन्नहा दुही होस्ससि ।

त्वं जीवहिंसां मा कुरु, अन्यथा दुःखी भविष्यसि ।

ક્રોધ પ્રીતિને હણે છે, માયા મિત્રોને હણે છે, માન વિનયનો નાશ કરે છે અને લોભ સર્વ ગુણોનો નાશ કરે છે, માટે તેઓનો ત્યાગ કરીશું.

कोहो पीइं पणासेइ, माया मित्ताणि नासेइ, माणो विणयं नासेइ, लोहो य सव्वे गुणे नासइ, तत्तो ते चइस्सामु

क्रोधः प्रीतिं प्रणाशयति, माया मित्राणि नाशयति, मानो विनयं नाशयति, लोभश्च सर्वान गुणान् नाशयति, ततस्तांस्त्यक्ष्यामः ।

ચોરો દક્ષિણ દિશામાં ગયા છે, પણ તેની જરૂર તપાસ કરીશ.

चोरा दाहिणाए दिसाए गच्छीअ, किंतु ते अवस्सं मग्गिस्सामि ।

चौरा दक्षिणस्यां दिश्यगच्छन्, किन्तु तानवश्यं मार्गयिष्यामः ।

તું સરોવરમાં જઈશ, તો જરૂર ડૂબીશ.

तुं सरंमि गच्छिहिसि, तया अवस्सं णुमज्जिहिसि ।

त्वं सरसि गमिष्यसि, तदाऽवश्यं निमङ्क्ष्यसि ।

તે કૂતરો ભસશે, પણ કરડશે નહિ.

स साणो बुक्किहिइ, किंतु न डंसिहिइ ।

स श्वा भषिष्यति, किंतु न दंक्ष्यति ।

જીવદયા સમાન ધર્મ નથી અને જીવહિંસા સમાન અધર્મ નથી.

जीवदयाए समाणो धम्मो नत्थि, जीवहिंसाए य समाणो अहम्मो नत्थि ।

जीवदयया समानो धर्मो नाऽस्ति, जीवहिंसया च समानोऽधर्मो नाऽस्ति ।

પાઠ ૧૮ મો

(ચાલુ) ભવિષ્યકાળ અને ક્રિયાતિપત્ત્યર્થ.

'सोच्छ' વગેરે ધાતુઓનાં રૂપાખ્યાનો. (૩/૧૭૧, ૧૭૨)

સં૦ પ્રા૦	સં૦ પ્રા૦
श्रु=सोच्छ સાંભળવું.	मुच्=मोच्छ મૂકવું, છોડવું.
गम्=गच्छ જવું.	वच्=वोच्छ બોલવું.
रुद्=रोच्छ રોવું.	छिद्=छेच्छ છેદવું.
विद्=वेच्छ જાણવું.	भिद्=भेच्छ ભેદવું.
दृश्=दच्छ જોવું.	भुज्=भोच्छ ખાવું.

'सोच्छ' વગેરે દશ ધાતુઓ ભવિષ્યકાળમાં વપરાય છે અને તેનાં રૂપાખ્યાનો કરતી વખતે ભવિષ્યકાળનાં પ્રત્યયમાંના હિનો લોપ વિકલ્પે થાય છે, તેમજ પ્રથમ પુરુષ એકવચનનું રૂપ આ ધાતુઓને અન્તે અનુસ્વાર મૂકવાથી વિકલ્પે સિદ્ધ થાય છે.

गच्छनां રૂપો

	એકવચન	બહુવચન	
પ.પુ.	गच्छं,	गच्छिस्सामो,	गच्छिमो,
		गच्छिहामो,	गच्छिहिमो,
	गच्छिस्सं, गच्छेस्सं,	गच्छिस्सामु,	गच्छिमु,
		गच्छिहामु,	गच्छिहिमु,
	गच्छिस्सामि,गच्छेस्सामि,	गच्छिस्साम,	गच्छिम,
		गच्छिहाम,	गच्छिहिम,
	गच्छिहामि, गच्छेहामि,	गच्छिहिस्सा,	गच्छिहित्था
	गच्छिमि, गच्छेमि,	ए थाय त्यारे	गच्छेस्सामो
	गच्छिहिमि,गच्छेहिमि.	વગેરે રૂપો થાય છે.	
બી.પુ.	गच्छिसि, गच्छेसि,	गच्छित्था,	गच्छेत्था,
	गच्छिहिसि, गच्छेहिसि,	गच्छिहित्था,	गच्छेहित्था,
	गच्छिसे, गच्छेसे.	गच्छिह,	गच्छेह
	गच्छिहिसे, गच्छेहिसे	गच्छिहिह,	गच्छेहिह
ત્રી.પુ.	गच्छइ, गच्छेइ,	गच्छिन्ति,	गच्छेन्ति,
	गच्छिहिइ, गच्छेहिइ,	गच्छिहिन्ति,	गच्छेहिन्ति,
	गच्छिए, गच्छेए,	गच्छिन्ते,	गच्छेन्ते,
	गच्छिहिए, गच्छेहिए.	गच्छिहिन्ते,	गच्छेहिन्ते,
		गच्छिरे,	गच्छेरे,
		गच्छिहिरे,	गच्छेहिरे.

જ્જ–જ્જા પ્રત્યયો આવે ત્યારે થતાં રૂપો-

સર્વ ૫૦ } गच्छिज्ज, गच्छिज्जा.
સર્વ ૭૦ }

ક્રિયાતિપત્ત્યર્થ

૧. **ક્રિયાતિપત્ત્યર્થ**– ક્રિયાની અનિપત્તિ (નિષ્ફલતા) સૂચવે છે. 'અમુક કામ બન્યું હોત તો અમુક બનત' પણ પ્રથમ કામ ન બન્યું એટલે તેના ઉપર

આધાર રાખનાર બીજું પણ નથી જ બન્યું, આ રીતે ક્રિયાની નિષ્ફળતા અર્થ સૂચવે છે. (૩/૧૭૯)

પ્રત્યયો.

૨. વિશેષ્યના લિંગ પ્રમાણે પ્રથમાના એકવચન અને બહુવચનના તે તે લિંગના પ્રત્યયો **ન્ત–*માણ** ને લગાડી તૈયાર થએલા પ્રત્યયો તથા સર્વપુરુષ અને સર્વ વચનમાં જ્જ–જ્જા પ્રત્યયો ધાતુને લગાડવાથી ક્રિયાતિપત્ત્યર્થનાં રૂપો થાય છે. (૩/૧૮૦)

× તૈયાર પ્રત્યયો

	એકવચન	બહુવચન
પુંલિંગના	ન્તો, માણો,	ન્તા, માણા.
સ્ત્રીલિંગના	ન્તી, માણી,	ન્તીઓ, માણીઓ,
	ન્તા, માણા,	ન્તાઓ, માણાઓ.
નપુંસકના	ન્તં, માણં,	ન્તાઇં, માણાઇં.

સર્વ પુરુષ, સર્વ વચન-જ્જ, જ્જા.

---

* 'માણ' આ પ્રત્યયાંતવાળા પ્રયોગો પ્રાકૃતસાહિત્યમાં બહુ જ થોડા જોવામાં આવે છે.

પ્રાકૃત રૂપાવતારમાં **ન્ત–માણ** પ્રત્યયની પૂર્વે અં નો ઇ–એ કરવામાં આવેલ છે. જેમ હસિંતો, હસેંતો, હસિમાણં, હસેમાણં વગેરે.

× પ્રાકૃત સાહિત્યમાંથી ઉદ્ધૃત ક્રિયાતિપત્ત્યર્થના ત્રણે લિંગના દૃષ્ટાન્તો.

પું૰ એ૰ જઇ તુમં સંપઇમં ન મુંચંતો, તા હં મંસગિદ્ધગિદ્ધાઇયાણ ભક્ખં હુંતો । પૂજાષ્ટક. (પૃ. ૨૪, પા. ૪૬). (જો તેં હાલમાં મને ન છોડયો હોત, તો હું માંસમાં આસકત એવા ગીધ વગેરે પક્ષીઓના ભોજન રૂપ થાત.)

પું૰ બ૰ તે પુણ જઇ અન્નોન્નં પાસંતા, તયા તત્થ ન વિસંતા । (બૃહ૰ ગા૰ ૩૪૨૭) (તેઓએ વળી જો એકબીજાને પરસ્પર જોયા હોત, તો ત્યાં પ્રવેશ કરત નહિ.)

પું૰ એ૰ બ૰ જઇ તસ્સ ગુણા હુંતા, તા નૂણં જણો વિ (તં) સલહંતો । (સંવેગ૰ શા૰ પૃ.૩૭, ગા૰ ૯૮) (જો તેનામાં ગુણો હોત, તો નક્કી માણસો પણ તેની પ્રશંસા કરત.)

	એકવચન	બહુવચન
પુંલિંગ	હસ્–હસન્તો, હસમાણો,	હસન્તા, હસમાણા.
	હો–હોન્તો, હુન્તો, હોમાણો.	હોન્તા, હુન્તા, હોમાણા.

પં૦ એ૦ બ૦	જઇ અજ્જ પહુ ! તए हं विणासिओ हुंतो, ता केत्तियमेत्ता पुत्ता मज्झ जणयस्स हुंता । (પૂ. પૃ. ૨૯, ગા. ૯૯) (હે સ્વામિન્ ! જો તમારા વડે આજે હું વિનાશ કરાયો હોત, તો મારા પિતાને કેટલાં પુત્ર હોત ? (અર્થાત્ એક પણ ન હોત.)
પું૦ એ૦ સ્ત્રી૦ એ૦	जइ (तुम्ह) तणयं हं न हरावंतो, ता मे सुया मरंती । (પૂ. પૃ. ૩૮, ગા. ૨૪) (જો તમારા પુત્રનું મેં અપહરણ ન કરાવ્યું હોત, તો મારી પુત્રી મરી જાત)
પું૦ એ૦ સ્ત્રી૦ એ૦	एयंमि मसे अच्छंते, (ता) एसा पडिमा अईव अब्भुदयहेऊ सप्पभावा हुंता । (તીર્થકલ્પ પૃ. ૨૪) (આને વિષે જો મષ-કાળો ડાઘ હોત, તો આ પ્રતિમા અત્યંત અભ્યુદયના કારણભૂત અને પ્રભાવશાળી થાત.)
પું૦ એ૦ ન૦ એ૦	जइ नवरं जीवाकुलो लोगो न दिट्ठो हुंतो, तो सुंदरं हुंत्तं । (નિશીથ. ભા.૧, પૃ. ૫) (જો જીવોથી આકુળ-વ્યાપ્ત લોક જોવાયો હોત, તો સારૂં થાત.)
,,	जइ पढममेव सो तुम्हेहिं नियत्तिओ होंतो, ता जुत्तं हुंतं । (મહા. નિ. પૃ. ૯૮, ગા. ૯૯) (જો તે પહેલેથી જ તમારા વડે પાછો ફેરવાયો હોત, તો યોગ્ય થાત.)
પુ૦ એ૦ ન૦ એ૦	जइ मूले वि रोसुप्पायणं करेंतो, ता, जुत्ततरं हुंतं । (મહા. પૃ. ૯) (જો મૂળમાં જ પહેલેથી જ રોષની ઉત્પત્તિ કરી હોત, તો વધારે યોગ્ય થાત.)
	जइ हं नागच्छंता, ता एक्कमवि पावं न मे हुंतं । (પૂજા. પૃ. ૨૧, ગા. ૧૩) (જો હું ન આવ્યો હોત, તો એક પણ પાપ મારે ન થાત.)
સ્ત્રી૦ એ૦	जइ गब्भाओ पडंता, बालत्ते वा वि जइ मया होंता, ता किं मज्झ निमित्ते होज्ज इमा आवया तुज्झ ? । (કરુણરસકદંબક પૃ. ૩૩) (જો હું ગર્ભમાંથી જ પડી ગઈ હોત અથવા બાળપણમાં જ જો હું મરી ગઈ હોત, તો શું મારા નિમિત્તે આ આપત્તિ તને થાત ?)
સ્ત્રી૦ એ૦	जइ हं तं पुच्छंती, ता सो तइया वि मह पयासंतो ।

સ્ત્રીલિંગ-	હસન્તી, હસમાણી	હસન્તીઓ, હસમાણીઓ,
	હસન્તા, હસમાણા,	હસન્તાઓ, હસમાણાઓ,
	હોન્તી, હુન્તી,	હોન્તીઓ, હુન્તીઓ,
	હોન્તા, હુન્તા,	હોન્તાઓ, હુન્તાઓ,
	હોમાણી, હોમાણા.	હોમાણીઓ, હોમાણાઓ.
નપુંસક-	હસન્તં, હસમાણં,	હસન્તાઇં, હસમાણાઇં,
	હોન્તં, હુન્તં, હોમાણં.	હોન્તાઇં, હુન્તાઇં, હોમાણાઇં.

આર્ષમાં **ન્તો–માણો** ને સ્થાને **ન્તે–માણે** પ્રત્યય પણ લાગે છે. જેમકે- **હસન્તે, હસમાણે, હોન્તે, હુન્તે, હોમાણે.**

પું૰ એ૰ (પૂજા.પૃ. ૩૭, ગા. ૯૪) (જો મેં તેને પુછ્યું હોત, તો તેણે તે વખતે પણ મને જણાવ્યું હોત.)

સ્ત્રી૰એ૰ / ન૰ એ૰ જઇ વલ્લહજણે મણા જાઇ, તહા જઇ તણૂ વિ વચ્ચંતી તા નૂણ કસ્સઇ તવ્વિરહવિહુરત્તં ન હુંતં । (પૂ. પૃ. ૩૧, ગા. ૯૪). (જેવી રીતે વ્હાલા મનુષ્યને વિષે મન જાય છે, તેવી રીતે જો શરીર પણ જતું હોત, તો તેના વિરહથી વ્યાકુળપણું કોઈને ન થાત.)

ન૰ એ૰ / પું૰ બ૰ જઇ પુણ દુગંછિએસુ કુલેસુ એયાણ જણણમિહ હુંતં, તા કહ જયએક્કપુજ્જા ઠાયંતા તગ્ગિહે મુણિણો । (સંવેગ. પૃ. ૧૬૩, ગા. ૬૧) (જો વળી અહીં નિંદિત કુળોમાં એમનો જન્મ થયો હોત, તો જગતમાં અજોડ રીતે પૂજનીય એવા મુનિઓ તેમના ઘરમાં શી રીતે રહત ?.)

" જઇ સવ્વણ્ણૂહિં તિકાલદરિસીહિં સવ્વં સુકરં દિટ્ઠં હુંતં, તો ણં અમ્હારિસા કાપુરિસા સુહં કરેંતા । (નિશીથ ભા. ૧, પૃ.૫). (જો ત્રણ કાળને જોનારા સર્વજ્ઞોએ સઘળું સહેલાઈથી કરી શકાય તેવું જોયું હોત, તો અમારા જેવા કાયર પુરુષો સહેલાઈથી કરત.)

સ્ત્રી૰ એ૰ / ન૰ એ૰ / પું૰ એ૰ હોજ્જ ન સંઝા હોજ્જા, ન નિસા તિમિરં પિ જઇ ન હોમાણં, તા હોંતા કહ અમ્હે, ઇઅ સંપઇ પંસુલાલાવો (કુમારપાલચરિત સ.૫, ગા.૧૦૫) (જો સાંજ ન થઈ હોત, જો રાત્રિ ન થઈ હોત અને જો અંધારું ન થયું હોત, તો અમે કેવી રીતે હોત ? (અમારી શી દશા થાત) એ પ્રમાણે હાલમાં પાંસુલા-દુરાચારી સ્ત્રીઓનું વચન છે.)

હોઅ અંગનાં રૂપો.

પું૦	સ્ત્રી૦	નપું૦
હોઅન્તો, હોઅન્તા,	હોઅન્તી, હોઅન્તા,	હોઅન્તં, હોઅન્તાઇં,
હોઅમાણો, હોઅમાણા.	હોઅમાણી, હોઅમાણા.	હોઅમાણં, હોઅમાણાઇં.

જ્જ–જ્જા નાં રૂપો.

સર્વ પુ૦ } હસેજ્જ, હસેજ્જા.
સર્વ ત્ર૦ } હોજ્જ, હોજ્જા, હોએજ્જ, હોએજ્જા.

ક્રિયાતિપત્ત્યર્થ-સંકેત કે શરત પૂર્ણ ન થયેલા હોય તેવા સાંકેતિક વાકયોમાં વપરાય છે. જેમ-જઇ સો વિજ્જં ભણન્તો, તા સુહી હોન્તો–જો તે વિદ્યા ભણ્યો હોત, તો સુખી થાત.

* * *

ऋકારાન્ત નામ

પ્રાકૃતમાં 'ऋ' સ્વરનો પ્રયોગ થતો નથી. તેથી ऋકારાન્ત જે શબ્દો છે, તેમાં અમુક ફેરફાર થઈ નીચે પ્રમાણે રૂપો થાય છે.

૧ સંસ્કૃતમાં જે શબ્દો ऋકારાન્ત છે, તેમાં જે શબ્દો સંબંધવાચક છે તેના અન્ત્ય 'ऋ'નો 'अर' થાય છે. અને જે શબ્દો વિશેષણ છે તેના અન્ત્ય 'ऋ'નો 'आर' થાય છે. પછી અન્ત્ય અકારાન્ત હોવાથી તેનાં રૂપો પુંલ્લિંગ અને નપુંસકલિંગમાં અકારાન્ત પુંલ્લિંગ અને અકારાન્ત નપુંસકલિંગ જેવા થાય છે. (૩/૪૫,૪૭) જેમકે-

સંબંધવાચક નામ-**પિઅર (પિતૃ), જામાઅર (જામાતૃ),**

વિશેષણ નામ-**કત્તાર (કર્તૃ), દાયાર (દાતૃ).**

૨ પ્રથમા અને દ્વિતીયાના એકવચન સિવાય સર્વ વિભક્તિમાં ऋકારાન્ત શબ્દના અન્ત્ય 'ऋ'નો 'उ' પણ થાય છે. **પિઉ (પિતૃ), કત્તુ (કર્તૃ), દાઉ (દાતૃ)** અન્ત્ય અંગ ઉકારાન્ત હોવાથી તેનાં રૂપો ઉકારાન્ત પુંલ્લિંગ અને નપુંસકલિંગ જેવાં થાય છે. તેથી **પિઅર, પિઉ (પિતૃ), કત્તાર, કત્તુ (કર્તૃ), દાયાર, દાઉ (દાતૃ)** ઈત્યાદિ શબ્દ ગણી રૂપો કરવા (૩/૪૪)

૩ પુંલ્લિંગમાં પ્રથમાનું એકવચન 'ऋ'નો 'आ' કરવાથી પણ વિકલ્પે થાય છે. (૩/૪૮) જેમકે–पिआ (पिता), कत्ता (कर्ता) दाया (दाता).

૪ સંબંધવાચક ऋકારાન્ત શબ્દોનું સંબોધન એકવચનનું રૂપ અન્ત્ય 'ऋ' નો 'अ' અને 'अरं' કરવાથી અને વિશેષણવાચક ऋકારાન્ત શબ્દોના 'ऋ'નો 'अ' કરવાથી વિકલ્પે થાય છે. (૩/૩૯,૪૦)

જેમ કે- હે पिअ! હે पिअरं ! (पितृ)
હે कत्त! (कर्तृ)
હે दाय! (दातृ)

પુંલ્લિંગ તથા વિશેષણ શબ્દો.

जामाअर, जामाउ	પું (जामातृ) જમાઈ, જમાતા.	कत्तार, कत्तु	વિ. (कर्तृ) કરનાર.
पिअर, पिउ	પું. (पितृ) પિતા, બાપ.	दायार, दाउ	વિ. (दातृ) દેનાર, દાતા.
भायर, भाउ	પું. (भ्रातृ) ભાઈ, ભ્રાતા.	भत्तार, भत्तु	પું. (भर्तृ) સ્વામી, ભરતાર, વિ. ભરણ પોષણ કરનાર.

ऋકારાન્ત પુંલ્લિંગ

पिअर, पिउ (पितृ) શબ્દ.

	એકવચન	બહુવચન
પ.	पिआ, पिअरो, (पिअरे)	पिअरा पिअवो, पिअउ, पिअओ, पिउणो, पिऊ.
બી.	पिअरं	पिअरे, पिअरा, पिउणो, पिऊ.
ત.	पिअरेण–णं, पिउणा.	पिअरेहि–हिं–हिँ, पिऊहि–हिं–हिँ.

ચ.છ.	પિઅરસ્સ,	પિઅરાણ–ણં,
	પિઉણો, *પિઉસ્સ.	પિઊણ–ણં
પં.	પિઅરત્તો, પિઅરાઓ,	પિઅરત્તો, પિઅરાઓ,
	પિઅરાઉ–હિ–હિન્તો,	પિઅરાઉ–હિ–હિન્તો, સુન્તો,
	પિઅરા,	પિઅરેહિ–હિન્તો–સુન્તો,
	પિઉણો, પિઉત્તો,	પિઉત્તો, પિઊઓ–ઉ–
	પિઊઓ–ઉ–હિન્તો.	હિન્તો–સુન્તો.
સ.	પિઅરે,–પિઅરમ્મિ,	પિઅરેસુ–સું,
	પિઅરંસિ,	
	પિઉમ્મિ, પિઉંસિ.	પિઊસુ–સું,
સં.	હે પિઅ, પિઅરં.	પિઅરા,
	પિઅર,પિઅરો.	પિઅવા, પિઅઉ–ઓ, પિઉણો, પિઊ

કત્તાર–કત્તુ (કર્તૃ) શબ્દ.

પ.	કત્તા, કત્તારો,	કત્તારા,
	(કત્તારે)	કત્તવો, કત્તઉ, કત્તઓ,
		કત્તુણો, કત્તૂ.
બી.	કત્તારં.	કત્તારે, કત્તારા,
		કત્તુણો, કત્તૂ.
ત.	કત્તારેણ–ણં,	કત્તારેહિ–હિઁ–હિં,
	કત્તુણા.	કત્તૂહિ–હિઁ–હિં.
ચ. }	કત્તારસ્સ,	કત્તારાણ–ણં,
છ. }	કત્તુણો, કત્તુસ્સ,	કત્તૂણ–ણં.
પં.	કત્તારત્તો, કત્તારાઓ,	કત્તારત્તો, કત્તારાઓ,

* આર્ષમાં છઠ્ઠી વિભક્તિના એકવચનમાં 'એં' પ્રત્યય પણ લાગે છે. જેમ પિઉએ, માઉએ. ઈત્યાદિ.

	कत्ताराउ–हि–हिन्तो,	कत्ताराउ–हि–हिन्तो–सुन्तो,
	कत्तारा,	कत्तारेहि–हिन्तो–सुन्तो,
	कत्तुणो, कत्तुत्तो,	कत्तुत्तो, कत्तूओ–उ–
	कत्तूओ–उ–हिन्तो.	हिन्तो–सुन्तो.
स.	कत्तारे, कत्तारम्मि,	कत्तारेसु–सुं,
	कत्तारंसि,	
	कत्तुम्मि,कत्तुंसि.	कत्तूसु–सुं.
सं.	हे कत्त, कत्तार,	कत्तारा,
	कत्तारो.	कत्तवो, कत्तउ–ओ,
		कत्तुणो, कत्तू

कत्तार–कत्तु ऋकारान्त नपुंसकलिंग शब्द.

प. बी.	कत्तारं.	कत्ताराइं, कत्ताराइँ, कत्ताराणि,
		कत्तूइं, कत्तूइँ, कत्तूणि.
सं.	हे कत्त, कत्तार	कत्ताराइं, कत्ताराइँ, कत्ताराणि,
		कत्तूइं, कत्तूइँ, कत्तूणि.
		બાકીના રૂપ પુંલ્લિંગ પ્રમાણે.

दायार, दाउ (दातृ) शब्द

	एकवचन	बहुवचन
प. बी.	दायारं	दायाराइं दायाराइँ, दायाराणि,
		दाऊइं, दाऊइँ, दाऊणि
सं.	हे दाय, दायार.	दायाराइं, दायाराइँ, दायाराणि,
		दाऊइं, दाऊइँ, दाऊणि.

બાકીના રૂપ कत्तार, कत्तु प्रमाणे.

૧. ऋकारान्त स्त्रीलिंगમાં संबधवाचक शब्दोनां રૂપો नीचे प्रमाणे ફેરફાર થઈને થાય છે. (૩/૩૫)

દુહિઆ, ધૂઆ, ધીઆ	(દુહિતૃ) દીકરી, પુત્રી.	માઉસિઆ, માઉચ્છા	(માતૃષ્વસૃ) માસી, માની બેન.
નણંદા	(ननान्दृ) નણંદ.	*માઅરા, માઆ, માઉ	(માતૃ) માતા, મા.
પિઉસિઆ, પિઉચ્છા	(પિતૃષ્વસૃ) ફોઈ, બાપની બહેન.	સસા, સુસા	(સ્વસૃ) બ્હેન.

૨. આ શબ્દોનાં રૂપો આકારાન્ત હોવાથી આકારાન્ત સ્ત્રીલિંગ નામોનાં જેવા જ થાય છે અને 'માઉ' શબ્દનાં રૂપો ઉકારાન્ત સ્ત્રીલિંગ નામ જેવાં થાય છે, પણ પ્રથમા અને દ્વિતીયાના એકવચનમાં 'માઉ' શબ્દનો પ્રયોગ થતો નથી.

૩. આ સ્ત્રીલિંગ શબ્દો મૂળથી આકારાન્ત નહિ હોવાથી સંબોધન એકવચનમાં હે માઆ, માઅરા, હે સસા એ પ્રમાણે થાય છે.

માઆ–માઅરા–માઉ શબ્દનાં રૂપો.

	એકવચન	બહુવચન
૫.	માઆ,	માઆઓ, માઆઉ, માઆ.
	માઅરા.	માઅરાઓ, માઅરાઉ, માઅરા, માઊઓ, માઊઉ, માઊ.
બી.	માઅં, માઅરં	" " "
ત.	માઆઅ, માઆઇ, માઆએ,	માઆહિ–હિં–હિં,
	માઅરાઅ, માઅરાઇ,	માઅરાહિ–હિં–હિં,
	માઅરાએ,	માઊહિ– હિં –હિં.
	માઊઅ, માઊઆ, માઊઇ માઊએ.	

* માતૃ શબ્દનો ક્વેઈ સ્થળે 'માઇ' એવો શબ્દ સિદ્ધ થઈ હ્રસ્વ ઇકારાન્ત સ્ત્રીલિંગ જેવાં રૂપો પણ થાય છે. જેમકે-

પ૦ બ૦, બી૦ બ૦ માઈઓ, માઈઉ, માઈ. છ૦ બ૦ માઈણ, માઈણં. ઈત્યાદિ.

ચ. છ.	माआअ, माआइ, माआए,	माआण–णं,
	माअराअ, माअराइ, माअराए	माअराण णं
	माऊअ, माऊआ, माऊइ, माऊए.	माऊण–णं.
પ.	माआअ, माआइ, माआए, माअत्तो, माआओ–उ–हिन्तो, माअराअ, माअराइ–ए,	माअत्तो, माआओ–उ– हिन्तो, सुन्तो,
	माअरात्तो, माअराओ–उ– हिन्तो	माअरत्तो, माअराओ–उ–हिन्तो, सुन्तो,
	माऊअ, माऊआ, माऊइ, माऊए, माउत्तो, माऊओ, उ–हिन्तो.	माउत्तो, माऊओ–उ– हिन्तो–सुन्तो.
સ.	माआअ, माआइ, माआए, माअराअ, माअराइ, माअराए,	माआसु–सुं, माअरासु–सुं.
	माऊअ, माऊआ, माऊइ, माऊए.	माऊसु–सुं.
સં.	हे माआ, हे माअरा.	माआओ, माआउ, माआ, माअराओ, माअराउ, माअरा, माऊओ, माऊउ, माऊ.

ससा (स्वसृ) શબ્દનાં રૂપો

પ.	ससा.	ससाओ, ससाउ, ससा.
બી.	ससं.	ससाओ, ससाउ, ससा.
ત.	ससाअ, ससाइ, ससाए	ससाहि–हिँ–हिं
ચ.છ.	ससाअ, ससाइ, ससाए.	ससाण–णं.
પં.	ससाअ, ससाइ, ससाए,	ससत्तो, ससाओ, ससाउ,

	ससत्तो, ससाओ, ससाउ, ससाहिन्तो.	ससाहिन्तो, ससासुन्तो.
સ.	ससाअ, ससाइ, ससाए.	ससासु–सुं.
સં.	हे ससा.	ससाओ, ससाउ, ससा.

પ્રાકૃતવાક્યોનું સંસ્કૃત-ગુજરાતી

हं वच्छाणं पण्णाणि छेच्छं । अहं वृक्षाणां पर्णानि छेत्स्यामि ।

હું વૃક્ષોનાં પાંદડાં કાપીશ.

अम्हे साहुणो सगासे तत्ताइं सोच्छिस्सामो ।

वयं साधोः सकाशे तत्त्वानि श्रोष्यामः ।

અમે સાધુની પાસે તત્ત્વો સાંભળશું.

जइ माया जत्ताए गच्छिइ, तो वच्छो दुहिया य रोच्छिहिन्ति ।

यदि माता यात्रायै गमिष्यति, ततो वत्सो दुहिता च रोदिष्यतः ।

જો માતા યાત્રા માટે જશે, તો પુત્ર અને પુત્રી રડશે.

अम्हे किर सच्चं वोच्छिस्सामो । वयं किल सत्यं वक्ष्यामः ।

અમે ખરેખર સાચું બોલશું.

सव्वण्णू झत्ति सिवं गच्छिहिरे । सर्वज्ञा झटिति शिवं गमिष्यन्ति ।

સર્વજ્ઞો જલદી મોક્ષમાં જશે.

हं सत्तुंजयं गच्छिस्सं, तहिं गिरिस्स सोहं दच्छं, तह सेत्तुंजीए नईए ण्हाहिस्सं, पच्छा य तित्थयराणं पडिमाओ चंदणेण पुप्फेहिं च अच्चिहिमि, गिरिणो य माहप्पं सोच्छिमि, पावाइं च कम्माइं छेच्छिहिमि, जीविअं च सहलं करिस्सं ।

अहं शत्रुंजयं गमिष्यामि, तत्र गिरेः शोभां द्रक्ष्यामि, तथा शत्रुंजय्यां नद्यां स्नास्यामि, पश्चाच्च तीर्थकराणां प्रतिमाश्चन्दनेन पुष्पैश्चार्चिष्यामि, गिरेश्च माहात्म्यं श्रोष्यामि, पापानि च कर्माणि छेत्स्यामि, जीवितं च सफलं करिष्यामि ।

હું શત્રુંજય જઈશ, ત્યાં પર્વતની શોભા જોઈશ, શેત્રુંજી નદીમાં સ્નાન કરીશ, પછી તીર્થંકરોની પ્રતિમાઓની ચંદન અને પુષ્પો વડે પૂજા કરીશ, ગિરિનું માહાત્મ્ય સાંભળીશ, પાપકર્મોને છેદીશ અને જીવનને સફળ કરીશ.

जइ असोगचंदो नरिंदो दिसासु परिमाणं कुणंतो, ता निरए नेव निवडन्तो ।
यद्यशोकचंद्रो नरेन्द्रो दिक्षु परिमाणमकरिष्यत्, ततो नरके नैव न्यपतिष्यत् ।
જો અશોકચંદ્ર રાજાએ દિશાઓને વિષે પરિમાણ કર્યું હોત, તો નરકમાં ન જ પડત.

सो आयारंगं भणेज्जा, ता गीअत्थो होन्तो ।
स आचाराङ्गमभणिष्यत्, ततो गीतार्थोऽभविष्यत् ।
તે આચારાંગ ભણ્યો હોત, તો ગીતાર્થ થયો હોત.

जइ हं सत्तुं निगिण्हन्तो, तया एरिसं दुहं अहुणा किं लहमाणो ? ।
यद्यहं शत्रुं न्यग्रहीष्यम् तदेदृशं दुःखमधुना किमलप्स्ये ? ।
જો મેં શત્રુનો નિગ્રહ કર્યો હોત, તો આવું દુઃખ હમણાં કેમ પામત ?.

जइ धम्मस्स फलं हविज्ज, तया परलोए सुहं लहेज्जा ।
यदि धर्मस्य फलमभविष्यत्, तदा परलोके सुखमलप्स्यत ।
જો ધર્મનું ફળ હશે, તો તે પરલોકમાં સુખ પામશે.

साहम्मिआणं वच्छल्लं सइ कुज्जत्ति वीयरायस्स आणा ।
साधर्मिकाणां वात्सल्यं सदा कुर्यादिति वीतरागस्याऽऽज्ञा ।
સાધર્મિકોની ભક્તિ હંમેશા કરવી, એવી વીતરાગની આજ્ઞા છે.

तिसलादेवी देवाणंदा य माहणी पहुणो महावीरस्स माऊओ आसि ।
त्रिशलादेवी देवानंदा च ब्राह्मणी प्रभोर्महावीरस्य मातरावास्ताम् ।
ત્રિશલાદેવી અને દેવાનંદા બ્રાહ્મણી પ્રભુ મહાવીરની માતાઓ હતી.

सिरिवद्धमाणस्स पिआ सिद्धत्थो नरिंदो होत्था ।
श्रीवर्धमानस्य पिता सिद्धार्थो नरेन्द्रोऽभवत् ।
શ્રી વર્ધમાનના પિતા સિદ્ધાર્થ રાજા હતા.

पुव्वण्हे अक्कस्स तावो थोवो, मज्झण्हे य अईव तिक्खो, अवरण्हे य थोक्को अइथेवो वा । पूर्वाह्णेऽर्कस्य तापः स्तोकः,

मध्याह्ने चाऽतीव तीक्ष्णः, अपराह्णे च स्तोकोऽतिस्तोको वा ।

દિવસના પૂર્વભાગમાં સૂર્યનો તાપ થોડો હોય છે, બપોરે ઘણો આકરો હોય છે અને દિવસના પાછલા ભાગમાં થોડો અથવા ઘણો થોડો હોય છે.

सकम्मेहिं इह संसारे भमंताणं जंतूणं सरणं माआ पिआ भाउणो सुसा धूआ अ न हवन्ति, एक्को एव धम्मो सरणं ॥ स्वकर्मभिरिह संसारे भ्रमतां जन्तूनां शरणं, माता पिता भ्रातरः स्वसा दुहिता च न भवन्ति, एक एव धर्मः शरणम् ।

પોતાના કર્મો વડે આ સંસારમાં ભમતા, પ્રાણીઓનું શરણ માતા, પિતા, ભાઈઓ, બહેન અને પુત્રી નથી, એક ધર્મ જ શરણ છે.

जो बाहिरं पासइ, सो मूढो; अंतो पासेइ सो पंडिओ णेओ ।

यो बाह्यं पश्यति स मूढः, अन्तः पश्यति स पण्डितो ज्ञेयः ।

જે બહાર જુએ છે, તે મૂઢ છે, અંદર જુએ, તે પંડિત જાણવો.

पिउणो ससा पिउसिअत्ति, तह माऊए य ससा माउसिआ इइ कहेइ ।

पितुः स्वसा पितृश्वसेति, तथा मातुश्च स्वसा मातृश्वसेति कथयति ।

પિતાની બહેન એ ફઈ અને માતાની બહેન એ માસી, એ પ્રમાણે કહે છે.

नणंदा भाउस्स जायाए सिणिज्झइ । ननान्दा भ्रातुर्जायायां स्निह्यति ।

નણંદ ભાઈની પત્ની-ભાભી ઉપર સ્નેહ રાખે છે.

धूआ माअरं पिअरं च सिलेसइ । दुहिता मातरं पितरं च श्लिष्यति ।

પુત્રી માતા અને પિતાને ભેટે છે.

रामस्स वासुदेवस्स य पिअरम्मि माऊसुं अ परा भत्ती अत्थि ।

रामस्य वासुदेवस्य च पितरि मातृषु च परा भक्तिरस्ति ।

બળદેવની અને વાસુદેવની પિતા અને માતાઓ ઉપર શ્રેષ્ઠ ભક્તિ છે.

सासू जामाऊणं पडिवयाए पाहुडं दाहिन्ति ।

श्वश्रूर्जामातृभ्यः प्रतिपदि प्राभृतं दास्यन्ति ।

સાસુઓ જમાઈઓને પડવે ભેટ આપશે.

जा नारी भत्तारम्मि पउस्सेइ, सा सुहं न पावेइ ।

या नारी भर्तरि प्रद्वेष्टि, सा सुखं न प्राप्नोति ।

જે સ્ત્રી ધણી ઉપર દ્વેષ કરે છે, તે સુખ પામતી નથી.

कुलबालियाणं भत्तवो चेव देवा । कुलबालिकानां भर्तार एव देवाः ।

કુલાંગનાઓને ધણી એ જ દેવ છે.

माआ धूआणं पुत्ताणं च बहुं धणं अप्पेइ ।

माता दुहितृभ्यः पुत्रेभ्यश्च बहु धनमर्पयति ।

માતા દિકરીઓને અને પુત્રોને ઘણું ધન આપે છે.

जे नरा भत्तूणमाएसे न वट्टन्ते, ते दुहिणो हवन्ति ।

ये नरा भर्तृदणामादेशे न वर्तन्ते, ते दुःखिनो भवन्ति ।

જે માણસો ધણીના હુકમમાં વર્તતા નથી, તે દુઃખી થાય છે.

आवयासु जे सहेज्जा हुंति, ते च्च भाऊणो ।

आपत्सु ये साहाय्या भवन्ति, त एव भ्रातरः ।

દુઃખમાં જે સહાયક થાય છે, તે જ ભાઈઓ છે.

धूआए माआए य परुप्परं अईव नेहो अत्थि ।

दुहितुर्मातुश्च परस्परमतीव स्नेहोऽस्ति ।

પુત્રી અને માતાને પરસ્પર ઘણો જ સ્નેહ છે.

सासूणं जामाउणो अईव पिआ हवन्ति ।

श्वश्रूणां जामातरोऽतीव प्रिया भवन्ति ।

સાસુઓને જમાઈ ઘણા વહાલા હોય છે.

अहं माअराए य पिउणा य भायरेहिं च ससाहिं च सह सिद्धगिरिस्स जत्ताए जाएज्जा ।

अहं मात्रा च पित्रा च भ्रातृभिश्च स्वसृभिश्च सह सिद्धगिरेर्यात्रायै यास्यामि ।

હું માતા, પિતા, ભાઈઓ અને બહેનો સાથે સિદ્ધાચલની યાત્રા માટે જઈશ.

दायाराणं मज्झे कण्णो निवो पढमो होत्था ।

दातृणां मध्ये कर्णो नृपः प्रथमोऽभवत् ।

દાતાઓની અંદર કર્ણરાજા પ્રથમ થયો.

रामस्स भाया लक्खणो निएण चक्केण रावणस्स सीसं छिन्दीअ ।

रामस्य भ्राता लक्ष्मणो निजेन चक्रेण रावणस्य शीर्षमच्छिनत् ।

રામના ભાઈ લક્ષ્મણે પોતાના ચક્ર વડે રાવણનું મસ્તક કાપી નાખ્યું.

[1]सतेसु [2]जायते [3]सूरो, [4]सहस्सेसु य [5]पंडिओ ।

[6]वत्ता [7]सयसहस्सेसु, [8]दाया [9]जायति वा [11]न [10]वा ॥ २० ॥

शतेषु शूरो जायते, सहस्रेषु च पण्डितः ।

शतसहस्रेषु वक्ता, दाता जायते वा न वा ॥ २० ॥

સો માણસોમાં એક શૂર થાય છે, હજારોમાં એક પંડિત થાય છે, લાખોમાં એક વક્તા થાય છે, દાતા તો થાય અથવા ન થાય. ૨૦

[1]इंदियाणं [2]जए [3]सूरो, [4]धम्मं [5]चरति [6]पंडिओ ।

[8]वत्ता [9]सच्चवओ [7]होइ, [12]दाया [10]भूयहिए [11]रओ ॥ २१ ॥

इन्द्रियाणां जये शूरः, धर्मं चरति पण्डितः ।

सत्यवदो वक्ता भवति, भूतहिते रतो दाता ॥ २१ ॥

ઇંદ્રિયોનો જય કરે તે શૂર, ધર્મને આચરે તે પંડિત, સત્ય બોલનાર હોય તે વક્તા, પ્રાણીઓના હિતમાં રત હોય તે દાતા (કહેવાય) છે. ૨૧

ગુજરાતીવાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

જો તેણે ઝેરવાળું ભોજન ખાધું હોત, તો તે મૃત્યુ પામત.

जइ सो विसमिसिअं अन्नं भुंजंतो तया सो मरंतो ।

यदि स विषमिश्रितमन्नमभोक्ष्यत, तदा सोऽमरिष्यत् ।

જો તમે જિનેશ્વરનાં ચરિત્રો સાંભળ્યાં હોત, તો ધર્મ પામત.

जइ तुब्भे जिणेसरस्स चरित्ताइं सुणंता, तया धम्मं पावंता ।

यदि यूयं जिनेश्वरस्य चरित्राण्यश्रोष्यथ, तदा धर्मं प्राप्स्यथ ।
અભિમન્યુ જીવ્યો હોત, તો કૌરવોની બધી સેનાને જીતી લેત.

अहिमन्नू जीवंतो, तया कउरवाणं सव्वं सेणं जिणन्तो ।

अभिमन्युरजीविष्यत्, तदा कौरवाणां सर्वां सेनामजेष्यत् ।
જો તેને તત્ત્વોનું જ્ઞાન હોત, તો તે ધર્મ પામત.

जइ तस्स तत्ताणं नाणं हुंतं, तया सो धम्मं लहंतो ।

यदि तस्य तत्त्वानां ज्ञनमभविष्यत्, तदा स धर्ममलप्स्यत ।
જો તમે તે સમયે બંધનમાંથી છોડત, તો હું સત્ય કહેત.

जइ तुब्भे तंमि समयंमि बंधणत्तो मुंचंता, तया हं सच्चं कहेन्तो ।

यदि यूयं तस्मिन् समये बन्धनादमोक्ष्यत, तदाऽहं सत्यमकथयिष्यम् ।
રાવણે પરસ્ત્રીનો ત્યાગ કર્યો હોત, તો મૃત્યુ પામત નહી.

रावणो परनारिं चयंतो, तया सो मच्चुं न पावन्तो ।

रावणः परनारीमत्यक्ष्यत्, तदा स मृत्युं न प्राप्स्यत् ।
જાણનાર પાસેથી તેણે તત્ત્વોનું જ્ઞાન મેળવ્યું.

णायारत्तो सो तत्ताणं नाणं लहीअ । ज्ञातुः स तत्त्वानां ज्ञानमलभत ।
હું તળાવમાંથી કમળો લઈશ અને માતા અને બેનને આપીશ

हं कासारत्तो कमलाइं गहिस्सामि, माआए ससाए य दाहिस्सं ।

अहं कासारात् कमलानि ग्रहीष्यामि, मात्रे स्वस्रे च दास्यामि ।
માતા અને પિતાની સાથે જિનાલયમાં જઈશ અને ચૈત્યવંદન કરીશ.

माअराए पिअरेण य सह जिणालए गच्छिस्सामि, चिइवंदणं च करिस्सामि ।

मात्रा पित्रा च सह जिनालये गमिष्यामि, चैत्यवन्दनं च करिष्यामि ।
લક્ષ્મણના ભાઈ રામે દીક્ષા લીધી અને મોક્ષ મેળવ્યો.

लक्खणस्स भाऊ रामो पवज्जीअ, मोक्खं च लहीअ ।

लक्ष्मणस्य भ्राता रामः प्राव्रजत्, मोक्षं चाऽलभत ।
વહુને નણંદ ઉપર ઘણો સ્નેહ છે. **वहूए नणंदाए अईव णेहो अत्थि ।**

वध्वा ननान्दर्यतीव स्नेहोऽस्ति ।

ગરીબોને પાળનાર થોડા જ હોય છે.

दीणाणं रक्खिआरा थेवा च्चिय हवन्ति ।

दीनानां रक्षितारः स्तोका एव भवन्ति ।

વિધાતાના લેખને કોઈપણ ઉલંઘતું નથી.

धायारस्स लेहं को वि न अइक्कमइ ।

धातुर्लेखं कोऽपि नाऽतिक्राम्यति ।

કુરૂપા બાળકો ઉપર પણ માતાનો ઘણો સ્નેહ હોય છે.

विस्वेसुं बालेसुं वि माआए अईव णेहो होइ ।

विरूपेषु बालेष्वपि मातुरतीव स्नेहो भवति ।

જેમ બહેરાની આગળ ગાયન નકામું છે, તેમ મૂર્ખ પુરુષની આગળ તત્ત્વોની વાત નકામી છે.

जहा बहिरस्स अग्गे गाणं निरत्थयं होइ, तहा मुरुक्खस्स अग्गे तत्ताणं वत्ता निरत्थया अत्थि ।

यथा बधिरस्याऽग्रे गायनं निरर्थकं भवति, तथा मूर्खस्याऽग्रे तत्त्वनां वार्ता निरर्थकाऽस्ति ।

દિવસે દિવસે ઘણા પ્રાણીઓ મરણ પામે છે, તો પણ અજ્ઞાનીઓ અમે મરવાના નથી એમ માને છે, તેથી બીજું શું આશ્ચર્ય હોય ?.

पइदिणं बहवो पाणिणो मरेन्ति, तहवि अन्नाणिणो अम्हे न मरिस्सामो इइ मन्नन्ति, तत्तो अन्नं किं अच्छेरं होज्ज ? ।

प्रतिदिनं बहवः प्राणिनो म्रियन्ते, तथाप्यज्ञानिनो वयं न मरिष्याम इति मन्यन्ते, ततोऽन्यत् किमाश्चर्यं भवेत् ? ।

નિમિત્તિઆએ તેના કપાળમાં સારાં લક્ષણો જોયાં અને કહ્યું કે તું રાજા થઈશ.

नेमित्तिओ तस्स ललाडंमि सोहणाइं लक्खणाइं देक्खीअ, कहीअ य तुं राया होहिसि ।

नैमित्तिकस्तस्य ललाटे शोभनानि लक्षणान्यपश्यत्, अकथयच्च त्वं राजा भविष्यसि ।

તે વેશ્યામાં આસક્ત થયો ન હોત, તો ધર્મથી પતિત થાત નહિ.

सो वेसाए आसत्तो न हुंतो, तया सो धम्मत्तो न पडंतो ।

स वेश्यायामासक्तो नाऽभविष्यत्, तदा स धर्मान्नाऽपतिष्यत् ।

મૂર્ખ પણ ધીમે ધીમે ઉદ્યમ કરવાથી હોંશિયાર થાય છે.

मुरुक्खो वि सणियं सणियं उज्जमेण पउणो होइ ।

मूर्खोऽपि शनैः शनैरुद्यमेन प्रगुणो भवति ।

પાઠ ૧૯ મો

*કર્મણિ રૂપ અને ભાવે રૂપ.

૧. ધાતુનું કર્મણિ કે ભાવે રૂપ કરવા ધાતુને ईअ (ईय). કે इज्ज પ્રત્યય લગાડાય છે. અને એ તૈયાર થયેલ અંગને કાળના પુરુષ બોધક પ્રત્યયો લગાડવા. (૩/૧૬૦)

૨. ભવિષ્યકાળ, ક્રિયાતિપત્ત્યર્થ વગેરેના કર્મણિ અને ભાવે રૂપો કર્તરિ જેવાં જ થાય છે. (૪/૨૪૧ તः ૪/૨૫૭)

કર્મણિ-ભાવે-અંગ.

હસ્ + ईअ = હસીअ,	હસ્ + इज्ज = હસિज्ज,
પઢ્ + ईअ = પઢીअ,	પઢ્ + इज्ज = પઢિज्ज,
બોલ્લ્ + ईअ = બોલ્લીअ,	બોલ્લ્ + इज्ज = બોલ્લિज्ज,
કંપ્ + ईअ = કંપીअ,	કંપ્ + इज्ज = કંપિज्ज,
દેક્ખ્ + ईअ = દેક્ખીअ,	દેક્ખ્ + इज्ज = દેક્ખિज्ज,
હો + ईअ = હોईअ,	હો + इज्ज = હોइज्ज,

---

* જો ધાતુ સકર્મક હોય નો તેનો કર્મણિ પ્રયોગ થાય અને અકર્મક (કર્મરહિત) હોય તો ભાવે પ્રયોગ થાય છે. (લજ્જા પામવી, ઉભા રહેવું, હોવું, જાગવું, વધવું, જીર્ણ થવું, ભય પામવું, જીવવું, મરવું, સૂવું, પ્રકાશવું અને રમવું એ અર્થવાળા ધાતુઓ અકર્મક જાણવા, એ સિવાય બીજા અર્થવાળા ધાતુઓ સકર્મક જાણવા.)

ने + ईअ = नेईअ, ने + इज्ज = नेइज्ज,
ठा + ईअ = ठाईअ, ठा + ईज्ज = ठाईज्ज,
झा + ईअ = झाईअ, झा + इज्ज = झाइज्ज,
ण्हा + ईअ = ण्हाईअ, ण्हा + इज्ज = ण्हाइज्ज,

આ પ્રમાણે તૈયાર અંગ કરી પુરુષબોધક પ્રત્યયો લગાડવાથી કર્મણિ ને ભાવે રૂપો થાય છે.

पढीअ, पढिज्ज (पढ्) નાં રૂપો.

વર્તમાનકાળ.

	એકવચન	બહુવચન
પ.પુ.	पढीअमि,	पढीअमो–मु–म,
	पढीआमि,	पढीआमो–मु–म,
	पढिज्जमि,	पढीइमो–मु–म,
	पढिज्जामि.	पढिज्जमो–मु–म
		पढिज्जामो–मु–म,
		पढिज्जिमो–मु–म.
બી.પુ.	पढीअसि, पढीअसे,	पढीइत्था, पढीअह,
	पढिज्जसि, पढिज्जसे.	पढिज्जित्था, पढिज्जह.
ત્રી.પુ.	पढीअइ, पढीअए,	पढीअन्ति–न्ते, पढीइरे,
	पढिज्जइ, पढिज्जए.	पढिज्जन्ति–न्ते, पढिज्जिरे.

કર્મણિપ્રયોગમાં કર્તા ત્રીજી વિભક્તિમાં મૂકાય છે અને કર્મ પ્રથમાવિભક્તિમાં આવે છે, તેમજ કર્મને આધારે ક્રિયાપદ મૂકાય છે.

જેમકે-કર્તરિમાં–कुंभारो घडं कुणइ, કર્મણિમાં कुंभारेण घडो कुणीअइ, (કુંભાર વડે ઘડો કરાય છે). रामो जिणे अच्चेइ–रामेण जिणा अच्चिज्जंति, (રામ વડે જિનેશ્વરો પૂજાય છે) અને ભાવે પ્રયોગમાં કર્તા ત્રીજી વિભક્તિમાં આવે છે અને કર્મ હોતું નથી, તેથી ક્રિયાપદ ત્રીજા પુરુષ એકવચનમાં મૂકાય છે. જેમકે-

बालो जग्गइ– बालेण जग्गिज्जइ (બાળક વડે જગાય છે).

वच्छा रमंति–वच्छेहिं रमिज्जइ (બાળકો વડે રમાય છે).

પુરુષબોધક પ્રત્યયોની પહેલાં અ નો ए થાય ત્યારે પઢીएइ, પઢિજ્જેइ, પઢીएन्ति, પઢીएन्ते, પઢીएइरे, પઢિજ્જેन्ति, પઢિજ્જેन्ते, પઢિજ્જેइરે. ઈત્યાદિ રૂપો પણ થાય છે.

જ્જ–જ્જા પ્રત્યયો આવે ત્યારે.

સર્વપુરુષ } પઢીएજ્જ, પઢીएજ્જા,
સર્વવચનમાં } પઢિજ્જેજ્જ, પઢિજ્જેજ્જા.

ह्यस्तन भूतકાળ

સર્વપુરુષ, સર્વવચન-પઢીअઈअ, પઢીજ્જઈअ

આર્ષમાં

સર્વપુરુષ } પઢીइત્था, પઢિજ્જિત્થા,
સર્વવચન } પઢીइંसु, પઢિજ્જિંસુ.

પરોક્ષભૂત-અદ્યતનભૂતમાં } કર્તરિ પ્રમાણે-*પઢીअ થાય છે.

વિધિ-આજ્ઞાર્થ

	એકવચન.	બહુવચન.
૫.પુ.	પઢીअમુ–आમુ–ઇમુ–એમુ, પઢિજ્જમુ–જ્જામુ–જ્જિમુ–જ્જેમુ.	પઢીअમો–आમો–ઇમો–એમો, પઢિજ્જમો–જ્જામો–જ્જિમો–જ્જેમો.
બી.પુ.	પઢિअહિ–એહિ; પઢીअસુ–એસુ, પઢીઇજ્જસુ–એજ્જસુ, પઢીઇજ્જહિ–એજ્જહિ, પઢીઇજ્જે–એજ્જે. પઢીअ,	પઢીअહ, પઢીએહ,

* ૫૬ભાષાચંદ્રિકામાં 'પઢીअ' એવો કર્તરિવત્ પ્રયોગ કરેલ નથી.

	पढिज्जहि–ज्जेहि,	पढिज्जह, पढिज्जेह.
	पढिज्जसु–ज्जेसु,	
	पढिज्जिज्जसु–ज्जेज्जसु,	
	पढिज्जिज्जहि–ज्जेज्जहि,	
	पढिज्जिज्जे–ज्जेज्जे,	
	पढिज्ज.	
આર્ષમાં-	पढीइज्जसि, पढीएज्जसि,	पढीइज्जाह,
	पढीइज्जासि, पढीएज्जासि,	पढीएज्जाह.
	पढीइज्जाहि, पढीएज्जाहि,	पढिज्जिज्जाह,
	पढीआहि.	पढिज्जेज्जाह.
	पढिज्जिज्जसि, पढिज्जेज्जसि,	
	पढिज्जिज्जासि, पढिज्जेज्जासि,	
	पढिज्जिज्जाहि, पढिज्जेज्जाहि,	
	पढिज्जाहि.	
त्री.पु.	पढीअउ, पढीएउ,	पढीअन्तु, पढीएन्तु,
	पढिज्जउ, पढिज्जेउ,	पढिज्जन्तु, पढिज्जेन्तु.
सर्व.पु.	पढीएज्जा–ज्जा,	पढीएज्जइ, पढीएज्जाइ,
सर्व.व.	पढिज्जेज्ज–ज्जा,	पढिज्जेज्जइ, पढिज्जेज्जाइ.

भविष्यकाळ

त्री.पु.	×पढिहिइ, पढेहिइ,	पढिस्सइ,
ओ.	पढिहिए, पढेहिए,	पढिस्सए.

આ પ્રમાણે સર્વ રૂપો कर्तरि પ્રમાણે જાણવા.

× પડ્‌ભાષા ચન્દ્રિકામાં તથા આર્ષમાં ઈઅ–ઇજ્જ નો પ્રયોગ ભવિષ્યકાળ અને ક્રિયાતિપત્त્યર્થમાં દેખાય છે. તેથી પઢીઇહિઇ–એ, પઢીએહિઇ–એ, પઢિજ્જિહિઇ–એ પઢિજ્જેહિઇ–એ, પઢીઇહિજ્જ–જ્જા, પઢીએહિજ્જ–જ્જા, પઢિજ્જિહિજ્જ–જ્જા પઢિજ્જેહિજ્જ–જ્જા ઈત્યાદિ રૂપો પણ થાય છે. આર્ષમાં-साहरिज्जिस्सामित्ति जाणः (संहरिष्ये) कप्पसुत्ते सुत्तं ३०.

ક્રિયાનિપત્ત્યર્થ.

	એકવચન	બહુવચન
પું.	*પઢન્તો,	પઢન્તા.
સ્ત્રી.	પઢન્તી,	પઢન્તીઓ.
નપું.	પઢન્તં,	પઢન્તાઇં.

વગેરે કર્તરિ પ્રમાણે.

સર્વપુ., સર્વવ.-પઢેજ્જ, પઢેજ્જા.

હો–હોઈઅ, હોઇજ્જ.

વર્તમાનકાળ

ત્રી.પુ.એ. હોઈઅઇ, હોઈએઇ, હોઇજ્જઇ, હોઇજ્જેઇ.

એ પ્રમાણ સર્વ રૂપો લઈ લેવા.

સર્વપુ.} હોઈએજ્જ, હોઈએજ્જા,
સર્વવ.} હોઇજ્જેજ્જ, હોઇજ્જેજ્જા.

ભૂતકાળ

સર્વપુ.} હોઈઅસી, હોઈઅહી, હોઈઅહીઅ,
સર્વવ.} હોઇજ્જસી, હોઇજ્જહી, હોઇજ્જહીઅ.

આર્ષમાં-

હોઈઇત્થા, હોઈઇંસુ,
હોઇજ્જિત્થા, હોઇજ્જિંસુ.

પરોક્ષભૂત, સર્વપુ. } હોસી, હોહી, હોઈઅ.
અદ્યતનભૂતમાં સર્વવ.}

આર્ષમાં-હોત્થા, હવિંસુ. કર્તરિ પ્રમાણે.

---

*પઽભાષામાં પઢીઅન્તં, પઢિજ્જન્તં, પઢીએજ્જ–જ્જા, પઢિજ્જેજ્જ–જ્જા વગેરે પ્રયોગો દેખાય છે.

વિધિ-આજ્ઞાર્થ.

ત્રી.પુ.એ. હોઈઅउ, હોઈએउ, હોइज्जउ, હોइज्जेउ વગેરે.

	હોઈએज्ज,	હોઈએज्जा,
સર્વપુ.	હોइज्जेज्ज,	હોइज्जेज्जा.
સર્વવ.	હોઈએज्जइ,	હોઈએज्जाइ,
	હોइज्जेज्जइ,	હોइज्जेज्जाइ.

ભવિષ્યકાળ

ત્રી.પુ.એ. *હોહિइ, હોહિए ઈત્યાદિ કર્તરિ પ્રમાણે.

ક્રિયાતિપત્ત્યર્થ.

	એકવચન.	બહુવચન.
પું.	હોन्तો, હુन्તો,	હોन्તા, હુन्તા,
સ્ત્રી.	હોन्તી, હુन्તી,	હોन्તીઓ, હુन्તીઓ,
નપુ.	હોन्તં, હુन्તં,	હોन्તાइं, હુन्તાइं.

વગેરે કર્તરિ પ્રમાણે.

સર્વપુ.	હોज्જ–ज्जા,
સર્વવ.	હુज्જ–ज्जા.

કર્મણિ ને ભાવેમાં જ વપરાતા ધાતુઓ-

કર્તરિ	કર્મણિ
પાસ્	દીસ (દૃશ્) દેખવું.
વય્	વુચ્ચ (વચ્) બોલવું.

---

* હોઈइહિइ, હોઈएહિइ, હોइज्जिહિइ, હોइज्जेહિइ, હોઈइહિज्જ–ज्જા, હોઈ–એહિज्જ–ज्જા, હોइज्जिહિज्જ–ज्જા, હોइज्जेહિज्જ–ज्જા ઈત્યાદિ પ્રયોગો પણ ષડ્ભાષાચન્દ્રિકામાં દેખાય છે.

+ ષડ્ભાષામાં હોઈअन्तं, હોइज्जन्तं, હોઈएज्જ–ज्જા, હોइज्जेज्જ–ज्જા વગેરે પ્રયોગો દેખાય છે.

चिण्	चिव्व चिम्म	(चि) એકઠું કરવું.
जिण्	जिव्व	(जि) જીતવું.
सुण्	सुव्व	(श्रु) સાંભળવું.
हुण्	हुव्व	(हु) હોમ કરવો.
थुण्	थुव्व	(स्तु) સ્તુતિ કરવી.
लुण्	लुव्व	(लू) કાપવું.
पुण्	पुव्व	(पू) પવિત્ર કરવું.
धुण्	धुव्व	(धू) હલાવવું, કંપાવવું.
हण्	हम्म	(हन्) હણવું, નાશ કરવું.
खण्	खम्म	(खन्) ખોદવું
दुह्	दुब्भ	(दुह्) દોહવું.
लिह्	लिब्भ	(लिह्) ચાટવું.
वह्	वुब्भ	(वह्) વહન કરવું.
रुंध्	रुब्भ	(रुध्) રોકવું.
ड्ढह्	डज्झ	(दह्) દાઝવું, બાળવું
बंध्	बज्झ	(बन्ध्) બાંધવું.
सं+रुंध्	संरुज्झ	(सं+रुध्) રોકવું.
अणु+रुंध्	अणुरुज्झ	(अनु+रुध्) આજ્ઞા માનવી, અનુસરવું, તાબે થવું.
उव+रुंध्	उवरुज्झ	(उप+रुध्) અટકાવવું.
गम्	गम्म	(गम्) જવું.
हस्	हस्स	(हस्) હસવું.
भण्	भण्ण	(भण्) બોલવું, ભણવું.
छुव्	छुव्व	(छुप्) સ્પર્શ કરવો.

रुव्	रुव्व	(रुद्) રોવું.
लह्	लब्भ	(लभ्) મેળવવું.
कह्	कत्थ	(कथ्) કહેવું.
भुंज्	भुज्ज	(भुज्) ખાવું.
हर्	हीर	(हृ) હરણ કરવું, લઈ જવું.
कर्	कीर	(कृ) કરવું
तर्	तीर	(तृ) તરવું.
जर्	जीर	(जृ) જીર્ણ થવું.
विढव् अज्ज्	विढप्प	(अर्ज्) પેદા કરવું, કમાવું.
जाण्	णव्व णज्ज	(ज्ञा) જાણવું
वाहर्	वाहिप्प	(वि+आ+हृ) બોલવું, બોલાવવું.
आढव्	आढप्प	(आ+रभ्) શરૂ કરવું, આરંભ કરવો.
सिणिज्झ	सिप्प	(स्निह्) સ્નેહ કરવો.
सिच्	सिप्प	(सिच्–सिञ्च्) છાટવું, સિંચવું.
गह–गिण्ह्	धेप्प धिप्प	(ग्रह्) ગ્રહણ કરવું.
छिव्	छिप्प	(स्पृश्) સ્પર્શ કરવો.

'चिव्व' થી માંડીને 'छिप्प' સુધીના ધાતુઓ કર્મણિ ને ભાવે પ્રયોગમાં જ વિકલ્પે વપરાય છે. જયારે તેઓનો પ્રયોગ થાય છે, ત્યારે કર્મણિ ભાવેના પ્રત્યયો લગાડ્યા સિવાય લાગલા જ તે તે કાળના પુરુષબોધક પ્રત્યયો લગાડાય છે. અને દીસ ને વુચ્ચ ધાતુને આ પ્રયોગ નિત્ય થાય છે. જયારે चिव्व, जिव्व વગેરે ધાતુઓનો પ્રયોગ ન કરવો હોય ત્યારે चिण्–जिण् વગેરે મૂળ ધાતુઓને કર્મણિ ભાવે પ્રત્યય લગાડી અંગ તૈયાર કરી તે તે કાળના પુરુષબોધક પ્રત્યયો લગાડવાથી પણ રૂપો થાય છે. જેમકે-

કર્મણિ- વર્તમાન ત્રી.એ.	વિધિ- આજ્ઞાર્થ ત્રી.એ.	ભૂતકાળ સર્વપુ. સર્વવ.	ભવિષ્ય કાળ ત્રી.એ.	ક્રિયાતિ પત્યર્થ. સર્વપુ.સર્વવ.
दीस–दीसइ	दीसउ	दीसीअ	दीसिहिइ	दीसंतो–ती–न्तं दीसेज्ज–ज्जा.
—	—	—	—	—
				भण्णन्तो–न्ती–न्तं
भण्–भण्णइ	भण्णउ,	भण्णीअ,	भणिणहिइ,	भण्णेज्ज–ज्जा.
भणीअइ,	भणीअउ,	भणीअईअ,	भणिहिइ,	भणन्तो–न्ती–तं
भणिज्जइ,	भणिज्जउ,	भणिज्जईअ,	—	भणेज्ज–ज्जा.
—	—	—	—	—
हस्–हस्सइ,	हस्सउ,	हस्सीअ,	हस्सिहिइ,	हस्सन्तो–न्ती–न्तं हस्सेज्ज–ज्ज.
हसीअइ,	हसीअउ,	हसीअईअ	हसिहिइ,	हसन्तो–न्ती न्तं.
हसिज्जइ,	हसिज्जउ,	हसिज्जईअ		हसेज्ज–ज्जा.
—	—	—	—	—
थुण्–थुव्वइ,	थुव्वउ,	थुव्वीअ,	थुव्विहिइ	थुव्वन्तो–न्ती–न्तं. थुव्वेज्ज–ज्जा.
थुणीअइ,	थुणीअउ,	थुणीअईअ, थुणिज्जईअ	थुणिहिइ,	थुणन्तो–न्ती–न्तं
थुणिज्जइ.	थुणिज्जउ.	—		थुणेज्जा–ज्जा.
—	—	नेईअसी–	—	—
ने–नेईअइ,	नेईअउ,	ही–हीअ,		
		नेइज्जसी–	नेहिइ,	नेन्तो–न्ती–न्तं.
नेइज्जइ.	नेइज्जउ.	ही–हीअ,		नेज्ज–ज्जा.

પ્રાકૃતવાક્યોનું સંસ્કૃત-ગુજરાતી

जे भावा पुव्वण्हे दीसीअ, ते अवरण्हे न दीसन्ति ।

ये भावाः पूर्वाह्णेऽदृश्यन्त, तेऽपराह्णे न दृश्यन्ते ।

જે ભાવો દિવસના પૂર્વભાગમાં દેખાયા, તે દિવસના પાછલા ભાગમાં દેખાતા નથી.

जह पवणस्स [७३]रउद्देहिं गुंजिएहिं मंदरो न कंपिज्जइ, तह खलाणं असब्भेहिं वयणेहिं सज्जणाणं चित्ताइं न कंपीइरे ।

यथा पवनस्य रौद्रैर्गुञ्जितैर्मन्दरो न कम्प्यते, तथा खलानामसभ्यैर्वचनैः सज्जनानां चित्तानि न कम्प्यन्ते ।

જેમ પવનના ભયંકર ગુંજારવ વડે મેરુપર્વત કંપાયમાન થતો નથી, તેમ લુચ્ચાઓનાં અસભ્યવચનોવડે સજ્જનોનાં ચિત્ત કંપાયમાન થતા નથી.

धम्मेण सुहाणि लब्भन्ति, पावाइं च नस्संति ।

धर्मेण सुखानि लभ्यन्ते, पापानि च नश्यन्ते ।

ધર્મ વડે સુખો મેળવાય છે અને પાપો નાશ કરાય છે.

समणोवासएहिं चेइएसु जिणिंदाणं पडिमाओ अच्चिज्जीअ ।

श्रमणोपासकैश्चैत्येषु जिनेन्द्राणां प्रतिमा आर्च्यन्त ।

શ્રાવકો વડે ચૈત્યોમાં જિનેશ્વરોની પ્રતિમાઓ પૂજાઈ.

विउसाणं परिसाए मुरुक्खेहिं मउणं सेवीअउ, अन्नह मुक्खत्ति नज्जिहिन्ति ।

विदुषां पर्षदि मूर्खैर्मौनं सेव्यताम्, अन्यथा मूर्खा इति ज्ञास्यन्ते ।

વિદ્વાનોની સભામાં મૂર્ખાઓ વડે મૌન સેવાઓ, નહિંતર તેઓ મૂર્ખ છે, એ પ્રમાણે જણાશે.

---

૭૩. શબ્દમાં द्र સંયુક્ત વ્યંજન હોય તો द्र ના र् નો લોપ વિકલ્પે થાય છે. (૨/૮૦)

જેમકે-

चन्दो,	चंद्रो	(चन्द्रः),	भद्दो	भद्रो,	(भद्रः).
रुद्दो,	रुद्रो	(रुद्रः),	समुद्दो,	समुद्रो	(समुद्रः).

देवेहिं सीयलेण सुहफासेण सुरहिणा मारुएण जोयणपरिमंडला भूमी सव्वओ समंता संपमज्जिज्जइ ।

देवैः शीतलेन सुखस्पर्शेण सुरभिणा मारुतेन योजनपरिमण्डला भूमिः सर्वतः समन्तात् संप्रमृज्यते ।

દેવો વડે શીતળ, સુખકારી સ્પર્શવાળા, સુગંધી પવનવડે એકયોજનના ઘેરાવાવાળી ભૂમિ સર્વ ઠેકાણે ચારે તરફથી સાફ કરાય છે.

अग्गिणा नयरं डज्झीअ । अग्निना नगरमदह्यत ।

અગ્નિ વડે નગર બળાયું.

गुरूणं भत्तीए सत्थाणं तत्ताइं णव्विहिरे ।

गुरूणां भक्त्या शास्त्राणां तत्त्वानि ज्ञास्यन्ते ।

ગુરુઓની ભક્તિવડે શાસ્ત્રોનાં તત્ત્વો જણાશે.

अज्जवि अउज्झाए परिसरे उच्चेसु रुक्खेसु ठिएहिं जणेहिं निम्मले नहयले धवला सिहरपरंपरा तस्स गिरिणो दीसइ ।

अद्याप्ययोध्यायाः परिसरे उच्चेषु वृक्षेषु स्थितैर्जनैर्निर्मले नभस्तले धवला शिखरपरम्परा तस्य गिरेर्दृश्यते ।

આજે પણ અયોધ્યાની ભાગોળમાં ઉંચા વૃક્ષો ઉપર રહેલા લોકો વડે નિર્મળ આકાશતળમાં તે પર્વતની સફેદ શિખરોની પરંપરા દેખાય છે.

गुरूणमुवएसेण संसारो तीरइ । गुरूणामुपदेशेन संसारस्तीर्यते ।

ગુરુઓના ઉપદેશવડે સંસાર તરાય છે.

भद्दे का तुमं देविव्व दीससि ? । भद्रे का त्वं देवीव दृश्यसे ?

હે ભદ્રે ! તું શું દેવી જેવી દેખાય છે ?

सहा केरिसी वुच्चए ? सभा कीदृशी उच्यते ? ।

સભા કેવા પ્રકારની કહેવાય ?.

जत्थ थेरा अत्थि सा सहा । यत्र स्थविराः सन्ति सा सभा ।

જયાં વૃદ્ધપુરુષો હોય છે, તે સભા(કહેવાય) છે.

કલિમ્મિ અકાલે મેહો વરિસઇ, કાલે ન વરિસેજ્જ, અસાહૂ પૂઇજ્જન્તિ, સાહવો ન પૂઈહિરે । કલાવકાલે મેઘો વર્ષતિ,

કાલે ન વર્ષતિ, અસાધવઃ પૂજ્યન્તે, સાધવો ન પૂજ્યન્તે ।

કળિયુગમાં અકાળે મેઘ વરસે છે, કાળે વર્ષતો નથી, અસાધુઓ પૂજાય છે, સાધુઓ પૂજાતા નથી.

વેસાઓ ધણં ચિય ગિણ્હંતિ, ન હુ ધણેણ તાઓ ઘિપ્પન્તિ ।

વેશ્યા ધનમેવ ગૃહ્ણન્તિ, ન ધનેન તા ગૃહ્યન્તે ।

વેશ્યાઓ ધનને જ ગ્રહણ કરે છે, તેઓ ખરેખર ધન વડે ગ્રહણ (વશ) કરાતી નથી.

પૂઇજ્જંતિ દયાલૂ જઇણો, ન હુ મચ્છવહગાઈ ।

પૂજ્યન્તે દયાલવો યતયો ન ખુ મત્સ્યવધકાદયઃ ।

દયાળુ સાધુઓ પૂજાય છે, પણ માછીમાર વગેરે નહિ.

[૧]હોઇ [૨]ગરુયાણ [૩]ગરુયં, [૪]વસણં [૫]લોયમ્મિ [૬]ન [૭]ઉણ [૮]ઇયરાણં ।

[૯]જં [૧૦]સસિરવિણો [૧૧]ઘેપ્પંતિ, [૧૨]રાહુણા [૧૩]ન [૧૪]ઉણ [૧૫]તારાઓ ॥ ૨૨ ॥

લોકે ગુરુકાણાં ગુરુકં, વ્યસનં ભવતિ પુનરિતરેષાં ન ।

યચ્છશિરવી રાહુણા ગૃહ્યતે, પુનસ્તારા ન ॥ ૨૨ ॥

લોકમાં મોટાઓને મોટું દુઃખ હોય છે, બીજાઓને નહિ, જે કારણથી ચંદ્ર અને સૂર્ય રાહુ વડે ગ્રહણ કરાય છે, પણ તારાઓ નહિ. ૨૨

[૧]જલણો [૨]વિ [૩]ઘેપ્પઇ [૪]સુહં, [૫]પવણો [૬]ભુયગો [૭]વિ [૮]કેણઇ [૯]નણ્ણ ।

[૧૦]મહિલામણો [૧૧]ન [૧૨]ઘેપ્પઇ, [૧૩]બહુએહિ [૧૪]નયસહસ્સેહિ ॥ ૨૩ ॥

જ્વલનોઽપિ સુખં ગૃહ્યતે, પવનો ભુજગોઽપિ કેનાપિ નયેન ।

બહુકૈર્નયસહસ્રૈઃ, મહિલામનો ન ગૃહ્યતે ॥ ૨૩ ॥

અગ્નિ પણ સુખપૂર્વક ગ્રહણ કરાય છે, પવન અને સર્પ પણ કોઈ ઉપાયવડે ગ્રહણ કરાય છે, પણ ઘણા હજારો ઉપાયો વડે સ્ત્રીનું મન ગ્રહણ કરાતું નથી. ૨૩

[२]को [३]कस्स [४]एत्थ [५]जणगो ?, [६]का [७]माया ? [८]बंधवो य [९]को [१०]कस्स ? ।
[११]कीरंति [१२]सकम्मेहिं, [१]जीवा [२]अन्नुन्नरूवेहिं ॥ २४ ॥

अत्र कः कस्य जनकः ? का माता ?, कः कस्य बान्धवश्च ? ।
जीवाः स्वकर्मभिरन्योन्यरूपैः क्रियन्ते ॥ २४ ॥

આ જગતમાં કોણ કોનો પિતા, કોણ માતા, કોણ કોનો ભાઈ છે ?, જીવો પોતાનાં કર્મ વડે જુદા જુદા રૂપે કરાય છે.૨૪

[३]सव्वस्स [४]उवयरिज्जइ, [५]न [६]पम्हसिज्जइ [७]परस्स [८]उवयारो ।
[९]विहलो [१०]अवलंबिज्जइ, [११]उवएसो [१]एस [२]विउसाणं ॥ २५ ॥

सर्वस्योपक्रियेत, परस्योपकारो न विस्मर्येत ।
विह्वलोऽवलम्ब्येत, एष विदुषामुपदेशः ॥ २५ ॥

સર્વનો ઉપકાર કરવો, પારકાનો ઉપકાર ન ભૂલવો, દુઃખી માણસને આશ્રય આપવો-આ વિદ્વાનોનો ઉપદેશ છે. ૨૫

[३]रिउणो [४]न [५]वीससिज्जइ, [६]कयावि [७]वंचिज्जइ [८]न [९]वीसत्थो ।
[१०]न [११]कयग्घेहि [१२]हविज्जइ, [१३]एसो [१४]नाणस्स [१५]नीसंदो ॥ २६ ॥

रिपवो न विश्वस्येरन्, विश्वस्तः कदापि न वच्येत ।
कृतघ्नैर्न भूयेत, एष ज्ञानस्य निःष्यन्दः ॥ २६ ॥

શત્રુઓનો વિશ્વાસ ન કરવો, ક્યારેય વિશ્વાસુજનને ઠગવો નહિ, કૃતઘ્ન ન થવું-એ જ્ઞાનનું ઝરણું છે-જ્ઞાનનો નિચોડ છે. ૨૬

[३]वन्निज्जइ [४]भिच्चगुणो, [५]न य [६]वन्निज्जइ [७]सुअस्स [८]पच्चक्खे
[९]महिलाओ [१०]नोभयाविहु, [११]न [१२]नस्सए [१३]जेण [१४]माहाप्पं ॥ २७ ॥

भृत्यगुणो वर्ण्येत, सुतस्य प्रत्यक्षे न च वर्ण्येत ।
महिला नोभयादपि खु, येन माहात्म्यं न नश्येत ॥

ચાકરનો ગુણ વખાણવો, પુત્રનો ગુણ તેની સામે ન વખાણવો, સ્ત્રીઓને બન્ને રીતે (પ્રત્યક્ષ કે પરોક્ષ) વખાણવી નહિ, જેથી માહાત્મ્ય નાશ ન પામે. ૨૭

[१]जीवदयाइ [२]रमिज्जइ, [३]इंदियवग्गो [४]दमिज्जइ [५]सयावि ।
[६]सच्चं [७]चेव [८]चविज्जइ, [९]धम्मस्स [१०]रहस्समिणमेव ॥ २८ ॥

जीवदयायां रम्येत, सदापीन्द्रियवर्गो दम्येत ।
सत्यमेव कथ्येत, इदमेव धर्मस्य रहस्यम् ॥ २८ ॥

જીવદયામાં પ્રવૃત્ત થવું, હંમેશા ઈંદ્રિયનાં સમૂહનું દમન કરવું, સત્ય જ બોલવું, આ ધર્મનું રહસ્ય છે. ૨૮

[૨]દીસઇ [૧]વિવિહચરિત્તં, [૪]જાણિજ્જઇ [૩]સુયણદુજ્જણવિસેસો ।
[૫]ધુત્તેહિં [૬]ન [૭]વંચિજ્જઇ, [૯]હિંડિજ્જઇ [૮]તેણ [૧૦]પુહવીએ ॥ ૨૯ ॥

विविधचरित्रं दृश्यते, सुजनदुर्जनविशेषो ज्ञायते ।
धूर्तैर्न वच्यते, तेन पृथव्यां हिण्ड्यते ॥

વિવિધ ચરિત્ર જોવાય, સુજન અને દુર્જનનો વિશેષ જણાય, ધૂતારાઓથી ન ઠગાય, તે માટે પૃથ્વી ઉપર ફરવું જોઈએ. ૨૯

ગુજરાતીવાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

લક્ષ્મણ વડે શત્રુનું માથું કપાયું. **लक्खणेण सत्तुणो सिरं छिंदीअईअ ।**

लक्ष्मणेन शत्रोश्शिरोऽच्छिन्द्यात ।

શ્રાવકોથી ગુરુઓનાં વચનો સદ્દહાય છે. **सावगेहिं गुरुणं वयणाइं सद्दहिज्जन्ति ।**

श्रावकैर्गुरूणां वचनानि श्रद्धीयन्ते ।

શ્રદ્ધા વડે ઉપાધ્યાય પાસેથી જ્ઞાન મેળવાય છે.

सद्धाए उवज्झायत्तो नाणं लब्भइ ।

श्रद्धयोपाध्यायाज्ज्ञानं लभ्यते ।

યોગીઓ વડે સ્મશાનમાં મંત્રોનું ધ્યાન ધરાય છે.

जोगीहिं सुसाणे मंताइं झाइज्जन्ति । योगिभिः श्मशाने मन्त्राणि ध्यायन्ते ।

બારણે નટલોકો વડે નચાય છે.

दुवारे नडेहिं नच्चिज्जइ । द्वारे नटैर्नृत्यते ।

પ્રજાએ રાજાની આજ્ઞાનું અપમાન કરવું નહિ.

पया निवस्स आणं न अइक्कमिज्जउ ।

प्रजा नृपस्याऽऽज्ञां नाऽतिक्राम्यन्ताम् ।

ચોરના કપાળમાં અગ્નિવડે ચિહ્ન કરાય છે.

चोरस्स ललाडे अग्गिणा चिंधं कीरइ ।

चौरस्य ललाटेऽग्निना चिह्नं क्रियते ।

પહેલા કોઈ જળમાં અને વનસ્પતિમાં જીવ માનતા ન હતા, પણ હાલમાં યંત્રના પ્રયોગથી સાક્ષાત્ તેમાં જીવો દેખાય છે.

पुरा केवि जलम्मि वणस्सईए य जीवा न मन्नीअ, किंतु अहुणा जंतस्स पओगेण सक्खं तेसु जीवा दीसंति ।

पुरा केऽपि जले वनस्पतौ च जीवा नाऽमन्यन्त, अधुना तु यन्त्रस्य प्रयोगेण साक्षात्तेषु जीवा दृश्यन्ते ।

રાજાના પુરુષોવડે ચોર પકડાયો અને દંડાયો.

रायपुरिसेहिं चोरो घेप्पीअ, दंडिज्जईअ य ।

राजपुरुषैश्चौरोऽगृह्यताऽदण्ड्यत च ।

જે ધન ન્યાયમાર્ગેથી પેદા કરાય છે, તે કદીપણ નાશ પામતું નથી.

जं धणं नायमग्गेण विढप्पइ, तं कयावि न नस्सइ ।

यद् धनं न्यायमार्गेणाऽर्ज्यते, तत्कदापि न नश्यते ।

રાત્રિમાં મુનિઓ વડે સ્વાધ્યાય કરાશે.

रत्तीए मुणीहिं सज्झाओ करिहिइ ।

रात्रौ मुनिभिः स्वाध्यायः करिष्यते ।

શિષ્યોએ હંમેશા આચાર્યની સેવા કરવી જોઈએ.

सीसा सया आयरियं सेवन्तु । शिष्याः सदाऽऽचार्यं सेवन्ताम् ।

હું દુષ્કર્મો વડે મુકાઉં છું. **हं पावकम्मेहिं मुंचिज्जमि ।**

अहं पापकर्मभिर्मुच्ये ।

તમે મોહવડે મુંઝાતા નથી. **तुब्भे मोहेण न मुज्झीअह ।**

यूयं मोहेन न मुह्यध्वे ।

તમે ધર્મવડે રક્ષાયા. **तुब्भे धम्मेण रक्खिज्जईअ ।**

यूयं धर्मेणाऽरक्ष्यध्वम् ।

तुं शत्रु વડે જીતાયો. तुंम सत्तुणा जिव्वईअ ।

त्वं शत्रुणाऽजीयत

જો હંમેશા ધર્મ સંભળાય, દાન અપાય, શીલ ધારણ કરાય, ગુરુઓ વંદાય, વિધિવડે જિનેશ્વરની પ્રતિમાઓ પૂજાય અને તત્ત્વોની શ્રદ્ધા કરાય, તો આ સંસાર તરાય.

जइ सया धम्मो सुणिज्जइ, दाणं दिज्जइ, सीलं धरिज्जइ, गुरवो वंदिज्जेइरे, विहिणा जिणाणं पडिमाओ अच्चिज्जेइरे, तत्ताणि च सद्दहीअन्ते, तया इमो संसारो तरिज्जइ ।

यदि सदा धर्मः श्रूयते, दानं दीयते, शीलं ध्रियते, गुरवो वन्द्यान्ते, विधिना जिनेश्वराणां प्रतिमा अर्च्यन्ते, तत्त्वानि च श्रद्धीयन्ते, तदाऽयं संसारस्तीर्यते ।

થોડો પણ ઉપકાર કરાય, તો પરલોકમાં સુખી થવાશે.

थेवो वि उवयारो करिज्जइ, तया परलोयम्मि सुही होहिइ ।

स्तोकोऽप्युपकारः क्रियते, तदा परस्मिंल्लोके सुखी भविष्यते ।

બાળક વડે પિતાની આજ્ઞા મનાઈ. **बालेण पिउणो आणा मन्निज्जईअ ।**

बालकेन पितुराज्ञाऽमन्यत ।

ઉત્તમ પુરુષોવડે જે કાર્ય શરુ કરાય છે, તેમાં તે જરૂર પાર પામે છે.

उत्तमेहिं पुरिसंहिं जं कज्जं विढप्पइ, तम्मि ते अवस्सं पारं गच्छन्ति ।

उत्तमैः पुरुषैर्यत्कार्यमारभ्यते, तस्मिंस्तेऽवश्यं पारङ्गच्छन्ति ।

પાઠ ૨૦ મો

કૃદંત

૧ ધાતુના અંગને 'અ' કે 'ત' પ્રત્યય લગાડવાથી કર્મણિ ભૂતકૃદંત થાય છે. આ પ્રત્યય લગાડતા પહેલાં 'અ' નો 'ઇ' થાય, તેમજ આ કૃદંત વિશેષણ થાય છે, તેથી તેનું સ્ત્રીલિંગ કરવું હોય તો 'આ' લગાડવાથી થાય છે.

પું.		સ્ત્રી.		નપું.	
સુણ+અ=સુણિઓ સુણ+ત=સુણિતો	(શ્રુતઃ)	સુણિઆ સુણિતા	(શ્રુતા),	સુણિઅં સુણિતં	(શ્રુતમ્)

ઉદા. **રામેણ દેસણા સુણિઆ=** રામ વડે દેશના સંભળાઈ.

ઝા+અ=ઝાઅં–ઝાતં (ધ્યાતમ્) ધ્યાન કરાયેલું.

હસ+અ=હસિઅં–હસિતં (હસિતમ્) હસાયું.

ઝાઅ+અ=ઝાઇઅં–ઝાઇતં (ધ્યાતમ્) ધ્યાન કરાયેલું.

તેમજ સંસ્કૃત કૃદન્ત ઉપરથી પ્રાકૃત નિયમાનુસાર ફેરફાર થઈને પણ કૃદન્તો તૈયાર થાય છે. જેમકે-

ઉક્કિટ્ઠં (ઉત્કૃષ્ટમ્) શ્રેષ્ઠ.	પણ્ણત્તં (પ્રજ્ઞપ્તમ્) પ્રતિપાદન કરેલું, કહેલું.
કડં, કયં (કૃતમ્) કરેલું.	મિટ્ઠં (મૃષ્ટમ્) મધુર, સાફ, સ્વચ્છ,
ગયં (ગતમ્) ગયેલું.	વટ્ટં (વૃત્તમ્) બનેલું, થયેલું.
ચત્તં (ત્યક્તમ્) ત્યાગ કરાયેલું.	સંવુઅં (સંવૃતમ્) ઢાંકેલું, સંતાડેલું.
દિટ્ઠં (દૃષ્ટમ્) જોયેલું	સિટ્ઠં (સૃષ્ટમ્) ત્યાગ કરાયેલું, મૂકેલું, છુટ્ટું.
ધત્થં (ધ્વસ્તં) નાશપામેલું, પડેલુ.	
નયં (નતમ્) નમેલ, નમ્ર.	સુયં (શ્રુતમ્) સાંભળેલું.
નિવ્વુઓ (નિર્વૃતઃ) શાન્ત થયેલો.	હયં (હતમ્) હણાયેલું.
	હિઅં (હૃતમ્) હરણ કરાયેલું.

કર્મણિ ભૂતકૃદંતને વંત પ્રત્યય લગાડવાથી કર્તરિ ભૂતકૃદંત થાય છે. ગય–ગયવંતો (ગતવાન્); સુય–સુયવંતો (શ્રુતવાન્).

હેત્વર્થ કૃદંત

૨ ધાતુઓના અંગને 'उं–तुं' પ્રત્યયો લગાડવાથી હેત્વર્થ કૃદન્ત થાય છે. આ પ્રત્યય લગાડવાથી પૂર્વે 'अ' હોય તો 'अ'નો 'इ' કે 'ए' થાય છે. તેમજ આર્ષમાં 'त्तए' ને 'त्तुं' પ્રત્યય પણ લાગે છે. ઉદા.-

सुण+उं=सुणिउं, सुणेउं,	हस+उं=हसिउं, हसेउं.
सुण+तुं=सुणितुं, सुणेतुं.	हस+तुं=हसितुं, हसेतुं.
सुण+त्तए=सुणित्तए, सुणेत्तए.	हस+त्तए=हसित्तए, हसेत्तए
सुण+त्तुं=सुणित्तुं, सुणेत्तुं.	हस+त्तुं=हसित्तुं, हसेत्तुं.
(श्रोतुम्) સાંભળવાને.	(हसितुम्) હસવાને.

झाअ+उं=झाइउं, झाएउं,	
झाअ+तुं=झाइतुं, झाएतुं	
झाअ+त्तए=झाइत्तए, झाएत्तए	(ध्यातुम्) ધ્યાન કરવાને.
झाअ+त्तुं=झाइत्तुं, झाएत्तुं,	
झा+उं=झाउं, झा+तुं=झातुं	

चय=चइउं, चएउं, चइत्तए, चएत्तए, चइत्तुं, चएत्तुं.
(त्यक्तुम्) ત્યાગ કરવાને.

कर=करिउं, करेउं, करित्तए, करेत्तए, करित्तुं, करेत्तुं.
(कर्तुम्) કરવાને.

ઉપયોગી અનિયમિત હેત્વર્થ કૃદન્તો.

काउं } (कर्तुम्) કરવાને	भोत्तुं (भोक्तुम्) ખાવાને.
कट्टुं }	मोत्तुं (मोक्तुम्) મૂકવાને.
घेत्तुं (ग्रहीतुम्) ગ્રહણ કરવાને.	रोत्तुं (रोदितुम्) રોવાને.
दट्ठुं (द्रष्टुम्) જોવાને.	वोत्तुं (वक्तुम्) બોલવાને.
बोद्धुं (बोद्धुम्) જાણવાને.	

સંબન્ધક ભૂતકૃદંત.

૩ ધાતુના અંગને તું, ઉં, અ, તૂણ, ઊણ, તુઆણ, ઉઆણ પ્રત્યયો લગાડવાથી સંબન્ધક ભૂતકૃદન્ત થાય છે, આ પ્રત્યયો લગાડતા પૂર્વના 'અ' નો 'इ' કે 'ए' થાય છે અને આર્ષમાં त्ता, त्ताणं, त्तु અને इय પ્રત્યય પણ લાગે છે.

हस+तुं=हसितुं, हसेतुं.

हस+उं=हसिउं, हसेउं.

हस+अ=हसिअ, हसेअ.

हस+तूण=हसितूण, हसेतूण.

हस+ऊण=हसिऊण, हसेऊण.

हस+तुआण=हसितुआण, हसेतुआण.

हस+उआण=हसिउआण, हसेउआण.

हस+त्ता=हसित्ता, हसेत्ता.

हस+त्ताणं=हसित्ताणं, हसेत्ताणं

हस+त्तु=हसित्तु, हसेत्तु.

हस+इय=हसिय
(हसित्वा) હસીને.

झाअ+तुं=झाइतुं, झाएतुं.

झाअ+उं=झाइउं, झाएउं.

झाअ+अ=झाइअ, झाएअ.

झाअ+तूण=झाइतूण, झाएतूण.

झाअ+ऊण=झाइऊण, झाएऊण.

झाअ+तुआण=झाइतुआण,
झाएतुआण.

झाअ+उआण=झाइउआण,
झाएउआण

झाअ+त्ता=झाइत्ता, झाएत्ता.

झाअ+त्ताणं=झाइत्ताणं, झाएताणं

झाअ+त्तु=झाइत्तु, झाएत्तु.

झाअ+इय=झाइय.

(ध्यात्वा) ધ્યાન કરીને

झा=झातुं, झाउं, झाअ झातूण, झाऊण, झातुआण, झाउआण, झाइअ (ध्यात्वा) ધ્યાન કરીને.

અનિયમિત સંબંધક ભૂતકૃદન્તો.

કાઊણ, કાઉઆણ } (કૃત્વા)	ગચ્ચા[૭૪] (ગત્વા) જઈને.
કટ્ટુ કરીને.	णच्चा (ज्ञात्वा) જાણીને.
गन्तूण, गंतुआण (गत्वा) જઈને.	बुज्झा (बुद्ध्वा) બોધ પામીને.
घेत्तूण, घेत्तुआण (गृहीत्वा) ગ્રહણ કરીને.	भोच्चा (भुक्त्वा) ખાઈને
	मच्चा (मत्वा) વિચારીને
दट्ठूण, दट्ठुआण (दृष्ट्वा) જોઈને	मोच्चा (मुक्त्वा) મૂકીને.
भोत्तूण, भोत्तुआण (भुक्त्वा) ખાઈને.	वंदित्ता (वन्दित्वा) વાંદીને
मोत्तूण, मोत्तूआण (मुक्त्वा) મૂકીને	सुच्चा–सोच्चा (श्रुत्वा) સાંભળીને.
रोत्तूण, रोत्तुआण (रुदित्वा) રોઈને.	सुत्ता (सुप्तवा) સૂઈને
वोत्तूण, वोत्तुआण (उक्त्वा) કહીને.	साहट्टु (संह्रत्य) સમેટીને, સંકોચીને.
वोत्तूण, वोत्तुआण (उक्त्वा) કહીને.	

આ સંબન્ધક ભૂતકૃદન્તના પ્રત્યયો સંબંધી જે 'ण' તેનો અનુસ્વાર સહિત પણ પ્રયોગ થાય છે. જેમ-

तूणं, ऊणं, तुआणं, उआणं=हसितूणं, हसिऊणं, हसितुआणं, हसिउआणं વગેરે.

---

૭૪. શબ્દની અંદર त्व નો च्च, ध्व નો च्छ, द्व નો ज्ज અને ध्व નો ज्झ પ્રયોગને અનુસારે થાય છે. (૨/૧૫)જેમ-

વર્તમાન કૃદંત

૪ વર્તમાન કૃદન્ત ધાતુઓનું કરવું હોય તો તૈયાર થયેલા ધાતુઓના કર્તરિ અંગને 'न्त–माण' પ્રત્યયો પુંલ્લિગ અને નપુંસકલિંગમાં લાગે છે અને સ્ત્રીલિંગમાં 'ई–न्ती–न्ता–माणी–माणा' પ્રત્યયો લગાડાય છે. આ પ્રત્યયો લગાડતા પૂર્વે 'अ' હોય તો 'अ' નો 'ए' વિકલ્પે થાય છે, જેમ-

પું૦	નપું૦
हस+न्त=हसन्तो, हसेन्तो,	हसन्तं, हसेन्तं,
हस+माण=हसमाणो, हसेमाणो.	हसमाणं, हसेमाणं.
(हसन् –हसमानः) હસતો.	(हसत् –हसमानम्) હસતું

સ્ત્રી૦

हस+ई=हसई, हसेई.
हस+न्ती=हसन्ती, हसेन्ती.
हस+न्ता=हसन्ता, हसेन्ता. | (हसन्ती–हसमाना) હસતી.
हस+माणी=हसमाणी, हसेमाणी,
हस+माणा=हसमाणा, हसेमाणा.

	પું૦	નપું૦	સ્ત્રી૦
हो–	होअन्तो	होअन्तं	होअई, होएई
,,	होएन्तो	होएन्तं	होअन्ती, होएन्ती, होअन्ता, होएन्ता.
,,	होअमाणो	होअमाणं	होअमाणी, होएमाणी
,,	होएमाणो	होएमाणं	होअमाणा, होएमाणा
,,	होन्तो	होन्तं	होई
,,	हुन्तो	हुन्तं	होन्ती, हुन्ती, होन्ता, हुन्ता.

„ હોમાણો	હોમાણં	હોમાણી, હોમાણા.
(भवन् –भवमानः)	(भवद् –भवमानं)	(भवन्ती–भवमाना).
થતો.	થતું.	થતી.

કર્મણિ વર્તમાન કૃદંત.

૫ ધાતુનું કર્મણિ વર્તમાનકૃદન્ત કરવું હોય તો ધાતુના કર્મણિ અંગને આ જ પ્રત્યયો લગાડવાથી કર્મણિ વર્તમાન કૃદંત થાય છે.

પું૦	ન૦	સ્ત્રી૦
હસિજ્જ–હસિજ્જન્તો,	હસિજ્જન્તં,	હસિજ્જઈ, હસિજ્જેઈ,
હસિજ્જેન્તો,	હસિજ્જેન્તં,	હસિજ્જન્તી, હસિજ્જેન્તી,
હસિજ્જમાણો,	હસિજ્જમાણં,	હસિજ્જન્તા, હસિજ્જેન્તા,
હસિજ્જેમાણો.	હસિજ્જેમાણં.	હસિજ્જમાણી, હસિજ્જેમાણી
		હસિજ્જમાણા, હસિજ્જેમાણા
હસીઅ–હસીઅન્તો,	હસીઅન્તં,	હસીઅઈ, હસીએઈ,
હસીએન્તો,	હસીએન્તં,	હસીઅન્તી, હસીએન્તી,
હસીઅમાણો,	હસીઅમાણં,	હસીઅન્તા હસીએન્તા.
હસીએમાણો.	હસીએમાણં.	હસીઅમાણી હસીએમાણી
		હસીઅમાણા હસીએમાણા
(हस्यमानः) હસાતો.	(हस्यमानम्) હસાતું.	(हस्यमाना) હસાતી.
દીસ–દીસન્તો,	દીસન્તં,	દીસઈ દીસેઈ,
દીસેન્તો,	દીસેન્તં,	દીસન્તી, દીસેન્તી,
		દીસન્તા, દીસેન્તા
દીસમાણો,	દીસમાણં,	દીસમાણી, દીસેમાણી,
દીસેમાણો,	દીસેમાણં.	દીસમાણા દીસેમાણા.
(दृश्यमानः) દેખાતો.	(दृश्यमानम्) દેખાતું.	(दृश्यमाना) દેખાતી.

ભવિષ્ય કૃદંત.

૬ ધાતુને 'इस्स' પ્રત્યય લગાડી વર્તમાન કૃદન્તના પ્રત્યયો લગાડવાથી ભવિષ્યકૃદન્ત થાય છે.

પું૦

जिण+इस्स=जिणिस्सन्तो, जिणिस्समाणो	(जेष्यन् –जेष्यमाणः) જિતતો હશે.

નપું૦

जिणिस्सन्तं जिणिस्समाणं	(जेष्यत्–जेष्यमाणम्) જિતતું હશે.

સ્ત્રી૦

जिणिस्सई, जिणिस्सन्ती, जिणिस्समाणी, जिणिस्सन्ता, जिणिस्समाणा.	(जेष्यन्ती–जेष्यमाणी) જિતતી હશે.

*વિધ્યર્થ કૃદંત.

૭ ધાતુના અંગને तव्व, अव्व अणीअ (अणीय) અને अणिज्ज પ્રત્યયો લગાડવાથી વિધ્યર્થ કર્મણિ કૃદન્ત થાય છે. તેમજ 'तव्वं' અને अव्व પ્રત્યય લગાડતા પૂર્વે 'अ' હોય તો 'अ' નો 'इ' કે 'ए' થાય છે, જેમ-

बोह–बोहिअव्वं, बोहेअव्वं, बोहणीअं, बोहितव्वं, बोहेतव्वं, बोहणिज्जं.	(बोद्धव्यम्–बोधनीयम्) જાણવા લાયક.
झाअ–झाइअव्वं, झाएअव्वं, झाअणीअं झाअ–झाइतव्वं,झाएतव्वं, झाअणिज्जं झा=झाअव्वं, झाणीअं. झा=झातव्वं, झाणिज्जं.	(ध्यातव्यम्–ध्यानीयम्) ધ્યાન કરવા લાયક.

---

* પ્રાકૃત રૂપમાલામાં તૈયાર કૃદન્તોનું કોષ્ટક આપેલું છે, વધુ જીજ્ઞાસુએ ત્યાંથી કર્મણિ ભૂતકૃદંત આદિ કૃદન્તો જોઈ લેવા.

અનિયમિત વિધ્યર્થ કૃદંતો

कायव्वं (कर्तव्यम्) કરવા લાયક.
घेत्तव्वं (ग्रहीतव्यम्) ગ્રહણ કરવા લાયક.
दट्ठव्वं (द्रष्टव्यम्) દેખવા લાયક, જોવા લાયક.
भोत्तव्वं (भोक्तव्यम्) ભોગવવા લાયક, ખાવા લાયક.
मोत्तव्वं (मोक्तव्यम्) મૂકવા લાયક.
रोत्तव्वं (रोदितव्यम्) રોવા લાયક.
हंतव्वं (हन्तव्यम्) હણવા લાયક.

૮ મૂળ ધાતુઓને 'इर' પ્રત્યય લગાડવાથી કર્તૃસૂચક કૃદન્ત બને છે.

भम्=भमिरो (भ्रमणशीलः) ભમનારો
भमिरा, भमिरी (भ्रमणशीला) ભમનારી
भमिरं (भ्रमणशीलम्) ભમનારું.
रोव्=रोविरो (रुदनशीलः) રુદન કરનારો.
रोविरा, रोविरी (रुदनशीला) રુદન કરનારી.
रोविरं (रुदनशीलम्) રુદન કરનારું.
हस्=हसिरो (हसनशीलः) હસનાર.
हसिरा, हसिरी (हसनशीला) હસનારી
हसिरं (हसनशीलम्) હસનારું.

એ પ્રમાણે **लज्जिरो**=લજજાવાળો, **जम्पिरो**=બોલનાર, **वेविरो**=કંપનાર, **नमिरो**=નમ્ર, **गव्विरो**=ગર્વિષ્ઠ. વગેરે કરી લેવા.

૯ કર્તૃસૂચક કૃદન્તો સિધ્ધ સંસ્કૃત ઉપરથી પણ થાય છે.

जायगो, जायओ (याचकः) માંગનાર.
दायगो, दायओ (दायकः) આપનાર.
पायगो, पायओ (पाचकः) પકાવનાર.
कुंभआरो, कुंभारो (कुम्भकारः) કુંભાર
लोहयारो, लोहारो (लोहकारः) લુહાર.
कत्ता (कर्ता) કરનાર.
गंता (गन्ता) જનાર.
भत्ता, भट्टा (भर्ता) પોષણ કરનાર.
सुवण्णआरो, सुवण्णगारो (सुवर्णकारः) સોની.

૧૦ આ કૃદન્તોમાં હેત્વર્થ કૃદન્ત અને સંબન્ધક ભૂતકૃદન્તને અવ્યય તરીકે ગણવા અને બીજા કૃદન્તો વિશેષણ તરીકે ગણવા.

કેટલાએક ઉપયોગી અનિયમિત કર્મણિ ભૂતકૃદન્તો.

अप्फुण्णो (आक्रान्तः) દુઃખિત, દબાયેલ	तत्थं, तट्ठं, हित्थं (त्रस्तम्) ત્રાસ પામેલ
आढत्तो, आरद्धो (आरब्धः) શરૂ કરાયેલ	दक्को, दट्ठो (दष्टः) દંશ દીધેલ.
उक्कोसं (उत्कृष्टम्) શ્રેષ્ઠ.	दड्ढो, दद्धो (दग्धः) બાળેલ.
७५किलिन्नो (क्लिन्नः) ભીનું થયેલ.	दिण्णं (दत्तम्) અપાયેલ.
खित्तं (क्षिप्तम्) દૂર કરાયેલ.	दुद्धं (दुग्धम्) દોહેલ, દૂધ.
गिलाणं (ग्लानम्) ગ્લાનિ પામેલ, રોગી.	निच्छूढं (उद्वृत्तम्) બહાર કાઢેલ, ઉંચે ફેંકેલ.
गुत्तो (गुप्तः) રક્ષણ કરાયેલ, સંતાડેલ.	निमिअं (स्थापितम्) સ્થાપન કરાયેલ.
चक्खिअं (आस्वादितम्) ચખાયેલ.	निसुट्ठो (निपातितः) મારેલ, પાડી નાખેલ.
छित्तं (स्पृष्टम्) સ્પર્શ કરાયેલ.	पम्हुट्ठो (दे. विस्मृतम्) નાશ પામેલ, ભૂલી ગયેલ.
छूढं (क्षिप्तम्) ફેંકાયેલ, નાખેલું.	पल्हत्थं, पल्लोट्टं (पर्यस्तम्) ફેંકેલ, દૂર કરેલ.
छिक्को, छुत्तो (छुप्तः) સ્પર્શ કરાયેલ.	
जढं (त्यक्तम्) ત્યાગ કરાયેલ.	
झोसिअं (क्षिप्तम्) નાંખેલ.	
ठड्ढो (स्तब्धः) અક્કડ, અભિમાની.	

૭૫શબ્દની અંદર સંયુક્ત વ્યંજનનો અન્ત્યાક્ષર 'ल' હોય તો તેની પૂર્વે 'इ' મૂકાય છે. જેમ-

किलिन्नो (क्लिन्नः)	सिलिट्ठं (श्लिष्टम्)	गिलायइ, गिलाइ (ग्लायति).
किलेसो (क्लेशः)	सिलोओ–गो (श्लोकः)	

फुडं (स्पृष्टम्) સ્પર્શ કરાયેલ.
फुडं (स्पष्टम्) સ્પષ્ટ કરાયેલ.
मिलाणं (म्लानम्) સુકાયેલ ચિમળાયેલ, મ્લાનપામેલ
मुक्को, मुत्तो (मुक्तः) છોડાયેલ, ત્યાગ કરાયેલ.
मुद्धं (मुग्धम्) મોહિત, મૂર્ખ
लुअं (लूनम्) કપાયેલ.
लुक्को, लुग्गो (रुग्णः) રોગી.
लिहक्को (नष्टः) નાશી ગયેલ, નાશ પામેલ.
विढत्तं (अर्जितम्) પેદા કરેલ.
वोलीणो (अतिक्रान्तः) ઉલંધન કરાયેલ.
सक्को, सत्तो (शक्तः) સમર્થ.
सणिद्धं, सिणिद्धं, निद्धं (स्निग्धम्) માયાળું
सिलिट्ठो (श्लिष्टः) ભેટેલ.
सुत्तो (सुप्तः) સુતેલ.

प्राकृत वाक्योनुं संस्कृत - गुजराती.

पाणाणमच्चए वि जीवेहिं अकरणिज्जं न कायव्वं, करणीअं च कज्जं न मोत्तव्वं । प्राणानामत्ययेऽपि जीवैरकरणीयं न कर्तव्यं, करणीयं च कार्यं न मोक्तव्यम् ।

પ્રાણોના વિનાશમાં-પ્રાણાન્તે પણ જીવોએ અકાર્ય કરવું ન જોઈએ, અને કરવા લાયક કાર્ય મુકવું નહિ.

धम्मं कुणमाणस्स सहला जंति राईओ । धर्मं कुर्वतः सफला यान्ति रात्र्यः ।

ધર્મ કરનારની રાત્રિઓ સફળ જાય છે.

जेण इमा पुहवी हिंडिऊण दिट्ठा सो नरो नूणं वत्थूणं परिक्खणे वियक्खणो होइ ।
येनेमा पृथ्वी हिण्डित्वा दृष्टा, स नरो नूनं वस्तूनां परीक्षणे विचक्षणो भवति ।

જેના વડે આ પૃથ્વી ભ્રમણ કરીને જોવાઈ છે, તે માણસ ખરેખર વસ્તુઓની પરીક્ષામાં ચતુર હોય છે.

[१]एगो [२]जायइ [३]जीवो, [४]एगो [५]मरिऊण [६]तह [७]उवज्जेइ ।
[८]एगो [९]भमइ [१०]संसारे, [११]एगो च्चिय [१२]पावई [१३]सिद्धिं ॥३०॥

सा०– जीवः एको जायते, तथैको मृत्वोत्पद्यते ।

एकः संसारे भ्राम्यति, एक एव सिद्धिं प्राप्नोति ॥३०॥

જીવ એકલો ઉત્પન્ન થાય છે, તેમજ એકલો મરીને જન્મે છે, એકલો સંસારમાં ભમે છે, એકલો જ મોક્ષને પામે છે. । ૩૦ ।

कालसप्पेण खाइज्जन्ती काया केण धरिज्जइ ?, नत्थि तत्थ को वि उवाओ ।

कालसर्पेण खाद्यमाना काया केन ध्रियेत ?, नास्ति तत्र कोऽप्युपायः ।

કાળરૂપી સાપ વડે ખવાતી કાયા કોના વડે ધારણ કરાય ?, ત્યાં કોઇ પણ ઉપાય નથી.

सव्वे जीवा जीविउं इच्छन्ति, न मरित्तए, तओ जीवा न हंतव्वा ।

सर्वे जीवा जीवितुमिच्छन्ति, न मर्तुम्, ततो जीवा न हन्तव्याः ।

બધા જીવો જીવવાને ઇચ્છે છે, મરવાને નહિ, તેથી જીવો હણવા યોગ્ય નથી.

परस्स पीडा न कायव्वा, इइ जेण न जाणिअं, तेण पढिआए विज्जाए किं ? ।

परस्य पीडा न कर्तव्या, इति येन न ज्ञातं, तेन पठितया विद्यया किम् ? ।

બીજાને પીડા ન કરવી જોઇએ એમ જેના વડે જણાયું નથી, તેના વડે ભણાયેલી વિદ્યા વડે શું ?

मुक्खत्थीहिं जीवदयामओ धम्मो करेअव्वो । मोक्षार्थिभिर्जीवदयामयो धर्मः कर्तव्यः । **મોક્ષના અર્થીઓએ જીવદયામય ધર્મ કરવો જોઇએ.**

[1]नाणेणं [2]चिय [3]नज्जइ, [4]करणिज्जं [5]तहय [6]वज्जणिज्जं च ।

[7]नाणी [12]जाणइ [8]काउं, [9]कज्जमकज्जं [10]च [11]वज्जेउं ॥ ३१ ॥

सा०– ज्ञानेनैव करणीयं तथा च वर्जनीयं ज्ञायते च ।

ज्ञानी कार्यं कर्तुम्, अकार्यं च वर्जयितुं जानाति ॥३१॥

જ્ઞાન વડે નિશ્ચે કરવા લાયક તથા છોડવા લાયક જણાય છે, જ્ઞાની કરવા લાયક કરવાને અને ન કરવા લાયક છોડવાને જાણે છે. ૩૧.

[1]जं [2]जेण [3]पावियव्वं, [4]सुहमसुहं [5]वा [6]जीवलोयम्मि ।

[7]तं [10]पाविज्जइ [8]नियमा, [12]पडियारो [13]नत्थि [11]एयस्स ॥३२ ॥

सा०– जीवलोके येन यत् सुखमसुखं वा प्राप्तव्यम् ।
तन् नियमात् प्राप्यते, एतस्य प्रतिकारो नाऽस्ति ॥३२॥

જીવલોકમાં જેના વડે જે સુખ અથવા દુઃખ પામવાનું છે, તે નિશ્ચે પમાય છે, તેનો પ્રતિકાર થઈ શકતો નથી. ૩૨

[1]जम्मंतीए [2]सोगो, [3]वड्ढन्तीए य [4]वड्ढए [5]चिंता ।
[6]परिणीआए [7]दंडो, [8]जुवइपिया [9]दुक्खिओ [10]निच्चं ॥ ३३ ॥
जायमानायां शोकः, वर्द्धमानायां च चिन्ता वर्द्धते ।
परिणीतायां दण्डः, युवतिपिता दुःखितो नित्यम् ॥

(પુત્રી) ઉત્પન્ન થાય ત્યારે શોક, મોટી થાય ત્યારે ચિંતા વધે છે, પરણાવે ત્યારે દંડ થાય છે, આમ હંમેશા સ્ત્રીનો પિતા દુઃખિત હોય છે. ૩૩

[1]जं [2]चिय [3]खमइ [4]समत्थो, [5]धणवंतो [6]जं [7]न [8]गव्विरो [9]होइ ।
[10]जं च [11]सुविज्जो [12]नमिरो, [13]तिसु [14]तेसु [15]अलंकिआ [16]पुहवी ॥३४ ॥

सा०–यदेव समर्थः क्षमते, धनवान् यन्न गर्ववान् भवति ।
यच्च सुविद्यो नम्रः, त्रिभिस्तैः पृथ्व्यलङ्कृता ॥

જે વ્યક્તિ પોતે સમર્થ છે, છતાં સહન કરે છે, જે ધનવાન હોવા છતાં, ગર્વવાળો હોતો નથી, જે સારી વિદ્યાવાળો છતાં નમ્ર હોય છે, તે ત્રણ વડે આ પૃથ્વી સુશોભિત છે. ૩૪.

का सत्ती तीए तस्स पुरओ ठाइउं ? । का शक्तिस्तस्यास्तस्य पुरतः स्थातुम् ? ।
તેની આગળ ઉભા રહેવા માટે તેણીની કઈ શક્તિ ?

[1]लज्जा [2]चत्ता [3]सीलं च [4]खंडिअं, [5]अजसघोसणा [6]दिण्णा ।
[7]जस्स [8]कए [9]पिअसहि !, [10]सो चेअ [11]जणो [12]अजणो [13]जाओ ॥३५॥

सा०–लज्जा त्यक्ता, शीलं च खंडितम्, अयशोघोषणा दत्ता ।
प्रियसखि ! यस्य कृते स एव जनोऽजनो जातः ॥३५॥

હે પ્રિય સખી ! જેના માટે લાજ મૂકી, શીલ ખંડિત કર્યું અને અપયશની ઘોષણા આપી, તેજ માણસ (આજે) દુર્જન થયો છે. ૩૫

---

૭૬ તૃતીયા વિભક્તિને સ્થાને કોઈ સ્થાને સપ્તમી વિભક્તિ પણ થાય છે. त्रिभिः तैः ।

परिच्चइय पोरुसं, अपासिऊण निययकुलं, अगणिऊण वयणीअं, अणालोइऊण आयइं परिचत्तं तेण दव्वलिंगं ।

परित्यज्य पौरुषमदृष्ट्वा निजककुलमगणयित्वा वचनीयमनालोच्याऽऽयतिं परित्यक्तं तेन द्रव्यलिङ्गम् ।

પુરુષાર્થનો ત્યાગ કરીને, પોતાના કુળને જોયા વિના, નિંદાને ગણકાર્યા વિના, ભવિષ્યનો વિચાર કર્યા વિના તેના વડે સાધુવેશનો ત્યાગ કરાયો.

जं जिणेहिं पन्नत्तं तमेव सच्चं, इअ बुद्धी जस्स मणे निच्चलं तस्स सम्मत्तं ।

यज्जिनैः प्रज्ञप्तं तदेव सत्यमिति बुद्धिर्यस्य मनसि निश्चलं तस्य सम्यक्त्वम् ।

જે જિનેશ્વરો એ કહ્યું છે, તે જ સાચું છે- એ પ્રમાણે બુદ્ધિ જેના મનમાં છે, તેનું સમ્યક્ત્વ નિશ્ચળ છે.

चोरो धणिणो धणं हरित्तए घरे पविसीअ ।

चौरो धनिनो धनं हर्तुं गृहे प्राविशत् ।

ચોર પૈસાદારનું ધન ચોરવા માટે ઘરમાં પેઠો.

पच्चूसे जिणे अच्चिय गुरू य वंदित्ता, पच्चक्खाणं च करित्तु पच्छा य भोयणं कुज्जा ।

प्रत्यूषे जिनानर्चित्वा, गुरूंश्च वन्दित्वा, प्रत्याख्यानं च कृत्वा, पश्चाच्च भोजनं कुर्यात् ।

સવારે જિનેશ્વરોની પૂજા કરીને, ગુરુઓને વંદન કરીને પ્રત્યાખ્યાન કરીને, પછી ભોજન કરવું જોઈએ.

गुरुणा धम्मं कुणमाणाणं सावगाणं, समायरंतीणं साविगाणं उवएसो दिण्णो ।

गुरुणा धर्मं कुर्वद्भ्यः श्रावकेभ्यः, समाचरन्तीभ्यश्च श्राविकाभ्य उपदेशो दत्तः ।

ગુરુ વડે ધર્મ કરતા શ્રાવકોને અને ધર્મ કરતી શ્રાવિકાઓને ઉપદેશ અપાયો.

पिउणा सिक्खीअमाणो पुत्तो सिक्खिज्जन्ती य पुत्ती गुणे लहेज्ज ।

पित्रा शिक्ष्यमाणः पुत्रः, शिक्ष्यमाणा च पुत्री गुणान् लभेते ।

પિતા વડે શીખમાણ અપાતો પુત્ર અને શીખામણ અપાતી પુત્રી ગુણોને મેળવે છે.

सा महादेवी सुराणं रमणीहिं सलहिज्जंती, किन्नरीहिं गाइज्जन्ती, बुहेहिं थुव्वन्ती, बंधुणा मित्तेण य अभिनंदिज्जंती गब्भमुव्वहइ ।

सा महादेवी सुराणां रमणीभिः श्लाध्यमाना, किन्नरीभिर्गीयमाना, बुधैः स्तूयमाना, बन्धुना मित्रेण चाभिनन्द्यमाना गर्भमुद्वहति ।

તે મહાદેવી દેવાંગનાઓ વડે વખાણ કરાતી, કિન્નરીઓ વડે ગવાતી, પંડિતો વડે સ્તુતિ કરાતી, બંધુવડે અને મિત્રવડે અભિનંદન અપાતી ગર્ભને વહન કરે છે.

[1]जत्थ [2]रमणीण [3]रूवं, [4]रमणिज्जं [5]पेच्छिऊण [6]अमरीओ ।

[7]लज्जन्तीओ [8]व्व [9]चिंताइ, [10]कहवि [11]निद्दं [12]न [13]पावंति ॥३६ ॥

सा०–यत्र रमणीनां रमणीयं रूपं प्रेक्ष्याऽमर्यः ।

लज्जमाना इव चिन्तया, कथमपि निद्रां न प्राप्नुवन्ति ॥३६॥

જ્યાં સ્ત્રીઓના મનોહર રૂપને જોઈને, દેવીઓ જાણે શરમાતી હોય તેમ ચિંતાવડે કેમેય નિદ્રા પામતી નથી. ૩૬

[1]गायंता [2]सज्झायं, [3]झायंता [4]धम्मझाणमकलंकं ।

[5]जाणंता [6]मुणियव्वं, [7]मुणिणो [8]आवस्सए [9]लग्गा ॥ ३७ ॥

सा०– स्वाध्यायं गायन्तः, अकलङ्कं धर्मध्यानं ध्यायन्तः ।

जानन्तो ज्ञातव्यं, मुनय आवश्यके लग्नाः ॥ ३७ ॥

સ્વાધ્યાયને ગાતા, નિષ્કલંક ધર્મધ્યાન કરતા, જાણવા લાયકને જાણતા મુનિઓ આવશ્યક ક્રિયામાં લાગ્યા. ૩૭

ગુજરાતીવાક્યોનું પ્રાકૃત-સંસ્કૃત

જંબૂકુમારે કુમારપણામાં પોતાની સર્વ ઋદ્ધિનો ત્યાગ કરીને ચારિત્ર લીધું.

जंबूकुमारेण कुमरत्तंमि अप्पकेरं सव्वं इड्ढिं चइत्ता चारित्तं गिण्हीअं ।

जम्बूकुमारेण कुमारत्वे आत्मीयां सर्वामृद्धिं त्यक्त्वा चारित्रं गृहीतम् ।

હું શાસ્ત્ર ભણવાને ગુરુ પાસે જાઉં છું.

हं सत्थाइं अहिज्जिउं गुरुं गच्छामि । अहं शास्त्राण्यध्येतुं गुरुं गच्छामि ।

ગુરુ પ્રમાદ કરતા સાધુને ભણવાને કહે છે.

गुरू पमज्जंतं मुणिं पढउं कहेइ । गुरुः प्रमाद्यन्तं मुनिं पठितुं कथयति ।

રાત્રિના પહેલા પ્રહરમાં સુઈને અને છેલ્લા પ્રહરમાં જાગીને કરાતો અભ્યાસ સ્થિર થાય છે.

रत्तीए पढमे जामे सुविऊण चरिमे य जामे जग्गिऊण कीरन्तो अब्भासो थिरो होइ । रात्रेः प्रथमे यामे सुप्त्वा, चरमे च यामे जागरित्वा क्रियमाणोऽभ्यासः स्थिरो भवति ।

મનુષ્યોમાં સોની, પક્ષિઓમાં કાગડો અને પશુઓમાં શિયાળ લુચ્ચું હોય છે.

जणेसु सुवण्णगारो, पक्खीसुं वायसो, पसुसुं च सियालो सढो होइ ।

जनेषु सुवर्णकारः, प्रक्षिषु वायसः, पशुषु च शृगालः शठो भवति ।

પાઠશાળામાં અભ્યાસ કરતી કન્યાઓને તમે ઈનામ આપો.

पाढसालाए अज्झयणं कुणंतीणं कन्नाणं पाहुडं देह ।

पाठशालायामभ्यासं कुर्वन्तीभ्यः कन्याभ्यः प्राभृतं दत्त ।

માણસોની આધિ હરવાનો શાસ્ત્રોના શ્રવણ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

जणाणं आहिं हरित्तुं सत्थाणं सवणं विणा अन्नो को वि उवाओ नत्थि ।

जनानामाधिं हर्तुं शास्त्राणां श्रवणं विनाऽन्यः कोऽप्युपायो नाऽस्ति ।

અગ્નિ વડે બળતી સ્ત્રીનું તેણે રક્ષણ કર્યું.

अग्गिणा डज्झन्ती इत्थी तेण रक्खिआ । अग्निना दह्यमाना स्त्री तेन रक्षिता ।

રામ વડે કહેવાની વાર્તા સાંભળીને વૈરાગ્ય પામ્યો.

रामेण कहिज्जन्तिं कहं सुणित्ता वेरग्गं पावीअ । रामेण कथ्यमाना कथा श्रुत्वा वैराग्यं प्राप्नोत् ।

જાણવા લાયક ભાવોને તું જાણ.

जाणियव्वे भावे तुमं जाणसु । ज्ञातव्यान् भावांस्त्वं जानीहि ।

ગાંડા માણસે પોતાનું વસ્ત્ર અગ્નિમાં નાંખ્યુ અને તે બળી ગયું.

उम्मत्तेण जणेण अप्पकेरं वत्थं अग्गिंसि खित्तं, तं च दड्ढं ।

उन्मत्तेण जनेनाऽऽत्मीयं वस्त्रमग्नौ क्षिप्तम् तच्च दग्धम् ।

સાધુઓની સેવા વડે તેના દિવસો પસાર થયા.

साहूणं सेवाए तस्स दिणाइं वोलीणाइं ।

साधूनां सेवया तस्य दिनान्यतिक्रान्तानि ।

જીવોનો વધ કરતો અને માંસનું ભક્ષણ કરતો મનુષ્ય રાક્ષસ કહેવાય છે.

जीवाणं वहं कुणन्तो, मंसं च भक्खंतो जणो रक्खसो कहिज्जइ ।

जीवानां वधं कुर्वन्, मासं च भक्षयन्नरो राक्षसः कथ्यते ।

તે પાપોની આલોચના લેવા ગુરુની પાસે જતાં લજ્જા પામે છે.

सो पावाणं आलोयणं गिण्हउं गुरुं वच्चन्तो लज्जइ ।

स पापानामालोचनां ग्रहीतुं गुरुं व्रजन् लज्जते ।

તે સમાધિપૂર્વક મૃત્યુ પામીને સ્વર્ગમાં દેવ થયો.

सो समाहीए मच्चुं पावित्ता सग्गे देवो हवीअ ।

स समाधिना मृत्युं प्राप्य स्वर्गे देवोऽभवत् ।

રોતા બાળકને તું પીડ નહિ.

रुवन्तं बालं तुं मा पीलसु । रोदन्तं बालं त्वं मा पीडय ।

હસતો બાળક બધાને પ્રિય લાગે છે.

हसन्तो बालो सव्वस्स पिओ होइ । हसन् बालः सर्वस्य प्रियो भवति ।

ગ્રહણ કરવા લાયકને ગ્રહણ કર, ત્યાગ કરવા લાયકને ત્યાગ કર.

घेत्तव्वं गिण्हसु, चइयव्वं चयसु । ग्रहीतव्यं गृहाण, त्यक्तव्यं त्यज ।

પાઠ ૨૧ મો

વ્યંજનાન્ત નામ.

૧ પ્રાકૃતમાં અન્ત્ય વ્યંજનોનો લોપ થાય છે, પણ કેટલાએક શબ્દોમાં વિશેષતા છે. જેમાં અન્ત્ય વ્યંજનનો લોપ થાય છે, તેનાં રૂપો પૂર્વે આપેલા અકારાન્ત-ઇકારાન્ત-ઉકારાન્ત પુંલ્લિંગ અને નપુંસકલિંગ નામોની માફક જાણી લેવાં. ૭૭**જસો (યશસ્), તમો (તમસ્), चक्खू (चक्षुष्), जम्मो (जन्मन्), थणी (थनिन्), हत्थी (हस्तिन्),** ઇત્યાદિ.

જે શબ્દોમાં અન્ત્ય વ્યંજનનો લોપ થતો નથી તેમાં નીચે પ્રમાણે ફેરફાર થાય છે-

૨ વિદ્યુત્ સિવાયના વ્યંજનાન્ત સ્ત્રીલિંગ શબ્દોમાં અન્ત્ય વ્યંજનનો 'आ' કે 'या' થાય છે.

आवआ–या સ્ત્રી. (આપત્) દુઃખ, આપદા.

---

૭૭. 'स्' અન્તવાળા નામો અને 'न्' અન્તવાળા નામો પુંલ્લિંગમાં જ વપરાય છે, પણ દામ (દામન્), સિર (શિરસ્), નહ (નભસ્) શબ્દોનો પ્રયોગ નપુંસકલિંગમાં જ થાયછે.

પ૦ એ૦	પ૦ એ૦
उरो (उरस्) વક્ષસ્થલ.	जम्मो (जन्मन्) જન્મ.
जसो (यशस्) યશ.	नम्मो (नर्मन्) હાંસી, ક્રીડા.
तमो (तमस्) અંધકાર.	मम्मो (मर्मन्) મર્મ, રહસ્ય.
तेओ (तेजस्) તેજ	दामं (दामन्) માલા.
पओ (पयस्) દૂધ, પાણી.	सिरं (शिरस्) માથું.
तवो (तपस्) તપ	नहं (नभस्) આકાશ.

વિશેષ-કોઇ ઠેકાણે નપુંસકલિંગમાં પણ પ્રયોગ દેખાય છે. તેથી-

सेयं (श्रेयस्) કલ્યાણ.	सम्मं (शर्मन्) કલ્યાણ,
वयं (वयस्) ઉમર.	चम्मं (चर्मन्) ચામડું.

सुमणं (सुमनस्) સારુ મન, ઉદાર ચિત્ત.

पडिवआ–या } स्त्री.(प्रतिपद्) એકમ, પડવો.
पाडिवआ–या }
संपआ–या " (सम्पत्) લક્ષ્મી.
सरिआ–या " (सरित्) નદી.
विज्जु " (विद्युत्) વીજળી.

૩ વ્યંજનાન્ત સ્ત્રીલિંગમાં અન્ત્ય 'र्' નો 'रा' થાય છે, તેમજ **क्षुध्** ના 'ध्' નો 'हा', **दिश्** ના 'श्' નો 'सा', **ककुभ्** ના 'भ्' નો 'हा' થાય છે અને **अप्सरस्** શબ્દના 'स्' નો 'सा' વિકલ્પે થાય છે.

गिरा સ્ત્રી. (गिर्) વાણી.
धुरा „ (धुर्) ધુસરી, અગ્ર.
पुरा „ (पुर्) નગરી.
छुहा „ (क्षुध्) ભૂખ.

दिसा સ્ત્રી. (दिश्) દિશા.
कउहा „ (ककुभ्) દિશા.
अच्छरसा } „ (अप्सरस्) અપ્સરા,
अच्छरा } દેવયોનિ વિશેષ.

૪. શરદ્ આદિ શબ્દોમાં અન્ત્ય વ્યંજનનો 'अ' થાય છે. **प्रावृष्** ના અન્ત્ય 'ष्' નો 'स' થાય છે; તેમજ **आयुष्** શબ્દના અન્ત્ય 'ष्' નો 'स' અને 'प्रावृष्' શબ્દનાં રૂપો પુંલ્લિંગમાં વપરાય છે.

પ૦ એ૦	
सरओ पुं. (शरद्) શરદઋતુ.	**आउसो–सं** } पुं.न. (आयुष्)
भिसओ पुं. (भिषज्) વૈદ્ય.	**आऊ–उं** } આવરદા, આયુ.
पाउसो पुं. (प्रावृष्) વર્ષાઋતુ.	**धणुहं** } पुं.न. (धनुष्) ધનુષ્ય,
	धणू } કામઠું.

૫. પુંલ્લિંગમાં **अन्** અન્તવાળા જે નામો છે, તેના 'अन्' નો 'आण' વિકલ્પે થાય છે, જ્યારે 'आण' ન થાય ત્યારે 'न्' નો લોપ થાય છે. તેથી આ પ્રમાણે તૈયાર શબ્દો થાય છે.

अद्ध–अद्धाण पुं. (अध्वन्) માર્ગ, રસ્તો.
अप्प–अप्पाण पुं. (आत्मन्) આત્મા.
उच्छ–उच्छाण पुं (उक्षन्) વૃષભ, બળદ.
गाव–गावाण पुं. (ग्रावन्) પત્થર
जुव–जुवाण पुं. (युवन्) જુવાન.

तक्ख–तक्खाण } पुं.(तक्षन्)	**मुद्ध–मुद्धाण** पुं. (मूर्धन्) मस्तक, माथुं.
तच्छ–तच्छाण } सुथार.	**राय–रायाण** पुं. (राजन्) राजा.
पूस–पूसाण पुं. (पूषन्) सूर्य.	**स–साण** पुं. (श्वन्) कूतरो.
बम्ह–बम्हाण पुं. (ब्रह्मन्) ब्रह्मा.	**सुक्म्म** } वि. (सुकर्मन्)
महव–महवाण पुं. (मघवन्) ईन्द्र.	**सुकम्माण** } सारां कर्मवाळो.

૬ આ શબ્દોનાં રૂપો અકારાન્ત પુંલ્લિંગ જેવાં થાય છે. પણ મૂળ શબ્દો 'अद्ध–अप्प' આદિનાં રૂપોમાં કેટલીક વિશેષતા છે. તે નીચે પ્રમાણે છે.

પ્રથમાના એકવચનમાં આ પ્રત્યય, પ્રથમા અને દ્વિતીયાના બહુવચનમાં તેમજ ચતુર્થી, પંચમી અને ષષ્ઠીના એકવચનમાં णो પ્રત્યય અને તૃતીયાના એકવચનમાં णा પ્રત્યય, તેમજ દ્વિતીયાના એકવચનમાં અને ચતુર્થી ને ષષ્ઠીના બહુવચનમાં 'इणं' પ્રત્યય, આટલા પ્રત્યયો વધારે લગાડવામાં આવે છે, તેમજ ચતુર્થી અને ષષ્ઠી વિભક્તિ સિવાય *'णो' પ્રત્યય લગાડતાં પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે.

ઉપરના નિયમથી આ પ્રમાણે પ્રત્યયો તૈયાર થાય છે.

એકવ.		બહુવ.	બમ્હ	(ब्रह्मन्)
પ.	આ.	णो	बम्हा	बम्हाणो
બી.	इणं	णो	बम्हिणं	„
ત.	णा	०	बम्हणा	०
ચ–છ.	णो	इणं	बम्हणो	बम्हिणं
પં.	णो	०	बम्हाणो	०
સ.	०	०	०	०
સં.	०	०	०	०

अन् છેડાવાળા નામોમાં આટલાં રૂપો અધિક થાય છે, બાકીનાં 'देव' પ્રમાણે.

---

*ષડ્ભાષા ચન્દ્રિકામાં ષષ્ઠીના એકવચનમાં પણ 'णो' પ્રત્યયની પૂર્વે દીર્ઘ સ્વર કરેલ છે. તે તેથી बम्हाणो, अप्पाणो, रायाणो વગેરે પણ થાય છે.

બમ્હ–બમ્હાણ શબ્દનાં સંપૂર્ણ રૂપો.

	એકવચન	બહુવચન
પ.	બમ્હો, બમ્હાણો, બમ્હા.	બમ્હા, બમ્હાણા, બમ્હાણો
બી.	બમ્હં, બમ્હાણં, બમ્હિણં.	બમ્હે બમ્હા, બમ્હાણે, બમ્હાણા, બમ્હાણો. બમ્હેહિ–હિઁ–હિં.
ત.	બમ્હેણ–ણં, બમ્હાણેણ–ણં બમ્હણા.	બમ્હાણેહિ–હિઁ–હિં.
ચ.	બમ્હાય, બમ્હસ્સ, બમ્હાણાય, બમ્હાણસ્સ, બમ્હણો.	બમ્હાણ, બમ્હાણં, બમ્હાણાણ, બમ્હાણાણં બમ્હિણં
પં.	બમ્હત્તો, બમ્હાઓ–ઉ–હિ–હિન્તો બમ્હા, બમ્હાણો, બમ્હાણત્તો, બમ્હાણાઓ–ઉ–હિ–હિન્તો, બમ્હાણા.	બમ્હત્તો, બમ્હાઓ–ઉ–હિ હિન્તો–સુન્તો, બમ્હેહિ–હિન્તો–સુન્તો, બમ્હાણત્તો, બમ્હાણાઓ–ઉ–હિ–હિન્તો–સુન્તો, બમ્હાણેહિ–હિન્તો–સુન્તો
છ.	બમ્હસ્સ, બમ્હણો, બમ્હાણસ્સ.	બમ્હાણ, બમ્હાણં, બમ્હિણં, બમ્હાણાણ, બમ્હાણાણં.
સ.	બમ્હે, બમ્હમ્મિ. બમ્હાણે, બમ્હાણમ્મિ.	બમ્હેસુ, બમ્હેસું, બમ્હાણેસું, બમ્હાણેસું,
સં.	હે બમ્હ, બમ્હો, બમ્હા, હે બમ્હાણ, બમ્હાણો, બમ્હાણા.	હે બમ્હા, બમ્હાણા, બમ્હાણો.

આ પ્રમાણે સર્વે 'अन्' છેડાવાળાં નામોનાં રૂપો જાણવાં પણ કેવળ 'अप्प' ને 'राय' શબ્દનાં રૂપોમાં વિશેષતા છે.

૭. अप्प શબ્દને તૃતીયાના એકવચનમાં 'णिआ–णइआ એ બે પ્રત્યયો વધારે લગાડવામાં આવે છે. તેથી તૃ. એ. વચનમાં अप्पणिआ, अप्पणइया એ બે રૂપો વધારે જાણવાં. બાકીનાં अप्प ને अप्पाण શબ્દનાં રૂપો બમ્હ અને બમ્હાણ શબ્દની માફક જાણવાં.

अप्प–अप्पाण (आत्मन्)

प.	अप्पो, अप्पाणो, अप्पा.	अप्पा, अप्पाणा, अप्पाणो
बी.	अप्पं, अप्पाणं, अप्पिणं.	अप्पे, अप्पा, अप्पाणे, अप्पाणा, अप्पाणो.
त.	अप्पेण–णं, अप्पाणेण–णं, अप्पणा, अप्पणिआ, अप्पणइआ.	अप्पेहि–हिँ–हिं, अप्पाणेहि– हिँ –हिं.
च.	अप्पाय, अप्पस्स, अप्पाणाय, अप्पाणस्स, अप्पणो.	अप्पाण, अप्पाणं, अप्पाणाण, अप्पाणाणं, अप्पिणं.
તલવારથી છેદાયેલા જીવી જાય છે, પર્વત ઉપરથી પડેલા પણ કેટલાક જીવતા રહે છે, દરિયામાં પડેલા પણ જીવે છે, પરંતુ પેટથી=પેટપૂરતો ખોરાક ન મળવાથી જીવી શકતા નથી. ૨૬૫.

કંઈક ઓછા પૂર્વક્રોડ વર્ષ સુધી સંયમ પાલવાથી જે સંયમભાવ પ્રાપ્ત થાય છે, તે પણ કષાય કરવા માત્રથી, જીવ એક મુહૂર્તમાં હારી જાય છે. ૨૬૬.

તેવું કોઈ ઘર નથી, તેવું કોઈ રાજકુલ નથી, તેવું કોઈ દેવાલય નથી, કે જ્યાં નિષ્કારણ ગુસ્સે ભરાતા બે કે ત્રણ શઠ પુરુષો દેખાતા નહિ હોય. ૨૬૭.

[૪]અइतज्जणा [૫]न [૬]कायव्वा, [૭]पुत्तकलत्तेसु [૮]सामिए [૯]भिच्चे ।
[૧૦]दहिअं पि [૧]महिज्जंतं, [૨]छंडइ [૩]देहं [૧૨]न [૧૧]संदेहो ॥२६८॥
[૧]वल्ली [૨]नरिंदचित्तं, [૩]वक्खाणं [૪]पाणिअं च [૫]महिलाओ ।
[૬]तत्थ य [૭]वच्चंति [૮]सया, [૯]जत्थ य [૧૦]धुत्तेहिं [૧૧]निज्जंति ॥२६९॥
[૪]अवलोअइ [૩]गंथत्थं, [૧]अत्थं [૬]गहिऊण [૭]पावए [૮]मुक्खं ।
[૧]परलोए [૧૧]देइ [૧૦]दिट्ठी, [૩]मुणिवरसारिच्छया [૨]वेसा ॥२७०॥
[૧]दो [૨]पंथेहिं [૩]न [૪]गम्मइ, [૧]दोमुहसूई [૭]न [૭]सीवए [૬]कंथं ।
[૧૧]दुन्नि [૧૩]न [૧૪]हुंति [૧૨]कया वि हु, [૧]इंदियसुक्खं च [૧૦]मुक्खं च ॥२७१॥

पुत्रकलत्रयोः स्वामिनि भृत्येऽतितर्जना न कर्तव्या ।
दध्यपि मथ्यमानं देहं मुञ्चति, सन्देहो न ॥२६८॥
वल्ली, नरेन्द्रचित्तं, व्याख्यानं, पानीयं महिलाश्च ।
तत्र च सदा व्रजन्ति, यत्र च धूर्तैर्नीयन्ते ॥२६९॥
वेश्या मुनिवरसदृशी ग्रन्थार्थमवलोकयति,
अर्थं गृहीत्वा मोक्षं प्राप्नोति, परलोके दृष्टिर्ददाति, ॥२७०॥
द्वाभ्यां पथिभ्यां न गम्यते, द्विमुखसूची कन्थां न सीव्यति ।
इन्द्रियसौख्यं च मोक्षश्च द्वे कदापि न खलु भवतः ॥२७१॥

પુત્ર, પત્ની, શેઠ કે નોકરનો અત્યંત તિરસ્કાર કરવો જોઈએ નહિ, કારણકે દહીં પણ વલોવતા થકાં પોતાનું સ્વરૂપ મૂકી દે છે, તેમાં કોઈ સંશય નથી. ૨૬૮

વેલ, રાજાનું મન, વ્યાખ્યાન, પાણી અને સ્ત્રીઓ હંમેશા ત્યાં જ જાય છે કે જ્યાં હોંશિયારપુરુષો ખેંચી જાય છે. ૨૬૯.

વેશ્યા સાધુઓ જેવી છે, જેમ સાધુઓ ગ્રંથોના અર્થનું અવગાહન કરે છે, અર્થને જાણી મોક્ષને પામે છે, પરલોક માટે નજર દોડાવે છે, તેમ વેશ્યાઓ ગાંઠમાં રહેલ ધનને જુએ છે, ધનને લઈ તેનાથી છૂટી થાય છે અને બીજા પુરુષમાં નજર દોડાવે છે. ૨૭૦.

જેમ એકી સાથે બે રસ્તે જઈ શકાતું નથી, એક સાથે બે મુખવાળી સોંયથી ગોદડું - કપડું સીવી શકાતું નથી, તેમ ઈન્દ્રિયોનાં સુખ અને મોક્ષ, એ બન્ને એકી સાથે કયારે મળતા નથી. ૨૭૧.

[૨]વસણે [૩]વિસાયરહિયા, [૪]સંપત્તીએ [૫]અણુત્તરા [૬]હુંતિ ।
[૬]મરણે વિ [૭]અણુવ્વિગ્ગા, [૮]સાહસસારા ય [૯]સપ્પુરિસા ॥૨૭૨॥
[૩]અણુવટ્ઠિઅસ્સ [૪]ધમ્મં, [૫]મા [૬]હુ [૭]કહિજ્જાહિ [૮]સુટ્ઠુ વિ [૯]પિયસ્સ ।
[૧૦]વિચ્છાયં [૧૨]હોઇ [૧૩]મુહં, [૮]વિજ્ઝાયગ્ગિં [૯]ધમંતસ્સ ॥૨૭૩॥
[૪]રયણિં [૬]અભિસારિયાઓ, [૨]ચોરા [૩]પરદારિયા ય [૯]ઇચ્છંતિ ।
[૬]તાલાયરા [૭]સુભિક્ખં, [૮]બહુધન્ના [૮]કેઇ [૧૦]દુબ્ભિક્ખં ॥૨૭૪॥

सत्पुरुषा व्यसने विषादरहिताः, सम्पत्त्यामनुत्तराः,
मरणेऽप्युनद्विग्नाः, साहससाराश्च भवन्ति ॥२७२॥
सुष्ठु प्रियस्याऽप्यनुपस्थितस्य, धर्मं मा खलु कथय ।
विध्याताऽग्निं धमतो, मुखं विच्छायं भवति ॥२७३॥
अभिसारिकाश्चौराः, पारदारिकाश्च रजनीमच्छन्ति ।
तालाचराः सुभिक्षं, केचिद् बहुधन्या दुर्भिक्षम् ॥२७४॥

સજ્જનો સંકટમાં ખેદ વગરના હોય છે, સમૃદ્ધિમાં અનુત્તર=શ્રેષ્ઠ હોય છે, મરણસમયે પણ ઉદ્વેગ વગરના હોય છે અને સાહસવંત હોય છે. ૨૭૨

અત્યંત પ્રિય હોય તો પણ પોતાની સામે ન આવેલને ધર્મ કહેવો જોઈએ નહિ, કારણકે બૂઝાતાં અગ્નિને ફૂંકતાં પોતાનું જ મોઢું મલીન થાય છે. ૨૭૩

અભિસારિકા=સંકેત સ્થાને જનારી સ્ત્રીઓ; ચોરો અને પરસ્ત્રી લંપટ પુરુષો રાતને ઈચ્છે છે, ચોરો સુકાળને અને ઘણા ધાન્યવાળા કેટલાક લોકો દુકાળ ઈચ્છે છે. ૨૭૪

[1]जंकिंचि [2]पमाएणं, [3]न [4]सुट्ठु [5]भे [6]वट्टियं [7]मए [8]पुव्विं ।
[9][10]तं भे[11] [12]खामेमि [13]अहं, [14]निस्सलो [15]निक्कसाओ अ ॥२७५॥
[1]गुणसुट्ठिअस्स [2]वयणं, [3]घयपरिसित्तो [4]व्व [5]पावओ [6]भाइ ।
[7]गुणहीणस्स [8]न [9]सोहइ, [10]नेहविहूणो [11]जह [12]पईवो ॥२७६॥
[1]अइबहुयं [2]अइबहुसो, [3]अइप्पमाणेण [4]भोयणं [5]भुत्तं ।
[6]हाएज्ज व [7]वामेज्ज व, मारेज्ज व [8]तं [9]अजीरंतं ॥२७७॥
[1]जंपेज्ज [2]पियं [3]विणयं, [4]करिज्ज [5]वज्जेज्ज [6]पुत्ति ! [7]परनिंदं ।
[8]वसणे वि [9]मा [10]विमुंचसु, [11]देहच्छाय व्व [12]नियनाहं ॥२७८॥

भो ! मया प्रमादेन पूर्वं यत्किञ्चित् सुष्ठु न वर्तितम् ।
भो ! तन्निःशल्यो निष्कषायश्चाऽहं क्षाम्यामि ॥२७५॥
गुणसुस्थितस्य वदनं घृतपरिषिक्तः पावक इव भाति ।
गुणहीनस्य न शोभते, यथा स्नेहविहीनः प्रदीपः ॥२७६॥
अतिबहुकमतिबहुशोऽतिप्रमाणेन भोजनं भुक्तम् ।
अजीर्यमाणं तज्जह्याद्वा वमेद्वा, म्रियेत वा ॥२७७॥
पुत्रि !, प्रियं जम्पेद्, विनयं कुर्यात्, परनिन्दां वर्जेत् ।
व्यसनेऽपि देहच्छायेव निजनाथं मा विमुञ्च ॥२७८॥

મેં પ્રમાદથી પહેલા જે કંઈ પણ સારું આચરેલું ન હોય, તેની શલ્ય વગરનો અને કષાય રહિત એવો હું ક્ષમાપના કરું છું. ૨૭૫.

ગુણવંત પુરુષનું મુખ ઘીથી સિંચાયેલ અગ્નિની જેમ તેજસ્વી ભાસે છે અને નિગુર્ણીનું મુખ ચીકાશ=ઘી વગરના દીવાની જેવું નિસ્તેજ લાગે છે. ૨૭૬.

ઘણું બધું, ઘણી બધી વાર અને પ્રમાણ બહાર કરેલ ભોજન, અજીર્ણ થનારને કયાં તો ઝાડા કરે છે, કયાં તો વમન કરે છે, કયાં તો મારી નાંખે છે. ૨૭૭.

હે પુત્રી !, પ્રિય બોલવું જોઈએ, વિનય કરવો જોઈએ, પારકાની નિંદાનો ત્યાગ કરવો જોઈએ અને મુશ્કેલીમાં પણ કાયાની છાયાની જેમ પોતાના પતિનો ત્યાગ કરવો નહિ. ૨૭૮.

[1]કિં [2]લટ્ઠં [4]લહિહી [3]વરં [5]પિયયમં, [6]કિં [8]તસ્સ [7]સંપજ્જિહી,
[9]કિં [11]લોયં [10]સસુરાઇયં [12]નિયગુણ-ગ્ગામેણ [13]રંજિસ્સએ ?।
[14]કિં [15]સીલં [16]પરિપાલેહી ? [20]પસવિહી, [17]કિં [18]પુત્તમેવં [19]ધુવં,
[24]ચિંતામુત્તિમઈ [21]પિઊણ [22]ભવણે, [25]સંવટ્ટએ [23]કન્નગા ॥૨૭૯॥
[1]ધમ્મારામખયં [6]ખમાકમલિણી-સંઘાયનિગ્ઘાયણં,
[7]મજ્જાયાતડિપાડણં [8]સુહમણો-હંસસ્સ [9]નિવ્વાસણં ।
[11]વુડ્ઢિં [10]લોહમહણ્ણવસ્સ [13]ખણણં, [12]સત્તાણુકંપાભુવો,
[14]સંપાડેઇ [4]પરિગ્ગહો [1]ગિરિનઈ-પૂરો [2]વ્વ [3]વડ્ઢંતઓ ॥૨૮૦॥

किं लष्टं वरं लप्स्यसे ?, किं तस्य प्रियतमां संपत्स्यसे ?;
किं श्वशुरादिकं लोकं निजगुणग्रामेण रञ्जयिष्यति ?।
किं शीलं परिपालयिष्यसि, ध्रुवं पुत्रमेव प्रसविष्यसे ?,
पित्रोर्भवने कन्यका चिन्तामूर्तिमती संवर्तते ॥२७९॥
गिरिनदीपूर इव वर्धमानः परिग्रहः
धर्माऽऽरामक्षयं, क्षमाकमलिनीसंघातनिर्घातनम् ;
मर्यादातटीपातनं, शुभमनोहंसस्य निर्वासनम् ;
लोभमहार्णवस्य वृद्धिं, सत्त्वानुकम्पाभुवः खननं सम्पादयति ॥२८०॥

શું યોગ્ય વર મળશે ?; શું તેનો પ્રેમ સંપાદન કરશે ?; શું સસરા વગેરેને પોતાના ગુણોના સમૂહથી આનંદિત કરશે ?; શું શીલનું બરોબર પાલન કરશે ?, શું નિશ્ચયે પુત્રને જ જન્મ આપશે ? આમ માત-પિતાના ઘરે કન્યા સાક્ષાત્ ચિંતાની મૂર્તિ જેવી રહેલી છે. ૨૭૯.

પર્વતની નદીના પૂરની જેમ વધતો પરિગ્રહ-ધર્મ રૂપી બગીચાનો નાશ કરે છે; ક્ષમા રૂપી કમલિનીના સમૂહનો ઉચ્છેદ કરનાર છે, મર્યાદા રૂપી કિનારાને પાડી નાંખનાર છે, શુભ મનરૂપી હંસને દેશનિકાલ કરનાર છે, લોભરૂપી મહાસમુદ્રને વધારનાર અને જીવોની અનુકંપારૂપી પૃથ્વીને ખોદનાર છે. ૨૮૦.

[1]હા [2]કુંદિંદુસમુજ્જલો [3]કલુસિઓ, [4]તાયસ્સ [5]વંસો [6]મए,
[7]બંધૂણં [8]મુહપંકए[14]સુ ય [9]હહા, [11][16]દિન્નો [10]મસીકુચ્ચઓ ।
[12]હી [13]તેલુક્કમકિત્તિપંસુપસરે–ણુદ્ધૂલિયં [15]સવ્વઓ,
[17]ધિદ્ધી ! [19]ભીમભવુબ્ભવાણ [21]ભવણં, [20]દુક્ખાણ [18]અપ્પા [22]કઓ ॥૨૮૧॥
[1]ઊસસ–નિસસ–રહિયં, [4]ગુરુણો [2]સેસં [5]વસે [6]હવइ [3]દવ્વં ।
[7]તેણાણુણ્ણા [8]જુજ્જइ, [10]અણ્ણહ [12]દો[13]ભવે [11]તસ્સ ॥૨૮૨॥
[7]ન [5]સા [6]સહા, [1]જત્થ [3]ન [4]સંતિ [2]વુડ્ઢા;
[13]વુડ્ઢા [14]ન [12]તે, [8]જે [10]ન [11]વયંતિ [9]ધમ્મં ।
[19]ધમ્મો [20]ન [18]સો, [15]જત્થ ય [17]નત્થિ [16]સચ્ચં,
[24]સચ્ચં [25]ન [23]તં, [21]જં [22]છલણાણુવિદ્ધં ॥૨૮૩॥

हा मया कुन्देन्दुसमुज्ज्वलस्तातस्य वंशः कलुषितः ;
हहा! बन्धूनां मुखपङ्कजेषु च मषीकूर्चको दत्तः ।
ही ! त्रैलोक्यमकीर्तिपांशुप्रसरेण सर्वत उद्धूलितम;
धिग् धिग् ! आत्मा भीमभवोद्भवानां दुःखानां भवनं कृतः ॥૨૮૧॥
ऊच्छ्वासनिश्वासरहितं शेषं द्रव्यं गुरोर्वशे भवति ।
तेनाऽनुज्ञा युज्यते, अन्यथा तस्य दोषो भवेत् ॥૨૮૨॥
यत्र वृद्धा न सन्ति, सा सभा न; ये धर्मं न वदन्ति, ते वृद्धा न ।
यत्र च सत्यं नाऽस्ति, स धर्मो न, यच्छलनानुविद्धं, तत् सत्यं न ॥૨૮૩॥

હા ! મેં કુંદ=શ્વેતફૂલ અને ચંદ્રની જેવા નિર્મળ પિતાના વંશને કલંકિત કરેલ છે, હા ! ભાઈઓનાં મુખરૂપી કમળ ઉપર મષીનો કાળો કૂચો ફેરવ્યો છે; હા ! ત્રણે લોકને અપજશ રૂપી રજકણો પ્રસરાવીને ચારે બાજુથી ધૂળિયું કરી દીધું છે, મને ધિક્કાર પડો ! કે મેં જાતે જ આત્માને ભયંકર ભવમાં ઉત્પન્ન થતાં દુઃખોનું સ્થાન બનાવી દીધો. ૨૮૧.

ઉચ્છ્વાસ અને નિશ્વાસ વગર બાકીનું બધું જ દ્રવ્ય, ગુરુ ભગવંતને આધીન રહેલ છે, તેથી જ અનુજ્ઞા યોગ્ય છે, બાકી તો તેને દોષ થાય છે. ૨૮૨.

જ્યાં ઘરડા વડીલો નથી, તે સભા નથી, જેઓ ધર્મને કહેતા નથી, તેઓ વૃદ્ધ નથી, જ્યાં સત્ય નથી, તે ધર્મ નથી અને જે બીજાને છેતરનારું હોય, તે સત્ય નથી. ૨૮૩.

[૮]જોએ્ઇ ય [૬]જો [૭]ધમ્મે, [૬]જીવં [૩]વિવિહેણ [૨]કેણઇ [૪]નએણ ।
[૬]સંસાર-ચારગ-ગયં, [૬]સો [૧૦]નણુ [૧૧]કલ્લાણમિત્તો ત્તિ ॥૨૮૪॥
[૬]જિણપૂઆ [૩]મુણિદાણં, [૩]એત્તિયમેત્તં [૬]ગિહીણ [૬]સચ્ચરિયં ।
[૭]જઇ [૮]એઆઓ [૬]ભટ્ઠો, [૧૦]તા [૧૨]ભટ્ઠો [૧૧]સવ્વકજ્જાઓ ॥૨૮૫॥
[૬]નરસ્સાભરણં [૩]રૂવં, [૪]રૂવસ્સાભરણં [૬]ગુણો ।
[૭]ગુણસ્સાભરણં [૬]નાણં, [૧૦]નાણસ્સાભરણં [૧૨]દયા ॥૨૮૬॥
[૬]અઇરોસો [૩]અઇતોસો, [૩]અઇહાસો [૪]દુજ્જણેહિં [૬]સંવાસો ।
[૬]અઇઉબ્ભડો ય [૭]વેસો, [૮]પંચ વિ [૯]ગરુયં પિ [૧૦]લહુએંતિ ॥૨૮૭॥

यः केनाऽपि विविधेन नयेन संसारचारकगतं जीवं ।
धर्मे योजयति, स ननु कल्याणमित्रमिति ॥२८४॥
जिनपूजा मुनिदानम्, एतावन्मात्रं गृहिणां सच्चरित्रम् ।
यद्येताभ्यां भ्रष्टः, ततः सर्वकार्याद् भ्रष्टः ॥२८५॥
नरस्याऽऽभरणं रूपम्, रूपस्याऽऽभरणं गुणः ।
गुणस्याऽऽभरणं ज्ञानं, ज्ञानस्याऽऽभरणं दया ॥२८६॥
अतिरोषोऽतितोषः, अतिहासो दुर्जनैः संवासः ।
अत्युद्भटश्च वेषः, पञ्चापि गुरुकमपि लघुयन्ति ॥२८७॥

જે કોઈ પણ ઘણા પ્રકારના નયો દ્વારા સંસારના ચક્રાવામાં રહેલ જીવને ધર્મ માર્ગે જોડે છે, તે ખરેખર તેનો કલ્યાણ મિત્ર રહેલો છે. ૨૮૪.

જિનેશ્વર પ્રભુની પૂજા અને સાધુઓને સુપાત્રદાન આટલું જ ગૃહસ્થનું સચ્ચારિત્ર છે, જો આ બેથી પણ ચૂકયો, તો દરેક કાર્યોથી ચૂકાયેલો જાણવો. ૨૮૫.

મનુષ્યનું આભૂષણ રૂપ છે; રૂપની શોભા ગુણ છે, ગુણને શોભાવનાર જ્ઞાન છે અને જ્ઞાનનું ભૂષણ દયા છે. ૨૮૬.

અતિગુસ્સો; અત્યંત સંતોષ, અતિહર્ષ, દુર્જનો સાથેનો સમાગમ, અને અતિ ઉદ્ભટ પહેરવેશ-આ પાંચ પોતાની મોટાઈને નાનપ લગાડે છે. ૨૮૭.

[1]અભૂસણો [3]સોહइ [2]બંભયારી, [4]અકિંચણો [5]સોહइ [6]દિક્ખધારી
[7]બુદ્ધિજુઓ [8]સોહइ [9]રાયમંતી, [10]લज્જાજુઓ [12]સોહइ [11]એગપત્તી ॥૨૮૮॥

[4]ન [1]ધમ્મકज્જા [2]પરમત્થિ [3]કज્જં, [5]ન [6]પાણિહિંસા [7]પરમં [8]અકज્જં
[13]ન [10]પેમરાગા [14][11]પરમત્થિ [12]બંધો, [18]ન [15]બોહિલાભા [16]પરમત્થિ [17]
[17]લાભો ॥૨૮૯॥

[1]જૂए [2]પસત્તસ્સ [3]ધણસ્સ [4]નાસો, [5]મંસે [6]પસત્તસ્સ [7]દયાइનાસો ।
[8]મज્જે [9]પસત્તસ્સ [10]જસસ્સ [11]નાસો, વેસાપસત્તસ્સ [13][12]કુલસ્સ [14]નાસો ॥૨૯૦॥

અભૂષણો બ્રહ્મચારી શોભતે, અકિञ્ચનો દીક્ષાધારી શોભતે ।
બુદ્ધિયુતો રાજમન્ત્રી શોભતે, લज્જાયુત એકપત્નીકઃ શોભતે ॥૨૮૮॥

ધર્મકાર્યાત્પરં કાર્યં નાऽસ્તિ, પ્રાણિહિંસાયાઃ પરમમકાર્યં ન ।
પ્રેમરાગાત્પરો બન્ધો નાऽસ્તિ, બોધિલાભાત્ પરો લાભો નાऽસ્તિ ॥૨૮૯॥

દ્યૂતે પ્રસક્તસ્ય ધનસ્ય નાશઃ, માંસે પ્રસક્તસ્ય દયાદિનાશઃ ।
મદ્યે પ્રસક્તસ્ય યશસો નાશઃ, વેશ્યાપ્રસક્તસ્ય કુલસ્ય નાશઃ ॥૨૯૦॥

અલંકાર વગરનો બ્રહ્મચારી શોભે છે, અકિંચન એવા સંયમી દીપી ઊઠે છે, બુદ્ધિથી અલંકૃત રાજમંત્રી શોભે છે અને ખાનદાન પુરુષ એકપત્નીવાળો શોભે છે. ૨૮૮.

ધર્મના કાર્ય જેવું ઉત્તમ કોઈ કામ નથી, જીવોની હિંસાથી વિશેષ કોઈ દુષ્કૃત્ય નથી, પ્રેમના રાગથી મોટું કોઈ બંધન નથી અને બોધિ=સમ્યક્ત્વના લાભ જેવો કોઈ લાભ નથી. ૨૮૯.

જુગારમાં આસકત વ્યક્તિના ધનનો નાશ થાય છે, માંસ ભક્ષણ કરનાર જીવની દયા વગેરે ચાલી જાય છે; દારૂમાં ચકચૂર માનવીની કીર્તિ નાશ પામે છે અને વેશ્યામાં આસકત માનવના કુલનો વિચ્છેદ થાય છે. ૨૯૦.

[1]હિંસાપસત્તસ્સ [2]સુધમ્મનાસો, [3]ચોરીપસત્તસ્સ [4]સરીરનાશો ।
[5]તહા [6]પરત્થીસુ [7]પસત્તયસ્સ, [8]સવ્વસ્સ [9]નાસો [10]અહમા [11]ગઈ ય ॥૨૯૧॥

[1]દાણં [2]દરિદ્દસ્સ, [3]પહુસ્સ [4]ખંતી; [5]ઇચ્છાનિરોહો ય [6]સુહોઇયસ્સ ।
[7]તારુણ્ણએ [8]ઇંદિય-નિગ્ગહો ય, [9][10]ચત્તારિ એઆણિ [11]સુદુક્કરાણિ ॥૨૯૨॥

વિવિહસત્થાઓ ।

હિંસાપ્રસક્તસ્ય સુધર્મનાશઃ, ચૌરીપ્રસક્તસ્ય શરીરનાશઃ ।
તથા પરસ્ત્રીષુ પ્રસક્તસ્ય, સર્વસ્ય નાશોઽધમા ગતિશ્ચ ॥૨૯૧॥

દરિદ્રસ્ય દાનમ્, પ્રભોઃ ક્ષાન્તિઃ, સુખોચિતસ્યેચ્છાનિરોધઃ ।
તારુણ્યે ઇન્દ્રિયનિગ્રહશ્ચ, એતાનિ ચત્વારિ સુદુષ્કરાણિ ॥૨૯૨॥

હિંસામાં રચતા જીવનો સદ્ધર્મ નાશ પામે છે, ચોરી કરનાર વ્યક્તિના શરીરનો નાશ થાય છે, તેમજ પારકાની સ્ત્રીમાં આસક્ત વ્યક્તિનું બધું જ નાશ પામે છે અને દુર્ગતિ થાય છે. ૨૯૧.

ગરીબજીવે આપેલું દાન; પોતે માલિક હોવા છતાં ક્ષમા આપવી, સુખી હોવા છતાં ઈચ્છાનો નિરોધ કરવો અને જુવાનીમાં ઈન્દ્રિયોને વશ કરવી, આ ચાર વસ્તુ ખૂબ જ દુષ્કર છે. ૨૯૨.

પસત્થી (પ્રશસ્તિઃ)

[૪]પણમિઅ [૩]થંમણપાસં, [૨]જિણીસરં [૧]ભત્તચિત્તવંછિયયં ।
[૫]જગગુરુનેમિસુરિંદં, [૬]જાસ [૭]પસાયા [૮]ઇમા [૯]રઇઆ ॥૧॥
[૨]સગુરું [૩]વિન્નાણસૂરિં, [૧]સંતપ્પભવિઅબોહયં [૪]વંદે ।
[૬]ભવકૂવાઉ [૫]અસરણો, [૭]જેણ [૮]જડો [૯]હં [૧૦]સમુદ્ધરિઓ ॥૨॥
[૧]પન્નાસકત્થુરવિજય- ગણિણા [૩]રઇયા ય [૨]પાઢમાલેયં[૨] ।
[૪]બાણનિહિનંદચંદે, [૫]વાસે [૬]મહુમાસસુહપક્ખે ॥૩॥
[૧]જાવ [૩]જિણસાસણમિણં[૨], [૪]જાવ ય [૫]ધમ્મો [૬]જયમ્મિ [૭]વિપ્ફુરઇ ।
[૮]પાઇઅવિજ્જત્થીહિં, [૯]તાવ [૧૦]સુહં [૧૧]ભણિજ્જઉ [૧]એસા ॥૪॥ અવિ ય-
[૧]અટ્ઠારસ-દુસહસ્સે, [૨]વિક્કમવરિસે [૩]તઇજ્જસક્કરણં ।
[૪]કત્થૂરાયરિએણં, [૫]સુપાઢમાલાઇ [૬]સંરઇઅં ॥૫॥

भक्तचित्तवाञ्छितदं, जिनेश्वरं स्थम्भनपार्श्वं प्रणम्य ।
जगद्गुरुनेमिसूरीन्दं येषां प्रसादादियं रचिता ॥१॥
सन्तप्तभविकबोधदं स्वगुरुं विज्ञानसूरिं वन्दे ।
येनाऽशरणो जडोऽहं भवकूपात् समुद्धृतः ॥२॥
पन्न्यासकस्तूरविजयगणिना चेयं पाठमाला ।
बाणनिधिनन्दचन्द्रे वर्षे मधुमासशुभपक्षे रचिता ॥३॥
यावदिदं जिनशासनं यावच्च धर्मो जगति विस्फुरति ।
तावत् प्राकृतविद्यार्थिभिरेषा सुखं भण्यताम् ॥४॥

ભક્તને મનોવાંછિત આપનાર, જિનેશ્વર શ્રી સ્થંભનપાર્શ્વનાથ પ્રભુને પ્રણામ કરીને, તેમજ જગદ્‌ગુરુ શ્રી નેમિસૂરીશ્વરજીને વંદન કરું છું- કારણ જેઓની કૃપાથી આ પાઠમાળા મેં રચી છે. ૧.

સંસારથી બળેલાં ભવ્યજીવોને બોધ આપનાર પોતાના ગુરુ શ્રીવિજ્ઞાનસૂરીશ્વરને હું વંદન કરું છું; કારણ કે જેમનાથી અશરણ અને મંદબુદ્ધિ હું ભવરૂપી કૂવામાંથી ઉદ્ધાર કરાયો છું. ૨

પંન્યાસ શ્રીકસ્તૂરવિજયગણીએ આ પાઠમાલા વિક્રમ સંવત ૧૯૯૫ વર્ષે, ચૈત્ર મહિનાના શુકલપક્ષમાં કરી છે. ૩.

જ્યાંસુધી આ જિનશાસન જયવંતુ છે; અને જ્યાં સુધી જૈન ધર્મ જગતમાં ગાજતો છે, ત્યાં સુધી પ્રાકૃતના વિદ્યાર્થીઓ વડે આ પાઠમાળા સુખેથી ભણાય. ૪-

અને બીજું- વિક્રમસંવત ૨૦૧૮ વર્ષે આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિએ આ પાઠમાળાનું ત્રીજી વાર સંસ્કરણ કર્યું. ૫.

इति श्रीशासनसम्राट्–तपोगच्छाधिपति–सूरिचक्रचक्रवर्ति–जगद्गुरु
कदम्बगिरिप्रमुखानेकतीर्थोद्धारक–भट्टारकाचार्य श्रीमद्
विजयनेमिसूरीश्वर–पट्टालङ्कार–पूज्यपाद–भट्टार–
काचार्यदेवश्रीमद्विजय**विज्ञानसूरीश**–
पट्टधर–**विजयकस्तूरसूरिणा**
विरचिता
श्री प्राकृतविज्ञान–पाठमाला
परिपूर्णतामगात् ॥

अपि च– अष्टादशद्विसहस्रे, विक्रमवर्षे ।
कस्तूराचार्येण सुपाठमालायाः तृतीयसंस्करणं संरचितम् ॥५॥
इति श्रीशासनसम्राट् नेमि–विज्ञान–कस्तूरसूरि–
पट्टालङ्काराचार्यदेव**श्रीविजयचन्द्रोदयसूरि**
गुरुबंधुआचार्यश्रीविजयअशोकचन्द्रसूरि
शिष्य पंन्याससोमचन्द्रविजयगणिसङ्कलिता
श्रीप्राकृतविज्ञानपाठमालामार्गदर्शिका
सम्पूर्णा ॥
वि.सं. २०४७ वर्षे बरवाला(घेलाशा) मध्ये श्रीपद्मप्रभस्वामिप्रसादात्
श्रीबरवालाजैनसङ्घादेशानुसारं श्री पोपटलाल चत्रभूज बाबरीया
परिवारकारित पूज्यगुरुबंधुसूरियुगलचातुर्मासस्मये ।
श्रीरस्तु । शुभं भवतु । शिवमस्तु सर्वजगतः ॥

આ પ્રમાણે શાસનસમ્રાટ્, તપાગચ્છાધિપતિ, સૂરિચક્રચક્રવર્તિ, જગદ્‌ગુરુ
કદંબગિરિપ્રમુખાનેક તીર્થોદ્ધારક ભટ્ટારકાચાર્ય શ્રીમદ્
વિજયનેમિસૂરીશ્વરજીમ.નાપટ્ટાલંકાર પૂજ્યપાદ્ ભટ્ટારક
આચાર્યદેવ શ્રીમદ્ **વિજયવિજ્ઞાનસૂરીશ્વર**જીમ.ના
પટ્ટધર **વિજયકસ્તૂરસૂરિજીમહારાજે** રચેલ
પ્રાકૃતવિજ્ઞાનપાઠમાલા
પૂર્ણતાને પામી.

पाइयधाउकोसो

अ

अइक्कम् (अति+क्रम्) ઉલ્લંઘન કરવું.

अइ+चर् (अति+चर्) અતિચાર લગાડવો.

अइ+वाय् (अति+पात्) જીવ-હિંસા કરવી.

अई } (गम्) જવું.
णी }

अक्कम् (आ+क्रम्) દબાવવું, આક્રમણ કરવું.

अग्घ् (अर्घ्) આદર કરવો, સન્માન કરવું, કીંમત કરવી.

अग्घ् (राज्) શોભવું.

अच्च् (अर्च्) પૂજવું.

अच्छ् (आस्) બેસવું.

अड् } (अट्) અટન કરવું, ભટકવું.
अट्ट् }

अणु+जाण् (अनु+ज्ञा) આજ્ઞા-આપવી.

अणु+भव् (अनु+भू=भव्) અનુભવ કરવો, જાણવું.

अणु+या } (अनु+या) અનુસરવું.
अणु+जा } પાછળ જવું.

अणु+सर् (अनु+सृ) અનુસરવું.

अणु+सास् (अनु+शास्) શિખામણ આપવી, ઉપદેશ આપવો, આજ્ઞા આપવી.

अप्प् } (अर्पय्) અર્પણ કરવું,
पणाम् } ભેટ કરવું.

अब्भस् (अभ्यस्) અભ્યાસ-કરવો, શીખવું.

अब्भुद्धर् (अभि+उद्+धृ) ઉદ્ધાર કરવો.

अभि+नंद् (अभि+नंद्) પ્રશંસા કરવી.

अभि+निक्खम् (अभि+निष्+क्रम्) સંયમને માટે ઘરેથી નીકળવું

अभि+सिंच् (अभि+सिञ्च्) અભિષેક કરવો.

अरिह् (अर्ह्) લાયક થવું, યોગ્ય થવું, પૂજા કરવી.

अल्ली (आ+ली) આશ્રય કરવો, આલિંગન કરવું, પ્રવેશ કરવો.

अव+गण् (अव+गण्) અવગણના કરવી, અપમાન કરવું.

अव+ने (अप+नी) દૂર કરવું, ખસેડવું.

अव+मन्न् (अव+मन्य) અવજ્ઞા કરવી, અપમાન કરવું.

अव+लंब् (अव+लम्ब्) આશ્રય લેવો.

अविक्ख् } (अप+ईक्ष्) અપેક્ષા
अवेक्ख् } કરવી, ઇચ્છવું.

अवे (अप+इ) દૂર થવું, પાછા હઠવું.

अवे (अव+इ) જાણવું.

अस् (अस्) હોવું, થવું.

अहिज्ज् (अधि+इ) ભણવું, અભ્યાસ કરવો.

अहि+लस्(अभि+लष्) ઇચ્છા કરવી.

આ

आइक्ख् (आ+चक्ष्) કહેવું, ઉપદેશ આપવો, સમજાવવું.

आइग्घ् (आ+घ्रा) સુંઘવું.

आ+गच्छ् (आ+गम्) આવવું.

आढा } (आ+दृ) આદર કરવો,
आदर् } માનવું, આદરવું.

आ+णे (आ+नी) લાવવું.

आ+दिस् (आ+दिश्) આદેશ કરવો, ફરમાવવું.

आ+भोय् (आ+भोगय्) દેખવું, વિચારવું, જાણવું.

आ+रंभ् आरभ् } (आ+रभ्)
आढव् } શરૂ કરવું.

आ+राह् (आ+राध्) આરાધના કરવી, સેવા કરવી.

आ+लोय् (आ+लोक्) દેખવું, તપાસવું.

आलोय् (आ+लोच्) આલોચના કરવી, દેખાડવું, વિચારવું.

आ+सास् (आ+श्वासय्) શાન્તિ આપવી, આશ્વાસન દેવું.

आ+हर् (आ+हृ) આહાર કરવો.

इ

इच्छ् (इष्–इच्छ्) ઇચ્છવું, ચાહવું.

उ

उंघ् (नि+द्रा) ઊંઘવું.

उग्घाड् (उद्+घाटय्) ઉઘાડવું.

उज्जम् (उद्+यम्) ઉદ્યમ કરવો, પ્રયત્ન કરવો.

उज्झ् (उज्झ्) ત્યાગ કરવો, છોડવું

उट्ठ, उट्ठा (उत्+स्था) ઉઠવું.

उड्डे (उद्+डी) ઉડવું.

उदे (उद्+इ) ઉદય પામવું.

उद्दाल् } (आ+छिद्) છીનવી લેવું.
अच्छिंद् }

उद्धर् (उद्+धृ) ઉદ્ધાર કરવો.

उन्नाम् } (उद्+नामय्) ઊંચુ કરવું,
उल्लाल् } ઉપર ફેરવવું.

उप्पज्ज् (उत्+पद्य) ઉત્પન્ન થવું, ઉપજવું.

उम्मूल् (उद्+मूलय्) મૂલથી-ઉખેડવું.

उल्लंघ् (उद्+लङ्घ्) ઉલ્લંધન કરવું.

उवज्ज् (उत्पद्य) ઉત્પન્ન થવું, ઉપજવું.

उव+दंस् (उप+दर्शय्) દેખાડવું.

उव+दिस् (उप+दिश्) ઉપદેશ આપવો.

उव+भुंज् (उप+भुञ्ज्) ભોગવવું., ઉપભોગ કરવો.

उव+यर् (उप+कृ) ઉપકાર કરવો.

उव+वज्ज् (उप+पद्य) ઉત્પન્ન થવું.

उव+विस् (उप+विश्) બેસવું.

उव+सम् (उप+शम्) શાન્ત થવું.

उव्वह् (उद्+वह्) વહન કરવું, પાલન કરવું.

उव्विव् (उद्+विज्) ઉદ્વેગ કરવો, ખિન્ન થવું.

उवे (उप+इ) પાસે જવું.

ए

ए (इ) જવું, પામવું.

ए (आ+इ) આવવું.

एस् (आ+इष्) શોધવું, શુદ્ધ ભિક્ષાની તપાસ કરવી.

ओ.

ओंघ् (नि+द्रा) ઊંઘવું.

क.

कंख्, मह् (काङ्क्ष्) ચાહવું.

कंप् (कम्प्) કંપવું, ધ્રૂજવું.

कढ् (क्वथ्) ઉકાળવું, તપાવવું.

कप्प् (क्लृप्) સમર્થ થવું, કલ્પવું, છેદવું.

कर् (कृ) કરવું.

करिस् } (कृष्) ખેડવું, કાઢવું
कड्ढ् } ખેંચવું.

कह् (कथ्) કહેવું.

किण् (क्री) ખરીદવું.

किलम्म् (क्लम्) ખિન્ન થવું.

कीड्, कील् (क्रीड्) ક્રીડા કરવી.

कुज्झ् (क्रुध्–क्रुध्य) ક્રોધ કરવો.

कुण् (कृ) કરવું.

कुप्प् (कुप्–कुप्य) કોપ કરવો.

कुव्व् (कृ–कुर्व्) કરવું, બનાવવું.

ख

खंड् (खण्डय्) તોડવું, કકડા કરવા.

खण् (खन्) ખોદવું.

खम् (क्षम्) ક્ષમા કરવી, માફી માંગવી, સહન કરવું.

खल् (स्खल्) રોકવું, અટકાવવું, પડવું, ભૂલવું, ટપકવું.

खा, खाय् (खाद्) ખાવું, જમવું.

खिंस् (खिंस्) નિન્દા કરવી, ગર્હા કરવી.

खिज्ज् (खिद्) ખેદ કરવો, અફસોસ કરવો.

खिव् (क्षिप्) ફેંકવું.

खुभ्, खुब्भ् (क्षुभ्) ક્ષોભ પામવો, ગભરાવું.

ग

गंठ, गंथ् (ग्रन्थ्) ગુંથવું, બનાવવું, રચવું.

गच्छ् (गम्) ગમન કરવું, જવું.

गण् (गण्) ગણવું.

गम् (गमय्) વીતાવવું.

गरिह् (गर्ह्) નિંદવું.

गल् (गल्) ગળી જવું, સડવું, નાશ પામવું.

गवेस् (गवेषय्) ગવેષણા કરવી, તપાસવું.

गह् (ग्रह्) ગ્રહણ કરવું.

गा (गै) ગાવું.

गिज्झ् (गृध्-गृध्य) આસક્ત થવું, લંપટ થવું.

गिण्ह् (ग्रह्) ગ્રહણ કરવું.

गिला (ग्लै) ગ્લાનિ પામવી, ખિન્ન થવું, કરમાવું.

(घ)

घोट्ट (पा) પીવું.

च

चक्कम्म् (भ्रम्) ભમવું, ભટકવું.

चक्ख् (आ+स्वाद्) સ્વાદ કરવો, ચાખવું.

चड्, आ-रोह् (आ+रुह्) ચઢવું, વધવું, આરૂઢ થવું.

चय् (त्यज्) ત્યાગ કરવો.

चय्, तर्, सक्क् (शक्) શક્તિમાન થવું.

चर् (चर्) ચાલવું, ચરવું.

चल्, चल्ल् (चल्) ચાલવું.

चव् (च्यु) ચવવું, પડવું.

चव् (कथ्) કહેવું, બોલવું.

चिइच्छ्, चिगिच्छ् (चिकित्स्) ચિકિત્સા કરવી, દવા કરવી.

चिंत (चिन्त्), परि+चिंत् ચિન્તવન કરવું, વિચાર કરવો.

चिट्ठ् (स्था-तिष्ठ) ઉભા રહેવું.

चिण् (चि) એકઠું કરવું.

चुक्क्, भुल्ल् (भ्रंश्) ભ્રષ્ટ થવું, ચુકવું, પડવું, ભૂલ કરવી.

चोप्पड् } (म्रक्ष्) ચોપડવું,
मक्ख् } સ્નિગ્ધ કરવું.
चोर् (चोरय्) ચોરી કરવી.

છ

छड्ड (मुच्) મૂકવું છોડવું.
छज्ज् (राज्) શોભવું.
छिंद् (छिद्) છેદવું.
छिव्, छिह् (स्पृश्) સ્પર્શ કરવો.

જ

जंप् (कथ्, जल्प्) કહેવું, બોલવું.
जग्ग्, जागर् (जागृ) જાગવું.
जण् (जनय्) ઉત્પન્ન કરવું, પેદા કરવું.
जम्म् (जन्) ઉત્પન્ન થવું.
जय् (जि–जय्) જય પામવો, જિતવું.
जय् (यत्) યત્ન કરવો, મહેનત કરવી.
जर् (जृ) જીર્ણ થવું, ઘરડા થવું.
जव् (जप्) જપવું.
जा (जन्) ઉત્પન્ન થવું.
जा (या) જવું, ગમન કરવું.
जाण्, मुण् (ज्ञा) જાણવું.
जाय् (याच्) પ્રાર્થના કરવી, માગવું.
जाव् } (यापय्) વીતાવવું,
जव् } શરીરનું પાલન કરવું.
जिण् (जि) જિતવું.
जिव् (जीव्) જીવવું.
जीव् (जीव्) જીવવું.
जीह् (लज्ज्) લજ્જા પામવી.
जुंज् } (युञ्ज्–युज्य) જોડવું,
जुज्ज् } યુક્ત કરવું.
जुज्झ् (युध्–युध्य) લડવું, યુદ્ધ કરવું.
जे (जि) જીતવું, જય પામવો.
जेम् (भुञ्ज्) જમવું, ભોજન કરવું.
जोय् (दृश्) દેખવું, જોવું.
जोय् (द्योत्) પ્રકાશવું.

ઝ

झड् (शद्) સડવું, પડવું,
ઝાપટ મારવી.
झर् (क्षर्) ઝરવું, ટપકવું.
झा (ध्यै) ધ્યાન કરવું.

ઠ

ठव् (स्थापय्) સ્થાપન કરવું.
ठा (स्था) ઉભા રહેવું.

ડ

डर्, तस् (त्रस्) ત્રાસ પામવો, ડરવું.
डंस्, डस् (दंश्) ડસવું, કરડવું.
डह् (दह्) દાઝવું, બળવું, બાળવું.
डे (डी) ઉડવું.

ઢ

ढक्क् } (छादय्) ઢાંકવું,
छाय् } આચ્છાદન કરવું.

ढिक्क् (गर्ज्) બળદનું ગાજવું.

ण

णज्ज् (ज्ञा) જાણવું.

णिमज्ज्, णुमज्ज् (नि+मस्ज्) ડૂબવું.

णी, णीण् (गम्) ગમન કરવું.

णे (नी) લઈ જવું.

णूहव् (ण्हु) સંતાડવું,

णूहा (स्ना) સ્નાન કરવું, ન્હાવું.

त

तच्छ्, छोल्ल् (तक्ष्) છોલવું, કાપવું.

तण् } (तन्) પાથરવું,
तड्ड } વિસ્તાર કરવો.

तर् (त) તરવું.

तव् (तप्) તપવું.

ताड् } *(ताडय्)* તાડના કરવી,
ताल् } મારવું.

तुड् } (त्रुट्–तुड्) તૂટવું,
तुट्ट } ખંડિત થવું.

तुवर् (त्वर्) ત્વરા કરવી,
ઉતાવળા થવું.

तूस् } (तुष्–तुष्य) સંતોષ
तुस्स् } પામવો, ખુશી થવું.

थ

थक्क् (स्था) ઉભા રહેવું.

थुण् (स्तु) સ્તુતિ કરવી.

द

दंड् (दण्डय्) શિક્ષા કરવી.

दंस् (दंश्) ડસવું, કરડવું.

दक्ख्, दच्छ् (दृश्) દેખવું, જોવું.

दम् (दम्) દમવું, નિગ્રહ કરવો.

दरिस् (दृश्–दर्श्) દેખવું.

दा, दे (दा) દાન આપવું, દેવું.

दाव्, दरिस् } (दर्शय) દેખાડવું,
दक्खव्, दंस् } બતાવવું.

दिप्प् (दीप्) દીપવું, પ્રકાશવું.

दुगुच्छ्, दुगुंछ् } (जुगुप्स्) ધૃણા કરવી,
जुगुच्छ् } નિંદા કરવી.

दुह्, दोह् (दुह्) દોહવું.

दूम् (दू–दावय्) દુઃખ આપવું,
સંતાપ ઉપજાવવો.

दूस्, दुस्स *(दुष्–दुष्य)* દોષિત કરવું.

देक्ख् (दृश्) દેખવું, જોવું.

ध

धर् (धृ) ધારણ કરવું.

धरिस् (धृष्) સામા થવું. હિમ્મત
કરવી, હોડ બકવી.

धा (धा) ધારણ કરવું.

धा, धाय् } (धाव्) દોડવું.
धाव् }

धुण्, धुव् (धू) ધ્રુજાવવું, હલાવવું.

न

नच्च् (नृत्–नृत्य) નાચવું.

નજ્ઝ (નહ્ય) બાંધવું.
નટ્ટ (નટ્) નાચવું.
નમ, નવ્ (નમ્) નમવું, નમસ્કાર કરવો.
નમંસ્ (નમસ્ય) નમસ્કાર કરવો.
નસ્સ, નાસ્ (નશ્–નશ્ય) નાશ પામવું.
નાસવ્, નાસ્ પલાવ્ } નાશ કરવો. (નાશય્) ભગાડવું.
નિઅ, નિઅચ્છ્ (દૃશ્) જોવું.
નિંદ્ (નિન્દ્) નિંદવું.
નિગિણ્હ્ નિગ્ગહ્ } (નિ+ગ્રહ્) પકડવું, નિગ્રહ કરવો,
નિજ્જર્ (નિર્+જૃ) ક્ષય કરવો, નાશ કરવો, કર્મનો ક્ષય કરવો.
નિજ્ઝર્ (ક્ષિ) ક્ષય પામવું.
નિણ્હવ્ (નિ+હ્નુ) સંતાડવું, છુપાવવું, અપલાપ કરવો.
નિદ્દા (નિ+દ્રા) નિદ્રા લેવી, ઊંઘવું.
નિપ્પજ્જ્ નિપ્ફજ્જ્ } (નિષ્પદ્ય) નિષ્પન્ન થવું, સિદ્ધ થવું, નીપજવું.
નિમ્માણ્ નિમ્મવ્ } (નિર્+મા) બનાવવુ, રચવું
નિ+વડ્ (નિ+પત્) નીચે પડવું.
નિવટ્ટ નિઅટ્ટ } (નિ+વૃત્) પાછા ફરવું.
નિવ્વિજ્જ્ (નિર્+વિદ્ય) નિર્વેદ પામવો, વિરક્ત થવું.
નીસર, નિસ્સર } (નિસ્+સર્) નીકળવું.
નિહર, નીહર }
નીસસ્ નિસ્સસ્ } (નિર્+શ્વસ્) નિશ્વાસ લેવો, ઝંખ્ નીસાસો લેવો.
નીસાર નિસ્સાર } (નિર્+સારય) બહાર - નીકળવું.
ને (ની) લઈ જવું, દોરવું.

પ.

પઉસ્સ્ પઉસ્ } (પ્ર+દ્વિષ્) દ્વેષ કરવો
પક્ખિવ્ (પ્ર+ક્ષિપ્) નાંખવું.
પજ્જુવાસ્ (પર્યુપાસ્) સેવાભક્તિ કરવી.
પટ્ઠવ પટ્ઠાવ } (પ્ર+સ્થાપય્) મોકલવું, પ્રસ્થાન કરવું, પ્રારંભ કરવો.
પડ્ (પત્) પડવું, પતિત થવું.
પડિક્કમ્ (પ્રતિ+ક્રમ્ નિવૃત્ત થવું, પાછા ફરવું.
પડિવજ્જ્ (પ્રતિ+પદ્ય) સ્વીકાર કરવો, અંગીકાર કરવો.
પઢ્ (પઠ્) પઢવું, ભણવું.
પણ્ણવ્ પન્નવ્ } (પ્ર+જ્ઞાપય્) પ્રરૂપણા કરવી, ઉપદેશ આપવો.
પત્તિ પત્તિઅ } (પ્રતિ+ઇ) વિશ્વાસ કરવો, આશ્રય કરવો.
પત્તિઆવ્ (પ્રતિ+આયય્) વિશ્વાસ કરાવવો, પ્રતીતિ કરાવવી.

પત્थ્, પચ્છ્ (પ્ર+અર્થય્) પ્રાર્થના કરવી.
પ+ભાવ્ (પ્ર+ભાવય્) પ્રભાવના કરવી.
પ+મજ્જ્ (પ્ર+મૃજ્) પ્રમાર્જના કરવી, સાફ કરવું.
પમજ્જ્ (પ્ર+માદ્ય) પ્રમાદ કરવો, ભૂલવું.
પ+માય્ (પ્ર+મદ્–માદ્) પ્રમાદ કરવો, ભૂલવું.
પમ્હસ્ (વિ+સ્મૃ) ભુલવું, વિસ્મરણ થવું.
પય્ (પચ્) પકાવવું, રાંધવું.
પયા (પ્ર+જનય્) જન્મ આપવો, ઉત્પન્ન કરવું.
પ+યાસ્ (પ્ર+કાશ્) પ્રકાશવું.
પરાવટ્ટ્ (પરા+વૃત્) આવૃત્તિ કરવી, ફેરફાર થવો.
પરિઆલ્ (વેષ્ટય્) લપેટવું, વીંટવું.
પરિક્ખ્ } (પરિ+ઈક્ષ્) પરીક્ષા કરવી,
પરિચ્છ્ } તપાસવું.
પરિચય્ } (પરિ+ત્યજ્) પરિત્યાગ
પરિચ્ચય્ } કરવો.
પરિચિંત્ (પરિ+ચિન્તય્) ચિંતન કરવું.
પરિ+તપ્પ્ (પરિ+તપ્ય) પશ્ચાત્તાપ કરવો, ગરમ થવું.
પરિ+દેવ્ (પરિ+દેવ્) વિલાપ કરવો.
પરિ+નિવ્વા (પરિ+નિર્+વા) શાંત થવું, સર્વ કર્મ રહિત થવું.
પરિવ્વય્ (પરિ+વ્રજ્) દીક્ષા લેવી.
પરિહર્ (પરિ+હૃ) ત્યાગ કરવો.
પરિ+હા } (પરિ+ધા) પહેરવું,
પરિ+ધા } ધારણ કરવું.
પલાવ્ (નાશય્) નસાડવું, ભગાડવું.
પલોટ્ટ્ (પ્ર+લુટ્) લોટવું, આળોટવું.
પલોટ્ટ્ } (પર્યસ્) ફેંકવું, પલટવું,
પલટ્ટ્ } પલ્હત્થ્ વિપરીત થવું.
પ+વજ્જ્ (પ્ર+પદ્ય) સ્વીકાર કરવો.
પ+વટ્ટ્ } (પ્ર+વૃત્) પ્રવર્તવું,
પ+યટ્ટ્ } પ્રવૃત્તિ કરવી.
પ+વિસ્ (પ્ર+વિશ્) પ્રવેશ કરવો.
પવ્વય્ (પ્ર+વ્રજ્) પ્રવ્રજ્યા;દીક્ષા લેવી.
પવ્વાવ્ (પ્ર+વ્રાજય્) દીક્ષા અપાવવી.
પ+સંસ્ (પ્ર+શંસ્) પ્રશંસા કરવી.
પ+સમ્ (પ્ર+શમ્) શાન્તિ કરવી.
પ+સવ્ (પ્ર+સૂ) પ્રસવ કરવો, જન્મ આપવો, ઉત્પન્ન કરવું.
પહર્ (પ્ર+હૃ) પ્રહાર કરવો.
પહુપ્પ (પ્ર+ભૂ) સમર્થ થવું.
પા (પા) પીવું, પાન કરવું.
પાउब्भव् (પ્રાદુસ્+ભૂ) પ્રકટ થવું.
પારં+ગચ્છ્ (પારઙ્ગચ્છ્) પાર પામવું.
પાલ્ (પાલય્) પાલન કરવું.
પાલાવ્ પ્રે. (પાલય્) પાલન કરાવવું.
પાવ્ (પ્ર+આપ્) પામવું, મેળવવું.

પાસ્ } (દૃશ્, પશ્ય) દેખવું,
પસ્સ્ } જોવું.

પિવ } (પા–પિબ્) પીવું.
પિજ્જ્ }

પીડ્ } (પીડ્) પીડવું, દુઃખ દેવું,
પીલ્ } કનડવું.

પીણ્ (પ્રીણ) પ્રેમ ઉપજાવવો, ખુશ કરવું.

પુચ્છ્ (પૃચ્છ્) પુછવું.

પુણ્ (પૂ) પવિત્ર કરવું.

પુલોઅ, પુલઅ (દૃશ્) જોવું.

પૂજ્, પૂય્ (પૂજય્) પૂજા કરવી.

પૂર્ (પૂરય્) પૂરણ કરવું, ભરવું.

પુસ્ } (પુષ્–પુષ્ય) પોષણ કરવું.
પુસ્સ્ }

પેક્ખ્, પિક્ખ્ } (પ્ર+ઈક્ષ્) જોવું.
પેચ્છ્ }

ફ

ફાડ્, ફાલ્ (પાટય્) ફાડવું, ચીરવું.

ફાસ્, ફરિસ્ (સ્પૃશ્) સ્પર્શ કરવો.

ફુટ્ટ્ } (સ્ફુટ્–ભ્રંશ્) વિકસવું, ફૂટવું,
ફુડ્ } ભાંગવું, ખીલવું.

ફેડ્ (સ્ફેટય્) વિનાશ કરવો,
દૂર કરવું.

બ

બંધ્ (બન્ધ્) બન્ધન કરવું, બાંધવું.

બવ્, બુવ્ (બ્રૂ) બોલવું.

બહુમાણ્ (બહુમાનય્) સન્માન કરવું.

બાહ્ (બાધ્) પીડવું, કનડવું.

બીહ્ (ભી) બીવું, ભય પામવું.

બુક્ક્ (ગર્જ્) ગર્જના કરવી, ગાજવું.

બુજ્ઝ્ (બુધ્–બુધ્ય) બોધ થવો,
જ્ઞાન મેળવવું, જાગવું, સમજવું.

બુડ્ડ (મસ્જ્) ડુબી જવું.

બુહુક્ખ્ (બુભુક્ષ્) ખાવાની ઈચ્છા
કરવી.

બોલ્લ્ (કથ્) બોલવું.

બોહ્ (બોધ્) બોધ થવો, જાણવું.

ભ

ભંજ્ (ભઞ્જ્) ભાંગવું, તોડવું.

ભજ્જ્ (ભ્રસ્જ્) ભુંજવું, બાળવું.

ભણ્ (ભણ્) ભણવું.

ભમ્, ભમ્મ્ (ભ્રમ્) ભમવું, ભટકવું.

ભર્ (ભૃ) ભરવું.

ભવ્ (ભૂ) હોવું, થવું.

ભસ્ } (ભષ્) ભસવું, કૂતરાનું
બુક્ક્ } ભુંકવું.

ભા (ભા) દીપવું, પ્રકાશવું.

ભાવ્ (ભાવય્) ચિંતન કરવું.

ભાસ્ (ભાષ્) બોલવું.

ભાસ્, ભિસ્ (ભાસ્) શોભવું, પ્રકાશવું.

ભિંદ્ (ભિદ્) ભેદવું, ચીરવું, ફાડવું.

भुंज् (भुञ्ज्) જમવું.
भुल्ल् (भ्रंश्) ભૂલવું, ચૂકવું.
भूस् (भूषय्) શોભાવવું, શણગારવું.

म

मंत् (मन्त्रय्) વિચાર કરવો.
नि+मंत् (निमन्त्रय्) નિમંત્રણ કરવું, બોલાવવું.
मग्ग् (मार्गय्) માગવું, શોધવું.
मज्ज् } (मद्) મદ કરવો,
मच्च् } અભિમાન કરવું.
मन् (मन्–मन्य) માનવું, વિચારવું.
मर् (मृ) મરવું.
मरिस् (मृश्) વિચારવું.
मरिस् (मृष्) સહન કરવું, ક્ષમા આપવી.
माण् (मानय्) સન્માન કરવો, આદર કરવો.
मिला (म्लै) ખિન્ન થવું, કરમાવું.
मुंच् } (मुच्–मुञ्च्) મૂકવું, છોડવું.
मुय् }
मुज्झ् (मुह्–मुह्य) મુંઝાવું, મોહ પામવો, ઘેલા થવું.
मुण (ज्ञा) જાણવું.
मुव्वहइ (उद्+वहति)ને ધારણ કરે છે.
मेल्ल् (मुच्) મૂકવું, છોડવું.

र

रंज (रञ्ज्) ખુશી કરવું.
रक्ख् (रक्ष्) રક્ષણ કરવું.
रक्खाव् પ્રે. (रक्षय्) પાલન કરાવવું.
रम् (रम्) રમવું, આનંદ માનવો.
रय् (रचय्) રચવું, ગોઠવવું, બનાવવું.
रव् (रु) શબ્દ કરવો, અવાજ કરવો.
राय् } (राज्–वि+राज्)
वि+राय् } શોભવું, વિરાજવું.
रुंध्, रुज्झ् } (रुध्) રોકવું.
रुंभ् }
रुच्च् } (रुच्) રુચવું, પસંદ પડવું.
रोय् }
रुव्, रोव् (रुद्) રોવું, રુદન, કરવું.
रुह् } (रुह्) ઉગવું, વધવું.
रोह् } આરોહણ કરવું.
रूस् } (रुष्–रुष्य) ક્રોધ કરવો,
रुस्स् } રોષ કરવો.
रेह् (राज्) શોભવું.
रोमन्थ्, वग्गोल् (रोमन्थय्) વાગોળવું.

ल

लज्ज् (लस्ज्–लज्ज्) લજ્જા પામવી, શરમાવું.
लव (लप्) બોલવું, કહેવું.
लह्, लभ् (लभ्) મેળવવું, પામવું.
लिंप् (लिप्) લીંપવું, ચોપડવું.

લિહ્ (લિહ્) ચાટવું.
લિહ્, લેહ્ (લિખ્) લખવું.
લુણ્ (લૂ) કાપવું.
લુબ્ભ્ (લુભ્ય) લોભ કરવો.
લુહ્ (મૃજ્) ધોવું, સાફ કરવું, લુંછવું.

વ

વંચ્ (વઞ્ચ્) ઠગવું, છેતરવું.
વંછ્ (વાઞ્છ્) વાંછવું, ઈચ્છવું.
વંદ્ (વન્દ્) વંદન કરવું, નમવું.
વક્ખાણ્ (વ્યાખ્યાનય્) વ્યાખ્યાન કરવું, સ્પષ્ટ સમજાવવું.
વચ્ચ્ (વ્રજ્) જવું.
વજ્જ્ (વર્જય્) ત્યાગ કરવો.
વજ્જર્ (કથ્) કહેવું.
વટ્ટ (વૃત્–વર્ત્) વર્તવું હોવું
વડ્ઢ્ (વૃધ્–વર્ધ્) વધવું.
વણ્ણ્, વન્ (વર્ણય્) વખાણવું, વર્ણન કરવું.
વય્ (વદ્) બોલવું.
વર્ (વૃ–વૃ) વરવું, પસંદ કરવું.
વરિસ્ (વૃષ્) વરસવું, વૃષ્ટિ કરવી.
વલગ્ગ્ (આ+રુહ્) ચઢવું, વળગવું
ववस् (व्यव+सो) પ્રયત્ન કરવો.
વસ્ (વસ્) વસવું, રહેવું.
વસીકુણ્, વસીકર્ (વશી+કૃ) વશમાં કરવું.
વહ્ (વહ્) વહેવું, લઈ જવું.
વાગર્ (વિ+આ+કૃ) કહેવું, બોલવું, પ્રતિપાદન કરવું.
વાય્ (વાચય્) વાંચવું, ભણવું, ભણાવવું.
વાહર્ (વિ+આ+હ્ર) બોલવું, કહેવું, બોલાવવું.
વિઉવ્વ્ (વિ+કૃ) બનાવવું, કરવું, વિકુર્વવું.
વિક્કિણ્, વિક્કે (વિ+ક્રી) વેચવું, બદલો કરવો.
વિજ્જ્ (વિદ્–વિદ્ય) હોવું, થવું.
વિજ્ઝ્, વિંધ્ (વ્યધ્–વિધ્ય) વીંધવું, વેધ કરવો.
વિઢવ્ (અર્જ્) ઉપાર્જન કરવું, મેળવવું, પેદા કરવું.
વિણ્ણવ્ (વિ+જ્ઞપય્) વિનંતી કરવી, પ્રાર્થના કરવી.
વિયસ્ (વિ+કસ્) વિકાસ પામવો.
વિરમ્ (વિ+રમ્) અટકવું.
વિ+રાય્ (વિ+રાજ્) શોભવું.
વિલવ્ (વિ+લવ્) વિલાપ કરવો, રોવું.
વિલસ્ (વિ+લસ્) વિલાસ કરવો.
વિવાહ્ (વિ+વાહય્) લગ્ન કરવા.
વિ+સીય્ (વિ+સીદ્) ખેદ કરવો.
વિહર્ (વિ+હ્ર) વિહાર કરવો.

વિ+હે (વિ+ધા) કરવું, બનાવવું.
વીસમ્ } (વિ+શ્રમ્) વિશ્રાંતિ લેવી.
વિસ્સમ્ }
વીસર્ } (વિ+સ્મૃ) ભૂલી જવું,
વિસ્સર્ } વીસરવું.
વીસસ્ (વિ+શ્વસ્) વિશ્વાસ કરવો, ભરોસો કરવો.
બુક્ક્, ભસ્ (ભષ્) ભસવું.
વેઢ્ (વેષ્ટ્) વીંટવું, લપેટવું.
વેવ્ (વેપ્) કંપવું.
વોલ્ (ગમ્) જવું, ગુજારવું, ઉલંઘન કરવું, વીતાવવું.
વોલ્ (અતિ+ક્રમ્) ઉલંઘવું.
વોસિર્ (વિ+ઉત્+સૃજ્) ત્યાગ કરવો, છોડવું.

સ

સંગચ્છ્ (સમ્+ગમ્) મળવું.
સં+ચિણ્ (સં+ચિ) સંચય કરવો.
સં+જમ્ (સં+યમ્) સંયમ લેવો, પ્રયત્ન કરવો, બાંધવું.
સં+જય્ (સં+યત્) સારી પ્રવૃત્તિ કરવી.
સં+જલ્ (સં+જ્વલ્) જલવું, ક્રોધ કરવો, આક્રોશ કરવો.
સં+દિસ્ (સં+દિશ્) સંદેશો કહેવો, સમાચાર કહેવા.
સં+ધ્ } (સં+ધા) સાંધવું, જોડવું,
સં+ધા } ચાહવું.
સં+પજ્જ્ (સમ્પદ્ય) પ્રાપ્ત કરવું, પામવું.
સં+પ+મજ્જ્ (સમ્+પ્ર+મૃજ્) સાફ કરવું, નિર્મળ કરવું.
સં+ભર્ } (સં+સ્મૃ) સ્મરણ કરવું,
સમ્હર્ } યાદ કરવું.
સંહર્ (સં+હૃ) સંહાર કરવો.
સક્ક્ (શક્) સમર્થ થવું.
સદ્ (શદ્) સડવું, ખેદ કરવો.
સદ્દહ્ (શ્રદ્+ધા) શ્રધ્દા કરવી,
સન્નામ્ (આ+દૃ) આદર કરવો.
સમાણ્ } (સમ્+આપ્) સમાપ્ત કરવું,
સમાવ્ } પૂર્ણ કરવું.
સમાયર્ (સમ્+આ+ચર્) કરવું, આચરણ કરવું.
સમારંભ્ (સમ્+આ+રભ્) શરૂ કરવું, હિંસા કરવી.
સર્ (સૃ) સરકવું, ખસવું, જવું.
સર્ (સ્મૃ) સ્મરણ કરવું, યાદ કરવું, સંભાળવું.
સલહ્ (શ્લાઘ્) પ્રશંસા કરવી.
સવ્ (શપ્) શાપ દેવો, સોગન દેવા.
સવ્ (સૂ) જન્મ આપવો.
સહ્ (સહ્) સહન કરવું.
સહ્ (રાજ્) શોભવું.

साह् (कथ्) કહેવું.
साह् (साध्) સાધવું, સિદ્ધ કરવું.
सिंच् (सिञ्च्) છાંટવું, ભીનું કરવું.
सिक्ख् (शिक्ष्) ભણવું.
सिज्झ् (सिध्–सिध्य) સિદ્ધ થવું.
सिढिल् (शिथिलय्) શિથિલ કરવું.
सिलाह् (श्लाघ्) પ્રશંસા કરવી.
सिलेस् (श्लिष्) ભેટવું, આલિંગન કરવું.
सिव्व् (सीव्) સીવવું સાધવું.
सिह् (स्पृह्) ચાહવું, ઈચ્છવું.
सीस् } (शिष्) હિંસા કરવી,
सिस्स् } બાકી રાખવું, વિશેષ કરવું.
सीस् (कथय्) કહેવું.
सुण् हण् (श्रु) સાંભળવું.
सुमर् (स्मृ) સ્મરણ કરવું, સંભાળવું.
सुव् } (स्वप्) ઊંઘવું, સૂવું,
सोव् } વિશ્રાન્તિ લેવી.
सुह् (सुखय्) સુખી કરવું.
सूय् (सूचय्) સૂચના કરવી.
सूस् } (शुष्–शुष्य) સુકાવું,
सुस्स् } સુકાઈ જવું.
सेव् (सेव्) સેવા કરવી.
सोय् } (शुच्–शोच्) શોક કરવો.
सोच् }
सोल्ल् (पच्) પકાવવું, રાંધવું.
सोह् (शोभ्) શોભવું.
सोह् (शोधय्) શુદ્ધિ કરવી, ગવેષણા કરવી

ह

हक्क् (नि+सिध्) નિષેધ કરવો.
हर् (हृ) હરણ કરવું, લઈ જવું.
हरिस् (हृष्–हर्ष्) હર્ષ થવો, ખુશી થવું.
हव् (हु) હોમ કરવો.
हव्, भव्, हुव (भू–भव्) હોવું, થવું.
हस् (हस्) હસવું.
हिंड् (हिण्ड्) જવું, ભમવું.
हिंस् (हिंस्) હિંસા કરવી.
हील् (हेलय्) હીલના કરવી, નિરસ્કાર કરવો, નિંદા કરવી.
हुण् (हु) હોમ કરવો.
हो (भू) હોવું, થવું.

पाइअसद्दकोसो

अइसय पुं. (अतिशय) अतिशय, महिमा, प्रभाव.

अईव अ. (अतीव) अत्यंत.

अउअ } न. (अयुत) दशहजार,
अजुअ } संख्याविशेष.

अउज्झा स्त्री. (अयोध्या) अयोध्या- नगरी.

अओ } अ. (अतः) એથી,
अतो } એ કારણને લીધે.

अंग न. (अङ्ग) अवयव, आचारांगादि बार अंग.

अंगण न. (अङ्गण) आंगणुं, चोक.

अंगार-ल } पुं. (अङ्गार) अंगारो,
इंगार-ल } કોલસો.

अंगुली स्त्री. (अङ्गुली) आंगळी.

अंजण न. (अञ्जन) કાજળ, आंखमां आंजवानो सुरमो.

अंत-अंतो अ. (अन्तर्) अंदर, વચમાં.

अंध, अन्ध वि. (अन्ध) आंधळो.

अंब पुं. (आम्र) आम्रवृक्ष,
" न. " आम्रफळ.

अंसु न. (अश्रु) आंसु.

अकाल पुं. (अकाल) असमय, समय विना.

अक्क पुं. (अर्क) सूर्य.

अग्ग न. (अग्र) आगळ, शिखर.

अग्गओ अ. (अग्रतः) अग्र, पहेलो.

अग्गला स्त्री. (अर्गला) दरवाजानो अडगरो, भोगळ, बेडी.

अगार न. (अगार) घर.

अग्गि पुं. (अग्नि) अग्नि.

अच्चण न. (अर्चन) पूजा.

अच्चणा स्त्री. (अर्चना) पूजा.

अच्चत्थ वि. (अत्यर्थ) अतिशय, पुष्कळ.

अच्चंत पुं. (अत्यन्त) घणुं, पुष्कळ.

अच्चय पुं. (अत्यय) विनाश, विपरीत आचरण.

अच्चा स्त्री. (अर्चा) पूजा, सत्कार.

अच्छि पुं. न. (अक्षि) आंख.

अच्छेर न. (आश्चर्य) विस्मय, चमत्कार.

अजसघोसणा स्त्री. (अयशोघोषणा) अपजशनी घोषणा.

अजिण्ण न. (अजीर्ण) अपचो.

अजीव पुं. (अजीव) अजीव.

अज्ज अ. (अद्य) आज.

अज्झयण न. (अध्ययन) अध्ययन.

अज्झाय पुं. (अध्याय) ગ્રંથનો અમુક ભાગ, અધિકાર વિશેષ.

अट्ठ / अत्थ } પું. ન. (અર્થ) ધન, વસ્તુ, પ્રયોજન, તાત્પર્ય, વિષય.

अडवि સ્ત્રી. (अटवि–वी) અટવી, अडवी જંગલ, અરણ્ય.

अण અ. નહીં, અભાવ.

अणंत વિ. (अनन्त) અનંત અપરિમિત.

अणंतखुत्तो / अणंतक्खुत्तो } અ. (अनन्तकृत्वस्) અનંતીવાર.

अणंतरं અ. (अनन्तरम्) આંતરા-રહિત, તુરત.

अणगारिया સ્ત્રી. (अनगारिता) સાધુપણું,

अणज्ज / अणारय } વિ. (અનાર્ય) અનાર્ય

अणत्थ / अणट्ठ } પું. (અનર્થ) નુકસાન, હાનિ.

अणाबाह વિ. (अनाबाध) પીડા રહિત.

अणिय ન. (अनीक) સૈન્ય, લશ્કર.

अणुओगदार ન.બ. (अनुयोगद्वार) સૂત્રવિશેષ.

अणुग्गह પું. (अनुग्रह) ઉપકાર કરવો, કૃપા કરવી.

अणुण्णा સ્ત્રી. (अनुज्ञा) રજા.

अणुपत्त વિ. (अनुप्राप्त) પામેલ.

अणेग વિ. (अनेक) એકથી વધારે.

अण्णमण्णं / अण्णोण्ण } અ. (अन्योऽन्यम्) પરસ્પર, એકબીજાને.

अण्णया અ. (अन्यदा) કાલાન્તરે, બીજી વખતે.

अण्णह / अण्णहा } અ. (अन्यथा) વિપરીત, બીજી રીતે.

अण्णहि, अण्णह / अण्णत्थ } અ.(अन्यत्र) બીજે ઠેકાણે.

अण्णाणि વિ.(अज्ञानिन्) અજ્ઞાની, મૂર્ખ.

अतुल्ल / अउल्ल } વિ.(अतुल्य) અસાધારણ.

अत्थ પું.(अस्त) અસ્તાચળ પર્વત, ન. મૃત્યુ, અન્તર્ધાન.

अत्थक्कं ન. (अकाण्डम्) અકસ્માત્, અકાળ.

अदुवा / अदुव, अदु } અ. (અથવા) વા, અથવા.

अद्धमागही સ્ત્રી. (अर्धमागधी) અર્ધમાગધી ભાષા.

अधम्म, अहम्म પું. (अधर्म) અધર્મ.

अन्न સ. (अन्य) બીજું.

अन्नुन्नरूव વિ. (अन्योन्यरूप) પરસ્પર સ્વરૂપવાળું.

अपि, अवि / पि, वि } અ. (अपि) પણ, વા, શંકા, સત્ય.

अपुव्व, अउव्व वि. (अपूर्व) नवुं.
अप्प वि. (अल्प) थोडुं.
अप्पकेर वि. (आत्मीय) पोतानुं.
अब्भ न. (अभ्र) मेघ, वादळुं.
अब्भत्थणा स्त्री. (अभ्यर्थना) प्रार्थना, आदर, सत्कार.
अभयकुमार पुं. (अभयकुमार) श्रेणिकना पुत्र.
अभिभूअ वि. (अभिभूत) पराभूत, पराजित.
अमयभूअ वि. (अमृतभूत) अमृत समान.
अमयरस पुं. (अमृतरस) सुधारस.
अमर पुं. (अमर) देव.
अमरी स्त्री. (अमरी) देवी.
अमावासा / अमावस्सा } स्त्री. (अमावास्या) अमावस्या, अमावस.
अमिअ, अमय न. (अमृत) अमृत.
अम्मो अ. (दे.) आश्चर्य.
अम्हारिस वि. (अस्मादृश) अमारा जेवा.
अयल पुं. (अचल) पर्वत. वि. स्थिर, निश्चल.
अयि / ऐ } अ.(अयि) प्रश्न, समाधान, सान्त्वन.
अरण्ण / रण्ण } न. (अरण्य) वन, जंगल.
अरइ स्त्री. (अरति) अप्रीति, सुखनो अभाव, ग्लानि.
अरिह पुं. (अर्हन्) तीर्थंकर,
अरिहंत, अरुहंत / अरहंत } पुं. (अर्हत्) तीर्थंकर, वि. पूजय.
अरुण पुं. (अरुण) संध्यारागा, सूर्य, सूर्यनो सारथि.
अलं अ. (अलम्) पूर्ण, प्रतिषेध, अलम्.
अलंकिय वि. (अलंकृत) शोभित.
अलाहि अ. (दे.) पर्याप्त, पूर्ण, प्रतिषेध, अलम्.
अलिय न. (अलीक) असत्य वचन.
अलोग पुं. (अलोक) अलोक.
अवच्च न. (अपत्य) पुत्र.
अवज्झाण न. (अपध्यान) दुर्ध्यान, दुष्ट चिंतववुं.
अवण्णा स्त्री. (अवज्ञा) अपमान, तिरस्कार.
अवमाण पुं. (अपमान) अपमान, तिरस्कार.
अवरण्ह पुं. (अपराह्ण) दिवसनो पाछलो भाग.
अवरा स्त्री. (अपरा) पश्चिमदिशा.
अवराह पुं. (अपराध) गुनो, वांक.
अववाय पुं. (अपवाद) निंदा, अपवाद.

अवस्सं अ. (अवश्य) જરૂર, નક્કી.
असइ अ. (असकृत्) વારંવાર.
असण न. (अशन) ભોજન, ખાવું તે.
असब्भ वि. (असभ्य) ખરાબ, સભ્ય નહીં
असाय न. (असात) પીડા, દુઃખ.
असार वि. (असार) સાર વિનાનું, નિરર્થક.
असुर पुं. (असुर) અસુર.
असुरिंद पुं. (असुरेन्द) અસુરોનો ઇન્દ્ર.
असोगचंद पुं. (अशोकचन्द) શ્રેણિકનો પુત્ર.
अह अ. (अथ) હવે, અધિકાર, પ્રશ્ન.
अहव, अहवा अ. (अथवा) કિંવા, વા.
अहि अ. (अभि) તરફ પાસે.
अहि पुं. (अहि) સર્પ.
अहिअ वि. (अधिक) ઘણું, વધારે.
अहिण्णु, अहिज्ज } वि. (अभिज्ञ) નિપુણ, પંડિત.
अहिमन्नु, अहिमज्जु, अहिमज्ञु } पुं. (अभिमन्यु) અર્જુનનો પુત્ર.
अहियगर वि. (अहितकर) અહિત કરનાર.
अहिलास पुं. (अभिलाष) અનુરાગ, ઇચ્છા.
अहुणा अ. (अधुना) સંપ્રતિ, હમણા.
अहो अ. (अहो) શોક, કરુણા, નિંદા, વિસ્મય.

आ

आइ पुं. (आदि) પ્રથમ, વગેરે, પ્રધાન, પૂર્વ.
आइच्च पुं. (आदित्य) સૂર્ય
आउ स्त्री. (आपः) પાણી.
आउल वि. (आकुल) વ્યાકુલ, વ્યાપ્ત, દુઃખી.
आउस, आउ पुं. न. (आयुष्) આયુષ્ય.
आउह न. (आयुध) શસ્ત્ર.
आएस पुं. (आदेश) હુકમ, આજ્ઞા.
आगच्छंत व. कृ. (आगच्छत्) આવતું.
आगम पुं. (आगम) શાસ્ત્ર, સિદ્ધાન્ત.
आगमत्थ पुं. (आगमार्थ) આગમનો અર્થ.
आगय वि. (आगत) આવેલ.
आगास पुं. न. (आकाश) આકાશ.
आणंद पुं. (आनन्द) વિશેષનામ.
आणा स्त्री. (आज्ञा) આદેશ, હુકમ.
आणाल पुं. (आलान) હાથીને બાંધવાનો ખૂંટો.
आयइ स्त्री. (आयति) ભાવિકાળ.

आयत्त वि. (आयत्त) આધીન.
आयरिअ } पुं. (आचार्य) આચાર્ય
आइरिअ }
आयव पुं. (आतप) આતપ, તડકો.
आयार पुं. (आचार) આચાર.
आयारंग न. (आचाराङ्ग) બાર અંગમાં પહેલું અંગ.
आरंभ पुं. (आरम्भ) આરંભ કરવો, શરૂઆત કરવી, જીવવધ.
आरब्भ सं. भू. कृ. (आरभ्य) શરૂ કરીને.
आराहणा स्त्री. (आराधना) ઉપાસના.
आलाव पुं. (आलाप) સૂત્રનો આલાપો, બોલવું.
आलोयणा स्त्री. (आलोचना) દેખાડવું, પ્રકટ કરવું, ગુરુને દોષ કહેવા.
आवया स्त्री. (आपद्–दा) આપદા, પીડા.
आवासय } न. (आवश्यक)
आवस्सय } નિત્યકર્મ, ધર્માનુષ્ઠાન.
आस पुं. (अश्व) ઘોડો.
आसण न. (आसन) બેસવાનું આસન, સ્થાન.
आसत्त वि. (आसक्त) આસક્ત.
आसन्न वि. (आसन्न) સમીપ રહેલ.
न. નજીક.
आसम पुं. (आश्रम) આશ્રમ.
आसायणा स्त्री. (आशातना) વિપરીત વર્તન, અપમાન.
आसिण पुं. (आश्विन) આસોમાસ.
आसीसा (आशीः) આશીર્વાદ.
आहार पुं. (आधार) આધાર, આલંબન, આશ્રય.
आहि पुं. स्त्री. (आधि) માનસિક પીડા.

इ

इअ, इइ } अ. (इति) એમ, આ
ति, त्ति } પ્રમાણે, સમાપ્તિ.
इंद पुं. (इन्द) ઈન્દ્ર.
इंदिय न. (इन्द्रिय) સ્પર્શનેન્દ્રિયાદિ પાંચ ઈન્દ્રિય. (ત્વચા, રસના, નાક, આંખ, કાન).
इंदियचोर पुं. (इन्द्रियचौर) ઈન્દ્રિયરૂપી ચોર.
इंदियवग्ग पुं. (इन्द्रियवर्ग) ઈન્દ્રિયોનો સમુદાય.
इंदु पुं. (इन्दु) ચન્દ્ર.
इक्खु पुं. (इक्षु) શેરડી.
इड्ढि } स्त्री. (ऋद्धि) વૈભવ,
रिड्ढि, इद्धि } ઐશ્વર્ય, સમૃદ્ધિ.
इणं सर्व. (इदम्) આ.
इत्थं अ. (इत्थम्) એવી રીતે.
इत्थी, थी स्त्री. (स्त्री) સ્ત્રી, નારી.

इम सर्व. (इदम्) આ.
इयर वि. (इतर) અન્ય, બીજો, દીન.
इयाणि, इयाणिं } अ. (इदानीम्) સંપ્રતિ.
दाणि, दाणिं } હમણા,આવખતે,
इव, मिव
पिव, विव } अ. (इव) પેઠે, જેમ,
व्व, व, विअ જાણે, જેવી રીતે.
इस्सरिअ } न. (ऐश्वर्य) વૈભવ,
ईसरिअ } પ્રભુતા.
इह } अ. (इह) અહીયાં, આ ઠેકાણે.
इहं }
इहरहा } अ. (इतरथा) અન્યથા,
इहरा } બીજી રીતે.

ई

ईसर पुं. (ईश्वर) ઈશ્વર, પ્રભુ.
ईसि, ईसिं } अ. (ईषद्) થોડું,
ईसीं } અલ્પ.

उ

उ अ. (उ) નિંદા, તિરસ્કાર, આમંત્રણ, વિસ્મય સૂચન.
उअ अ. (दे.) જુઓ, દેખો.
उक्किट्ठ वि. (उत्कृष्ट) ઉત્કૃષ્ટ.
उग्ग वि. (उग्र) તીવ્ર, પ્રબળ.
उचिअ वि. (उचित) યોગ્ય, લાયક.
उच्च–अ. वि. (उच्च–क)-ઉન્નત, ઉંચું.
उच्छाह पुं. (उत्साह) ઉત્સાહ, શક્તિ.
उच्छाहसत्तिं (उत्साह–शक्तिम्) ઉત્સાહ અને શક્તિને.
उज्जअ वि. (उद्यत) તત્પર.
उज्जम पुं. (उद्यम) ઉદ્યમ, મહેનત.
उज्जयंतपुं.(उज्जयन्त)गिरनार પર્વત.
उज्जाण न. (उद्यान) ઉદ્યાન, બગીચો.
उज्जोग पुं. (उद्योग) પ્રયત્ન, ઉદ્યમ, હુન્નર.
उट्ठाय सं. भू. (उत्थाय) ઉઠીને.
उत्तम, उत्तिम वि. (उत्तम) શ્રેષ્ઠ.
उत्तर न. (उत्तर) ઉત્તર, જવાબ.
उत्तरा स्त्री. (उत्तरा) ઉત્તર દિશા.
उदग, दग न. (उदक) પાણી, જળ.
उदाहु } अ. (उताहु) અથવા, કે.
उयाहु }
उप्पल न. (उत्पल) કમળ.
उम्मत्त वि. (उन्मत्त) મત્ત, ગાંડો.
उवएस पुं. (उपदेश) ઉપદેશ.
उवंग पुं. न. (उपाङ्ग) અંગનાં અર્થને વિસ્તાર કરનાર સૂત્ર, સૂત્ર વિશેષ.

उवज्जिअ वि. (उपार्जित) પેદા કરેલું.

उवज्झाय, ऊज्झाय, ओज्झाय } पुं. (उपाध्याय) પાઠક, અધ્યાપક, ઉપાધ્યાય.

उवयार पुं. (उपकार) ઉપકાર, આદર, સેવા.

उवरि, उवरिं, अवरि, अवरिं } अ. (उपरि) ઉપર, ઊર્ધ્વ.

उवस्सय पुं. (उपाश्रय) ઉપાશ્રય, જૈન સાધુઓનું નિવાસસ્થાન.

उवहि पुं. स्त्री. (उपधि) માયા, ઉપકરણ, સાધન.

उवाय पुं. (उपाय) ઉપાય.

उसह, उसभ } पुं. (ऋषभ) પ્રથમ જિનેશ્વરનું નામ.

उसह, वसह पुं. (वृषभ) બળદ.

ए

एअ–एग, एक–एक्क } वि. (एक) એક.

एक्कसरिअं अ. (दे.) શીઘ્ર, જલદી, હમણાં.

एक्कसि, एक्कसिअं, एक्कइआ, एगया } अ. (एकदा) એક વખતે.

एण्हि, एत्ताहे } अ. (इदानीम्) હમણાં, આ વખતે.

एत्थ, अत्थ अ. (अत्र) અહિં.

एरावण पुं. (ऐरावण) ઈન્દ્રનો હાથી.

एरिस वि. (ईदृश) એવું, એવી રીતનું, આવા પ્રકારનું.

एव, एवं अ. (एवम्) આ પ્રમાણે.

एव, णइ, चेअ, चिअ, च, च्च, च्चिअ, च्चेअ } अ. (एव) અવધારણ, નક્કી.

ओ

ओसढ, ओसह न. (औषध) ઔષધ.

ओह पुं. (ओघ) સમુદાય.

ओहि, अवहि } पुं. स्त्री. (अवधि) મર્યાદા, હદ, ત્રીજું અવધિજ્ઞાન. (રૂપી પદાર્થોને જણાવનારું અતીન્દ્રિય જ્ઞાન,)

क

क स. (किम्) કોણ.

कअ, कड वि. (कृत) કરેલું.

कइ, कवि पुं. (कवि) કવિ.

कउरव पुं. (कौरव) કુરુદેશમાં ઉત્પન્ન થયેલ, કૌરવ.

कउहा स्त्री. (ककुभ्) દિશા.

कए, कएण, कएणं } अ. (कृते) વાસ્તે, માટે, લીધે.

कंठ पुं. (कण्ठ) ગરદન, ગળું.

कज्ज न. (कार्य) કામ, કાજ.

कट्ठ न. (काष्ठ) લાકડું.

કટ્ઠ ન. (કષ્ટ) દુઃખ, સંકટ, કષ્ટ.
કણિટ્ઠ વિ. (કનિષ્ઠ) નાનું,
પું. નાનો ભાઈ.
કણ્ણ પું. (કર્ણ) કર્ણ.
કણ્હ, કિણ્હ પું. (કૃષ્ણ) વાસુદેવ.
કત્તાર, કત્તુ વિ. (કર્તૃ) કરનાર.
કત્તિઅ પું. (કાર્તિક) કાર્તિકમાસ.
કત્તો, કુતો, કઓ, કુદો, કુઓ } અ. (કુતઃ) ક્યાંથી
કત્થ, કહઅ. કહિ, કહિં } (કુત્ર–ક્વ) ક્યાં.
કત્થઇ અ. (ક્વચિત્) ક્યાં.
કન્નગા સ્ત્રી. (કન્યકા) કન્યા.
કન્ના સ્ત્રી. (કન્યા) કન્યા, સ્ત્રી.
કમલ ન. (કમલ) કમળ.
કયગ્ઘ વિ. (કૃતઘ્ન) નિમકહરામ.
કમ્મ પું. ન. (કર્મન્) કામ, કર્મ.
જ્ઞાનાવરણીયાદિ અષ્ટકર્મ.
કમ્મક્ખય પું. (કર્મક્ષય) કર્મક્ષય.
કયણ્ણુ વિ. (કૃતજ્ઞ) કૃતજ્ઞ,
ઉપકારને જાણનાર, નિમકહલાલ.
કયલી, કેલી સ્ત્રી. (કદલી) કેળ.
કયા અ. (કદા) ક્યારે.
કયાઇ, કયાઈ } અ. (કદાચિત્) કોઈ વખતે.

કરણ ન. (કરણ) ઈન્દ્રિય, કરવું, હેતુ.
કરુણાજુઅ વિ. (કરુણાયુત)
દયાથી વ્યાપ્ત.
કલત્ત પું. ન. (કલત્ર) સ્ત્રી, ભાર્યા.
કલા સ્ત્રી. (કલા) કલા.
કલિ પું. (કલિ) કલિયુગ, કજીઓ,
કલહ.
કલ્લ ન. (કલ્ય) કાલે, ગઈ કાલે,
આવતી કાલે.
કલ્લિ, કલ્લે } અ. (કલ્યે) આવતી કાલે.
કલ્લાણ ન. (કલ્યાણ) કલ્યાણ, શુભ.
કવડ પું. ન. (કપટ) કપટ, ઠગાઈ.
કવલ પું. (કવલ) કોળિયો, ગ્રાસ.
કવિ પું. (કપિ) વાંદરો.
કવ્વ ન. (કાવ્ય) કાવ્ય.
કાસઇ, કસ્સઇ } અ. (કસ્યચિત્) કોઈનું.
કહં, કહ } અ. (કથમ્) કેમ, શી રીતે,
કેવી રીતે.
કહા સ્ત્રી. (કથા) કથા, વાર્તા.
કાઉસ્સગ્ગ પું. (કાયોત્સર્ગ)
કાયાનો ત્યાગ, કાઉસગ્ગ.
કામ પું. (કામ) ઈચ્છા.
કામધેણુ સ્ત્રી. (કામધેનુ) કામધેનુ
ગાય.

कामसम वि. (कामसम) કામ સમાન.
कायव्य वि. (कर्तव्य) કરવા લાયક.
काया स्त्री. (काया) દેહ.
कारण न. (कारण) કારણ.
काल पुं. (काल) કાળ, સમય.
कालसप्प पुं. (कालसर्प) કાળરૂપી સર્પ.
कासइ अ. (कस्यचित्) કોઈકનું.
किअंत वि. (कियत्) કેટલું.
किंतु अ. (किंतु) પરન્તુ, પણ.
किंनर पुं. (किन्नर) કિંનર, દેવ વિશેષ.
किंपि, किमवि, अ. (किमपि) કાંઈપણ.
किच्च न. (कृत्य) કામ.
किण्ह वि. (कृष्ण) શ્યામ વર્ણ વાળું, કાળું.
किन्नरी स्त्री. (किन्नरी) વ્યંતર દેવી.
किर, हिर, किल } अ. (किल) સંભાવના, નિશ્ચય, સત્ય, નિરસ્કાર દર્શક.
किवण वि. (कृपण) કદર્ય, લોભી.
किवा स्त्री. (कृपा) દયા.
कुंभआर, कुंभार } पुं. (कुम्भकार) કુંભાર.
कुगइ स्त्री. (कुगति) અશુભ ગતિ. (નરક અને તિર્યગ્ગતિ)
कुच्छि पुं. स्त्री. (कुक्षि) ઉદર, પેટ.
कुडुंबि वि. (कुटुम्बिन्) કુટુંબ વાળો, ગૃહસ્થ.
कुढार पुं. (कुठार) કુહાડો.
कुमार, कुमर पुं. (कुमार) કુમાર.
कुमारत्तण न. (कुमारत्व) કુમારપણું.
कुमारवाल, कुमरवाल } पुं. (कुमारपाल) કુમારપાળ રાજા.
कुरु पुं. ब. (कुरु) દેશનું નામ છે.
कुल पुं. न. (कुल) કુલ, વંશ.
केणइ अ. (केनचित्) કોઈ વડે.
केरिसी स्त्री. (कीदृशी) કેવા પ્રકારની.
केवल पुं. (केवल) કેવલજ્ઞાન, वि. અસાધારણ, અસહાય.
केवलं अ. (केवलम्) કેવલ, ફક્ત, માત્ર.
केवलनाण न. (केवलज्ञान) કેવળજ્ઞાન.
केवलि पुं. (केवलिन्) કેવલી, કેવલજ્ઞાની, સર્વજ્ઞ.
केसरि पुं. (केशरिन्) સિંહ.
कोवसम वि. (कोपसम) ક્રોધની સમાન.
कोवि अ. (कोपि) કોઈપણ.
कोसा स्त्री. (कोशा) વેશ્યાનું નામ.
कोसलिअ वि. (कौशलिक) અયોધ્યામાં ઉત્પન્ન થયેલ.
कोह पुं. (क्रोध) ક્રોધ.

ख

खंड पुं. न. (खण्ड) કકડો, પૃથ્વીનો અમુક ભાગ.
खंडिय पुं. (खण्डिक) છાત્ર, વિદ્યાર્થી.
खंति स्त्री. (क्षान्ति) ક્ષાન્તિ, ક્ષમા, ઉપશમ, સહનશીલતા.
खंध पुं. (स्कन्ध) ખભો.
खग्ग पुं. (खड्ग) તલવાર.
खण पुं. (क्षण) ક્ષણ, કાળવિશેષ.
खमा स्त्री. (क्षमा) ક્ષમા, ક્રોધનો અભાવ, શાન્તિ, ધીરજ, પૃથ્વી.
खमासमण पुं. (क्षमाश्रमण) સાધુ, ક્ષમાપ્રધાન મુનિ.
खल वि. (खल) દુષ્ટ, અધમ, દુર્જન.
खलिअ वि. (स्खलित) પડેલું, ભૂલેલું, न. અપરાધ, ગુનો.
खलु अ. (खलु) નિશ્ચય અર્થમાં.
खसर पुं. न. (दे. कसर) રોગ-વિશેષ, ખરજવું, ખસ.
खिप्पं अ. (क्षिप्रम्) શીઘ્ર, જલદીથી.
खीण, झीण, छीण } वि. (क्षीण) ક્ષય પામેલું, કંગાળ, જીર્ણ, દુર્બલ.
खीर, छीर न. (क्षीर) દૂધ.
खु, हु } अ. (खलु) નિશ્ચય, વિતર્ક, સંભાવના, વિસ્મય.
खुड्डओ पुं. (क्षुल्लक) નાનો સાધુ
खेत्त न. (क्षेत्र) ક્ષેત્ર, ખેતર.

ग

गइ स्त्री. (गति) ગતિ, આધાર, દેવાદિ ચાર ગતિ.
गंगा स्त्री. (गङ्गा) નદીનું નામ.
गंभीर वि. (गम्भीर) ગંભીર, ઊંડું.
गण पुं. (गण) સમુદાય.
गणहर पुं. (गणधर) ગણધર, ગણી.
गणि पुं. (गणिन्) ગણધર, ગણી.
गब्भ पुं. (गर्भ) ગર્ભ.
गय पुं. (गज) હાથી.
गयंद, गइंद } पुं. (गजेन्द्र) ઉત્તમ હાથી, ઐરાવણ.
गयण न. (गगन) આકાશ.
गरिट्ठ वि. (गरिष्ठ) ઘણું મોટું.
गरिहा स्त्री. (गर्हा) નિંદા.
गरुल पुं. (गरुड) પક્ષિરાજ, ગરુડ પક્ષી.
गव्व पुं. (गर्व) માન, અભિમાન.
गव्विअ वि. (गर्वित) અભિમાની, ગર્વિષ્ઠ.
गहिअ, गहीअ } वि. (गृहीत) ગ્રહણ કરાએલ.
गाण न. (गान) ગાવું, ગીત.
गाम पुं. (ग्राम) ગામ.

गावी स्त्री. (गो) गाय.
गिरि पुं. (गिरि) पर्वत.
गिह न. (गृह) घर.
गिहासत्त वि. (गृहासक्त) घरमां आसक्त.
गीयत्थ–ट्ठ पुं. (गीतार्थ) सामाचारी जाणनार साधु.
गुंजिअ वि. (गुञ्जित) गणगणाट.
गुण पुं. (गुण) गुण.
गुणट्ठाण न. (गुणस्थान) गुणोनुं स्थान, मिथ्यादृष्टि आदि चौद गुणस्थान.
गुणि वि. (गुणिन्) गुणवाळो.
गुरु पुं. (गुरु) गुरु, वडील.
गुरुअ, गरुअ } वि. (गुरुक) मोटुं, घणुं, भारे.
गुरुया स्त्री. (गुरुता) मोटाई.
गेह न. (गेह) घर.
गोणो पुं. (गौ) बळद
गोयम पुं. (गौतम) श्री महावीर स्वामिना पहेला गणधर.
गोवाल पुं. (गोपाल) गोवाल.
गोविसाण न. (गोविषाण) गायनुं शींगडुं.

घ

घड पुं. (घट) घडो.
घण पुं. (घन) मेघ, वादळ.
घय न. (घृत) घी.
घर न. (गृह) घर.

च

च, य, अ } अ. (च) अने.
चइत्त पुं. (चैत्र) चैत्रमास.
चउगइभवे (चतुर्गतिभवे) चार गतिरूप संसारमां.
चंपअ पुं. (चम्पक) चंपानुं झाड.
चंद, चंद्र पुं. (चन्द्र) चन्द्र.
चंदण न. (चन्दन) चन्दन.
चक्खु पुं. न. (चक्षुष्) आंख, नेत्र.
चक्कवट्टि पुं. (चक्रवर्तिन्) चक्रवर्ती, छ खंडनो अधिपति.
चक्कवाय पुं. (चक्रवाक) पक्षि विशेष.
चच्चर न. (चत्वर) चौटुं, बजार.
चत्तारि प्र. द्वि. ब. (चत्वारि) चार.
चरम, चरिम वि. (चरम) छेल्लुं.
चरण न. (चरण) चारित्र.
चरणधण न. (चरणधन) चारित्र, चारित्ररूपी धन.
चरित्त न. (चरित्र) चरित्र, आचरण.
चरित्त, चारित्त } न. (चारित्र) संयम. व्रत, विरति, सद्वृत्ति.
चलण पुं. (चरण) पाद, पग.
चवल वि. (चपल) चंचल, अस्थिर.

चवेडा } स्त्री. (चपेटा) थप्पड,
चमेडा } तमाचो.
चाइ वि. (त्यागिन्) दानी.
चिआ स्त्री. (चिता) चिंता, चेह.
चिंता स्त्री. (चिन्ता) चिन्ता, विचार.
चिंतण न. (चिन्तन) विचारवुं.
चिंध } न. (चिह्न) चिन्ह,
चिण्ह } लांछन, निशानी, डाघ.
चित्त न. (चित्त) चित्त.
चिरं अ. (चिरम्) दीर्घकाल सुधी.
चीवंदण न. (चैत्यवन्दन) चैत्यने नमस्कार.
चेइअ } न. (चैत्य) व्यन्तरायतन,
चइत्त } जिनालय, प्रतिमा.
चोज्ज न. (चोद्य) आश्चर्य, प्रश्न.
चोर पुं. (चौर) चोर.
चोरिअ न. (चौर्य) चोरी.

छ

छण पुं. (क्षण) उत्सव.
छप्पअ पुं. (षट्पद) भ्रमर.
छाया स्त्री. (छाया) छाया, कान्ति, प्रतिबिंब, आतपनो अभाव.
छाही स्त्री. (छाया) छाया, आतपनो अभाव.
छिंछई स्त्री. (पुंश्चली) कुलटा.
छुहा स्त्री. (क्षुधा) क्षुधा, भूख.
छुहा स्त्री. (सुधा) अमृत.
छेयगंथ पुं. (छेदग्रन्थ) निशीथादि छ सूत्र.

ज

ज स. (यत्) जे.
जइ पुं. (यति) यति, साधु.
जइ अ. (यदि) यदि, जो.
जइण वि. (जैन) जिन संबन्धि, जैन, जिनभक्त.
जइणधम्म पुं. (जैनधर्म) जिनेश्वरनो धर्म.
जइधम्म पुं. (यतिधर्म) यतिधर्म.
जउँणा स्त्री. (यमुना) नदीनुं नाम.
जओ, जत्तो } अ. (यतः) जथांथी,
जदो } कारणके.
जं अ. (यत्) कारणके, केमके.
जंकिंचि अ. (यत् किञ्चित्) जे कांई.
जंत न. (यन्त्र) यंत्र, जंत्र, संचो.
जंतु पुं. (जन्तु) प्राणी, जीव.
जंबूकुमार पुं. (जम्बूकुमार) विशेष नाम.
जंबूदीव } पुं. (जम्बूदीप) द्वीपनुं
जंबुद्दीव } नाम छे.
जक्ख पुं. (यक्ष) यक्ष.
जडिल पुं. (जटिल) तापस, जटाधारी.

जण पुं. (जन) જન, માણસ.
जणद्दण पुं. (जनार्दन) વાસુદેવનું નામ.
जणय पुं. (जनक) પિતા, બાપ.
जणवय पुं. (जनपद) દેશ, જનસ્થાન.
जत्ता स्त्री. (यात्रा) યાત્રા, તીર્થયાત્રા.
जम्म पुं. (जन्मन्) જન્મ.
जम्मणं पुं. न. (जन्मन्) જન્મ.
जय पुं. (जय) જય, જિત.
जय, जग } न. (जगत्) જગત, દુનિયા, સંસાર.
जया अ. (यदा) જ્યારે.
जराकुमार पुं. (जराकुमार) વસુદેવનો પુત્ર.
जरागहिअ वि. (जरागृहीत) ઘરડો.
जरादेवी स्त्री. (जरादेवी) વસુદેવની સ્ત્રી.
जल न. (जल) જળ, પાણી.
जलण पुं. (ज्वलन) અગ્નિ.
जलपूरीकओ (जलपूरीकृत) પાણીથી ભરી દીધો.
जलोयर न. (जलोदर) જલોદર.
जस पुं. (यशस्) કીર્તિ.
जह, जहा अ. (यथा) જે પ્રમાણે, જેમ.
जहसत्ति अ. (यथाशक्ति) શક્તિ-પ્રમાણે.
जहि, जहिं, जह, जत्थ } अ. (यत्र) જ્યાં.
जा, जाव } अ. (यावत्) જ્યાં સુધી અવધિ, પરિમાણ, નિશ્ચય.
जाम पुं. (याम) પ્રહર.
जामायर, जमाउ } पुं. (जामातृ) જમાઈ.
जाय वि. (जात) ઉત્પન્ન થએલ.
जायव पुं. (यादव) યદુવંશીય.
जाया स्त्री. (जाया) સ્ત્રી.
जारिस वि. (यादृश) જેવું, જેવા પ્રકારનું.
जाल न. (जाल) જાળ, પાશ.
जावज्जीव, जाजीव } न. (यावज्जीव) જીવન પર્યંત.
जिअलोग पुं. (जीवलोक) દુનિયા.
जिइंदिय वि. (जितेन्द्रिय) જિતેન્દ્રિય.
जिण पुं. (जिन) જિન, રાગદ્વેષ રહિત.
जिणबिंब न. (जिनबिम्ब) જિનપ્રતિમા.
जिणंद, जिणिंद } पुं. (जिनेन्द्र) જિનેન્દ્ર, તીર્થંકર.
जिणालय न. (जिनालय) જિનાલય.
जिणेसर, जिणीसर } पुं. (जिनेश्वर) જિનેશ્વર ભગવાન, તીર્થંકર.
जिब्भा, जीहा स्त्री. (जिह्वा) જીભ.
जीव पुं. (जीव) જીવ,

જીવણ ન. (જીવન) જીવન.
જીવદયા સ્ત્રી. (જીવદયા) જીવદયા.
જીવદયામય પું. (જીવદયામય) જીવદયા રૂપ.
જીવલોગ પું. (જીવલોક) દુનિયા, જગત્.
જીવહિંસા સ્ત્રી. (જીવહિંસા) જીવોનો વધ.
જીવાઇ પું. (જીવાદિ) જીવ, અજીવ વગેરે નવ તત્વ.
જીવાઉ પું. ન. (જીવાતુ) જીવાડનારૂં ઔષધ, અન્ન, જીવન.
